Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી હીરક મહોત્સવ ગ્રંથમાળા નં. ૧૦

# ગુજરાતી ફારસી અરબી શબ્દોનો કોશ.

ખંડ ૧લો. પૃ. ૧ થી ૧૪૪

લેખક
અમીરમિયાં હમદૂમિયાં ફારૂકી.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી
હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.
આસિ. સેક્રેટરી, અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૨૫૦.
સંવત ૧૯૮૨. સન ૧૯૨૬.

કીંમત એક રૂપિયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી હીરક મહોત્સવ ગ્રંથમાળા નં. ૧૦

# ગુજરાતી ફારસી અરબી શબ્દોનો કોશ.

ખંડ ૧લો પૃ. ૧ થી ૧૪૪

લેખક
અમીરમિયાં હમદૂમિયાં ફારૂકી.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી
હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.
આસિ. સેક્રેટરી, અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૨૫૦.
સંવત ૧૯૮૨. સન ૧૯૨૬.

કીંમત એક રૂપિયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુદ્રકઃ ચીમનલાલ ઈશ્વરલાલ મ્હેતા
મુદ્રણસ્થાનઃ 'વસંત મુદ્રણાલય'
ઘીકાંટારોડ, સિવિલહૉસ્પિટલ સામે,
અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના.

ગુજરાતી નવી વાંચનમાળામાં અરબી, ફારસી જે શબ્દો છે, તેમાંથી અગત્યના શબ્દો એકઠા કરી તેના અર્થ, વ્યુત્પત્તિ વગેરે જણાય એવો એક ટુંકો કોશ તૈયાર કરવા સદ્‌ગત રાવ બહાદુર કમળાશંકરભાઇએ મને સૂચના કરી; ને તે પ્રમાણે મેં વાંચનમાળામાંથી એવા અગત્યના શબ્દો તારવી કાઢી તે કોશ એઓને બતાવ્યો. તે પસંદ પડવાથી ગુજરાત શાળાપત્રમાં સાવકાશ છાપવાની તેઓએ કૃપા કરી.

વળી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી ગુજરાતી ભાષાનો સંપૂર્ણ કોશ રચાવાનું કામ ચાલુ હતું. તે માટે મહેરબાન રાવ બહાદુર ધ્રુવ સાહેબે મને ફરમાવ્યું કે ગુજરાતી ભાષાનાં જેટલાં બને તેટલાં વધારે પુસ્તકો વાંચી તેમાંથી જેટલા અરબી ફારસી શબ્દો મળી આવે તે બધા એકઠા કરી અર્થ, વ્યુત્પત્તિ ને ઉદાહરણો સાથે એક મોટો કોશ તૈયાર કરી આપો.' મેં તે પ્રમાણે કામ કરવા માંડયું. પણ ગુજરાતી બધાં પુસ્તકો તો વાંચી શકાય નહિ, તેથી જે જે પુસ્તકો માટે તેઓએ ભલામણ કરી તે તે પુસ્તક તથા બીજાં કેટલાંક વાંચી તેમાંથી શબ્દો વીણી કાઢી અર્થ, વ્યુત્પત્તિ ને ઉદાહરણ આપી આ કોશ મેં તૈયાર કર્યો.

અરબી ફારસીના કેટલાક અક્ષરો ગુજરાતીમાં નથી; જે જણાવવા માટે નુક્તા મૂકવાની પદ્ધતિ કેટલાકે યોજી છે; પણ મને અનુભવથી જણાયું છે, કે નુક્તા મૂકવાથી તે અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર થતો નથી. શુદ્ધ ઉચ્ચાર તો જ્યારે એ ભાષા સંબંધી જ્ઞાન હોય ત્યારે જ થઇ શકે છે. તેથી મેં એ નુક્તાની પદ્ધતિ સ્વીકારી નથી. પણ ગુજરાતીના જે અક્ષર સાથે અરબી ફારસીનો એ અક્ષર પાસેનો સંબંધ રાખે છે તે જ ગુજરાતી અક્ષર ત્યાં મૂક્યો છે, ને કૌંસમાં તેની ખરી જોડણી તે ભાષામાં જેવી છે તેવી લખી છે. તેથી શુદ્ધ ઉચ્ચાર જાણી શકાશે.

તેમ જ કેટલાક લેખકો એવા અરબી ફારસી અક્ષરો માટે અલ્પ પ્રાણની સાથે હ મેળવી મહા પ્રાણ બનાવી તેનો ઉપયોગ કરે છે. એથી જે ઉચ્ચાર થાય છે તે પણ ખરો નહિ પણ બીજો જ થાય છે; માટે એ પદ્ધતિને પણ હું અનુસર્યો નથી.

ભાષાનો વિષય જ એવો છે, કે એમાં મતભેદ હોય. એક કાંઇ વ્યુત્પત્તિ આપે તો બીજો બીજી આપે. આ કોશમાં પણ એવું થયું હશે. મેં આપેલી વ્યુત્પત્તિ ને અર્થ બીજાએ આપેલી વ્યુત્પત્તિ ને અર્થથી જુદાં દેખાશે. તો એવા પ્રસંગો જો મને જણાવવામાં આવશે તો ઉપકાર સહિત બીજી આવૃત્તિમાં યોગ્ય સુધારો કરીશ.

વાંચકબંધુને મારી અંતમાં, નમ્ર વિનતિ છે કે ગુજરાતી ભાષાની સેવા એક મુસલમાનને હાથે થાય, તેમાં ભૂલ હોવાના સંભવો હોય જ, તો તે પ્રમાણે આમાં પણ ભૂલ જણાય તો દરગુજર કરી મને ખબર આપી આભારી કરશો.

હજુ કેટલાક અગત્યના શબ્દોનાં ઉદાહરણો આપવાનાં બાકી છે, તેમ જ કેટલાક શબ્દો જે ગુજરાતીમાં વપરાય છે તે આમાં રહી ગયા હશે. એ માટે મારો પ્રયાસ ચાલુ છે, ને બીજી આવૃત્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે તો એ વધારો તેમાં કરી શકીશ.

ખામાશાનો ચકલો,
અમદાવાદ
તા. ૧-૮-૧૯૨૬

અમીરમિયાં હમ્દૂમિયાં ફારૂકી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષામાં વપરાતા ફારસી અરબી શબ્દોનો કોશ.

## અ૦ અ૦

**અકબર**, પુ૦ [અ૦ **अक्बर** اکبر=સૌથી મોટો. કબર=તે મોટો હતો ઉપરથી શ્રેષ્ઠતા વાચક રૂપ ] અલ્લાહુ અકબર= ઈશ્વર સૌથી મોટો છે.

**અકબર શાહી,** વિ૦ [ અ૦ **अक्बर**+ફા૦ **शाही.** اکبرشاہی **अक्बरशाही**= અકબર બાદશાહ સંબંધી ] અકબર શાહી મોહોર, અકબર શાહી ફરમાન. **'પછી કોઈએ અકબર શાહી અમલ ચલાવ્યો નહિ.'**

**અકબરી,** વિ૦ [ અ૦ **अक्बरी** اکبری= અકબરના કાળનું ] અકબરની સાથે સંબંધ રાખતું. અકબરી સિક્કો, અકબરી ઇન્સાફ. મોટાઇ.

**અક્કલ,** સ્ત્રી૦ [અ૦ **अक़्ल** عقل=બુદ્ધિ] જ્ઞાન. **'અક્કલ બડી કે ભેંસ'** ગુ૦ કહે.

**અક્કલગરો,** પુ૦ [અ૦**आक़र्क़र्हा**=عاقرقرحا એક ઔષધિનું નામ, અક્કલગરો ખાધાથી અક્કલ આવે છે. એમ કહેવાય છે. ઉપયોગ [ ૧ ] પોપટને બોલતાં શીખવવાને જીભ વાળવા એ જડનો ઉપયોગ થાય છે. અક્કલહીન માણસને કટાક્ષમાં કહે છે કે અક્કલગરો ખાઓ, કારણ કે માન્યતા એવી છે. જમીન ઉપર ઘાસની પેઠે પથરાય છે. એનાં ફૂલ પીળાં, ને જડ એક વેંત લાંબી ને આંગળી જેવડી જાડી હોય છે. એને 'આકિર્કર્હા' કે 'અકરકરા' પણ કહે છે.—

**અક્કલબાજખાં,** પુ૦ [અ૦ **अक़्ल+बाज़्खां** عقل بازخان ફા૦ બાખ્તન=રમવું ઉપરથી બાજ=રમનાર, **खान** ફારસી પ્રત્યય. મુસલમાન પઠાણોમાં પુરૂષોના નામની સાથે લગાડાય છે. આ નામ કલ્પિત છે મુસલમાનોમાં તો એવું નામ સાંભળ્યું નથી. નવી ગુજરાતી વાંચનમાળામાં અક્કલબાજખાંનો એક પાઠ છે.

**અકલમંદ,** વિ૦ [અ૦ **अक़्ल+मंद** عقلمند **मंद**=ફારસી પ્રત્યય છે=અકલવાળો] ડાહ્યા, સમજણો, બુદ્ધિશાળી.

**અકલી,** વિ૦ [ અ૦ **अक़्ली** عقلی= અકલ +ઈ મળીને થએલો શબ્દ, અકલથી મનાય એવું ] બુદ્ધિથી ખોળી કાઢેલું, અકલવાળું, બુદ્ધિવાળું, કળાવાન, કસબી.

**અકસ,** પુ૦ [અ૦**अक्स** عکس=ઊંધું વાળવું, ફૂટવું, દર્પણ કે પાણીમાં પડતું પ્રતિબિંબ ] ગુજરાતીમાં દ્વેષ, અંટસ, ખાર.

**અકસખોર,** વિ૦ [ અ૦ **अक्स्+खोर** عکس‌خور ફા૦ ખાનાર] દ્વેષી, ખારીલું.

**અકસર,** અ૦ [અ૦ **अक्सर** اکثر=વધારે, ઘણું] ગુજરાતીમાં ઘણું કરીને, ઘણુંખરૂં, વારંવાર વગેરે. 'અકસર એવું થાય છે કે જુઠો માણસ છેવટે પસ્તાય છે.'

**અકસીર,** વિ૦ [અ૦ **इक्सीर** اکسیر =રસાયણ, કીમીયો) આબાદ, અસર, કરે એવું, રામબાણ, ગુણકારી, ખરેખરૂં. **'તાવનો અકસીર ઉપાય.'**

**અકાબર,** વિ૦ [અ૦ **अकाबिर** اکابر= પ્રતિષ્ઠિત. **अक्बर** નું બહુ વચન ] પારસીઓમાં આ શબ્દ વપરાય છે. 'અંજુમનના અકબરોએ ઠરાવ કર્યો.'

**અકીક,** પુ૦ [ **अक़ीक** عقیق=લાલ રંગનો કીમતી પત્થર] એક જાતનો લીસો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચળકતો ને લોહીના રંગ જેવો રાતો, રંગીન પત્થર. 'ખંભાત અકીકની કારીગરી માટે પ્રખ્યાત છે.

**અકીકીઓ**, પુ૦ [અ૦ **अकीक** ઉપરથી] અકીકની વસ્તુઓ બનાવનાર, અકીકને ઘસી, ઉતારી તેના જુદા જુદા ઘાટ ઘડનાર.

**અક્કલ**, સ્ત્રી૦ [અ૦ **अक्ल**] અકલ શબ્દ જુઓ.

**અક્કલગરો**, પુ૦ [ અ૦ ] અકલગરો શબ્દ જુઓ.

**અક્કલમંદ**, વિ૦ [અ૦ ફા૦] અકલમંદ શબ્દ જુઓ.

**અક્કલવંત**, વિ૦ [અ૦ **अक्ल+वंत** સં૦ પ્ર૦] બુદ્ધિશાળી.

**અક્કલવાન**, વિ૦ [અ૦ **अक्ल+वान** સં૦ પ્ર૦] બુદ્ધિશાળી.

**અક્કલ હોશીઆરી**, સ્ત્રી૦ [અ૦ **अक्ल+होश्यारी** ફા૦ عقل هوشیاری **अक्ल होश्यारी**=સમજ] બુદ્ધિ. દસ્તાવેજની પારિભાષિક ભાષાનો શબ્દ–' **આ ભાડા ચિઠ્ઠી મેં મારી અકલ હુશીઆરીથી લખી આપી છે, તે સહી છે.'**

**અખતરો**, પુ૦ [અ૦ **इख्तिराअ** اختراع =નવી વસ્તુ પેદા કરવી. ખરઅ=તે ફાટયું ઉપરથી, અથવા તેણે ફાડયું ઉપરથી.] અમુક સાધનથી કોઇ વસ્તુ કરી જોવી તે; 'આ અખ્તરો પણ ખોટો પડયો.' અરબીમાં કહેવત છે, કે **'અગત્ય એ અખ્તરાની મા છે.'**

**અખત્યાર**, પુ૦[અ૦ **इख्तियार** اختیار =સત્તા. ખયર=જે પસંદ કર્યું ઉપરથી] અધિકાર, હક્ક, તાબો. **'મારા અખત્યારની વાત નથી.'**

**અખત્યાર પત્ર**, ન૦ [અ૦ **इख्तियार+पत्र** સં૦ ગુજરાતી પ્રયોગ] અધિકાર પત્ર, મુખ્ત્યારનામું.

**અખત્યારી**, સ્ત્રી૦ [ અ૦ **इख्तियारी** اختیاری=સત્તાપણું] જાણી જોઇને ખુશીથી કરેલું કામ, આપ અખત્યારી=પોતાની માલકીનું.

**અખબાર**, પુ૦ [અ૦ **अख्बार** اخبار= ખબરો. **खबर**નું બહુવચન વર્ત્તમાન પત્ર ] વર્ત્તમાન પત્ર, છાપું; ન્યુસપેપર. **તેણે દેશ દેશના અખબારોમાં પાદરીપણા માટે તીક્ષ્ણ ચર્ચા ચલાવી.' નંદ૦ ચરિત્ર.**

**અખબાર નવીશ**, પુ૦ [ અ. **अख्बार+निवीस** ફા૦ اخبار نویس=લખનાર. નિવિશ્તન=લખવું ઉપરથી, અખબાર લખનાર] ખબરો લખનાર, ખબરપત્રી.

**અગર**,અ૦[ફા૦ **अगर** اگر=જો, અથવા] વા. કિંવા. **'ભવિષ્યમાં તે મોટો સરદાર નીવડે, અગર જંગલમાં રખવાળી કરનાર તરીકે જીવન ગુજારે.' અમરસિંહ.**

**અગરચે**, અ૦ [ફા૦ **अगर+चह** اگرچه= જો કે, જોપણ ] જો.

**અગરજો**, પુ૦ [ અ૦ **अर्कजह** ] અરગજો શબ્દ જુઓ.

**અગાઇ**, સ્ત્રી૦ [ફા૦ **आगाही** آگاهی=હુશ્યાર થવું, જાહેર કરવું ઉપરથી ] ખબરદારી, અનુમાનથી પરિણામની કલ્પના કરી કહેવું તે.

**આગાહી**, સ્ત્રી૦ [ફા૦ **आगाही** آگاهی= ચેતવણી] અગાઇ શબ્દ જુઓ.

**આચાર**, ન૦ [ ફા૦ **अचार** કે **आचार** اچار آچار=અથાણું] કેરી, લીંબુ વગેરેનું અથાણું. પારસી ગુજરાતીમાં એ શબ્દ વપરાય છે.

**એજતરફે**, અ૦ [ફા૦ **अज़**=થી, તરફે, અ૦ તરફ **अज्तरफे** ازطرف=......ની તરફથી. અજતરફે સુલ્તાન=સુલતાનની તર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફથી. સરકારી પત્ર વ્યવહારમાં આ શબ્દનો ઉપયોગ થાય છે. અંગ્રેજી પદ્ધતિમાં From લખાય છે.

**અજદહા,** પુ૦ [ ફા૦ **अज्दर** કે **अज्दहा** اژدر اژدها સાપ ]. ' **છેડાએલો અજદહા પોતાના ઝેરથી કોઇપણ પ્રાણીની જિંદગી ટાળી નાખે છે.'** બા૦ બાબર.

**અજનવી,** વિ૦ [અ૦ **अज्नबी** કે **अज्नब** اجنبی اجنب=પરદેશી માણસ] કોઇ બીજા દેશ કે શહેરનો માણસ કે વસ્તુ. ' **ત્યાં કોઇ અજનવી શખ્સનું આવવુંજ દુસ્વાર છે.'** બા૦ બાબર.

**અજબ,** વિ૦ [ અ૦ **अजब** عجب= આશ્ચર્યકારક] વિસ્મયતાથી ભરેલું.

**અજમાએશ,** [ અજમાશ ], સ્ત્રી૦ [ ફા૦ **आज्माइश** آزمایش=અનુભવ લેવો. આજમૂદન=અજમાવવું, તપાસી જોવું ઉપરથી] તપાસ, પ્રયોગ, ખાતરી. '**નોકરની પહેલી નીમણુક અજમાએશી** કરવામાં આવે છે, પછી યોગ્ય જણાય તો કાયમ કરવામાં આવે છે.'

**અજમાએશદાર,** વિ૦ **आज्माइश्दार** آزمایشدار=ફા૦ અજમાએશ કરનાર] તપાસી જોનાર.

**અજમાવવું,** સ૦ ક્રિ૦ [ ફા. **आज्माइश** ઉપરથી, તપાસી જોવું ) અનુભવ મેળવવો. '**હવે જ્યારે અધીરાઇથી કાંઇ સમજી શકાતું નથી, ત્યારે તો યુક્તિનોજ પ્રયોગ અજમાવા દો.'** અમર૦

**અજમાવું,** ક્રિ૦ [ફા૦ **आज्माइश** ઉપરથી ખાતરી કરવી] તપાસવું.

**અજમુદો,** પુ૦ [ફા૦ **आज्मूदह** آزموده= અજમાયશ કરી જોએલી વસ્તુ] તપાસી જોએલી વસ્તુ, અજમાએશ કરવી.

**અજમો,** પુ૦ [ફા૦ **अज्मूद** اجمود એક જાતનાં તીખાં ને વાસવાળાં બીઆં.

**અજર,** સ્ત્રી૦ [ અ૦ **उज्र** عذر=બહાનું] આનાકાની, લાચારી.

**અજરાઇલ,** વિ૦ [અ૦ **इज्राईल** =عزرائیل જમ] મોટું, વિશાળ, વિકરાળ, બીક લાગે એવું.

**અજલ,** સ્ત્રી૦ [અ૦ **अज़ल** اجل=મોત ] આખર, અંત, કજા.

**અજાએબ,** વિ૦ [અ૦ **अजाइब,** عجائب **अजब**નું બહુવચન, નવાઇ ] વિસ્મયતા. ' **અજાએબ સ્નેહના રસ્તા, અજાએબ ગાંઠ પ્રેમીની.'** કલાપી.

**અજાએબી,** સ્ત્રી૦ [અ૦ **अजाइबी**=નવાઇ] વિસ્મયતા.

**અજજમ,** વિ૦ [અ૦ **अअ़्ज़म** اعظم= મોટો] આજમ શબ્દ જુઓ.

**અજાન,** સ્ત્રી૦ [ અ૦ **अज़ान** اذان= બોલાવવા, નોતરવા, સાદ. ] મસીદમાં બાંગ દે છે તે. '**અસ્જિદના મીનાર પરથી મુલ્લાની અજાન સાંભળવામાં આવી.'** બા૦ બા૦

**અજીજ,** વિ૦ [અ૦ **अज़ीज़** عزیز=વહાલો મિત્ર] દોસ્ત. '**શાબાશ મારા નિમકહલાલ ને વફાદાર અજીજો !** બા૦ બા૦

**અડફાઉ,** વિ૦ [ અ૦ **आलुफ्तह** آلفته ] અલફાઉ શબ્દ જુઓ.

**અણકસબી,** વિ૦ [અ૦ **कस्ब** کسب=હુનર ઉપરથી **कस्बी**+અણ ગુજરાતી ઉપસર્ગ =કળા નહિ જાણનાર] શીખાઉ, અનાડી.

**અણુમાહીતગાર,** વિ૦ [ અ૦ **माहियत** ماہیت=હાલત, કોઇ વસ્તુની હકીકત+ ગાર, ફા૦ પ્રત્યયને અણ ગુજરાતી ઉપસર્ગ લાગી થએલો શબ્દ. માહીતી વગરનો. મૂળ આ શબ્દ **माहिय** હતો તેને 'त'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લગાડી ક્રિયાપદ બનાવ્યું છે.] અનાડી, શીખાઉ.

**અણુમાહીતી,** સ્ત્રી૦ [અ૦ **माहियती** અણ ગુજરાતી ઉપસર્ગ=અજાણપણું] અજ્ઞાનતા.

**અણવાકેફ,** વિ૦ [અ૦ **वाकिफ** واقف= જાણનાર, ઉભો થનાર એને અણ ગુ૦ ઉપસર્ગ લાગી થએલો શબ્દ, અજાણ્યો] વાકિફ નહિ તે.

**અણવાકેફગાર,** વિ૦ [અ૦ **वाकिफ्+गार** ફા૦ પ્રત્યય મળીને واقفگار એને ગુજરાતી ' અણ ' ઉપસર્ગ લાગવાથી થએલો શબ્દ, અજાણ્યો] અજ્ઞાની.

**અણવાકેફગારી,** સ્ત્રી૦ [અ૦ વાકિફ+ગાર+ ઈ ફા૦ પ્રત્યય **वाकिफ्गारी** واقفگاری એને અણ ગુ૦ ઉપસર્ગ લાગવાથી ભાવનાવાચક નામ. અપ્રવીણતા, અજાણપણું

**અણસારો,** પુ૦ [અ૦ **इशारह** اشارہ= ચેતવવું] ઇશારો કરવો.

**અતંગ,** વિ૦ [ ફા૦ **तंग** تنگ= ઘોડાની છાતીનો પટો, અતંગ=તંગ વિનાનો. સંસ્કૃત અ ઉપસર્ગ છે.] 'અતંગ ઘોડો સવારીમાં લેવો નહિ.'

**અતમા,** વિ૦ [અ૦ **तमूअ** طمع=લોભ] અ સંસ્કૃત ઉપસર્ગ લાગી થએલો શબ્દ) નિર્લોભ, લાલચ વિનાનો, નિઃસ્પૃહી.

**અતમી,** વિ૦ [અ૦ **तमूअ**=લોભ] અ સંસ્કૃત ઉપસર્ગ=બેદરકાર, બે તમા, દાંભિક.

**અતલસ,** સ્ત્રી૦ [ અ૦ **अत्लस** اطلس= નરમ ને મુલાયમ રેશમી લુગડું]. **'અતલસ અને મુલદાર મશરૂ માલ બેશ મંગાવજો.'** ક૦ દ૦ ડા૦

**અતાઇ,** પુ૦ [ અ૦ **अताई** عطائی=**अता** આપવું પરથી. કોઇની પાસેથી શીખ્યા વગર પોતાની મેળે જેણે જ્ઞાન મેળવ્યું હોય તે] વગર ઉસ્તાદે ગાવા શીખેલો ગવૈયો, વગર ગુરૂએ ગાતાં બજાવતાં પોતાની હુશીઆરીથી ને જાત મહેનતથી શીખેલો ગવૈયો. નિયમપૂર્વક ઉસ્તાદ પાસેથી શાસ્ત્રાનુસાર ગાવા શીખેલા ગવૈયા કરતાં એની પદવી ઉતરતી ગણાય છે, કેમકે એને કળાનું જ્ઞાન છે, શાસ્ત્રનું નથી.

**અતાર,** પુ૦ [અ૦ **अत्तार** عطار=અત્તર વેચનાર] સુગંધી વસ્તુઓ વેચનાર, ગાંધી.

**અતાલીક,** પુ૦ (તુર્કી, **अतालीक** اتالیق= અદબ શીખવનાર) શિક્ષક, ટયુટર, કુંવરનો શિક્ષક.

**અત્તર,** ન૦ ( અ૦ **इत्र** عطر=સુગંધવાળી વસ્તુ) અત્તર.

**અત્તરદાની,** સ્ત્રી૦ (અ૦ **इत्र+दान** عطردان **दान** ફારસી પ્રત્યય એને ઈ લાગી ગુજરાતી પ્રયોગ એટલે અત્તર રાખવાની પેટી) અત્તર રાખવાની પેટી.

**અત્તર સાહેત અ૦** ( અ૦ **साअत** ساعت =કલાક ) એને અત્ર લાગવાથી થએલો શબ્દ. આ પળેજ, હમણાંજ.

**અત્તરી,** વિ૦ ( અ૦ **अत्तार** عطار=અત્તર વેચનાર ) અત્તરવાળું.

**અત્તરીઉં,** ન૦ ( અ૦ ફા૦ **इत्रदान** عطردان=અત્તર રાખવાનું વાસણ ) શીશી, પેટી.

**અત્તરીઓ,** પુ૦ (અ૦ **अत्तार** عطار=અત્તર વેચનાર ) અત્તર બનાવનાર કે વેચનાર.

**અદના,** વિ૦ (અ૦ **अद्ना** ادنیٰ=નીચું હલકું) ઓછી પદવીવાળો, ગરીબ, નીચ, હલકું. 'એજ હાલત આ નાચીજ ને અદના ગુલામની પણ સમજી લેવી.' બા૦ બા૦

**અદબ,** સ્ત્રી. ( અ૦ **अदब** ادب=મર્યાદા) શીલ, મલાયજો, ( ૨ ) અરબીમાં માન આપવું, કાયદો, બુદ્ધિ, સાહિત્ય ( ભાષા ) વગેરે અર્થ થાય છે. **'અદબ શીખો એટલી.'** ક૦દ૦ડા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અદબસર,** વિ૦ ( અ૦ **अदब्** ادب+**सर** પ્રત્યય=વિવેકભર ) મર્યાદાવાળી રીતે, અદબ પ્રમાણે. ‘બધાએ ઉભા થઇ અદબસર કુરનસ બજાવી.’ ગુલાબસિંહ.

**અદમાસ,** જુઓ અજમાસ.

**અદલ,** વિ૦ (અ૦ **अद्ल्** عدل=બરાબર) યથાર્થ, યુક્ત, અપક્ષપાત, ખરેખરૂં (૨) સમાન કરવું, ન્યાય. જેની સાક્ષી મુસલમાની શરે પ્રમાણે લઇ શકાય એવો, સજ્જન. ‘માગે તેને તો મળે, અદલ રૂડો ઇન્સાફ.’ ક૦દ૦ડા૦

**અદલ ઈન્સાફ,** પુ૦ ( અ૦ **अद्ल्** + عدل وانصاف **इन्साफ** મળીને **अदलो इन्साफ**=ન્યાય, ઈન્સાફ. નસફ=વચમાં અડકયો ઉપરથી અર્ધું અર્ધું કર્યું ) બે સરખા ભાગ કરવા. બે સરખા ભાગ થવાથી બંને પક્ષ રાજી થાય છે. ખરેખરો ન્યાય, અપક્ષપાત ન્યાય. **‘ઈશ અદલ ઈન્સાફ તોલશે.’ રા૦મં૦ સંવાદ.**

**અદલનો ઘંટ,** પુ૦ ( અ૦ **अद्ल्** عدل ) ઇન્સાફ મેળવવા આવનારને બોલાવવા માટે બાંધેલો ઘંટ, જહાંગીર બાદશાહે એવો ઘંટ બાંધ્યો હતો, જેની સાંકળ મહેલની બહાર રાખી હતી. ન્યાય માંગનાર માણસ એ સાંકળ ખેચતો એટલે ઘંટ વાગતો. બાદશાહ તેને રૂબરૂ બોલાવી ન્યાય કરતો. ઈરાનમાં નવશેરવાન બાદશાહે પણ એવો ઘંટ બાંધ્યો હતો.

**અદલ બદલ,** અ૦ ( અ૦ **बद्ल** بدل ) આ શબ્દ ગુજરાતીમાં વપરાય છે. એક વસ્તુ આપવી ને બીજી વસ્તુ લેવી તે.

**અદલા બદલી,** સ્ત્રી૦ ઉપર પ્રમાણે, બદલ શબ્દને ઇ લાગી થએલો ગુજરાતી શબ્દ.

**અદલો બદલો,** પુ૦ ઉપર પ્રમાણે ગુજરાતી શબ્દ.

**અદા,** સ્ત્રી૦ ( અ૦ **अदावत** عداوت=વેર ) દ્વેષ, ઝેર; ઇર્ષા.

**અદા,** સ્ત્રી૦ ( ફા૦ **अदा** ادا=પુરૂં કરવું, નખરાં ) અંગચેષ્ટા, માપ, ઇંગિત.

ઘૃત ગળે જેમ વહ્નિ સમીપમાં,
નત્ર ટકે ફૂલ વારિ પ્રવાહમાં;
સમ પ્રીતિ, ગુણ ને નખરાં અદા,
સમીપ માનિની માન ન રે’ કદા.

કાન્તા૦ પૃ. ૫૨

**અદા કરવું,** ત્રિ૦ ( ફા૦ **अदाकर्दन** اداکردن =પુરૂં કરવું ) બજાવવું, અમલમાં મૂકવું, રજુ કરવું. **‘તેણે પોતાની ફરજ અદા કરી છે.’**

**અદાલત** સ્ત્રી૦ ( અ૦ **अदालत** عدالت= ઈન્સાફ, બરાબરી, અદલ=બરાબર કર્યું ઉપરથી ) ન્યાયી હોવું, સાક્ષી આપવા લાયક ગણાય તેવો માણસ, ન્યાયમંદિર. **આગળ અમદાવાદમાં જે ઇમારતમાં અદાલત બેસતી હતી, તે સેલુકરેજ બંધાવી હતી.’ અમરસિંહ.**

**અદાવત,** સ્ત્રી૦ ( અ૦ **अदावत** عداوت =વેર ) કીનો, શત્રુવટ.

**અદાવતીઉં,** વિ૦ ( અ૦ **अदावत** ઉપરથી ) અદાવત રાખનાર.

**અનલહક,** પુ૦ ( અ૦ **अनल्हक्क** انالحق =હું ખુદા છું. **अना**=હું **अल्हक्क्**=ખુદા છું **अहंब्रह्मास्मि** ) હુસેન બિન મન્સૂર નામના વલી સાહેબે એ શબ્દનો ઉચ્ચાર કર્યો, એટલે વિદ્વાનોની સંમતિથી તેમને દેહાંત શિક્ષા થઇ. કેમકે મુસલમાની શરે પ્રમાણે માણસ ઇશ્વરી દાવો કરી શકે નહિ. આ શબ્દનો ઉપયોગ ગુજરાતીમાં બહુધા થાય છે. એ હુસેન બિન મન્સૂરની ઓલાદના મુસલમાનો મન્સૂરી કહેવાય છે! **માયિક પ્રેમ તરછોડી અનલહકનો તું કર દાવો.’ કલાપી.**

**અનહદ,** વિ૦ ( અ૦ **हद** حد=સીમા અન એ સંસ્કૃત ઉપસર્ગ છે. હદ વિનાનું ) બહુજ. **તેણે અનહદ જુલમ કર્યો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અન્સાર,** વિ૦ ( અ૦ **अन्सार** انصار=મદદગાર. નસર=તેણે મદદ કરી, ઉપરથી 'નાસિર' એટલે મદદ કરનાર એનું બહુ વચન 'અન્સાર.') જ્યારે મુહંમદ પેગંબર સાહેબ (સ. અ.) હિજરત કરીને મક્કેથી મદીને ગયા, ત્યારે મક્કાના બીજા મુસલમાનો પણ આપને મદીનામાં આવી મળ્યાં. એવી રીતે મક્કેથી મદીને જનાર 'મુહાજિર કહેવાયા, અને એ મુહાજિરોને મદીનામાં જેમણે આશરો આપ્યો તે 'અન્સાર' કહેવાયા.

**અનામત,** વિ૦ ( અ૦ **अमानत** امانت=થાપણ, જાળવવા આપેલી વસ્તુ ) આ શબ્દમાં 'મ' ને 'ન' નું સ્થળાંતર થઇ ગુજરાતીમાં 'અનામત' શબ્દ થયો છે. સંભાળમાં સોંપેલી વસ્તુ.

**અનામત મૂકવું,** ક્રિ૦ ( અ૦ **अमानत**=સંભાળવા માટે સોંપવું ) સંરક્ષણ માટે સોંપવું.

**અનામત રાખવું,** ક્રિ૦ ( અ૦ **अमानत** ) થાપણ તરીકે રાખવું.

**અનામતી,** વિ૦ ( અ૦ **अमानत** ) ગુજરાતીમાં વપરાય છે. અમાનત આપેલું કે લીધેલું.

**અનાર,** ન૦ ( ફા૦ **अनार** انار=દાડમ ) આતશબાજીમાં દાડમના ઘાટની બનાવવામાં આવતી કોઠી, હવાઇ. '**ગુલશન અનાર ગુલાબના, સીસા સુરેખ શરાબના, સૌ આપ ભોગવજો અહીં.**' ગુ૦ ગ૦

**અનાર કળી,** વિ૦ ( ફા૦ **अनार**=દાડમ. કળી ગુજરાતી શબ્દ, દાડમની કળી જેવા. '**અનાર કળીશા દંત રૂપાળા, પીપળ પલ્લવ જેવા હોઠ.**' પ્રા૦કા૦

**અનાસર,** ન૦ ( અ૦ **अनासिर** عناصر=તત્ત્વો. **उन्सर**=તત્ત્વનું બહુવચન. મુસલમાન લોકો પાણી, આગ, હવા ને માટીને તત્ત્વ ગણે છે ને તે દરેકને ઉન્સર કહે છે ) અસલ, મૂળ, તત્ત્વ, ભૂત,

**અનિગાહ,** સ્ત્રી૦ ( ફા૦ **निगाह** نگاه=દૃષ્ટિ ) 'અ' ગુજરાતી ઉપસર્ગ છે. અવકૃપા, ઓછી મહેરબાની,

**અનીસુ** ન૦ ( અ૦ **अनीसून** انیسون=એક જાતના અજમાને મળતાં બી ) રૂમીજીરું, રૂમી અજમો. એનો છોડ એક ગજ ઉંચો, પાંદડાં બારીક ને સુવાસિત હોય છે, ફૂલ ધોળાં હોય છે.

**અપશુકન,** પુ૦ ( ફા૦ **शुगुन** કે **शुगून** شگن شگون=કાઇના બોલવા ઉપરથી અથવા પક્ષીના ઉડવા ઉપરથી આશા બાંધવી તે ) '**શુભ શુકન દીસે, મધ્યાન્હ શોભશે, વીતી** ગઇ છે **રાત, જય જય ગરવી ગુજરાત.**' **નર્મદ.**

**અપશુકનીઆળ,** વિ૦ ( **शुगुन** કે **शुगून** ઉપરથી ) અશુભ ચિન્હ, અમંગળ, અભદ્ર.

**અફગાન,** પુ૦ ( ફા૦ **अफ़गान** افغان=પઠાણ ) એક કોમ છે જે પેશાવરની પાસે વસે છે.

**અફગાની,** વિ૦ ( ફા૦ **अफ़गानी** افغانی=અફગાન સાથે સંબંધ રાખનાર ) અફગાનિસ્તાનની બોલી.

**અફગાનિસ્તાન,** ન૦ ( ફા૦ **अफ़गानिस्तान** સ્તાન=સ્થળવાચક પ્રત્યય افغانستان અફગાનોનો મુલક ) કાબુલ એનું મુખ્ય શહેર છે.

**અફ્રાતફ્રી,** સ્ત્રી૦ ( અ૦ **इफ्रात तफ्रीत** افراط تفریط ઇફ્રાત=માપ કરતાં ઘણું વધી જવું તે; તફ્રીત=માપ કરતાં ઘણું ઘટી જવું તે.=વધઘટ. જેમકે દાન એ સદ્ગુણ છે પણ હદથી વધી જાય તો ઉડાઉપણું કહેવાય, અને તે દુર્ગુણ છે. એને દાનનું ઇફ્રાત કહે છે, તેમજ દાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવુંજ નહિ એ કંજુસાઈ છે ને એ પણ દુર્ગુણ છે. એ દાનનું તફ્રીત છે ) નાસભાગના અર્થમાં પણ એ શબ્દ વપરાય છે. 'મુંબઈમાં પ્લેગના કારણથી અફરાતફરી થઇ રહી છે.'

**અફલાતુન,** વિ૦ ( ગ્રીક **अफ़लातून** افلاطون =પ્લેટો ) એક પ્રખ્યાત વિદ્વાન થઈ ગયો છે. એ એરિસ્ટોટલનો ગુરૂ ને સોક્રેટિસનો શિષ્ય હતો. ગુજરાતીમાં એ શબ્દ વિશેષણ તરીકે વપરાય છે. '**જોયો મોટો અફલાતુન થઇને આવ્યો છે તે.**' કામ તો અફલાતુન કર્યું છે !

**અફવા,** સ્ત્રી૦ (અ૦ **अफ़्वाह** افواه **फवह** =મોં, તેનું બહુવચન. અફવા=ઘણાં મોં. ઘણે મોઢે ચાલતી વાત, ગપ. '**ગામમાં તેણે એવી અફવા ફેલાવી.**' અમર૦

**અફસોસ,** પુ૦ ( ફા૦ **अफ़सोस** افسوس =શોક ) હાય, દીલગીરી, પસ્તાવો.

**અફસોસી,** સ્ત્રી૦ (ફા૦ **अफ़सोसी** افسوسی =શોક ) હાય, દીલગીરી, પસ્તાવો, શોચ. '**ન કરવું મુફત અફસોસી, મળશે દાદ ના અહીંઆં.**' કલાપી.

**અફીણ,** ન૦ ( અ૦ **अफ़्यून** افیون= અફીણ ) ખસખસનાં લીલાં છીંડવાંમાંથી નીકળતો કાળો ને તેલીઓ રસ.

**અફીણી,** વિ૦ ( અ૦ **अफ़्यूनी** افیونی= અફીણ ખાનાર ) અફીણ પીનાર, આળસુ, સુસ્ત, એવો '**ભંગી અફીણી કેફી હોય; કન્યા તેને નવ દે કોય.**' ક૦ દ૦ ડા૦

**અફીણીઓ,** વિ૦ ( અ૦ **अफ़्यूनी**=અફીણ ખાનાર ) '**અફીણીઆ એ સમે ખુબ ઉંઘે.**' ક૦ દ૦ ડા૦

**અફીમ,** ન૦ ( અ૦ **अफ़्यून**=અફીણ )

**અબખોરો,** પુ૦ (ફા૦ **आबख़ोरह** آبخورہ આબ=પાણી. ખોરો એ ખુર્દન=ખાવું ઉપરથી પાણી પીવાનું વાસણ ) લોટો, ટોયલી.

**અબતર,** વિ૦ ( અ૦ **अब्तर** ابتر=ખરાબ પરેશાન ) ખરાબ. હૃદય **તુજ મીણનું રાખ્યાથી તારો હાલ અબતર છે.**' ગુ૦ગજ૦

**અબદાગીરી,** સ્ત્રી૦ ( ફા૦ **आफ़ताबगीरी** آفتاب‌گیر =છત્રી. આફતાબ=સૂર્ય,+ગીર એ ગિરિફતન=પકડવું ઉપરથી પકડનાર, સૂર્યના તાપને રોકનાર ) છત્રી, છત્ર, રાજા વગેરે મોટા માણસનાં માથાપર જે છત્ર ધરવામાં આવે છે તે.

**અબદાલી,** વિ૦ ( અ૦ **अब्दाल+ई** ابدال =ધર્મી પુરૂષ ) મુસલમાનોનું માનવું એવું છે કે ૭૦ અબદાલો ( મહાન્ પુરૂષો, ઓલીઆઓ ) જગતમાં કાયમ રહે છે, ને વિશ્વ તેમના આધારથી ટકી રહેલું છે. જ્યારે એ ૭૦ માંથી કોઇ મરણ પામે છે ત્યારે તેને બદલે બીજાને ઈશ્વર તરફથી એ પદવી મળે છે. એવી રીતે અદલબદલ થયા કરે છે માટે એ ૭૦ માંના દરેકને અબદાલ કહે છે. અહમદશાહ અબદાલી બાદશાહ થઈ ગયો છે જેણે હિંદુસ્તાન પર ચડાઇ કરી હતી ને ૧૭૬૧માં પાણીપતના મેદાનમાં મરેઠાઓને હરાવ્યા હતા.

**અબદુલ્લા,** પુ૦ ( **अब्दुल्लह** عبد الله અબ્દ =ગુલામ, પૂજક, અલ્લાહ=ઈશ્વર. ઈશ્વરની પૂજા કરનાર ઈશ્વરનો બંદો ) જનાબ પેગંબર સાહેબ મુહંમદ (સ. અ.) ના પિતાનું નામ. વાં૦ માળા.

**અબદુલમુત્તલબ,** પુ૦ (અ૦ **अब्दुल्मुत्तलिब**) عبد المطلب પેગંબર સાહેબ (સ. અ.) ના દાદા સાહેબનું નામ. ગુજ૦ વાં૦ માળા.

**અબરખ,** ન૦ ( અ૦ **अब्रक** ابرق અરબીમાં એને **तल्क** પણ કહે છે. અબ્ર=વાદળાં જેમ એક ઉપર એક હોય છે તેમ એનાં પડ પણ એક ઉપર એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે માટે, (૨) બર્રક=પ્રકાશવું ઉપરથી અબ્રક=વિશેષ પ્રકાશિત. જમીનમાંથી નીકળતી ચળકતી પતરીદાર ને પારદર્શક એક જાતની ધાતુ.

**અબરૂ,** સ્ત્રી૦ (ફા૦ **अब्रू** ابرو=ભમર) ભમર.

**અબલક,** વિ૦ (અ૦ **अब्लक** ابلق=કાબર ચીતરો) કાબર ચીતરો ધોળા પગવાળો ઘોડો.

**અબલખી,** વિ૦ (અ૦ **अब्लकी** ابلقی =કાબર ચિતરો ઘોડો) '**કયા ભાઈ ચડેરે અસવારી અબલખી** ઘોડા **સાજીઆ.**' **સ્ત્રીગીત.**

**અબાસ** પુ૦ (અ૦ **अब्बास** عباس=સિંહ) હજરત પેગંબર સાહેબ (સ. અ.) ના કાકાનું નામ. અબ્બાસી ખલીફા એમના નામ ઉપરથી કહેવાય છે. ગુ૦ વાં૦

**અબાસી,** વિ૦ (અ૦ **अब्बासी** عباسی= એક જાતનો રંગ) અબ્બાસી ખલીફાઓ કાળો પોશાક પહેરતા હતા, માટે રતાશ પડતા વાદળી રંગને, ને કેટલીક વાર વાદળી કે કાળા રંગને પણ અબ્બાસી રંગ કહે છે.

**અબીર,** ન૦ (અ૦ **अबीर** عبير=એક જાતની ભૂકી) સુખડ, ગુલાબ, કસ્તુરી કેસર વગેરેની મેળવણીથી એક સુગંધી ભૂકી તૈયાર થાય છે, જે મોંપર ચોપડવાના કામમાં આવે છે. અબીર ગુલાલ એ શબ્દ સાથે બોલાય છે. ગુલાલ લાલ ભૂકો હોય છે.

**અબ્બાશાઈ,** વિ૦ (અ૦ **अब्बासी**) અબાસી શબ્દ જુઓ.

**અબુબકર,** પુ૦ (અ૦ **अबूबक्र** ابوبکر) હજરત મુહંમદ સાહેબ (સ. અ.) ના સસરા ને તેમના પછી ગાદીએ બેસનાર પહેલા ખલીફા. ગુ૦ વાં૦ મા૦

**અબુતાલબ,** પુ૦ (અ૦ **अबूतालिब** ابوطالب) હજરત મુહંમદ સાહેબ (સ૦ અ૦) ના કાકા અને પેગંબર સાહેબના પિતાના મરણ પછી તેમને ઉછેરનાર. ગુ૦ વાં૦

**અભ્રક,** અબરક શબ્દ જુઓ.

**અમદાવાદ,** ન૦ (અ૦ **अह्मद्**+ફા૦**आबाद** **अह्मद्आबाद** احمدآباد=અહમદશાહે વસાવેલું શહેર) એ શહેર હિજરી ૮૧૦ માં વસાવ્યું છે.

**અમદાવાદી,** વિ૦ (અ૦ **अह्मद्**+ફા૦**आबादी** احمدآبادی=અહમદઆબાદી. અમદાવાદની સાથે સંબંધ રાખનાર) અમદાવાદનું.

**અમન,** ન૦ (અ૦ **अम्न** امن=શાંતિ) ચેન, આરામ.

**અમદાની,** સ્ત્રી૦ (ફા૦ **आमदनी** آمدنی =આવક. આમદન=આવવું ઉપરથી. '**અમદાની ખર્ચ લખવે લોક સાવધ રહે** છે.' **વાં. મા. ૫.**

**અમલ,** પુ૦ (અ૦ **अमल** عمل=સત્તા) હુકમ દાબ.

**અમલજોરી,** સ્ત્રી૦ (અ૦ **अमल्+जोरी** ફા૦ અમલનું બળ વાપરવું તે) અમલ દેખાડવો. ગુજરાતી પ્રયોગ છે.

**અમલદાર,** પુ૦ (અ૦ **अमल्+दार** ફા૦ પ્રત્યય મળી તે **अमल्दार** عملدار= અમલવાળો) સત્તાવાળો.

**અમલદારી,** સ્ત્રી૦ (અ૦ **अमल्+दारी** عملداری=અમલદારપણું) સત્તા.

**અમલો,** પુ૦ (અ૦ **इम्लह** عمله=કામ, અમલદારના હાથ નીચેનો સ્ટાફ) મકાનનું મેડાબંધી કામ તે. ઇમારતનું બાંધકામ

**અમાનત,** સ્ત્રી૦ (અ૦ **अमानत**) امانت અનામત શબ્દ જુઓ '**અમાનતને ઘણો સમય વીત્યો.**' **નં૦ ચરિ૦**

**અમાનતદારી,** સ્ત્રી૦ (અ૦ **अमानत्+दारी** امانتداری=**अमानत्दारी**=પ્રમાણિકપણું) થાપણ સાચવવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અમીન**, પુ૦ (અ૦ **अमीन** امین=ચોકખી દાનતનો. અમન=તેણે જાળવ્યું ઉપરથી જાળવનાર ) સોંપેલી વસ્તુ બરાબર જાળવી પાછી આપનાર, ખજાનચી, ટ્રસ્ટી, મધ્યસ્થ તિરાહિત, લવાદ, ઈમાનદાર, વિશ્વસનીય.

**અમીનજર**, સ્ત્રી૦ (અ૦ **नजर** نظر=દૃષ્ટિ) મીઠી નજર, માયાળુ દૃષ્ટિ. અમી એ સં૦ અમૃત ઉપરથી.

**અમીનાત**, સ્ત્રી૦ (અ૦ **अमानत** ઉપરથી) અમીનપણું, અમીનપણું કરવાનું સાલીઆણું.

**અમીની**, સ્ત્રી૦ (અ૦ **अमानत** ઉપરથી) અમીનપણું.

**અમીર**, પુ૦ (અ૦ **अमीर** امیر=સરદાર, અમર=તેણે આજ્ઞા કરી ઉપરથી) ઉમરાવ, હાકેમ, રાજકર્તા. અફગાનિસ્તાનના બાદશાહને અમીર કહે છે. '**ઉદાર છો ને ઉમદા અમીર.**' ક૦ દ૦ ડા૦

**અમીરાઇ**, સ્ત્રી૦ (અ૦ **अमारत** ઉપરથી) અમીરપણું.

**અમીરાત**, સ્ત્રી૦ ( અ૦ **अमारत** امارت ઉપરથી ) અમીરની સત્તા, અમીરનો અધિકાર.

**અમીરી**, સ્ત્રી૦ ( અ૦ **अमीरी** امیری ). અમીરપણું, ભપકો, વૈભવ.

**અમ્મા**, સ્ત્રી૦ (અ૦ **उम्म** ام=મા ઉપરથી ) મા, જનેતા.

**અય**, અ૦ ( ફા૦ **अय्** اے=સંબોધક શબ્દ હે ) '**તારા તુરેલે હૂર અય, નસીહત મળી આજે મને.**' કલાપી.

**અયાજ**, પુ૦ ( ફા૦ **अयाज** કે **अयास** ایاز ایاس ) સુલ્તાન મહમૂદ ગજનવીનો ગુલામ હતો. જે એના સદગુણના કારણથી ખાસ માનીતો હતો. ગુ૦ વાં૦ મા૦

**અયાળ**, સ્ત્રી૦ [ તુર્કી **याल** یال=ડોક, ઘોડાની ગરદન પર વાળ હોય છે તે ) કેશવાળી.

**અરક**, અર્ક શબ્દ જુઓ.

**અરકચો**, અરગજો શબ્દ જુઓ.

**અરગજો**, પુ૦ ( અ૦ **अर्कजह** ارکجہ= એક સુગંધી વસ્તુ ) કેટલીક સુગંધી વસ્તુઓની મેળવણીથી બનાવેલી પીળા રંગની વસ્તુ. 'જ્યોત રવિની પેર કુંડળ લહેકે, તે નળ આવ્યો રે, અરગજા અંગે બહેકે, તે નળ આવ્યો રે.' **નળાખ્યાન.**

**અરજ**, સ્ત્રી૦ ( અ૦ **अर्ज़** عرض =વિનતિ અરજ=તે સામો થયો ઉપરથી ) પ્રાર્થના, ફરિયાદ. '**અરજ સુણો અવિનાશી, અમારી અરજ સુણો અવિનાશી. ગુ૦ વાં૦ મા૦**

**અરજદાર**, વિ૦ ( અ૦ **अर्ज़्+दार** ફા૦ પ્ર૦ **अर्ज़्दार** عرضدار=અરજ કરનાર ) અરજ કરનાર.

**અરજબેગી**, પુ૦ ( અ૦ **अर्ज़्+बेगी** ફા૦ **अर्ज़्बेगी** عرض بیگی =બાદશાહ સુધી અરજીઓ પોહોંચાડનાર ) અરજીઓ રજુ કરનાર.

**અરજી**, સ્ત્રી૦ ( અ૦ **अर्ज़ी** عرضی= અરજી ) અરજની હકીકતનો કાગળ.

**અરજાં**, વિ૦ ( ફા૦ **अर्ज़ां** ارزان=સોંઘું ) સસ્તું.

**અરદાસ**, સ્ત્રી૦ ( ફા૦ **दाश्त** તે દાસ્તન= રાખવું ઉપરથી+અરજ અરબી મળીને **अर्ज़्दाश्त** عرضداشت=અરજ ) પ્રાર્થના, અરજી.

**અરદિબેહસ્ત**, પુ૦ ( ફા૦ **उर्दीबिहिश्त** اردی‌بہشت ) પારસી વર્ષનો ત્રીજો મહીનો. વસંત ઋતુમાં આવે છે. અગ્નિ, દેવતા.

**અરદેશર**, પુ૦ ( ફા૦ اردشیر **अर्द**=ક્રોધ+ **शेर**=સિંહ=સિંહના જેવો ક્રોધી, તે **अर्दशेर** ( ૨ ) **उर्द**=જેવો+શેર=સિંહ મળીને સિંહ જેવો. (૩) **आर्द**=લોટ+



For Private And Personal Use Only

**શીર**=દૂધ. લોટ ને દૂધ. જ્યારે દાસી એના જન્મની વધામણી ખાવા ગઈ ત્યારે ત્યાં લોટ ને દૂધ હતાં તે ઉપરથી આર્દશીર નામ રાખ્યું ) બહમનના દીકરા અસ્પંદયારનો ઇલ્કાબ છે.

**અરફો**, પુ૦ ( અ૦ **अर्फह** عرفه=મુસલમાની છેલ્લા મહીનાની ૯ મી તારીખ ) એ દિવસે મક્કામાં હજ્જ થાય છે. અરફ=તેણે ઓળખ્યો ઉપરથી. ગુ૦ વાં૦ મા૦

**અરફાત**, ન૦ ( અ૦ **अरफात** عرفات ) મક્કાથી ૧૨ માઈલ ઉપર એક ટેકરી છે, ત્યાં અરફાને દિવસે હજ્જ કરવા જાય છે, અને બપોરની તથા પાછલા પોહોરની નમાજ પઢી પાછા મક્કે આવે છે. ગુ૦ વાં૦ મા૦

**અરબ**, પુ૦ [ અ૦ **अरब** عرب=અરબસ્તાનનો રહેનાર ] અરબોનો મુલક.

**અરબી**, વિ૦ [ અ૦ **अरबी** عربی= ] અરબસ્તાન સંબંધી, અરબી ભાષા, અરબી ઘોડો.

**અરબ્બી**, વિ૦ [ અ૦ **अरबी** ] અરબી શબ્દ જુઓ.

**અરમાન**, સ્ત્રી૦ [ ફા૦ તુ૦ **अर्मान** ارمان= ઇચ્છા ] ઉમેદ, હોંસ.

**અરવાહ**, સ્ત્રી૦ ( અ૦ **अर्वाह** ارواح= આત્માઓ. **रूह**=આત્માનું બહુવચન )

**અરસલાન**, પુ૦ [ તુ૦ **अर्सलान** ارسلان ] તુર્ક લોકો પોતાના ગુલામનું નામ અરસલાન રાખતા હતા. પાછળથી અર્સલાન શબ્દનો અર્થજ ગુલામ થઇ ગયો. કોઈક વખત એ શબ્દ નામનો ભાગ પણ હોય છે. જેમકે અલ્પ અરસલાન.

**અરસ્તુ**, પુ૦ ( ગ્રી૦ **अरस्तू** ارسطو=એરિસ્ટોટલ ) સિકંદરનો પ્રધાન.

**અરસો**, પુ૦ ( અ૦ **अर्सह** عرصه=મેદાન, વખત. અરસ=જગા ઉપરથી. ) ટાઇમ, મુદ્દત, સમય. '**એ અરસામાં એમનાં લગ્ન કરવાં**' નં૦ ચરિ૦

**અરાબો (અડાબો,)** પુ૦ ( ફા૦ **अराबह** ارابه=તોપની ગાડી ) ગુજરાતીમાં ઘરખટલો, કુટુંબ, પરિવાર, માલદોલત, ચાકરનફર, વગેરે.

**અરૂભરૂ**, આ૦ ( ફા૦ **रूबरू** روبرو=સમક્ષ. રૂ=મોં. મોં એ મોં ) મોં પર.

**અર્ક**, પુ૦ ( અ૦ **अरक** عرق=પરસેવો ) કોઇ વસ્તુનું વરાળથી કરેલું પાણી. તજનો અર્ક.

**અર્જ**, સ્ત્રી૦ ( અ૦ **अर्ज** عرض=અરજ ) વિનતિ.

**અર્જમંદબાનુ બેગમ**, સ્ત્રી૦ ( ફા૦ ارجمند بانوبیگم **अर्ज**=કીમત, **मंद**=વાળી, **बानू**=ગૃહસ્થ સ્ત્રી, **बेगुम** (તુર્કી)=બેગની સ્ત્રી, બાદશાહની સ્ત્રી, ઉપરથી **अर्जमंद बानूबेगम**- શાહેજહાંની બેગમનું નામ. જેની કબર તાજમહાલમાં છે. ગુ૦ વાં૦ મા૦

**અર્ઝાં**. વિ૦ ( ફા૦ **अर्जां** ارزان=સસ્તું ) પુષ્કળ મળતું હોય તેવું.

**અલકાબ**, પુ૦ ( અ૦ **अल्काब**, القاب **लकब**નું બહુવચન લકબ=ખિતાબ. અલ્કાબ=ખિતાબો ) માનવાચક નામ.

**અલગત**, વિ૦ ( અ૦ **अलगरज़**=સારાંશ) મતલબ, અર્થાત. '**આતો એક અલગતની વાત છે**' અલગતની એટલે જુદી, નિરાળી"

**અલગાર**, સ્ત્રી૦ ( અ૦ **अल्गार** الغار=ગુફા. **अल्**=The, **गार**=ગુફા–અલ્ગાર=ગુફા. વિશેષના અર્થમાં વપરાય છે ) હારે હાર, કીડીઓની અલગાર ચાલે છે; 'પછી રથતણી અલગાર કેવી શોભે છે, (જાણે) પ્રભુ વનરૂપી રથ જોઇ મન થોભે છે.' **શા૦ વિ૦** ક૦ ૩૫ ક૦ ૧૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અલગોજા**, ન૦ (અ૦ **अल्गोजा** الغوزا= વાંસળીની જોડ) પાવાની જોડ, મોરલીની જોડ; એક જાતનું રણક્ષેત્રમાં વગાડવાનું વાજું.

**અલતમશ**, પુ૰ (તુ૦ **अल्तमश** التمش =સૌથી આગળ ચાલનાર લશ્કર) ફોજનો સરદાર, ૬૦ ની સંખ્યા. ગુલામવંશમાં એક પ્રખ્યાત બાદશાહ થયો છે. હિં૦ઇ૦

**અલપતગીન**, (તુ૦ **अलप्तगीन**, الپتگین અલપ = બહાદુર+તગ=પગલું+ગ્ન = વાળો. શૂરા પગલાવાળો) ગીજનીવંશમાં એક બાદશાહ થઇ ગયો છે. હિં૦ ઇ૦

**અલફાઉ**, વિ૦ (અ૦ **आलुफ्तह** آلفته= દરવેશ, નકામો, એકલો, તોફાની) જેવો તેવો, અજાણ્યો, રખડતો.

**અલબત**, અ૦ (અ૦ **अल्बत्तह**, البته અરબી ધાતુ છે, એનો ઉપયોગ તાકીદના અર્થમાં થાય છે. નક્કી, હા, બેશક, ખચીત, ખરેખર. '**મગર અલબત હમેશાની હયાતીમાં ભળેલી છે' દા૦ સાગર.**

**અલમસ્ત**, વિ૦ (ફા૦ **मस्त** مست+અ૦ **हाल** મળાને **हाल्मस्त** અથવા **अल्** (અ૦)+**मस्त** મળીને **अल्मस्त**=મસ્તાન, મસ્તજેવો, જોરાવર.

**અલવાન**, ન૦ (**अल्वान** الوان=રંગો. **लव्न**=રંગનું બહુવચન, જાતજાતના રંગ) કોરવગરની શાલ, કાંબળ, એકજાતની શાલ.

**અલા**, સ્ત્રી૦ (અ૦ **इला** الا=નેઅમત, બખ્શિશ) લક્ષ્મી, સમૃદ્ધિ, સુભાગ્ય. '**અલા ગઇ બલા વળગી.**'

**અલાઇ**, વિ૦ (અ૦ **इलाही** الٰہی = હે મારા ઈશ્વર) અશક્ત, લાચાર, અનાથ.

**અલાઉ**, વિ૦ (અ૦ **अलाहिदह** علاحده =જુદું) નિરાળું.

**અલાકો**, પુ૦ (અ૦ **इलाकह** علاقه) ઇલાકો શબ્દ જુઓ.

**અલાદ**, વિ૦ **अलद्द** الد=તકરારી) નિર્ધન, કંગાલ, દીન.

**અલાબલા**, સ્ત્રી૦ (અ૦ **बला** بلا = પીડા) પંચાત, ઉપાધિ, કષ્ટ.

**અલાયત**, ન૦ (અ૦ **अलामत** علامت= ચિહ્ન ? નિશાની, અલમ=તેણે જાણ્યું ઉપરથી) પિછાણ, નિશાની.

**અલાયદું**, વિ૦ (અ૦ **अलाहिदह** علاحده =જુદું) નોખું, ભિન્ન.

**અલાવ**, પુ૦ (ફા૦ **आलाव** آلاو = બળતો અગ્નિ) જ્વાળા, મોહોરમમાં એક ખાડામાં દેવતા સળગાવે છે તે.

**અલાવા**, અ૦ (અ૦ **इलावह** علاوه = જે બોજો બીજા બોજા ઉપર મૂકવામાં આવે તે) એ વિના એ સિવાય બીજું.

**અલાહિદું**, વિ૦ (અ૦ **अलाहिदह** علاحده =જુદું) નોખું. '**કેટલાકતો શાસ્ત્રોમાંનાં ઉદ્ધરણને અનુસંધાનથી અલાહેદા કરી, પ્રાયશ્ચિતની વિરૂદ્ધ કિંવા તરફેણમાં મત આપતા.' નંદ ચરિ૦**

**અલી**, પુ૦ (અ૦ **अली** علی = મોટો) જનાબ પેગંબર સાહેબ (સ. અ.)ની પાછળ ગાદીએ બેસનારા ખલીફાઓમાં ચોથા ખલીફા. એઓ જનાબ પેગંબર સાહેબ (સ. અ)ના જમાઇ થતા હતા. સૈયદો એમના વંશમાં છે. ગુ. વાં. મા.

**અલીજહાં**, વિ૦ (અ૦ **अलीजाह**) عالی جاه =મોટા હોદ્દાવાળું. આલી= મોટો, + જાહ = પદવી) મોટા દરજ્જાવાળું મોટું અલીજહાં મકાન.

**અલીજાહાં**, (અ૦ **आलीजाह** عالی جاه =મોટા હોદ્દાવાળું) મોટા દરજ્જાવાળું.

**અલીસાકલ**, પુ૦ (**अली+साकिल** علی صاقل અલી એ સંજ્ઞાવાચક નામ છે, સાકિલ=સરાણીઓ, હથીઆરોને ધાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આણનાર ) હજામનું નામ છે. ગુ. વાં. માળા.

**અલેહિસ્સલામ,** પુ૦ (અ૦ **अलय्हे** = તેમના ઉપર + **अस्सलाम** = સલામહો. મળીને **अलय्हिस्सलाम** عليه السلام તેમના ઉપર સલામ હો.) આ માનવાચક શબ્દ મુસલમાનો પોતાના પેગંબર સાહેબ (સ. અ.) વિના બીજા પેગંબર સાહેબોના નામ સાથે લગાડે છે. જેમકે હજરત મૂસા (અ. સ.)

**અલેચો,** પુ૦ (તુર્કી. **अलाचह** الاچه=બે રંગનું લીટીઓવાળું લુગડું) એક જાતનું રેશમી કપડું.

**અલેલ,** વિ૦ (અ૦ **अलुयल** الليل=રાત) અંધારૂં, હિસાબ કે નિયમ વગરનું. 'અલેલ કારખાનું છે.'

**અલૈયાં-બલૈયાં,** ન૦ (અ૦ **बला** بلا) અરબી બલા શબ્દ ઉપરથી ગુજરાતીમાં અલાબલા શબ્દ થયો છે, તે ઉપરથી બહુવચન રૂપમાં આ શબ્દ થયો છે. ઓવારણાં, દુખડાં, મીઠડાં.

**અલ્યા,** પુ૦ (અ૦ **अला** الا=હુશ્યાર થાઓ) જાણો, વાકિફ થાઓ, સંબોધક શબ્દ છે.

**અલ્લા,** પુ૦ (અ૦ **अल्लाह**=ખુદા الله) પરમેશ્વર.

**અલ્લાહુઅકબર,** પુ૦ (અ૦ **अल्लाहुअक्बर** الله اكبر=પરમેશ્વર સૌથી મોટો છે) આ વચન નમાજમાં, બાંગમાં અને યુદ્ધમાં વપરાય છે. ઈશ્વરની પ્રૌઢતા યાદ કરીને આ શબ્દનું ઉચ્ચારણ મુસલમાનો વારંવાર કરે છે.

**અલ્લાહી,** વિ૦ (અ૦ **इलाही** الٰهى=હે ઈશ્વર) ઈશ્વર સંબંધી.

**અલ્લૈ,** જુઓ અલ્લાહી.

**અવકાત,** સ્ત્રી૦ (અ૦ **अव्क़ात** اوقات= (વખતનું બહુવચન) સાધન, બળ, જોર, વીસાત.

**અવલ,** વિ૦ (અ૦ **अव्वल** اول=પહેલું) પ્રથમ, મુખ્ય, આદિ.

**અવલ અરજી,** વિ૦ (અ૦ **अव्वल् अर्ज़ी** اول عرضى=પહેલી દાવાઅરજી) પ્રથમ અરજી.

**અવલઆખર,** વિ૦ (અ૦ **अव्वल् आखिर** اول آخر=અથેતિ) આદિથી અંત સુધી. આદ્યંત.

**અવલકારકુન,** વિ૦ (અ૦ **अव्वल्+कार्कुन** (ફા૦) **अव्वल्कार्कुन** اول كاركن=તાલુકાના મામલતદારના હાથ નીચેનો પહેલો કારકુન).

**અવલમંજલ,** સ્ત્રી૦ (અ૦ **अव्वल्मंजिल** اول منزل મંજિલ=ઉતરવાની જગા=પ્રથમ મુકામ) પાયદસ્ત, દફનક્રિયા, મુડદાને છેવટનું ઠેકાણે પાડવું. માણસના મરણથી તેની જગતયાત્રા પુરી થાય છે, ને પરલોકની મુસાફરીનો આરંભ થાય છે, એ મુસાફરીમાં પહેલો રાતવાસો કબરમાં કરવો પડે છે, માટે એને પહેલી મંજલ કહે છે. '**તેનું શબ અવલમંજલ લઈ ગયા.**' **નંદ૦ ચરિ૦**

**અવલ સરવાયું,** ન૦ (અ૦ **अव्वल्+सर्मायह** اول سرمايه સરમાયા=પૂંજી) બાર માસના હિસાબ ઉપરથી લેવડદેવડનું કાઢેલું તારણ.

**અવલ સાલ,** સ્ત્રી૦ (અ૦ **अव्वल्+साल** اول سال ફા૦ સાલ=વર્ષ. પહેલું વર્ષ) બેસતું વર્ષ.

**અવલશિલક,** સ્ત્રી૦ (અ૦ **अव्वल्+सल्ख** اول سلخ સલ્ખ=મહીનાની છેલ્લી તારીખ.) મહીનાની છેલ્લી તારીખે જે રોકડ વગેરે હોય તે.

**અવશુકન,** જુઓ અપશુકન.

**અવસાત,** અ૦ (અ૦ **साअत** ساعت=કલાક ઉપરથી) હમણાજ, તરત, ઓચિંતું, અબઘડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અવસ્તા,** સ્ત્રી૦ ( ફા૦ **उस्ता** اُستا ) જરતોસ્તની કિતાબનું નામ છે. જે ઝંદના ભાષ્યરૂપે લખી છે. ઉસ્તા એ ઉસ્તાદનું ટુંકું રૂપ છે.

**અવાઇ,** સ્ત્રી૦ ( અ૦ **हवाई** هوائی=હવા ઉપરથી ) ઉડતી ખબર.

**અવાજ,** પુ૦ ( ફા૦ **आवाज** آواز=શબ્દ ) ધ્વનિ. '**ઉઠી ગર્જના તોપના ત્યાં અવાજે.**' ક૦ દ૦ ડા૦

**અવાજદાર,** વિ૦ (ફા૦ **आवाज़्दार** آوازدار=અવાજવાળું ) જેમાંથી અવાજ થાય તે. '**રૂપીઆ અવાજદાર છે.**'

**અવાજબી,** વિ૦ [ અ૦ **वाजिबी** واجبی=યોગ્ય ] અ૦ સંસ્કૃત ઉપસર્ગ. અયોગ્ય, વાજબી નહિ તે.

**અવાજા,** પુ૦ ( ફા૦ **आवाजह** آوازه=ખ્યાતિ ) અવાજ થવા તે. બહાર, ભડાકા.

**અવાજી,** વિ૦ ( ફા૦ **आवाजी** آوازی=અવાજ વાળું ) જેમાંથી અવાજ નીકળે તે, ખડખડતું, વાગતું.

**અવાજો,** પુ૦ ( ફા૦ **आवाजह** آوازه=ખ્યાતિ ) અવાજ, ધ્વનિ શબ્દ.

**અવેજ,** પુ૦ ( અ૦ **इवज** عوض=બદલો ) માલ સાટે માલ આપવો તે, નાણું, સિલક, મિલ્કત, કીમતી માલ.

**અવેજી,** પુ૦ ( અ૦ **इवजी** عوضی=બદલામાં રાખેલો ) પ્રતિનિધિ, અમુક માણસને બદલે રાખેલો હંગામી માણસ, કામચલાઉ, અવેજી કસબ.

**અવ્હે,** સ્ત્રી૦ ( અ૦ **हवाई** هوائی=હવા ઉપરથી ) એક જાતની આતશબાજી.

**અશક,** પુ૦ ( અ૦ **इश्क** عشق=ચાહવું ) પ્રેમ, પ્યાર, કોઇ વસ્તુ ઉપર હદથી વધારે પ્રેમ હોય તે. એક પ્રકારનો રોગ પણ છે, જે સૌંદર્ય જોવાથી ઉત્પન્ન થાય છે. '**ઇશ્ક ન જુએ જાત કજાત, તરસ ન જુએ ધોબી ઘાટ; ભુખ ન જુએ સુકો રોટલો, ઊંઘ ન જુએ તુટી ખાટ.**' ગુ૦ કહે૦

**અશકર** અ૦ ( અ૦ **अस्कर** اکثر=ઘણું ) ઘણું કરીને, આખરે છેલ્લો. '**અશકર ગયા વગર છુટકો નથી.**'

**અશુકન,** જુઓ અપશુકન.

**અશરફી,** સ્ત્રી૦ ( અ૦ **अश्रफी** اشرفی=સોનાનો સિક્કો ) અશરફ નામના પાદશાહે પાડ્યો માટે ૧૦ માસા વજનનો સોનાનો સિક્કો.

**અશરાફ,** વિ૦ ( અ૦ **अश्राफ** اشراف શરીફનું બહુ વચન. મોટા માણસો, શરફ=તે મહાન પુરૂષ થયો ઉપરથી. એક વચનમાં પણ આ શબ્દ વપરાય છે ) ભલું, ભોળું, સાલસ, પ્રામાણિક, ઇમાનદાર, કુલીન. '**જિગર અશરાફ આ મારે, ખતા તુજ માફ કીધી છે.**' **કલાપી.**

**અશરાફી,** સ્ત્રી૦ ( અ૦ **शराफत** شرافت=ભલમનસાઇ ) સભ્યતા, સાલસાઈ, સુજનતા, ઈમાનદારી.

**અશરીન,** વિ૦ ( અ૦ **इश्रीन** عشرین=૨૦ ) અરબીમાં વર્ષની સંખ્યા અક્ષરે લખવી હોય તો આ શબ્દનો ઉપયોગ થાય છે.

**અશર્મ,** વિ૦ ( ફા૦ **शर्म** شرم=લાજ ) અ ઉપસર્ગ લાગી થએલો ગુજરાતી શબ્દ. નિર્લજ્જ, '**નિંદ્યો નરનીમાંય ધનલોભી ધની જે, નરક માંહે પડયો તેહ, જે અશર્મ છે**' વલ્લભ.

**અસકર,** જુઓ અશકર,

**અસકામત,** સ્ત્રી૦ ( અ૦ **इस्तिकामत** استقامت=સીધું) ટટાર, માલમિલ્કત, પુંજી, દઢતા.

**અસતર,** જુઓ અસ્તર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અસબાબ**, પુ૦ (અ૦ **अस्बाब** اسباب સબબનું બહુવચન. કારણો, સબબો) સામાન, સાહિત્ય, રાચરચીલું, '**અસબાબ અમીરી આપના.**' ગુ૦ગજલ.

**અસમત**, સ્ત્રી૦ (અ૦ **इस्मत** عصمت = શીળ) પવિત્રતા, પોતાને દુર્ગુણથી બચાવવો તે. '**પણ મારી અસમતને તો દાગ નહિં લાગવા દઉં**' બા૦ બાબર.

**અસમાન**, ન૦ (ફા૦ **आस्मान** آسمان **आस** = ઘંટી + **मान** = જેવું ઘંટી જેવું = આકાશ) આકાશ ઘંટીની પેઠે ફરે છે માટે.

**અસમાની**, વિ૦ (ફા૦ **आस्मानी** آسمانی આકાશી) આકાશની સાથે સંબંધ રાખનાર, આકાશના જેવા રંગની વસ્તુ, વાદળી.

**અસમાની સુલતાની**, સ્ત્રી૦(**आस्मानी** ફા૦ +**सुल्तानी** અરબી. આસમાની=આકાશી. સુલ્તાની=રાજકીય آسمانی سلطانی) દૈવ કૃત આફતો. જેમકે અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, રોગ, લાહે વગેરે. રાજ્યકીય આફતો કેદ, સજા, લુટફાટ, અવ્યવસ્થા. ઇશ્વરના તરફની કે રાજ્ય તરફની આફતો તે આસમાની સુલતાની કહેવાય છે.

**અસર**, સ્ત્રી૦ (અ૦ **असर** اثر=લાગણી, પાસ) ગુણ, સારૂં નઠારૂં પરિણામ થવું તે. પાસ બેસવો. '**તુખ્મે તાસીર, સોબતે અસર**' ગુ૦ કહે૦

**અસરકારક**, વિ૦ (અ૦ **असर** اثر+કારક, સં૦ પ્ર૦) અસર કરે એવું, પ્રબળ.

**અસરાર**, ન૦ (અ૦ **अस्रार** اسرار **सिर्र** =ગુપ્ત નું બહુવચન) ગુપ્તવાતો, ખાનગી વાતચીત, છુપા ભેદ, ઝોડઝપટ, ભૂતપ્રેત.

**અસલ**, વિ૦ (અ૦ **अस्ल** اصل=જડ) પ્રથમનું, ખરૂં, સાચું, ઉત્તમ. '**એવી રીત અસલ જે હતી, આજ અહીંઆં થઈ છે છતી.**' ક૦ દ૦ ડા૦

**અસલી**, વિ૦ (અ૦ **अस्ली** اصلی=પ્રથમનું) આગળના વખતનું.

**અસવાર**, પુ૦ (ફા૦ **अस्वार** اسوار **सवार** નું બહુ વચન) ઘોડે બેઠેલો માણસ. પ્રાણીની પીઠપર બેઠેલો માણસ. વાહનમાં બેઠેલો માણસ. '**આવ્યો તો એ કોઇ અસવાર, વાડ વિષે પેઠો જે વાર.**' ક૦ દ૦ ડા૦

**અસવારી**, સ્ત્રી૦ (ફા૦ **अस्वारी** اسواری =પ્રાણીની પીઠ ઉપર કે વાહનપર બેસવું તે) '**ટપ્પામાં ત્રણ અસવારી લઈ જવા દે છે.**'

**અસામી**, પુ૦ (પુ૦ **असामी** اسامی **इस्म**=નામ, એના બહુવચનનું બહુવચન) અસામી ગુજરાતીમાં આસામીના અર્થમાં વપરાય છે. ઉર્દુમાં પણ એ અર્થમાં વપરાય છે. અમુક માણસ, દેનદાર, પૈસાદાર, ધનવાન, પુરૂષ.

**અસારો**, પુ૦ (અ૦ **उसारह** عصاره = દરેક નીચોવી લીધેલી વસ્તુનું તત્ત્વ, નીચોવી લીધેલી ફૂગ) વળ દીધેલો રેશમનો તાર.

**અસીલ**, વિ૦ (અ૦ **अस्ल** اصل=મૂળ ઉપરથી) ખરો, જાતવાળો માણસ ગુજરાતીમાં એનો અર્થ 'વકીલને કેસ સોંપનાર' એવો થાય છે.

**અસૂમ**, વિ૦ (અ૦ **शूम** شوم=અપલક્ષણો) અ ઉપસર્ગ લાગી થએલા ગુજરાતી શબ્દ કંજુસ નહિ તે, ઉદાર.

**અસ્તર**, ન૦ (ફા૦ **अस्तर** કે **आस्तर** استر آستر=નીચે રહેલું લુગડું) પડ, સારા કપડાની અંદર સાધારણ કપડાનું જે પડ નંખાય છે તે.

**અસ્તરો**, પુ૦ (ફા૦ **उस्तरह** استره, ઉસ્તર્દન=મુંડવું ઉપરથી) સજાયા, અસ્તરો.

**અસ્ત્રો**, પુ૦ (ફા૦ **उस्तरह** استره ઉસ્તર્દન=મુંડવું ઉપરથી) મુંડનાર, સજાયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અસ્માન,** ન૦ (ફા૦ **आस्मान** آسمان) આકાશ.

**અસ્માની સુલતાની,** વિ૦ અસમાની સુલતાની શબ્દ જુઓ.

**અસ્વાર,** પુ૦ (ફા૦ **अस्वार** اسوار= બેઠેલો) ઘોડા કે કોઇ પ્રાણીની પીઠપર અથવા ગાડીમાં બેઠેલો માણસ. '**એતો કાંઇ કહેવા જતાં સામો મારી ઉપર અસ્વાર થાય છે.**'

**અસ્વારી,** સ્ત્રી૦ (ફા૦ **अस्वारी** اسواری) સવારી.

**અહક,** પુ૦ (અ૦ **हक्क** حق=ખરૂં) 'અ' સંસ્કૃત ઉપસર્ગ લાગી થએલો શબ્દ. હક ન હોય તે, ગેરવાજબી.

**અહમક,** વિ૦ (અ૦ **अह्मक** احمق=ઘણો મૂર્ખ. 'હમક' ઉપરથી.) 'તું તો હેમક જેવો છે.

**અહમકાઇ,** સ્ત્રી૦ (અ૦ **अह्मक** ઉપરથી) આઇ પ્રત્યય લાગી થએલો શબ્દ, મૂર્ખતા.

**અહૂમન,** પુ૦ (ફા૦ **अहूमन**=દેવ, શેતાન) ખોટાં કામ કરાવનાર. 'જરથોસ્તીઓ અહિમાનને દેવ કહે છે, ને દેવ શબ્દનો અર્થ રાક્ષસ એવો કરે છે'. સિદ્ધાંતસાર પૃષ્ઠ ૩૨.

**અહસાન,** ન૦ (અ૦ **अहसान** احسان= ઉપકાર, હસન=સારો થયો ઉપરથી) આભાર, ભલાઇ, પરોપકાર.

**અહસાનબંદ,** વિ૦ (અ૦ **अहसान+मंद** احسان‌مند ઉપકાર વાળે) આભારી, ઉપકૃત.

**અંગમહેનત,** સ્ત્રી૦ (અ૦ **मिह्नत** محنت =મહેનત) અંગ સંસ્કૃત શબ્દ મળી થએલો શબ્દ જાતમહેનત, શારીરિક શ્રમ.

**અંગુર,** ન૦ (ફા૦ **अंगूर** انگور=દ્રાક્ષ) અંગુરી સરકો વખણાય છે.

**અંઘામ,** પુ૦ (ફા૦ **हंगाम** هنگام=વખત) હંગામો, ટોળું.

**અંજામ,** ન૦ (ફા૦ **अंजाम** انجام=પરિણામ) છેવટ. '**અજબ છે પ્રેમની રીતો, તથા આગાજ કે અંજામ.**' ગુ૦ ગજલ.

**અંજીર,** ન૦ (ફા૦ **अंजीर** انجیر=એક જાતનો મેવો) કાચાં પાકાં અંજીર બજારમાં મળે છે.

**અંજુમન,** ન૦ (ફા૦ **अंजुमन** انجمن= મંડળી, **नज्म** (અ૦) તારો એનું બહુવચન **अंजुम** ઉપરથી ફારસી શબ્દ અંજુમન) ટોળું, મીજલસ, સમુદાય, પંચાત. જેમ તારા નાના મોટા ને જુદા જુદા પ્રકારના હોય છે તેમ મંડળીમાં પણ માણસો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે માટે. '**અંજુમને ઇસ્લામ.**'

**અંદર,** અ૦ (ફા૦ **अंदर** કે **अन्दरून** اندرون اندر=માંહે) અંદર, માંહે, દરમ્યાન.

**અંદરખાને,** અ૦ (ફા૦ **अंदरूनिखानह** اندرون خانه=ઘરમાં) ઘરપેટે, છુપીરીતે. '**શેલુકસ અંદરખાનેથી નાના ફડનવીસ સાથે સંબંધ રાખતો હતો.**' **અમરસિંહ.**

**અંદાજ,** પુ૦ (ફા૦ **अंदाज** انداز = નાખનાર—અંદાખ્તન=નાખવું ઉપરથી) ગોલંદાજ, તીરંદાજ, ગુજરાતીમાં શુમાર, અડસટ્ટો. '**અંદાજ અંતરતણો ન કરાય હાવા.**' કલાપી.

**અંદાજો,** પુ૦ (ફા૦ **अंदाजह** اندازه= માપ, અંદાખ્તન=નાંખવું ઉપરથી) આશરો, અડસટ્ટો.

**અંદેશો,** પુ૦ (ફા૦ **अंदेशह** اندیشه= સંદેહ. અંદેશીદન=વિચાર કરવો ઉપરથી શક, ચિંતા. '**દરદ દિલ દરદીનુ દરદીજ જાણે, અજાણ્યો તો અંદેશો આણે.**' ક૦ દ૦ ડા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અંબર**, ન૦ (અ૦ **अंबर** عنبر=એક પ્રકારની સુગંધી) **એશીઆને કિનારે અંબર જડે છે,' ગુ૦ ભૂ૦ વિ૦**

**અંબાડી**, સ્ત્રી૦ (અ૦ **अमारी** કે **अंमारो** عماری) અંમાર નામના માણસે શોધી કાઢી માટે; હાથી ઉપર બેસવા માટે બનાવેલી સુંદર બેઠક. **'અંબાડી ન ઉપાડે, તે ગજ તો ગણાય છે.' ક૦ દ૦ ડા૦**

**અંબાડીનશીન**, વિ૦ (અ૦ **अंमारी** કે **अमारी+निशीन**, ફા૦ નિશિસ્તન=બેસવું ઉપરથી, બેસનાર عماری نشین 'અમારીનિશીન' કે 'અંમારીનિશીન) અંબાડીમાં બેસનાર. **'હાથી ઉઠત તો અંબાડીનશીન ત્રણે વ્યક્તિનો રોટલો થઈ જાત.' નં૦દ૦ ચરિ૦**

**અંબાર**, પુ૦ (અ૦ **इंबार** انبار=એકઠું કરવું) ભરવું, ઢગલો, ઘર ભીંત વગેરેનું પડી જવું. **'અઘ ઓઘતણો અંબાર કર્યો.' જાુ૦ ગુ૦ વાં૦ મા૦**

**અંમાલ**, પુ૦ (અ૦ **उंमाल** عمال=અમલ કરનારા. આમિલ=અમલ કરનારનું બહુવચન) અમલદારો, અધિકારીઓ.

## आ. આ.

**આઇન**, પુ૦ (ફા૦ **आईन** آئین=કાયદો) ધારો, કાનુન, રિવાજ, દસ્તુર, શોભા.

**આઇને અકબરી**, સ્ત્રી૦ (ફા૦ **आईनि+ अक्बरी** (અ૦) **आईनि अक्बरी** آئین اکبری=અકબરના કાયદાનું પુસ્તક) એ ગ્રંથ અબુલફજલે બનાવ્યો છે. અકબર બાદશાહના ધારા અને નિયમો વગેરેનો રાજનીતિને લગતો અબુફજલનો બનાવેલો ગ્રંથ. [વા. મા.]

**આકા**, પુ૦ (ફા૦ **आका** آقا=સાહેબ, ધણી માલિક) શેઠ. 'આપણા આકા આલમખાન છે.' બા૦ બા૦

**આકીન**, ન૦ (અ૦ **यकीन** یقین=વિશ્વાસ) ભરોસો, શ્રદ્ધા, પતીજ, આસ્થા **'ધર્મ ઉપર એનું આકીન નથી.'**

**આકીનદાર**, વિ૦ (અ૦ **यकीन+दार** ફા૦ **यकीन्दार** یقیندار=ભરોસાવાળો) ગુજરાતી પ્રયોગ છે. આસ્થાવાન, ભાવિક.

**આકુતી**, સ્ત્રી૦ (અ૦ **याकूती** یاقوتی યાકૂત=માણેક. માણેકનો જેમાં ઉપયોગ કરાએલો હોય એવી પૌષ્ટિક દવા) શિઆળામાં ખાવાની એક પૌષ્ટિક દવા.

**આકેબત**, સ્ત્રી૦ (અ૦ **आक़िबत** عاقبت=અંત) છેડો, આખર, ભવિષ્ય. **'શરીફના ખસલતો વડે આમુર હોવાથી મારો ખજાનો આકેબતમાં કામ આવશે.' બા૦બા૦**

**આકેલ**, વિ૦ (અ૦ **आकिल** عاقل=બુદ્ધિશાળી, **अकल**=બુદ્ધિ ઉપરથી) અકલવાળો.

**આખર**, સ્ત્રી૦ (અ૦ **आखिर** آخر=અંત છેડો, સમાપ્ત, મરણ સમય, આખરે છેવટે, છેલ્લે, અંતે, આખર સરવાળે. **"નર્મદ આખરે ધુળેધુળ, શાને થાય આકળો"?**

**આખર મોસમ**, સ્ત્રી૦ (અ૦ **आखिर्मौसिम** آخر موسم=મોસમનો છેવટનો ભાગ) મોસમનો પાછલો ભાગ, આખર સાલ.

**આખરસાલ**, સ્ત્રી૦ (અ૦ **आखिर्साल**, آخر سال સાલ (ફા૦)=વરસની આખર) વરસનો છેલ્લો ભાગ.

**આખરે**, અ૦ (અ૦ **आखिर** آخر=અંતે) છેવટે, નહિ ચાલે, નિરૂપાયે, **'આ જગનું સુખ અલ્પ અતિ દુઃખ આખરે." ક૦ દ૦ ડા૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આખુનજી**, પુ૦ (ફા૦ **आखून** કે **आखूंद** آخوند آخون=મહેતાજી ) ગુરૂ, શિક્ષક, ખાસ કરીને અરબી શીખવનાર. **‘આખુનજી લકડી તોડશો, તો કહે, વોતો કાફરકા કામ, અને આખુનજી ખીચડી ખાશો, તો કહે કે બિસ્મિલ્લાહ. કામ કરવું નહિ, ને ખાવાને તૈયાર.**

**આખેર**, સ્ત્રી૦ ( અ૦ **आखेर** آخر=છેલ્લું ) છેવટે, અંતે.

**આખેરશ**, સ્ત્રી૦ ( ફા૦ **आखिरश** آخرش= છેવટે ) અંતે **‘આખેરશ હાલ સુનો છું, ન કોઇ છે કને મુશ્ફિક.’** ગુ૦ ગજ૦

**આગા**, પુ૦ ( ફા૦ **आगा** آغا = શેઠ, ) સાહેબ, માલિક.

**આગાખાન**, પુ૦ ( ફા૦ **आगाखान** آغاخان= મુસલમાની સંપ્રદાય—શીઆ—ના આચાર્ય ) કચ્છ, કાઠિઆવાડ ને મુંબાઈના ખોજાને નામે ઓળખાતા મુસલમાનોના ધર્મગુરૂ.

**આગાજ**, ન૦ ( ફા૦ **आगाज़** آغاز= આરંભ ) શરૂઆત. **‘અજબ છે પ્રેમની રીતો, તથા આગાજ કે અંજામ.’** ગુજ૦ ગજ.

**આગાહી**, સ્ત્રી૦ ( ફા૦ **आगाही** آگهی= જાણ ) ભવિષ્યવાણી, ધારણા, તર્ક, અનુમાન. ‘ વૃક્ષોનાં પર્ણોના અવાજથી ભયાનક રાત્રિની આગાહી થઇ.’ અમરસિંહ.

**આજમ**, વિ૦ ( અ૦ **अअ्ज़म** اعظم=ઘણો મોટો, અજમ=મોટો—ઉપરથી શ્રેષ્ઠતા વાચક રૂપ. ) સરકારી કામસર કે મોટા માણસના નામની આગળ માનને ખાતર આ શબ્દ લગાડાય છે. **‘ આજમ તાલુકા સ્કૂલ માસ્તર. ’**

**આજાદ**, વિ૦ ( ફા૦ **आज़ाद** آزاد=સ્વતંત્ર ) છુટું, મોકળું, બંધન રહિત. **‘આપ સુબેદાર છતાં આજાદ સુલ્તાન સમાન છો ’** બા૦ બા૦

**આજાર**, પુ૦ ( ફા૦ **आज़ार** آزار=રોગ ) દુ:ખ, મંદવાડ, રોગ, વિકાર, દરદ, ઉપદ્રવ, મરજ. **‘ હમણા બળીઆનો આજાર ચાલે છે ’**

**આજારી**, વિ૦ ( ફા૦ **आजारी** آزاری= રોગી ) દુ:ખી, માંદો, બીમાર, દરદી.

**આજીજ**, વિ૦ ( અ૦ **आजीज़** عاجز = નિરૂપાય, **इज्ज़** ઉપરથી ) લાચાર.

**આજીજી**, સ્ત્રી૦ ( અ૦ **आजीजी** عاجزی = લાચારી, ) કાલાવાલા, પ્રાર્થના, વિનતિ, કાકલુદી, **‘ સાહેબ પાસે તમે સાંચરી, કહો ઘણી આજીજી કરી.’** ક૦દ૦ડા૦

**આઝા**; સ્ત્રી૦ ( અ૦ **ईजा** ایزا= દુ:ખ ) સંકટ.

**આડખરચ**, ન૦ ( ફા૦ **खर्च** خرچ ) નિત્યના ચાલુ ખર્ચ ઉપરાંત વધારાનું ખર્ચ આવી પડે તે.

**આડત**, સ્ત્રી૦ ( અ૦ **आरिय्यत** કે **आरियत** عاریت ) ધણી ન હોય, ત્યાં ધણી વતીનું જે કામકાજ ચાલે તે.

**આડતીઓ**, પુ૦ ( અ૦ عاریت આરિયત ઉપરથી ) માગીને લેનાર, વેપારીની વતી કામ કરનાર, પ્રતિનિધિ, મુનીમ.

**આડપડદો**, પુ૦ ( ફા૦ **पर्दह** پرده= પડદો ) બેની વચમાં આડું લુગડું રાખવું તે, પટંતર, વિનય, લાજ, શરમ, મર્યાદા.

**આડરસ્તો**, પુ૦ ( ફા૦ **रास्तह** راسته= રસ્તો ) રાજમાર્ગ નહિ, પણ ગલીકુંચીમાંથી જવાનો રસ્તો.

**આડીઉં**, ન૦ ( ફા૦ **अर्रह** اره= કરવત ) લાકડાં લહેરવાનું હથિઆર.

**આણીતરફ**, અ૦ ( અ૦ **तरफ** طرف ) આ બાજુએ.

**આતસ**, પુ૦ ( ફા૦ **आतश** કે **आतिश** آتش= દેવતા ) અગ્નિ, આગ, અગન, બળતરા, ક્રોધ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આતસપરસ્ત,** વિ૦ (ફા૦ **आतश्परस्त** آتش پرست=આતશ=આગ, પરસ્તીદન =પૂજવું ઉપરથી પરસ્ત=પૂજક. અગ્નિપૂજક) પારસી. 'આતશ પરસ્ત કહેવાતા પારસી મંડલના આ વિદ્વાન ગૃહસ્થે આ નાનો લેખ લખેલો છે.' સુદર્શન ગદ્યા. પૃ.૯૮૧

**આતસબહેરામ. आतश्बहाम** آتش بہرام) પારસીઓના પવિત્ર અગ્નિનું ઘર, અગીઆરી.

**આતસબાજી,** સ્રી૦ ( ફા૦ **आतश्बाज़ी,** آتش بازی= બાખ્તન= રમવું ઉપરથી બાજી =રમત. આગની રમત ) દારૂખાનું **'રાજસમાજની આગળ, આજની રાત સમે બની આતસબાજી '** ક૦ દ૦ ડા૦

**આતસી,** વિ૦ (ફા૦ **आतशी** آتشی= આતસવાળું ) બાળે તેવું, ગરમ સ્વભાવનું

**આદત,** સ્રી૦ ( અ૦ **आदत** عادت= ટેવ, અવદ=ટેવ પડી ઉપરથી ) અભ્યાસ, મહાવરો, ખાસીઅત, પ્રકૃતિ, વારંવાર એકજ કામ કરવાથી પડેલી ટેવ.

**આદમ,** પુ૦ (અ૦ **आदम** آدم= મૂળ પુરૂષ.) આ શબ્દ 'અદીમુલઅર્જ' ને 'ઉદમત' એ બે શબ્દો પરથી થયો છે. પહેલાનો અર્થ 'માટીથી બનેલો' ને બીજાનો અર્થ 'ઘઉંવર્ણો' થાય છે. હજરત આદમ (અ-સ) માટીથી બનેલા હતા, વળી તેમનો રંગ ઘઉં જેવો હતો માટે આ શબ્દો ઉપરથી આદમ શબ્દ વ્યુત્પન્ન થયો છે. મુસલમાન, યહુદી, ખ્રિસ્તિ વગેરેનાં ધર્મપુસ્તકોમાં જણાવ્યા પ્રમાણે આ દુન્યામાં જે સૌથી પહેલા પુરૂષ ઉત્પન્ન થયા, તે. આદિ પુરૂષ માણસજાત.

**આદમખોર,** વિ૦ ( અ૦ **आदम्+खोर** (ફા.) **आदम्खोर** آدم خور=મનુષ્યનો આહાર કરનાર ) માણસને ખાઇ જનાર. **'વાઘ જ્યાં સુધી આદમખોર થતું નથી.'** નં૦ ચરિ.

**આદમજાત,** સ્રી૦ (અ૦ **आदम्जात के आदम्जाद**=آدم زاد آدم ذات માણસ જાત ) મનુષ્ય, માનવ.

**આદમિયત,** સ્રી૦ ( અ૦ **आदमियत** آدمیت=માણસાઇ ) મનુષ્યત્વ, ઇન્સાનીયત, માણસપણું, સુજનતા.

**આદમી,** પુ૦ ( અ૦ **आदमी** آدمی= માણસ ). **'અરે કોણ આદમી એવોયે, જરૂશે જમશેદજી જેવોરે.'** ક૦ દ૦ ડા.

**આદાબ,** પુ૦ ( અ૦ **आदाब** آداب **अदब**=વિવેકનું બહુવચન,) સભ્યતા, સૌજન્ય મુસલમાની કાગળપત્રમાં એ શબ્દ વપરાય છે. **'આદાબ બંદગી વાંચજો.'**

**આપઅખત્યાર,** વિ૦ ( અ૦ **इख्तियार** اختیار= સત્તા ) પોતાની મરજી પ્રમાણે ચાલનાર, સ્વચ્છંદી.

**આપઅખત્યારી,** સ્રી૦ ( અ૦ **इख्तियारी** اختیاری= ઇરાદા પૂર્વક કામ કરવું ) આપ અખત્યાર પણું, પોતાનો અખત્યાર હોય તે.

**આપખુદી,** સ્રી૦ ( ફા૦ **खुदी** خودی= પોતાપણું, ખુદ=પોતે ઉપરથી ) સ્વેચ્છાચાર, સ્વતંત્રતા.

**આપખુશી,** સ્રી૦ ( ફા૦ **खुशी** خوشی) પોતાની ઇચ્છાથી.

**આપમતલબી,** વિ૦ ( અ૦ **मत्लबी** مطلبی= સ્વાર્થી ) પોતાનો ફાયદો જોનાર.

**આપમુખત્યાર,** વિ૦ ( અ૦ **मुख्तार** مختار= સત્તાવાળો ) પોતાની મરજી પ્રમાણે કરવાને સત્તાવાળો.

**આપમુખત્યારી,** સ્રી૦ ( અ૦ **मुख्तारी** مختاری= સત્તાપણું ) સ્વાધિકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આફત**, સ્રી૦ ( **અ૦ आफत** آفت= કષ્ટ) આપત્તિ, વિપત્તિ, '**અસતે જન આ-ફતમાં પડશે.**' ( ગુ૦ વા૦ મા૦ )

**આફતાબ**, પુ૦ ( ફા૦ **आफ़ताब** آفتاب= સૂર્ય. (૧) આફ=સૂર્ય+તાબ=પ્રકાશિત, તાફતન=પ્રકાશવું ઉપરથી, પ્રકાશિત સૂર્ય, (૨) આબ=પાણી+તાબ=પ્રકાશનાર. પાણી ઉપર પ્રકાશનાર. પૃથ્વી કરતાં પાણી ત્રણ ગણું છે માટે, અને પાણીની વરાળ કર-વાનું એનું કામ છે માટે, એનો પાણી સાથે સંબંધ હોવાથી એ નામ પડયું હોય; અથવા (૩) આફતિ આબ=પાણીને દુઃખ દેનાર, કેમકે પાણીની વરાળ કરીને તેને ઘટાડી દે છે. )

**આફતાબગીરી**, સ્રી૦ ( ફા૦ **आफताबगीर** آفتاب گیر=છત્રી ) સૂર્યના તડકાથી બ-ચાવનાર, છત્ર. અબદાગીરી શબ્દ જુઓ.

**આફરીન**, સ્રી૦ ( ફા૦ **आफ्रीन** آفرین= શાબાશ ) શાબાશી, ધન્ય, કુરબાન જવું. આફ્રીદન=પેદા કરવું ઉપરથી.

**ચમનમાં આવીને ઉભો, ગુલોપર આફરીં થઈ તું; ગુલોના ખારથી બચતાં બહુજ ગુલને નવાઈ છે.**' સુદ. ગ૦ પૃ૦ ૯૯૧

**અફલાતુન**, વિ૦ અફલાતુન افلاطون=શબ્દ જુઓ.

**આબ**, ન૦ ( ફા૦ **आब** آب=પાણી ) પાણી, આબરૂ, ઇજ્જત, દોલત, મોંની ખૂબી, શોભા, પ્રકાશ, હિંમત, સૌંદર્ય, તેજ, કાંતિ, ચળકાટ. '**દીધો મરણે જવાબ, ફરીને લઉં તારૂં આબ.**'

**આબકારી**, વિ૦ ( ફા૦ **आब्कारी** آبکاری આબ=પાણી+કારી. કાર=કામ. દારૂ ગાળ-વાનું કામ, આબકાર=પાણી પાનાર, દારૂ ગાળનાર ઉપરથી ) દારૂ વગેરે કેફી વસ્તુઓ ઉપર સરકાર તરફથી લેવાતો કર.

**આબખોરી**, સ્રી૦ ( ફા૦ **आब्खुरह** آبخوره આબ=પાણી + ખુર્દન=ખાવું ઉપરથી ખોર=ખાનાર, પીનાર. પાણી પીવાનું નાનું પાત્ર ) લોટો, લોટી.

**આબખોરો**, પુ૦ ( ફા૦ **आब्खुरह** آبخوره= પાણી પીવાનું પાત્ર ) લોટો.

**આબજોશ**, ન૦ ( ફા૦ **आब्जोश** آبجوش= આંધણ. આબ=પાણી, +જોશીદન=ઉકાળવું ઉપરથી જોશ=ઉકા-ળેલું ) ઉકાળેલું પાણી.

**આબદસ્ત**; ન૦ ( **आब्दस्त** آبدست આબ=પાણી+દસ્ત=હાથ=હાથપાણી ) વજૂ

**આફતાબગીરી**; સ્રી૦ (ફા૦ **आफताब्गीरी** آفتابگیری ) અબદાગીરી શબ્દ જુઓ.

**આબદાર**, વિ૦ ( ફા૦ **आब्दार** آبدار =પાણીવાળું ) તેજ, મૂલ્યવાન.

**આબદારખાનું**, ન૦ ( ફા૦ **आब्दाखानिह** آبدارخانه=પાણીઆરૂં ) પાણી મૂકવાની જગા, લાકડાનું બનાવેલું પાણીઆરૂં.

**આબનુસ**, ન૦ ( ફા૦ **आब्नूस** آبنوس= એક જાતનું લાકડું ) એક જાતનું ઉત્તમ લાકડું, સીસમ.

**આબરૂ**, સ્રી૦ ( ફા૦ **आब्रू** آبرو આબ= પાણી+રૂ=મોં. મોંનો પ્રકાશ ) ખ્યાતિ, લોકોમાં સારાપણા માટે પડેલી છાપ, પ્રતિષ્ઠા, માન, '**જુઓ અમલની આબરૂ એવી હતી આ વાર.**' ક૦ દ૦ ડા૦

**આબરૂદાર**, વિ૦ ( ફા૦ **आब्रूदार** آبرودار =પ્રતિષ્ઠિત ) નામાંકિત, સાહુકારીવાળું.

**આબરૂપત્ર**, ન૦ ( ફા૦ **आब्रू** آبرو ) માન-પત્ર, પતિષ્ઠાપત્ર, પત્ર એ સંસ્કૃત શબ્દ છે.

**આબાદ**, વિ૦ ( ફા૦ **आबाद** آباد=વસ્તી વાળું ) ભરેલું, વસેલું. '**રૈયત રહે આ-બાદ, તેમવરસાદ ખુબ વરસાવજે.**' ક૦ દ૦ ડા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આબાદાની**, સ્ત્રી૦ ( ફા૦ **आबादानी** آبادانی=આબાદપણું ) ચડતી દશા, ઉત્કર્ષતા, વસ્તી.

**આબાદી**, સ્ત્રી૦ [ ફા૦ **आबादानी** કે آبادی **आबादी**=વસ્તી ] વસ્તી.

**આબાન**, પુ૦ ( ફા૦ **आबान** آبان=સૌર્ય વર્ષનો ૮ મો મહીનો ) એ વખતે સૂર્ય વૃશ્ચિક રાશિમાં હોય છે, પારસીઓનો આઠમો મહીનો.

**આબેદ**, વિ૦ [ અ૦ **आबिद** عابد **अबद** =સેવા સ્તુતિ કરનાર,) પ્રાર્થના કરનાર.

**આબેહયાત**, ન૦ [ **आबिहयात** آبحیات આબ, ફા૦=પાણી, હયાત, અ૦ જિંદગી જે પાણી પીવાથી સદા જીવતા રહેવાય તે પાણી ] અમૃત.

**આબેહુબ**, વિ૦ ( અ૦ **हूबहू** ہوبہو= તેવીજ રીતે. હૂ=પેલો બ=સાથે, હૂબહૂ= જેવી રીતે હતો તેવીજ રીતે છે ) અસલ હોય તેવું. ‘**જાણે તેજ આબેહુબ ચિતાર.**’ **નર્મદ.**

**આબોહવા**, સ્ત્રી૦ ( **आबोहवा** آبوہوا= હવાપાણી. **आब** ફા૦ પાણી, હવા, અ૦ હવા, વચ્ચે ઉભયાન્વયી અવ્યય આવ્યાથી સંધિ થઇ આબો હવા ) પાણી ને હવા, દેશપ્રકૃતિ.

**આમ**, વિ૦ ( અ૦ **आम** عام=સાધારણ ) વિસ્તીર્ણ, પ્રખ્યાત, સાર્વજનિક, સાધારણ, ખાસ નહિ તે.

**આમદ**, સ્ત્રી૦ ( ફા૦ **आमद** آمد=આવક. આમદન=આવવું ઉપરથી ) ઉપજ, પેદાશ કમાઇ.

**આમદની**, સ્ત્રી૦ ( ફા૦ **आमदनी** آمدنی =આવક. આમદન=આવવું ઉપરથી ) ઉપજ પેદાશ, કમાઇ. **સુરત શહેરની આમદની ઉપર ગાયકવાડ સરકારનો પણ હક હતો.**’ **નં૦ ચરિ૦**

**આમદાની**, સ્ત્રી૦ ( ફા૦ **आमदनी** آمدنی =આવક. આમદન=આવવું ઉપરથી ) પેદાશ, કમાઈ. ‘**અમારા આમદાનીમાં, હતો હિસ્સો સનમનો કે.**’ **કલાપી.**

**આમસરા**, સ્ત્રી૦ (**सिराईआम** سرائےعام સિરા=મકાન, ઘર, ઉતારો, એ ફારસી શબ્દ છે ને આમ એ અરબી છે. સામાન્ય=સાર્વજનિક ઉતારો) ધર્મશાળા. પોળના રહેવાસીઓને ફરવા હરવા, અને વાપરવા તેમજ જવા આવવા માટે રસ્તા તરીકે છુટી રાખેલી મોહોલ્લાઓમાંની જે જમીન તે.

**આમળું**, ન૦ ( ફા૦ **आम्लह** آملہ) આંબળું એક ફળ છે જે રેચક છે. આંબળાનો મુરબ્બો.

**આમીન**, અ૦ ( હિબ્રુ **आमीन** آمین= તથાસ્તુ ) હે ઇશ્વર આ દુઆ કબુલ કર. ગ્રંથને અંતે પ્રાર્થનાનાં વાક્યો લખી તે પછી લખાતો શબ્દ. ‘**રહેવું તો જ્યાં માશુક તને આમીન એ બરકત.**’ **કલાપી.**

**આમીલ**, પુ૦ ( અ૦ **आमिल** عامل=અમલ કરનાર, અમલ ઉપરથી. ) અધિકારી, ગવર્નર.

**આમેજ**, વિ૦ ( ફા૦ **आमेज** آمیز=મેળવેલું. આમેખ્તન અથવા આમેજીદન=મેળવવું ઉપરથી મેળવેલું. ) ‘**એેરાંને મરદની મીજલસમાં આમેજ કરવાં; નર્મદ.**

**આયનો**, પુ૦ ( ફા૦ **आईनह** آئینہ= દર્પણ. આઇન=શોભા તે ઉપરથી શોભાની વસ્તુ અથવા (૨) આહીન=લોઢું (ગીલાની ભાષામાં ) ઉપરથી. કેમકે દર્પણ બનાવવામાં લોઢું વપરાય છે માટે ) આરસો, તખ્તો. એવો જે માશૂક આયનામાં– દિલરૂપી આયનામાંથી જણાયો, તે તો હે મણિ જે આપું પોતે તેને શોધે છે તેનો તેજ છે. આત્મનિમજ્જન પૃ. ૧૭૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આયંદે,** અ૦ ( ફા૦ **आयंदह** آيندہ= આવનાર,ભવિષ્ય,આમદન=આવવું ઉપરથી આવનાર) હવે પછી, આજ પછી.

**આર,** પુ૦ ( ફા૦ **आहार** અથવા **अहार** آهار اهار=લાહી ) ખેળ, કાંજી, ધોબી લુગડાંને આર દે છે. '**આ લુગડામાં આર વધારે છે.**

**આરજુ,** સ્ત્રી૦ ( ફા૦ **आर्जू** آرزو=ઈચ્છા ) આશા મરજી, ઉમેદ, અધિરાઇ, આતુરતા '**બેવફાઇનો બદલો લેવાની આરજુ વધી ગઇ હતી.' બા૦ બા૦**

**આરજુમંદ,** વિ૦ ( ફા૦ **आर्जूमंद** آرزومند=ઇચ્છાવાળો ) આશાવાળો, ઉમેદવાર.

**આરજો,** પુ૦ ( અ૦ **आरिज़ह** عارضہ = બીમારી, રોગ, અરજ ઉપરથી ) વ્યાધિ.

**આરબ,** પુ૦ ( અ૦ **अरब** عرب =અરબસ્તાનનો વતની ) '**સાસુજી આવ્યાં ત્યારની આરબની ચોકી બેઠી છે, એટલે ક્યાંહી ઉમરા બહાર પગ મુકાતો નથી.**

**આરબી,** વિ૦ ( અ૦ **अरबी** عربی =અરબસ્તાનનું ) અરબસ્તાનને લગતું. અરબી ભાષા, અરબી ઘોડા. સુરત જિલ્લાના કેટલાક તાલુકામાં બટાટાને આરબી કહે છે.

**આરબ્બી,** વિ૦ ( અ૦ **अरबी** عربی ) અરબી શબ્દ જુઓ.

**આરમીનીઅન,** વિ૦ ( ફા૦ **अर्मन** ઉપરથી **अर्मनी** ) ارمن=એ તુર્કસ્તાનનો ભાગ છે. ) ગિલે અરમની નામની માટી આવે છે, જે ઓસડના કામમાં આવે છે.

**આરવા,** પુ૦ ( અ૦ **अर्वाह** ارواح=આત્માઓ, **रूह** = આત્માનું બહુવચન ) અંતઃકરણ, મન.

**આરામ,** પુ૦ (ફા૦ **आराम** آرام=વિશ્રાંતિ ) સુખ, આસાએશ, થાક ખાવો, ફુરસત.

**આરામખુરશી,** સ્ત્રી૦ (ફા૦ **आराम्+कुर्सी** અરબી મળીને **आराम्कुर्सी** آرام‌کرسی= આરામથી બેસી શકાય એવી ખુરસી ) સુઇ કે વિશ્રાંતિ લઇ શકાય એવી ખુરસી.

**આરામગાહ,** સ્ત્રી૦ ( ફા૦ **आराम्गाह** آرامگاه=આરામનું સ્થળ ) વિશ્રાંતિસ્થાન, હમેશાંને માટે આરામ લેવા જવું તે, સ્વર્ગે જવું તે '**આરામગાહે સુતેલા શૂરવીરો માટે અયોગ્ય વચન ન બોલ.'** બા૦ બા૦

**આરાસ્તગી,** સ્ત્રી૦ ( ફા૦ **आरास्तगी** آراستگی=શોભા. આરાસ્તન=શણગારવું ઉપરથી. ) શણગાર, તજવીજ, વ્યવસ્થા, સારી વ્યવસ્થા.

**આરાસ્તે,** વિ૦ ( ફા૦ **आरास्तह** آراستہ= શણગારેલું ) ગોઠવેલું, સુવ્યવસ્થિત.

**આરી,** સ્ત્રી૦ (ફા૦ **अर्रह** ارہ=વહેરવાનું હથીઆર) આડીઉં.

**આલમ,** સ્ત્રી૦ ( અ૦ **आलम** عالم =જગત ) દુનીઆ, લોક, માણસ જાત. '**જેમનું દસ્તરખાન તે સારી આલમ.' ન૦ અ૦**

**આલમગીર,** પુ૦ ( અ૦ **आलम्+गीर** ફા૦ ગિરિફતન=પકડવું ઉપરથી જીતનાર તે મળીને **आलम्गीर** عالمگیر ) ઔરંગજેબે ગાદીએ બેઠા પછી પોતાનું રાખેલું નામ.

**આલમદુનીઆ,** સ્ત્રી૦ ( અ૦ **आलम्दुन्या** عالم د نیا=બધું જગત ) વિશ્વ, પૃથ્વી.

**આલમનુર,** વિ૦ ( અ૦ **आलमिनूर,** عالم نور =આલમ=સ્થિતિ, નુર=પ્રકાશ. પ્રકાશિત સ્થિતિ ) પ્રકાશમય, અતિશય પ્રકાશ.

**આલમપનાહ,** વિ૦ ( અ૦ **आलम्पनाह** عالم پناه =આલમ=જગત+**पनाह** ફા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્ષણ કરનાર ) પાદશાહ. '**ન આલમ પનાહે પરાંવાળાનું રક્ષણ કર્યું. ન૦ ચ૦**

**આલામત,** સ્ત્રી૦ ( અ૦ **अलामत** علامت = ચિહ્ન ) નિશાની, ઓળખાણ.

**આલીજાહ,**વિ૦ (અ૦ **आलीजाह** عالی جاہ પ્રતિષ્ઠિત) મોટા દરજાવાળો, મોટી પદવીનો.

**આલીમ,** વિ૦ ( અ૦ **आलिम** عالم = જ્ઞાતા, ઇલ્મ=વિદ્યા ઉપરથી વિદ્વાન ) પંડિત, જાણનાર.

**આલુ,** ન૦ ( ફા૦ **आलू** કે **आलूचह** ) آلو-آلوچه એક મેવો છે.

**આલુબુખારા,** ન૦ ( ફા૦ **आलूचहि बुखारह** آلوچهٔ بخاره=બુખારામાં થનાર આલુ ) એક જાતનાં સુકાં ફળો.

**આલે,** વિ૦ ( અ૦ **अअ्ला** કે **आली** اعلی عالی=શ્રેષ્ઠ ) ઉત્તમ. '**એ મને તારાથી આલે છે.**

**આલેશાન,**વિ૦ (અ૦ **आलिशान** عالی شان પ્રતિષ્ઠિત ) ઉત્તમ, પ્રતિષ્ઠાવાળો. '**આલીશાન સરદાર, ને પંજાબના જીવિકાર સુબેદાર સાહેબ.** બા૦ બા૦

**આવદાની** સ્ત્રી૦ (ફા૦ **आमदनी** آمدنی= આવક. આમદન=આવવું ઉપરથી ) કમાઇ, ઉપજ, પેદાશ.

**આવરદો.** પુ૦ (ફા૦ **आवर्दह** آورده=લાવેલો. આવર્દન= લાવવું ઉપરથી ) આશ્રિત. '**હું હોપ સાહેબનો આવરદો છું. ન૦ ચ૦**

**આવરો,** પુ૦ ( ફા૦ **आवारह** آواره= હિસાબ ) રોજમેળ ઉપરથી કાઢેલી ખાતાવાર આવક જાવકની નોંધો, નોંધને લગતો ચોપડો.

**આશક,** પુ૦ ( અ૦ **आशिक** عاشق =ચાહનાર ) પ્રેમ કરનાર, પ્રેમી, અનુરાગી.

**આશક માશુક,** ન૦ ( અ૦ **आशिअ मअ्शूक** عاشق معشوق =આશિક=ચાહનાર, માશૂક=જેને ચાહે તે ) અનુરાગી સ્ત્રી-પુરૂષ. '**આશક માશુકની કદી, ધ્યાન વાંચવા વાત.** ' ક૦ દ૦ ડા૦

**આશકાર;** વિ૦ ( ફા૦ **आश्कार** آشکار= જાહેર ) પ્રકટ, ખુલ્લું, સ્પષ્ટ.

**આશકારા,** વિ૦ (ફા૦ **आश्कारह** آشکاره= જાહેર ) પ્રકટ, ખુલ્લું, સ્પષ્ટ. '**દફતર આશકારા, પ્રેસ.** '

**આશકી,** સ્ત્રી૦ (અ૦ **आशिकी** عاشقی = પ્રેમ) પ્રીતિ, અનુરાગ, આસક્તતા.

**આશના,** સ્ત્રી૦ (ફા. **आश्ना** آشنا=તરનારો, મિત્ર ) ભાઈબંધ. '**એ મસ્તીનો જે હાલ ચડેલો છે, તેમાં કોઈ આશના મિત્ર, સ્નેહી આદિ નથી.**' **આત્મ નિમજ્જન પૃષ્ઠ ૧૭૯**

**આશનાઇ,** સ્ત્રી૦ (ફા૦ **आश्नाई** آشنائی= મિત્રતા ) ભાઇબંધી. **દેવતા સાથે આશનાઇ કેવી ?**

**આશુરા,** પુ૦ ( અ૦ **आशूरा** عاشورا = મુસલમાની ૧૦ મી તારીખ, ખાસ કરીને મોહોર્રમ મહીનાની ૧૦ મી તારીખ, જે દિવસે તાબુત ઠંડા થાય છે. અશર= ૧૦ ઉપરથી ) તાબુત બુડાડવાનો દિવસ.

**આસ્તીન,** સ્ત્રી૦ (ફા૦ **आस्तीन** آستین= બાંય ) બાંહે. '**આલમખાન આસ્તીનનો સાપ છે, એ ભેદ આપના જાણવામાં આવશે ?** બા૦ બા૦

**આસતે,** અ૦ ( ફા૦ **आहिस्तह** آهسته= ધીમે ) હળવે. '**જરા આસ્તેથી, અમરસિંહે ગંભીર અવાજે કહ્યું.** ' **અમરસિંહ.**

**આસનકેદ,** સ્ત્રી૦ ( **आसान**=સહેલી, ફા૦ **क़यद** અરબી. **आसान्क़यद** آسان قید =સહેલી સજા) જે કેદમાં મજુરી કરવાની ન હોય, પણ બેસી રહેવાનું હોય તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આસમાન,** ન૦ (ફા૦ **आसमान** آسمان= આકાશ ) આસમાન શબ્દ જુઓ.

**આસમાની,** વિ૦ (ફા૦ **आस्मानी** آسمانی= વાદળી), આસમાન સાથે સંબંધ રાખનાર આકાશી.

**આસાએશ,** સ્ત્રી૦ (ફા૦ **आसाइश** آسایش= આરામ. આસૂદન, આસાઇદન=આરામ પામવું ઉપરથી) આરામ,ચેન,સુખ,વિશ્રાંતિ.

**આસાન,** વિ૦ ( ફા૦ **आसान** آسان=સહેલું) હલકું, નરમ, સુગમ.

**આસાન,** ન૦ ( અ૦ **अहसान** احسان= ઉપકાર ) આભાર, પાડ, પરોપકાર.

**આસાનકેદ,** આસનકેદ શબ્દ જુઓ.

**આસાની,** સ્ત્રી૦ ( ફા૦ **आसानी** آسانی =સહેલાઇ ) સરળતા, સુગમતા.

**આસામી,** પુ૦ ( અ૦ ) અસામી શબ્દ જુઓ.

**આસામીવાર,** અ૦ (અ૦) વાર ગુજરાતી પ્રત્યય છે. દર માણસને લગતું, વ્યક્તિગત.

**આસાર,** સ્ત્રી૦ (અ૦ **आसार** آثار=અસરનું બહુવચન, નિશાનીઓ ) ઇજતે **આસાર.'**

**આસુદા,** વિ૦ ( ફા૦ **आसूदह** آسوده=સુખી આસૂદન=આરામ પામવું ઉપરથી ) સુખી ગૃહસ્થ.

**આસેબ,** ન૦ ( ફા૦ **आसेब** آسیب=દુઃખ ) ભૂતપ્રેત, ઝોડ ઝપટ. **'આને કાંઇ આસેબ** છે.'=વળગણ છે.

**આહ,** સ્ત્રી૦ ( ફા૦ **आह** آه=હાય ) અફસોસ, નિસાસો. **'જિગરમાં આહ દીધી તે, ગુનેહગારી અમારી એ.'** કલાપી.

**ઇકબાલ,** ન૦ [ અ૦ **इक़बाल** اقبال= નસીબ. કબલ=તે આગળ આવ્યો ઉપરથી ] ભાગ્ય, સદ્ભાગ્ય, કિસ્મત. **'અફસોસ છે જુલમી તણા, ઇકબાલમાં કૈં રોશની.'** કલાપી.

## इ ઇ.

**ઇકરાર,** પુ૦ ( અ૦ **इकार** اقرار=હા પાડવી કર્રે=તેણે આરામ કર્યો ઉપરથી ) કબુલ કરવું, પ્રતિજ્ઞા ઉપર કબુલ કરેલો અથવા લખાવેલો મજકુર. **કર દિલથી ઇકરાર એ હરગિઝ, તારતણી નથી જુદાઈ મન મન.'** આત્મ૦ પૃ૦ ૨૦

**ઇકરારનામું,** ન૦ [ **इकारनामह** اقرارنامه= કરારનામું. ઇકાર અરબીને નામહ ફારસી છે. ] કબુલતનામું.

**ઇખ્તિલાત,** પુ૦ ( અ૦ **इख्तिलात** اختلاط =પ્રીતિ. ખલત=મેળવ્યું ઉપરથી ) મિત્રતા સંબંધ, બે જણની વચ્ચે સારો સંબંધ હોય તે.

**ઇખ્તિલાફ,** પુ૦ [ અ૦ **इख्तिलाफ** اختلاف =વિરૂદ્ધતા. ખલફ=તે પાછળથી આવ્યો ઉપરથી ] ફરક, તફાવત, વિરોધ, જુદાઇ દ્વેષ, ઇર્ષ્યા.

**ઇખ્તેઆર,** પુ૦ (અ૦ **इख्तियार** اختیار= અધિકાર. ખયર=જે પસંદ કર્યું તે ઉપરથી ) સત્તા.

**ઇખલાક,** પુ૦ ( અ૦ **अख्लाक** اخلاق= સભ્યતા, વિનય. ખુલ્ક=નમ્રતાનું બહુવચન ) વિવેક, સભ્યતા, તરીકો, આદાબ.

**ઇખલાસ,** પુ૦ ( અ૦ **इख्लास** اخلاص= મિત્રતા. ખલસ=તે ચોકખું હતું ઉપરથી ) પ્યાર, અતિશય મેળાપ, ઘણી દોસ્તી.

**ઇખ્તિયાર,** પુ૦ ( અ૦ **इख्तियार** اختیار અધિકાર. ખયર=જે પસંદ કર્યું ઉપરથી ) સત્તા, હક્ક.

**ઇખ્તેસાર,** પુ૦ [ અ૦ **इख्तिसार** اختصار =સંક્ષિપ્ત, ખસર=એકદમ ટાઢું થયું ઉપરથી ] ટુંકાણ, સારાંશ, મતલબ ટુંકોસાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઇખ્લાસ**, પુ૦ (અ૦ **इख्लास** إخلاص= પ્રીતિ. ખલસ=ચોકખું હતું ઉપરથી) મિત્રતા, પ્યાર.

**ઇજત**, સ્રી૦ (અ૦ **इज्जत** عزت =આબરૂ. ઇજ્જ ઉપરથી) આબરૂ, માન, પ્રતિષ્ઠા, ખ્યાતિ, નામના.

**ઇજતઆસાર**, વિ૦ (અ૦ **इज्जतूआसार** عزت آثار= ઇજ્જત= આબરૂ, + આસાર નિશાનીઓ. ઇજ્જત જેની નિશાની છે એવો માણસ) આ શબ્દ સરકારી કાગળમાં લખાય છે, '**ઇજતે આસાર લોકલબોર્ડ નિશાળના મહેતાજી.**

**ઇજતદાર**, વિ૦ (અ૦ **इज्जत+दार** ફા૦ પ્રત્યય. **इज्जत्दार** عزتدار= ઇજ્જત-વાળો) નામીચું.

**ઇજન**, ન૦ (અ૦ **इज्न** اذن= આમંત્રણ,) નોતરૂં, રજા મેળવવી, જમવા આવવાનું નોતરૂં, '**ઇજન કોણે કર્યું, કોણે લખ્યો દાવો તબીબીનો ? ગુ૦ ગજ.**

**ઇજન કરવું**, સ૦ ક્રિ૦ આમંત્રણ આપવું, માનભેર બોલાવવું, તેડાવવું.

**ઇજલાસ**, સ્રી૦ (અ૦ **इज्लास्** اجلاس= બેઠક. જલસ=બેઠો ઉપરથી) બેઠકા થવું. '**દર ઇજલાસે કૌંસીલ.**'

**ઇજલાસનિશાન**, વિ૦ (અ૦ **इज्लास+नि·शान** ફા૦ **इज्लास्निशान** اجلاس نشان =સભાસદ) સામંતને, નવાબોને પત્ર લખતાં માનાર્થે ઇજલાસનિશાન શબ્દ લખાય છે.

**ઇજા**, સ્રી૦ (અ૦ **ईजा** ایذا= દુ:ખ દેવું,) હરકત, હાનિ, શારીરિકપીડા, જુલમ, હેરાન કરવા. '**તેને કંઇ ઇજા થઇ નહિ ! અમરસિંહ.**

**ઇજાફત**, સ્રી૦ (અ૦ **इज़ाफत** اضافت= વધારો, જાફ=તેણે ઉમેર્યું ઉપરથી) ઉમેરો, સમાસ, છઠ્ઠી વિભક્તિ

**ઇજાર**, સ્રી૦ (અ૦ **इज़ार** ازار=સુરવાલ) પાયજામો, ચોરણો. લેંઘો.

**ઇજારદાર**, પુ૦ (અ૦ અજર=નુકસાન દીધું ઉપરથી ઇજારહ+દાર ફારસી પ્રત્યય. **इज़ारह्दार** اجارهدار=કંટ્રાકટર) ઇજારાનો ધંધો કરનાર, પટે રાખનાર, સનંદી. '**આગે ઇસ્ટ ઇંડિયા, ઇજારદાર થઇ ગયા.' ક૦ દ૦ ડા૦**

**ઇજારદારી**, સ્રી૦ (**इजारह्+दार+ई** اجارهداری=કંટ્રાકટ) ઇજારદારનો ધંધો

**ઇજારબંધ**, પુ૦ (અ૦ **इजार्+बंद** ફા૦ **इज़ार्बंद** ازاربند= નાડું) ચોરણાનું નાડું.

**ઇજારવું**, અ૦ ક્રિ૦ (અ૦ **हिज्र** هجر= જુદાપણું ઉપરથી વિયોગથી થતો સંતાપ) બળાપો, દુ:ખ, કષ્ટ, દીલગીર થવું, સંતાપ કરવો.

**ઇજારે**, અ૦ [અ૦ **इज़ारह** اجاره ઉપરથી કંટ્રાકટથી] ઉધડ રીતે.

**ઇજારેદાર**, પુ૦ (અ૦ **इजारह्+दार** ફા૦ **इजारह्दार** اجارهدار) ઇજારદાર શબ્દ જુઓ.

**ઇજારે રાખવું**, સ. ક્રિ. (અ૦ **इजारह** ઉપરથી ગુજરાતી ક્રિયાપદ) અમુક શરતોએ અમુક અમુક વખતે આટ આટલી રકમ આપવી, એવો ઠરાવ કરીને કોઇ કામ, કે વસુલાત માથે લેવી તે. કંટ્રાકટ રાખવો, ઉધડ લેવું, એક હાથે કરી લેવું. સાર્વજનિક નહિ રહેવા દેવું. '**છાપવા છપાવવાનું તો તમેજ ઇજારે રાખ્યું હશે નહિ વારૂ ?**'

**ઇજારો**, પુ૦ (અ૦ **इज़ारह** اجاره અજર= નુકસાન ભરી દીધું ઉપરથી કંટ્રાકટ) કરાર કરી લેવું તે.

**ઇજ્જત**, સ્રી૦ (અ૦ **इज्जत** عزت) ઇજત શબ્દ જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઈજહાર,** પુ૦ (અ૦ **इज्हार** اظهار=ખોલવું, જાહેર કરવું ) પ્રગટ કરવું.

**ઇઝરાવવું,** સ૦ ક્રિ૦ ( અ૦ **हिज्र** هجر= વિયોગ ઉપરથી ગુજરાતી ક્રિયાપદ હિજરાવવું ને તે ઉપરથી ઇઝરાવવું ) મનમાં બળ્યા કરવું. ‘ માબાપથી છુટું પાડી શા માટે આ છોકરાને ઇઝરાવો છે. ‘ ઉંદરોના જવાથી લાટુદ ઘણા દિવસ સુધી હીજરાયો.’ ( જુ. વા. મા. પુ. ૫ )

**ઈઝરાવું,** સ૦ ક્રિ૦ ( અ૦ **हिज्र** هجر= વિયોગ ઉપરથી ગુજરાતી ક્રિયાપદ હિજરાવું ને તે ઉપરથી ઇઝરાવું ) જુદાઇના કારણથી દુ:ખી થવું.

**ઇતબાર,** પુ૦ ( અ૦ **इअ्तिबार** اعتبار વિશ્વાસ. અબર=વિશ્વાસ રાખ્યો ઉપરથી ) ભરોસો , પતીજ, શ્રદ્ધા, ખાતરી ) ‘બદમાસ કૈં એવી થશે ઇતબારમાં હું કાં રહ્યો ’ કલાપી.

**ઇતબારી,** વિ૦ ( અ૦ **इ तिबारी** اعتباري =વિશ્વાસુ ) ભરોસાદાર, ખાતરીનું, પ્રામાણિક, સાચું, ઇમાની.

**ઈતમામ,** પુ૦ ( અ૦ **इत्माम** اتمام=સંપૂર્ણ **તમ્મ** તે આખું હતું ઉપરથી ) પુરેપુરું, બધું.

**ઈતરાજ,** વિ૦ ( અ૦ **इअ्तिराज** اعتراض ઉપરથી ગુજરાતી ક્રિયાપદ=નાખુશ થવું ) ગુસ્સે થવું.

**ઇતરાજી,** સ્ત્રી૦ ( અ૦ **इअ्तिराजी** اعتراضي નાખુશી. અરજ=વચ્ચે પડયો ઉપરથી ) અવકૃપા, ગુસ્સો, કરડી નજર, ઈતરાજીની તેના ઉપર ઢોળી, બુરી ગરમી અરે. ’ કલાપી.

**ઇતલાખ,** વિ૦ ( અ૦ **इत्लाक** اطلاق= છોડવું ) બેકેદ કરવું, ચાલુ કરવું.

**ઇતિફાક,** પુ૦ ( અ૦ **इत्तिफाक** اتفاق=સંપ વફક=નસીબથી થયું ઉપરથી ) જોગ, કોઇ વસ્તુનું બનતું તે. બનાવ, સંજોગ.

**ઈતિમાદ,** પુ૦ ( અ૦ **इअ्तिमाद** اعتماد =ભરોસો. અમદ=થાંભલો ઉપરથી ) વિશ્વાસ ખાતરી.

**ઇનકાર,** પુ૦ ( અ૦ **इन्कार** انكار=નાપાડવી નકર=ના પાડી ઉપરથી ) ના મુકર જવું. ‘ બુદ્ધના ધર્મે વેદમાર્ગનો જ ઇનકાર કર્યો હતો, તેને અંહિંસાનો આગ્રહ ન હતો.’ સિ૦ સા૦

**ઇનકારીઅત,** સ્ત્રી૦ ( અ૦ **इन्कार** انكار ઉપરથી ગુજરાતી પ્રયોગ.) ના મુકર જવું તે, ના પાડવી તે, નિષેધ.

**ઇન્શાલ્લાતાલા,** પુ૦ ( અ૦ **इनशाअल्लाहु तआला** ان شاء الله تعالى=જો પરમેશ્વરે ઇચ્છયું તો ) જો ઇશ્વરની ઇચ્છા હશે તો, ઇશ્વરેચ્છા.

**ઇનસાન,** ન૦ (અ૦ **इन्सान** انسان=માણસ ઉન્સ=પ્રેમ કરવો તે ઉપરથી ઇન્સ+અન મળીને ઇન્સાન. કેમકે માણસો પ્રેમ કરી જાણે છે, ને પ્રેમથી એક બીજાની સાથે સંપીને રહે છે, માટે હળીમળીને હેત પ્રેમથી રહેનાર તે ઇન્સાન. (૨) નિસ્યાન =ભૂલીજવું, ઉપરથી ઈન્સાન. કેમકે માણસમાં ભૂલી જવાની ટેવ છે માટે ઇન્સાન= ભૂલી જનાર ) માણસ, આદમી.

**ઇનસાનિઅત,** સ્ત્રી૦ ( અ૦ **इन्सानियत** انسانيت=માણસાઇ ) માણસપણું, સજ્જનતા.

**ઇનસાફ,** પુ૦ ( અ૦ **इन्साफ** انصاف=તે વચમાં અડકયો, અર્ધું અર્ધું કર્યું ઉપરથી. ) ઇન્સાફમાં બે સરખા ભાગ થાય છે, તેથી બંને પક્ષ રાજી થાય છે. ‘ મુઆ પછી ઈન્સાફમાં વંચાયે સૌ જેહ, જમે ઉધારો અહીં કર્યાં, પુણ્ય પાપનો તેહ. ’ નર્મદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઇનસાફદાર,** પુ૦ ( અ૦ **इन्साफ्+दार** ફા૦ **इन्साफ़दार** انصاف‌دار=ઇન્સાફ આપનાર ) ન્યાયાધીશ, જડજ.

**ઇનસાફી,** સ્ત્રી૦ ( અ૦ **इन्साफी** انصافی ઇન્સાફ કરવાની રીત ) ન્યાયની રીત.

**ઇનામ,** ન૦ ( અ૦ **इनआम** انعام=ખુશીથી કોઇને કાંઇ આપવું તે **नअम**=મન રાજી કરે એવું હતું ઉપરથી ) ખુશીથી આપી દીધેલી વસ્તુ. બખ્શિશ, પારિતોષિક, શાબાશી, ગરાસ, ભેટ. 'નિબંધ રચાવજો, ઇનામ આગળ ધરો.' ક૦ દ૦ ડા૦

**ઇનામ અકરામ,** ન૦ ( અ૦ **इनआम+इक्राम** બંને જુદા શબ્દ છે સમાનાર્થ. ખુશીથી કોઇને કાંઈ આપવું તે.) બખ્શીશ, પ્રતિષ્ઠામાં વધારો કરવો. 'પ્રજાને પણ...ઇનામ અકરામની પ્રાપ્તિની રૂચિ...હોય છે.' સુ. ગ.

**ઇનામ ઇજાફત,** ન૦ ( અ૦ **इजाफतिइनआम** અથવા **इजाफइनआम** انعام اضافت=અપાઈ ગએલા ઇનામમાં વધારો કરી આપવો તે, ઇજાફત કે ઇજાફા=વધારો) ઇનામમાં વૃદ્ધિ કરવી તે.

**ઈનામચિઠ્ઠી** સ્ત્રી૦ ( અ૦ **इनआम** ) ચિઠ્ઠી ગુજરાતી, ઇનામની સનદ તે.

**ઇનામચોથાઇ,** સ્ત્રી૦ ( અ૦ **इनआम** ) ચોથાઇ ગુજરાતી શબ્દ. ઇનામનો ચોથો ભાગ, ઇનામ તરીકે ચાલતી જમીનના ઉત્પન્નમાંથી જે ચોથો ભાગ સરકાર લે તે.

**ઈનામદાર,** પુ૦ ( અ૦ **इनआम+दार** ફા૦ પ્ર૦ انعام‌دار=**इनआम्दार**=ઇનામનો ભોગવટો કરનાર ) જેને ઇનામ મળેલું હોય તે, ઇનામવાળો.

**ઇનામદારી,** સ્ત્રી૦ ( અ૦ ફા૦ **इनआमदारी** انعام‌داری=ઈનામદારપણું ) ઇનામદારનો હોદ્દો, હક કે પદવી.

**ઈનામપટો,** પુ૦ ( અ૦ **इनआम**+પટો ગુ. ) ઇનામી વસ્તુના ભોગવટા બદલ આપેલો પટો, લેખ, કે સનદ.

**ઇનામપત્ર,** ન૦ ( અ૦ **इनआम**+પત્ર સં૦ ) ઈનામને લગતું લખત, બખ્શિશનામું, સનદ.

**ઇનામેફિઝાબી,** સ્ત્રી૦ ( અ૦ **इनआमिफयज** انعام فیض=ઇનામની જમીન ઉપર સરકારમાં જે ભરવાનું ઠરાવ્યું હોય તે.

**ઈનામસલામી,** સ્ત્રી૦ ( અ૦ **इनआमसलामी** انعام سلامی ) એવી જમીન સરકારમાંથી મળી હોય કે જે બદલ સરકારમાં ફક્ત સલામી દાખલ થોડી રકમ ભરવી પડતી હોય તે.

**ઈનામી,** વિ૦ ( અ૦ **इनआमी** انعامی=ઇનામ તરીકે અપાએલું ) ઇનામનું, ઇનામ દાખલ ચાલતું, ઇનામી ગામ.

**ઇનાયત,** સ્ત્રી૦ ( અ૦ **इनायत** عنایت=અર્પણ, અના=ઇરાદો કર્યો ઉપરથી ) મહેરબાની, કૃપા, માયા, પ્રીતિ, પ્રસન્નતાની નિશાની તરીકે જે કાંઇ બખ્શિશ કરેલું હોય તે. 'વિજય કરી આપેલો તેની કદર જાણીને ઇનાયત કરવામાં આવી હતી." સુ. ગ.

**ઇફ્ફતપનાહ,** વિ૦ ( અ૦ **इफ्फत**=શીલ +**पनाह** ફા૦ રક્ષણ કર્તા. મળીને **इफ्फतपनाह** عفت‌پناه=શીલગુણી ) પવિત્રતાનું રક્ષણ કરનાર, સ્ત્રીઓને માટે માનવાચક શબ્દ. ઇફ્ફતપનાહ, ઇફ્ફતદસ્તગાહ, ઇસ્મતદસ્તગાહ વગેરે શબ્દો વપરાય છે.

**ઈબલીસ,** વિ૦ ( અ૦ **इब्लीस** ابلیس=શેતાન ) દગો દેનાર, ના ઉમેદ, નઠારો, કજીઆખોર. 'કુરાનમાં પણ સેતાન ઉપરાંત એક ઇબ્લિસ નામે તેના જેવો જ ફિરસ્તો કહેલો છે.' સ. સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઇબાદત,** સ્ત્રી૦ ( અ. **इबादत** عبادت= સેવા, સ્તુતિ. અબદ ઉપરથી ) પ્રાર્થના, ભક્તિ, સેવા, પૂજા, ભજન, બંદગી.

**ઇબારત,** સ્ત્રી૦ ( અ૦ **इबारत** عبارت= લખાણ. અબર ઉપરથી ) લખવા બોલવાની ઢબ, શૈલી, રચના, રીતિ.

**ઇમલો,** પુ૦ ( અ૦ **इम्लह** املہ=મજલો ) અમલો શબ્દ જુઓ.

**ઇમાન,** ન૦ ( અ૦ **ईमान** ایمان=અંતઃકરણ પૂર્વક પરમેશ્વર ઉપર શ્રદ્ધા રાખવી તે. અમન=નિર્ભય થયો ઉપરથી ) ભાવ, વિશ્વાસ, આસ્થા, ધર્મ, દીન, નેકી, પ્રામાણિકપણું.

**ઇમાન ઇતબાર,** પુ૦ ( અ૦ **ईमान, इअ्तिबार** ایمان اعتبار=ઇમાન ને ભરોસો ) સાંનિષ્ઠા, સાચો વિશ્વાસ, પ્રામાણિકપણાનો ભરોસો.

**ઇમાનદાર,** વિ૦ ( અ૦ **ईमान+दार** ફા૦ પ્ર૦ **ईमान्दार** ایماندار= ઇમાનથી વહેવાર ચલાવનાર ) પ્રામાણિક, વિશ્વાસુ, નેક, નિષ્કપટી, ઇમાનવાળો.

**ઇમાનદારી,** સ્ત્રી૦ ( અ૦ **ईमान+दारी** ફા૦ **ईमान्दारी** ایمانداری= સનિષ્ઠા ) પ્રામાણિકપણું સાચવટ, નિમકહલાલી.

**ઇમાની,** વિ૦ ( અ૦ **ईमानी** ایمانی= ઇમાનવાળું ) ઇમાન ઉપર રહેનાર, સાચું, સનિષ્ઠ, વિશ્વાસુ, નેક, ન્યાયી.

**ઇમાની,** સ્ત્રી૦ ( અ૦ **ईमानी** ایمانی= સાચવટ) સત્યતા, પ્રામાણિકપણું, સંનિષ્ઠા.

**ઇમામ,** પુ૦ (અ૦ **इमाम** امام=આગેવાન) ધાર્મિક આગેવાન, કાજી, મુલ્લા. ' હજરત મહંમદ પેગંબરના જમાઈ અને શીઆ ધર્મના પ્રથમ ઇમામ હજરત અલીને કોઇએ પૂછ્યું.' સિ. સા.

**ઇમામહુસેન,** પુ૦ ( અ૦ **इमाम्हुसयन** امام حسین=હજરત મુહંમદ સ. અ. ના દૌહિત્ર ) મુસલમાનોમાં બાર ઇમામ ગણાય છે તેમાંના ત્રીજા ઇમામ. એ કરબલાના રણમાં શહીદ થયા હતા. તાબુત એમની સંભારણામાં નીકળે છે.

**ઇમારત,** સ્ત્રી૦ ( અ૦ **इमारत** عمارت= મકાન. અમર=તે વસ્યો ઉપરથી ) ઘર, હવેલી, કિલ્લો, રહેવા માટે બાંધેલું મકાન. **'બહુજ ઇમારતો બેશ બાંધે ' ક૦ દ૦ ડા૦**

**ઇમારતી,** વિ૦ ( અ૦ **इमारती** عمارتی= ઇમારતના કામમાં આવે એવું લાકડું ) ઇમારતને લગતું.

**ઇમતીહાન,** પુ૦ ( અ૦ **इम्तिहान** امتحان=પરીક્ષા. **महन**=તેણે તપાસ્યું ઉપરથી ) તપાસણી, તપાસ. ' **મારી દિલેરીનો ઇમ્તીહાન લેવાનો વખત નથી આવ્યો. ' બા. બા.**

**ઇયા,** અ૦ ( અ૦ **या** یا=હે ઓ ) સંબોધનનો પ્રત્યય છે. યા અલ્લાહ=હે ઇશ્વર.

**ઇયા,** અ૦ ( ફા૦ **या** یا=અથવા ) વા.

**ઇયાદ,** સ્ત્રી૦ ( ફા૦ **याद** یاد=સંભારણા ) યાદી.

**ઇરાક,** પુ૦ ( અ૦ **इराक** عراق=દરિઆ કિનારાનો મુલક. ) જીહુન ને યુફ્રેટીસ નદીના કાંઠાપરના મુલકને ઇરાક કહે છે. જીહુનના કાંઠાપર જે મુલક છે તેને ઇરાકે અજમ કહે છે. ખુરાસાન ને ઇસ્ફહાન એમાં છે. યુફ્રેટિસ નદીના કાંઠાપર જે મુલક છે તેને ઇરાકે અરબ કહે છે. બગદાદ એમાં છે.

**ઇરાદો,** પુ૦ **इरादह** ارادہ=વિચાર. **रउद**= બાંધ્યું, સંબંધ કર્યો ઉપરથી ) મનની ધારણા, મનસુબો, ઉદ્દેશ, આશય, હેતુ. **'તેણે તે શખ્સનો ઇરાદો જાણવાનું નક્કી કર્યું. અમર૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઇરાની**, વિ૦ ( ફા૦ ईरानी ایرانی=ઇરાનનું ) ઇરાન સંબંધી, ઇરાનમાં રહેનાર.

**ઇલકાબ**, પુ૦ ( અ૦ अल्काब القاب= લકબનું બહુવચન. લકબ=તેણે ખિતાબ આપ્યો ઉપરથી, નામને લગાડવામાં આવતો માનવાચક શબ્દ.) ખિતાબ, માન ભરેલી પદવી. રાવબહાદુર, કે. સી. એસ. આઇ; ખાનબહાદુર, શમ્સુલઉલમા, મહામહોપાધ્યાય વગેરે. ' રાજ અધિરાજ વિકટોરિઆ રાણીએ, કેસરે હિંદ ઇલકાબ લીધો. ' ક૦ દ૦ ડા૦

**ઇલમ**, પુ૦ ( અ૦ इल्म علم=વિદ્યા ) હરકોઇ વિદ્યા, શાસ્ત્ર, કળા, મેલી વિદ્યા, જાદુ, ઉપાય, તજવીજ.

**ઇલમબાજ**, વિ૦ ( અ૦ इल्म्+बाज फा० રમનાર. इल्मबाज علم باز=ઇલમવાળું ) ઇલમ જાણનાર. ઇલમી.

**ઇલમી**, વિ૦ ( અ૦ इल्मी علمی=ઇલમ જાણનાર ) કાબેલ, હોશીઆર, કળાવાન, વિજ્ઞાનસંપન્ન. ' હતો મેહતો અને મીરાં, ખરાં ઇલમી ખરાં શુરા. ' કલા૦

**ઇલા**, અ૦ ( અ૦ इलाही કે इलाहा الٰهی الٰها=હે મારા ઇશ્વર ) યા ખુદા

**ઇલાકેદાર**, વિ૦ ( અ૦ इलाकह्+दार फा० પ્ર૦ इलाकह्दार علاقه دار=પ્રાંતિક ) પરગણાનું, તાબાનું, ઇલાકેદાર સરકાર, પ્રાંત કે દેશના ભાગની સાથે સંબંધ રાખનાર.

**ઇલાકો**, પુ૦ ( અ૦ इलाकह علاقه=પ્રાંત અલક=વળગ્યું ઉપરથી ) મુલક, સુબો, ઘણા જિલ્લાનો પ્રાંત. મુંબઇ ઇલાકો, મદ્રાસ ઇલાકો.

**ઇલાખો**, પુ૦ ( અ૦ इलाकह علاقه=સંબંધ. અલક=વળગ્યું ઉપરથી ) લાગતું વળગતું, દાવો, ધણીપણું, દસ્તાવેજમાં આ શબ્દ વપરાય છે. ' વેચાણ સામે તેના વારસનો કાંઇ હક ઇલાખો પોહોંચે નહિં.

**ઇલાજ**, પુ૦ ( અ૦ इलाज علاج=ઉપાય અલજ=જીત્યું ઉપરથી ) જેથી કાંઇ કામ પાર પડે તે રીત, તજવીજ, યુક્તિ, ઓસડ, દવા, ઉપચાર. ' અકસીર ઇલાજ છે. '

**ઇલાજી**, વિ૦ ( અ૦ इलाजी علاجی=ઇલાજવાળું ) ઇલાજ જાણનાર, ઉપાય કરનાર, વૈદ્ય, હકીમ.

**ઇલાયચો**, પુ૦ ( તુ૦ अलाचह الاچه=એક જાતનું પટાવાળુ લુગડું ) ઇલાયચો, એક જાતનું લુગડું. સુરતી ઇલાયચો.

**ઇલાયદું**, વિ૦ (અ૦ अलाहिदइ علاحده= જુદું ) અલગ, ભિન્ન, પૃથક, એકજ જણનું ખાસ, બધાથી જુદું હોય તેવું.

**ઇલાહી**, વિ૦ ( અ૦ इलाही الٰهی=પૂજ્ય) વંદનીય, માન આપવા યોગ્ય, ખુદા, ઇશ્વર.

**ઇલ્લત**, સ્ત્રી૦ ( અ૦ इल्लत علت=બીમારી, અલ=કોશિશ કરવી ઉપરથી ) એબ, દૂષણ, કલંક, કારણ, સબબ.

**ઇલ્તિમાસ**, સ્ત્રી૦ ( અ૦ इल्तिमास التماس=અરજ કરવી. લમસ=અરજ કરી ઉપરથી ) અરજ, વિનતિ, પ્રાર્થના.

**ઇશક**, પુ૦ ( અ૦ इश्क عشق=ચાહવું. આ શબ્દ इश्कह ઉપરથી થયો છે, જેને ગુજરાતીમાં અમરવેલ કહે છે. એનો નિયમ એવો છે કે જે ઝાડ ઉપર એ અમરવેલ પડે છે, તેને સુકવી નાંખે છે. ઇશ્કનો રોગ લાગુ પડે છે તે સુકાઇ જઇને પીળો પડી જાય છે. પ્રીતિ, પ્રેમ, પ્યાર, કોઇ વસ્તુ ઉપર હદથી વધારે પ્રીતિ હોય તે. એક પ્રકારનો રોગ જે સૌંદર્ય જોવાથી થાય છે. ' તમને ઇશ્કબાજીનો શોખ હોય તો પ્રેમની સાથે તન્મય થઇ ઇશ્ક કરો.' સિ. સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઇશકબાજ,** વિ૦ (અ૦ **इश्कबाज** عشقباز= ફા૦ રમનાર=ઇશ્કમાં રમનાર ) પ્રેમમાં ચકચૂર, કામાંધ.

**ઇશકબાજી,** સ્રી૦ ( અ૦ **इश्क+बाजी** عشقبازی= ફા૦ પ્રેમાસક્તિ ) કામાંધપણું. ' તમને ઇશ્કબાજીનો શોખ હોય તો પ્રેમના તત્વ સાથે તન્મય થઇ ઇશ્ક કરો. ' સિ. સા.

**ઇશકી,** વિ૦ ( અ૦ **इश्की** عشقی=શોખી ) કોડીલું,સૌન્દર્ય ભોગી, છેલ, ફક્કડ, લાલ.

**ઇશકીઆ,** વિ૦ (અ૦ **इश्कियह** عشقیہ= ઇશ્ક સંબંધી ) જેમાં ઇશ્કનું વર્ણન હોય તે. ' દિલ્લીના કવિ **અમીર ખુસ્રવ તુતીએ હિંદ પાસે મસનવીએ ઇશ્કીયા લખાવશે.' નં૦ ચં૦**

**ઇશકેમજાઝી,** વિ૦ ( અ૦ **इश्किमजाजी** عشق مجازی= કૃત્રિમ પ્યાર ) ખરો ઇશ્ક નહિ તે. ' ત્યાં આ કલાને બદલે ઇશ્કમીજાજી ટાપટીપ, ઉચ્છૃંખલતા ઈત્યાદિ રૂપે પણ દર્શન દેશે, સુ. ગ.

**ઇશકેહકીકી,** વિ૦ ( અ૦ **इश्किहकीकी** عشق حقیقی=ખરો પ્યાર) ખરો ઇશ્ક 'ઇશ્ક અથાર્ત જેને સુફીઓ ઇશ્કે હકીકી કહે છે તે, રાજયોગના મૂળભૂત અદ્વૈતના સારભૂત, પ્રેમભાવ.' આ૦ નિ૦

**ઇશતેહાર,** ન૦ (અ૦ **इश्तिहार** اشتہار= જાહેર કરવું. શહર=જાહેર કર્યું ઉપરથી ) જાહેર ખબર, જાહેરનામું, સર્વ લોકોના જાણવામાં આવે એવી રીતે પ્રસિદ્ધ કરવું.

**ઇશારત,** સ્રી૦ ( અ૦ **इशारह** કે **इशारत** اشارت اشاره= અણસારો ) સાન, સંકેત, ઇશારામાં જણાવવું તે, સૂચના ' **ખલ નારીનાં ચરિત્ર જુઓ, મન એક ધરે છે, નજર ઇશારે અન્ય સાથ સંકેત કરે છે.' મૃચ્છ.**

**ઈસકામત,** સ્રી૦ ( અ૦ **इस्तिकामत** استقامت= મજબુતી, દૃઢતા. કયમ=ઉભો રહ્યો ઉપરથી) પુંજી, મિલ્કત.

**ઇસતેલ્લાહ,** ન૦ ( અ૦ **इस्तिलाह** اصطلاح=રૂઢિ પ્રમાણે બોલવું.સલહ=મળતું આવ્યું ઉપરથી ) વિવેક, સભ્યતા.

**ઇસબગોળ,** ન૦ ( ફા૦ **अस्पगूल**=اسپغول અસ્પ=ઘોડો+ગૂલ=કાન, એનો ઘાટ ઘોડાના કાન જેવો હોય છે માટે ). ઉંટીઉં જીરૂં.

**ઈસમ,** પુ૦ (અ૦ **इस्म** اسم=નામ) માણસ વ્યક્તિ, શખ્સ.

**ઇસમવાર,** અ૦ ( અ૦ **इस्म** اسم ) માણસદીઠ, નામવાર, એકને, પ્રત્યેક,

**ઇસવી,** વિ૦ ( અ૦ **ईस्वी** કે **ईसवी** عیسوی= ઇસુ ખ્રિસ્ત સંબંધી) હઝરત ઇસા (અ. સ.) પેગંબર સાહેબ સંબંધી ઇસ્વી વરસ ' **ઇસ્વીસનના આંકમાં છપન ભેળીએ છેક, સંવત વિક્રમનો વળી આવે એજ વિવેક.'** ક૦દ૦ડા૦

**ઈસાપેગંબર,** પુ૦ (**ईसा** અ૦ + **पय्गंबर** ફા૦ પેગંબર સાહેબનું નામ છે) عیسی پیغمبر)ખ્રિસ્તિ ધર્મ પ્રવર્તક, એમની માનું નામ મર્યમ હતું. સુર્યાની ભાષાના ઇશુઅ ઉપરથી અરબીમાં ઇસા શબ્દ થયો છે.

**ઈસાઈ,** વિ૦ ( અ૦ **ईसाई** عیسائی=ઇસા પેગંબર સાહેબને માનનારા ) હજરત ઇસા (અ. સ.) ના અનુયાયીઓ, ઇસાઇ કાયદા, ઇસાઈ ધર્મ, ખ્રિસ્તિ લોકો.

**ઈસારત,** اشارت ઇશારત શબ્દ જુઓ.

**ઇસારો,** اشاره ઇશારો શબ્દ જુઓ.

**ઇસ્કામત,** સ્રી૦ ( અ૦ **इस्तिकामत** استقامت=પુંજી ) દોલત, માલમતા. 'હારૂં તો ઇસ્કામત હઉં.' સામળ.

**ઈસ્તંબુલ,** ન. (તુ૦ **इस्तंबूल** استنبول= કોન્સ્ટંટીનોપલ ) તુર્કસ્તાનનું મુખ્ય શહેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઇસ્તંબુલી**, વિ૦(તુ૦**इस्तंबूली** استنبولي =ઇસ્તંબુલનું) ઇસ્તંબુલને લગતું.

**ઇસ્તિકબાલ**,પુ૦ અ૦**इस्तिक़बाल** استقبال =સામા લેવા જવું. કબ્લ=આગળથી મળવા જવું ઉપરથી ) મળવા જવું. સામે લેવા જવું.

**ઇસ્તિલાહ**, ન૦ (અ૦ **इस्तिलाह** اصطلاح રૂઢિ પ્રમાણે બોલવું તે. સલહ = મળતું આવ્યું ઉપરથી ) રૂઢિ.

**ઇસ્તિહાર**, اشتہار જુઓ ઇશતેહાર.

**ઇસ્રાયલ**, વિ૦ ( અ૦ **इस्राईल** اسرائیل યહુદી ) હજરત મૂસા ( અ૦ સ૦ )ના અનુયાયીઓ.

**ઇસ્લામ**, પુ૦ ( અ૦ **इस्लाम** اسلام ) મુસલમાની ધર્મ. સલમ=તે નિર્ભય થયો ઉપરથી ) હજરત મુહંમદે ( સ. અ. ) સ્થાપેલો ધર્મ.

**ઇસ્લામી**, વિ૦ (અ૦ **इस्लामी** اسلامی ઇસ્લામને માનનાર ) ઇસ્લામી ધર્મનું, તેને લગતું, મુસલમાની, મુસલમાન.

**ઇસ્વીસન**,ન૦(અ૦**ईस्वीसनह** عیسوی سنہ સિન=દાંત ઉપરથી સનહ=વર્ષ ) હજરત ઇસા (અ૦ સ૦)ના સંબંધથી ગણાતુંવર્ષ.

**ઇન્જીલ**, સ્રી૦ ( અ૦ **इन्जील** انجیل = બાઇબલ ) ખ્રિસ્તિધર્મનું પુસ્તક, 'વેદ, પુરાણ તથા ગીતા ઇંજીલ અને કુરાન.' ગુ૦ ગુજ.

**ઇન્તિખાબ**,પુ૦ (અ૦ **इन्तिखाब** انتخاب =ચુંટણી. નખબ=તેણે ચુંટયું ઉપરથી ). ટુંકામાં મતલબ હોય તે. તાત્પર્ય, સાર, સારાંશ. મતલબ. 'રજિસ્ટર ઉપરથી દાખલો લેવો, તેને ઇન્તિખાબ લેવો કહે છે.'

**ઇન્તિજાર**, વિ૦ ( અ૦ **इन्तिजार** انتظار =આતુરતા.) કોઈ વાત જાણવાની ઉતાવળ, અધીરાઇ, ગુજરાતીમાં ઇન્તિજાર શબ્દનો અર્થ કોઇ વાત જાણવાને ઉતાવળું થઇ રહેલું હોય એવું, આતુર અધીર, આરજુવાળું વગેરે થાય છે. એ અર્થસૂચક શબ્દ અરબીમાં'**मुन्तजिर** છે'

**ઇન્તિજારી**, સ્રી૦ ( અ૦ **इन्तिज़ारी** انتظاری=આતુરતા) રાહ જોવી 'મને પુરાતન ખંડિએર બાબત જાણવા ઇંતેજારી છે.' નં૦ ચ૦

**ઇન્તિજામ**, પુ૦ ( અ૦ **इन्तिजाम** انتظام બંદોબસ્ત, નજમ=બરાબર રાખ્યું ઉપરથી) વ્યવસ્થા, ગોઠવણ.

**ઇન્તિજામી**, સ્રી૦ ( અ૦ **इन्तिजामी** انتظامی=બંદોબસ્ત ઉપરથી બંદોબસ્ત કરનારી ) ઇન્તિજામી કમીટી=બંદોબસ્ત કરનાર કમીટી.

## ઈ ઇ.

**ઇજા**; સ્રી૦ ( અ૦ **ईजा** ایذا = દુ:ખ ) કષ્ટ, તકલીફ.

**ઇજાબકબુલ**, ન૦ ( અ૦ **ईजाबोकबूल**, ایجاب وقبول = માનવું, કબુલ કરવું ) મુસલમાનોમાં પરણતી વખતે નિકાહ થાય છે, ત્યારે વરકન્યાની જે કબુલત લેવામાં આવે છે તે.

**ઇદ**, સ્રી૦ (અ૦ **ईद** عید=ફરી ફરીને આવનાર–ખુશીનો દિવસ) મુસલમાની તહેવાર છે. સુંનીઓની વર્ષમાં ૨ ને શીઆઓની ૩ ઇદો આવે છે. અવદ=ફરી ફરીને આવ્યું ઉપરથી. કેમકે તહેવાર દરવર્ષે આવે છે. ) ખુશીનો દિવસ.

**ઇમાન**, ન૦ (અ૦ **ईमान** ایمان=અંત:કરણ પૂર્વક પરમેશ્વર ઉપર શ્રદ્ધા રાખવી તે. અમન=નિર્ભય થયો ઉપરથી ) આસ્થા.

**ઇમાનદારી**, સ્રી૦ ( અ૦ **ईमान**+**दारी** ફા૦ **ईमानदारी**=ایمانداری ઇમાનવાળાપણું,) ઇમાનદારપણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## उ ઉ.

**ઉજર**, ન૦ ( અ૦ **उज्र** عذر=બહાનું, અજર=તેણે બહાનું કાઢયું ઉપરથી) લાચારી

**ઉઝત**, જુઓ ઉઝઝત કે હુજ્જત حجت

**ઉઝતી**, વિ૦ ( અ૦ **हुज्जती** حجتي=તકરારી ) જીદ્દી, આગ્રહી, ખેંચતાણ કરે એવું.

**ઉઝઝત**, સ્રી૦ ( અ૦ **हुज्जत** حجت=દલીલ ) સાબીતી, પુરાવો, જોરથી સામી તકરાર કરવી તે, પોતાના મત પ્રમાણે આગ્રહ ધરવો તે, મમત, આગ્રહ, ઓંહોસ.

**ઉદબતી**, સ્રી૦ ( અ૦ **ऊद** عود=એક જાતનું ઝાડનું લાકડું ) એક જાતનું ખાસ લાકડું જે કાળા રંગનું હોય છે, ને આગપર મૂકવાથી સુગંધ આપે છે, અગર, એને બત્તીશબ્દ લાગીને ઉદબત્તી એટલે અગરબત્તી, ધૂપસળી.

**ઉનાબ**, ન૦ ( અ૦ **उंनाब** عناب=લાલ રંગનું ફળ છે.) દવાના કામમાં વપરાય છે.

**ઉનાબદાણા**, પુ૦ ( અ૦ **उंनाब** عناب ) એક જાતની ઔાષધિ.

**ઉમદા**, વિ૦ ( અ૦ **उम्दह** عمده=ઉત્તમ, અમદ=સ્તંભ ઉપરથી ) શ્રેષ્ઠ, સરસમાં સરસ, તોફે. ' ઉદાર છો ને ઉમદા **અમીર.**' ક૦ દ૦ ડા૦

**ઉમર**, સ્રી૦ ( અ૦ **उम्र** عمر=વય ) વરસ. કેટલી ઉમર છે.

**ઉમર**, પુ૦ ( અ૦ **उमर** عمر ) હજરત પેગંબર સાહેબ ( સ. અ. ) ની પછી ગાદીએ બેસનાર બીજા ખલીફાનું નામ, જે ઉમર ફારૂકના **નામથી** પ્રખ્યાત છે.

**ઉમરાવ**, પુ૦ (અ૦ **उमरा** امرا=અમીરનું બહુ વચન. અમર=હુકમ કર્યો ઉપરથી ) અમીર, શ્રીમંત, મોટાલોક; સરકાર. **' ઉમરાવ દિલનું માણસ છે.' અમરસિંહ.**

**ઉમરાવજાદો**, પુ૦ ( અ૦ **अमीर्जादह**, اميرزاده જાદન=જણવું ઉપરથી ફારસી **जादह**=અમીરનો દીકરો ) **' પેલા વેવાઇને ઘેર હાલ પડે, હુલકાર પડે, કોઇ ઉમરાવજાદો આવ્યો રે.' સ્રી ગીત.**

**ઉમરાવજાદી**, સ્રી૦ ( અ૦ **अमीर्जादी** اميرزادي જાદન ફા.=જણવું ઉપરથી ગુજરાતી રૂપ. અમીરની દીકરી ) ઉમરાવની દીકરી.

**ઉમેદ**, સ્રી૦ ( ફા૦ **उमेद, उमीद, उंमेद** કે **उंमीद** اميد=આશા ) ઇચ્છા, હોંસ, ભરોસો.

**ઉમેદવાર**, વિ૦ ( ફા૦ **उंमीद्वार** اميدوار ઇચ્છાવાળો) ઉમેદ રાખનાર, માન અથવા નોકરીની આશાએ કામ કરનાર.

**ઉમેદવારી**, સ્રી૦(ફા૦**उंमीद्वारी** اميدواري ઉમેદવાર તરીકે કામકાજ કરવું તે ) આશામાં કામ કરવું તે, નોકરી કે માનની આશા રાખવી તે, ઉમેદ રાખીને કામ કરતાં શીખવું તે.

**ઉર્દુ**, વિ૦ ( તુ૦ **उर्दू** اردو=લશ્કર કે બજાર ) લશ્કરી–છાવણી, કેમ્પ. લશ્કરને બજારમાં ભિન્ન ભિન્ન દેશના ને જુદી જુદી બોલી બોલનાર લોકો હોય છે. શાહેજહાં બાદશાહના સમયમાં એમના સંમેલનથી એક ભાષા ઉત્પન્ન થઇ હતી, તેમાં ઘણી ભાષાના શબ્દો મળેલા હોવાથી એનું નામ ઉર્દૂ પડયું. **' આલમખાંની લાશને પણ ઉર્દુમાં પોંહોંચાડવાનો બંદોબસ્ત કર્યો.'** બો૦ બાબર.

**ઉર્ફે**, અ૦ ( અ૦ **उर्फ** عرف ઉપનામ અરફ=ઓળખ્યો ઉપરથી ) જે નામથી માણસ ઓળખાતો હોય તે નામ, અથવા, કિંવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉરસ,** પુ૦ ( અ૦ **उर्स** અથવા **उरूस** عروس عرس=લગ્નનું જમણ ) મુસલમાન પવિત્ર પુરૂષના મરણની તિથિને દિવસે લોકો ભેગા થાય છે તે. મહાત્મા પુરૂષો મરીને પ્રભુનું સામીપ્ય પ્રાપ્ત કરે છે, અને આ દુઃખી સંસારથી મુક્તિ મેળવે છે, માટે તેઓ મરણને શુભ દિવસ ગણે છે; તેથી આ શબ્દ પણ ખુશીના અર્થમાં વપરાય છે.

**ઉરૂબરૂ,** અ૦ ( ફા૦ **रूबरू** روبرو રૂ=મોં, બ=સાથે, મોઢામોઢ=સન્મુખ ) હજુર, સમક્ષ, હજુરા હજુર.

**ઉલફત,** સ્ત્રી૦ ( અ૦ **उल्फत** الفت=મોહોબત ) દોરતી, પ્યાર, ઇખ્લાસ. **'અયે ઉલ્ફત, અયે બેગમ, લીધી દિલબર. હતું લાજમ ?** કલાપી.

**ઉલમા,** પુ૦ ( અ૦ **उलमा** علما, આલીમ=પંડિતનું બહુવચન ) વિદ્વાનો, મુસલમાની ધર્મશાસ્ત્ર જાણનાર વિદ્વાનો. **'કેટલાક અધિકારો હિંદુ ઉલમા પણ ભોગવતા હતા,** બા૦ બા૦

**ઉસ્તવાર,** વિ૦ ( ફા૦ **उस्तुवार** استوار= મજબૂત ) જોરાવર, છાતીવાળું.

**ઉસ્તવારી,** સ્ત્રી૦ (ફા૦ **उस्तुवारी** استواري =મજબુતી ) શક્તિ, દઢતા.

**ઉસ્તાદ,** પુ૦ (ફા૦ **उस्ताद** استاد=શિક્ષક) મહેતાજી, શિક્ષક, શીખવનાર, ગુરૂ, દાખલો આપનાર. હોશીઆર. **'સીતમગર તોયતું મારો** ખરો **ઉસ્તાદ છે** પ્યારો. **કલાપી.**

**ઉસ્તાદી,** સ્ત્રી૦ ( ફા૦ **उस्तादी** استادي =મહેતાગીરી ) કાબેલીઅત, નિપુણતા, કુશળતા, **' હું તારી ઉસ્તાદી જાણું છું; માટે બહુ છકકાપંજા કરવા જતો નહિં.**

**ઉસ્માન,** પુ૦ ( અ૦ **उस्मान** عثمان= હજરત મુહંમદ સાહેબ ( સ૦ અ૦ ) ની પાછળ ગાદીએ બેસનાર ત્રીજા ખલીફા-

**ઉસુલ,** પુ૦ ( અ૦ **उसूल** اصول, અસ્લ= જડનું બહુવચન. મૂળતત્ત્વો ) જડો.

**ઉંમર,** સ્ત્રી૦ ( અ૦ **उम्र** عمر=વય ) આયુષ્ય. **' બેટા હવે તું ઉંમર લાયક થયો છું.**, અમરસિંહ.

**ઉમરદરાજ,** વિ૦ ( અ૦ **उम्र+दराज** ફા૦ લાંબી, મળીને **उम्रदराज** عمردراز= લાંબી ઉમર વાળો ) ચિરંજીવી. કાગળપત્રમાં મોટા માણસો બચ્ચાંઓને એ આશીર્વાદ શબ્દ લખે છે.

## ए એ.

**એકતરફી,** વિ૦ ( અ૦ **तरफ़+यक्+ઇ** મળીને થએલો શબ્દ, يكطرفي ) બંને બાજુ બરાબર જોયા વગરનું એક પક્ષનું, એક પક્ષી.

**એકદમ,** અ૦ ( ફા૦ **यक्दम** يكدم=એકદમ ) તાબડતોબ, તાકીદથી, જુસ્સાથી.

**એકદિલ,** વિ૦ ( ફા **यक्दिल** يكدل= એકમન ) જુદાઇ નહિ તે.

**એકદિલી,** સ્ત્રી૦ ( ફા૦ **यक्दिली** يكدلي =સંપ ) મેળ, મનની એકતા.

**એકનજર,** સ્ત્રી૦ ( અ૦ **नजर+यक्** ફા૦ મળીને **यक् नजर** يكنظر=એક દૃષ્ટિ ) સરખી નજર, એક વિચાર, એક વખત જોવું.

**એકબારગી,** અ૦(ફા૦ **यक्बार्गी** يكبارگي =એક વખત. બાર=વખત ) એક સમયે.

**એકમજલી,** વિ૦ ( અ૦ **मंजलिह**+ફા૦ **यक** મળીને **यक् मंजिलह** يكمنزله =એક મજલાનું ) એક માળીઉં, જેને એક જ માળ કે એક જ મેડો હોય તેવું.

**એકરંગી,** વિ૦ ( ફા૦ **यक्रंगी** يكرنگي એકજ રંગનું ) જુદા જુદા રંગનું નહિ, એક જાતનું, એક સ્વભાવનું.

**એકરાર,** પુ૦ ( અ૦ ) જુઓ ઇકિરાર اقرار

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**એકવખત**, અ૰ ( અ૰ **वक्त + यक** ફા૰ ઉપરથી **यक्वक्त** يكوقت = એક-વખત ) એક સમય.

**એજન**, અ૰ ( અ૰ **अयूजन** أيضا=ઉપર પ્રમાણે ) Ditto.

**એતદાલ**, વિ૰ ( અ૰ **इअ्तिदाल** اعتدال =સમાન, અદ્લ=બરાબર ઉપરથી ) સમધાત, બહુ ગરમી કે બહુ શરદી નહિ એવો મુલક. સમશીતોષ્ણ પ્રદેશ. '**એતદાલ હવાના અનુભવી સુરતવાસીઓને ઠંડી વિશેષ લાગેલી.**' નં૰ચ૰

**એદન**, ન૰ ( અ૰ **अदून** عدن=સ્વર્ગ. અદન=અરબસ્તાનમાં એક શહેર છે ) એક શહેર છે.

**એદી**, વિ૰ (અ૰ **अहदी** احدى અહદી= એકલો રહેનાર અહદ=એક ઉપરથી) અકબર બાદશાહના વખતમાં એક પદવીનું નામ 'અહદી' હતું. તેમની પાસે સરકારી ઘોડેસવાર કે પાયદળ રહેતા ન હતા. ફકત તે જાતીય પદવી હતી. એ લોકો બાદશાહની તરફથી બાદશાહના હુકમનો અમલ કરવા દીવાનના હુકમ વગર જઈ શકતા હતા. એ લોકો તીરંદાજ હતા અને વસુલાત બાકી રહી હોય તો તે ઉઘરાવવા માટે એમને મોકલતા હતા. એ લોકો બીજાના બારણે બેસી રહેતા ને પગાર પામતા હતા તેથી અતિશય આળસુ ને સુસ્ત થઇ ગયા હતા. તેથી એ લોકોને એહદી કહેતા હતા. આળસુ, સુસ્ત, મંદ, પ્રમાદી, ધીરૂં, ધીમું, વ્યસની, ગંદું, મલીન, નિરૂદ્યમી. '**આળસુ એદી ને અકલના આંધળા, આ સમે ખુબ ઉંઘે.**' ક૰ દ૰ ડા૰

**એદીખાનું**, ન૰ ( અ૰ **अहदी + खानह** ફા૰ احدى خانه એદી લોકોનું ઠેકાણું ) આળસુ ને ગંદી હાલત. જ્યાં કચરો પુંજો પડયો હોય ને ચોકખું ન હોય તે સ્થાન, આળસુનું સ્થળ.

**એન**, સ્ત્રી૰ ( અ૰ **अयून** عين = આંખ, સરદાર ) ચોકખું, ઉત્તમ, ખાસ, અસલ, ટોળું, ખરૂં, ખરાબ.

**એનઉપજ**, સ્ત્રી૰ ( અ૰ **अयून** = ખાસ ઉપજ, ગુજરાતી ) જમીનના પાકની જે ઉપજ તેજ, મેહસુલ.

**એનકરજ**, ન૰ ( અ૰ **अयूनकर्ज** = ખાસ કરજ ) મુદ્દલ કરજ, અસલ દેવું.

**એનખરચ**, ન૰ ( અ૰ **अयून+खर्च** ફા૰ **अयन्खर्च**=ખાસ ખરચ ) જમીન પાછળ થએલું ખર્ચ, પરચુરણખરચ નહિ તે.

**એન ચોમાસું**, ન૰ ( અ૰ **अयून** عين ) ખરૂં ચોમાસું, ભર ચોમાસું, જામેલું ચોમાસું.

**એનજમા**, સ્ત્રી૰ ( અ૰ **अयूनजमअ** عين جمع=ખાસ ઉપજ ) મેહસુલની જે વસુલાત તે, જમીનના કરમાંથી જે ઉપજ આવી હોય તે.

**એનજમીન**, સ્ત્રી૰ ( અ૰ **अयून+जमीन** ફા૰ **अयन्जमीन** عين زمين =ખાસ જમીન ) વાવેતર વાળી જમીન.

**એનજુવાની**, સ્ત્રી૰ ( અ૰ **अयून** عين= ખાસ ) ખાસ જુવાની, ભરજુવાની.

**એનવાવેતર**, ન૰ (અ૰ **अयून** عين =મુખ્ય) અન્ન ઉત્પન્ન થાય તેવું વાવેતર, ઝાડપાનનું વાવેતર નહિ.

**એબ**, સ્ત્રી૰ ( અ૰ **अयूब** عيب =ખોડ ) ખામી, કસર, કલંક, જે બતાવ્યાથી શરમ લાગે તે.

**એબદાર**, વિ૰ ( અ૰ **अयूब+दार** ફા૰ **अयूब्दार** عيبدار =એબવાળો ) ખોડ ખાંપણવાળું, દૂષિત, એબીઅલ, લાંછનવાળું.

**એબીઅલ**, વિ૰ ( અ૰ **अयूब** ઉપરથી ) ખોડવાળું, દુર્ગુણી, દૂષિત, અશુભકારક.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**એલચી,** પુ૦ (તુર્કી **एल्ची** ایلچی= એક બાદશાહને ત્યાં બીજા બાદશાહે મોકલેલો માણસ. એલ=સંદેશો+ચી ) એજંટ, વકીલ.

**એલજીબ્રા,** સ્ત્રી૦ ( અ૦ **अल्जब्रोमुकाबिलह** الجبر ومقابله=અક્ષર ગણિત ) બીજ ગણિત.

**એલફેલ,** ન૦ ( અ૦ **फअल** فعل =કામ ઉપરથી ) ગમે તેમ, વગર વિચારનું, અસભ્ય, અશ્લીલ, ભાંડ જેવું, નિર્લજ્જ.

**એવાન,** ન૦ ( ફા૦ **अयवान** ایوان=મહેલ ) હવેલી.

**એશ,** સ્ત્રી૦ ( અ૦ **अयश** عیش=મજા) સુખચેન, મોજમજા, રંગબાજી, ચમનબાજી.

**એશઆરામ,** પુ૦ ( અ૦ **अयश+आराम** ફા.મળીને **अयशोआराम** عیش و آرام =મોજમજા ) ભોગવિલાસ, સુખભોગ ભોગવીને બેસી રહેવું તે, ખુશી ખુશાલીમાં વખત કાઢવો તે.

**એસતેકબાલ,** પુ૦ ( અ૦ **इस्तिकबाल** استقبال =સામે લેવા જવું. કબલ= આગળથી મળવા જવું ઉપરથી ) પરોણાને આદરસત્કાર ભેર તેડી લાવવા તે.

**એહમક,** વિ૦ ( અ૦ **अह्मक** احمق =મૂર્ખ ) બેવકૂફ, મૂઢ, ઠોઠ, અક્કલ વગરનો.

**એહવાલ,** પુ૦ ( અ૦ **अह्वाल** احوال =હકીકત. ) વર્ણન, બ્યાન, વિગત, હાલત, અવસ્થા, સ્થિતિ, કથા, આખ્યાન. ' અમરસિંહે જંગલમાં બનેલા એહવાલની ખાતરી કરી. ' અમરસિંહ.

**એહસાન,** ન૦ ( અ૦ **अह्सान** احسان =ઉપકાર, હસન=તે સારો થયો ઉપરથી) આભાર, મહેરબાની, કૃપા. ' તેની સાથે વસ્લ એટલે મુલાકાત કરવાનું યહસાન- એસાન-ઉપકાર તું કર કે ન કર-તેથી મને કાંઇજ ગમ-ખેદ નથી આ૦ નિ૦ પૃ૦ ૧૬

**એહસાનમંદ,** વિ૦ ( **अह्सान्** અ૦+**मंद** ફારસી પ્રત્યય **अह्सान्मंद** احسانمند =આભારી) ઉપકારી, ઉપકૃત.

## ऐ. ઐ.

**ઐઆમ,** પુ૦ ( અ૦ **ऐयाम,** ایام=**यव्म** یوم=દિવસનું બહુવચન=ઘણા દિવસો ) ટાઇમ, વખત, ટાંકણું, સંધિ, હવા, મોસમ.

**ઐઆશી,** વિ૦ ( અ૦ **ऐयाशी** عیاشی= એશ આરામ, એશ ઉપરથી ) વિલાસી, વૈભવી.

**ઐયાર,** વિ૦ ( અ૦ **ऐयार** عیار =ચાલાક) હુસ્યાર, ઠગ, દગાબાજ. 'બહુ તરસાવી બગલગીર થયો છે ઐયાર' ગુ. ગ.

## ओ. ઓ.

**ઓખાત,** સ્ત્રી૦ ( અ૦ **अव्कात** اوقات= **वक्त**નું બહુવચન= ઘણો વખત, ગણતરી ) શક્તિ, ગજું, વકર, વજન, મગદૂર, તાકાત, વિસાત, કાયનાત, માલ. 'પોતાની લાયકાત ને ઓકાતને ભૂલી ન જાઓ.' બા. બા.

**ઓખાદ,** સ્ત્રી૦ ઓખાત શબ્દ જુઓ.

**ઓજાર,** ન૦ ( અ૦ **अव्जार,** اوزار= વિઝ્ર=હથિઆરનું બહુવચન. ) ખેતીવાડી, બાંધકામ ને બીજી કારીગરી કરવાનાં જે સાધન તે. હથિઆર, વતરણું, રાછ.

**ઓહ્દાવાળું,** વિ૦ ( અ૦ **उह्दह** عهده= પદવી ઉપરથી ) પદવીદાર, પદવીવાળો.

**ઓહ્દેદાર,** વિ૦ ( અ૦ **उह्दह+दार** ફા૦ મળીને **उहदह्दार** عهده‌دار =જેને ઓહ્દો હોય તે, અમલદાર, અધિકારવાળો.

**ઓહ્દેદારી,** સ્ત્રી૦ ( અ૦ **उह्दह+दारी**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફા૦ મળીને **उहदहदारी** عہدہداری =અમલદારી ) ઓહ્દેદારપણું.

**ઓહ્દો**, પુ૦ ( અ૦ **उहदह** عہدہ =અધિકાર ) પદવી, દરજ્જો.

**ઓરત**, સ્ત્રી૦ ( **अवरत** عورت =શરીરનો જે ભાગ ઢાંકવાની જરૂર છે તે ભાગ ) ઢાંકવા લાયક શરીરનો ભાગ, સ્ત્રી, બાયડી, વહુ, પત્ની, ધણીઆણી, ઓરત.

**ઓરસ**, પુ૦ (અ૦) ઉરસ عرس عروس શબ્દ જુઓ.

**ઓલાદ**, સ્ત્રી૦ ( અ૦ **अवलाद** اولاد વલદ=છોકરો, તેનું બહુવચન. વંશજ,) વંશાવળી, જન્મ અથવા કુટુંબ પરંપરા, વર્ગ, વર્ણ, જાત, છોકરાનાં છોકરાં.

**ઓલીઉં**, વિ૦ ( અ૦ **अवलिया** اولیا વલી=મહાત્મા પુરૂષ, તેનું બહુવચન. પારલૌકિક ) ભોળીઉં, ભોળું, નિષ્કપટ, જેને રાગદ્વેષ ન હોય તેવું, બહુ ઊંડી સમજશક્તિ વિનાનું, નહિ પોંહોંચેલું, ઉદાર, ખુલ્લામનનું, નિખાલસ.

**ઓસાફ**, પુ૦ ( અ૦ **अवसाफ** اوصاف વસ્ફ=વખાણ, ગુણ. એનું બહુવચન, ટેવ, આદત, ગુણ. ) ઢંગ, લક્ષણ. ' તમારા ઓસાફની મને ખબર છે.'

**ઓસાર**, પુ૦ ( અ૦ **आसार** آثار =ભીંતની જાડાઇ, અસરનું બહુવચન. ) **'ભીંતનો ઓસાર ૧૨ ઇંચનો છે.'**

## औ. ઔ.

**ઔરંગજેબ**, પુ૦ ( ફા૦ **अवरंग**=તખ્ત,+ जयब=શોભાવનાર ઉપરથી **अवरंगजयब** اورنگ زیب =તખ્તને શોભાવનાર ) શાહજહાંના દીકરા ને આલમગીરનું મૂળ નામ. જેબીદન=સુંદર હોવું, શણગારેલું હોવું ઉપરથી **जयब**.

## ક. क.

**કકળાટ**, પુ૦ ( ફા૦ **कल्कल** کلکل =મિથ્યા બકવાદ ) કળકળવું, બૂમરાણ, ગડબડ.

**કચોલું**, નં૦ (ફા૦ **कच्कोल, कश्कूल** کچکول کشکول =ભીખ માગવાનો ફકીરનો પ્યાલો) કાળો લંબગોળ પ્યાલો. 'કનક કચોલે કેસર ભર્યાં, બાવના ચંદન વિશાળ; લીધા જાઇ જાવંત્રી કેરા, મોગરેલ ચંમેલી હાર. રૂકિમ૦ ક૦ ૧૨ ક૦ ૨

**કજા**, સ્ત્રી૦ ( અ૦ કજી=મરી ગએલો ઉપરથી قضا ગએલો વખત, મોત ), મરણ. **' પ્રજા કેરી કજા ભાળો, સજા થઇ માને સર્વ.' વલ્લભ.**

**કજા રજા**, સ્ત્રી૦ ( અ૦ قضا رضا ) પરમેશ્વરની મરજી, હુકમ, અકસ્માત.

**કજાવો**, પુ૦ ( ફા૦ **कजावह** کجاوہ= ઊંટના બરડા પર બાંધવામાં આવતું પલાણ, જેની બંને તરફ માણસ, ખાસ કરીને સ્ત્રીઓ બેસે છે ). **'મુસાફરી માટે ઊંટ પરના કજાવા, બેલગાડી ને પાલખી વગેરે સાધનો વપરાતાં હતાં.'** બા૦ બાબર.

**કજીઆખોર**, વિ૦ ( અ૦ **कजियह** =લડાઈ +ખોર એ ફા૦ ખુર્દન= ખાવું ઉપરથી, قضیہ خور લડાઇ કરનાર ) ટંટાખોર, તકરારી, તોફાની,

**કજીઆદલાલ**, પુ૦ ( **कजियहदल्लाल** قضیہ دلال =કજિયાની દલાલી કરનાર,) લડાવવાનો ધંધો કરનાર ) મુકદ્દમો લડવાની ગોઠવણ કરી આપનાર.

**કજીઆ રજીઆ**, પુ૦ ( અ૦ **कजियह रजियह** قضیہ رضیہ ) ગુજરાતી પ્રયોગ છે. કંકાસ, લડાઇટંટો

**કજીઓ**, પુ૦ ( અ૦ **कजियह** قضیہ= લડાઇ ટંટો ફસાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કડપ,** પુ૰ ( અ૰ **कर्ब** کرب=શોક, ફિકર, ચિંતાતુર કરવો ) હાક, કરબ.

**કણઝ,** સ્ત્રી૦ ( અ૰ **कराहियत** کراہیت =નાપસંદ કરવું ) કરાંઝવું.

**કત,** સ્ત્રી૦ ( અ૰ **कत्त** قط=કોઇ કઠણ વસ્તુને કાપવી ) કલમને કાપ મૂકવો, લેખણ ઘડયા પછી કત્ત દેવાને પોહોળાઇમાં કાપવું, કલમને ત્રાંસો કાપ મૂકાય છે તે.

**કતકું,** ન૰ ( તુ૰ **कुत्कह** قتقہ=લાકડાનો નાનો કડકો, હાથમાં ઝાલવાની સોટી ) ડંગોરો, ધોકણું. '**શિવજી જાવા સજ થયા, સાથે નંદી ભંગી; વિભૂતિ, ગાળા, કુંડી, કતકાં સામાન લીધાં સંગી.**' હરગોવન.

**કતબા,** પુ૰ ( અ૰ **कत्बाह** کتبہ=લખેલું એક વખત લખવું ) લવાદનામું, પંચાતનામું

**કતલ,** સ્ત્રી૰ ( અ૰ **कत्ल** قتل=કાપવું, કતલ=તેણે ખૂન કર્યું ઉપરથી ) ખૂનરેજી, કાપવું.

**કતલગાહ,** સ્ત્રી૰ ( અ૰ **कत्ल**+ફા૰ **गाह** قتلگاہ=સ્થળ, કતલ કરવાનું ઠેકાણું ) જ્યાં કતલ થતી હોય તે જગા.

**કતલની રાત,** સ્ત્રી૰ ( અ૰ **कत्ल** قتل= મોહોર્રમની ૯ મી તારીખની રાત ) જે રાત્રે તૈયાર કરેલા તાબુત ફેરવે છે તે, કરબલાના મેદાનમાં હજરત પેગંબર સાહેબ ( સ૰ અ૰ ) ના દૌહિત્ર ઇમામ-હુસેન ( ર૦ અ૰ ) તા. ૧૦ મીએ કતલ થયા હતા, માટે કતલની રાત કહેવાય છે.

**કત્લેઆમ,** સ્ત્રી૰ (અ૰ **कत्लिआम** قتل عام =સામાન્ય કતલ ) કાંઇ પણ નિયમ રાખ્યા વિના જે આવે તેની કતલ કરવી તે, વિસ્તીર્ણ કતલ. **નાદિરશાહે 'દિલ્હીમાં અર્ધો દિવસ કત્લેઆમ ચલાવી.' હિં૰ ઇ૦**

**કતાર,** સ્ત્રી૰ ( અ૰ **कितार** قطار=દસથી ઓછાં નહિ એટલી સંખ્યાની ઊંટોની હાર, જેઓ એક પાછળ એક ચાલતાં હોય ) માણસોની કે ઊંટોની હાર, હારકતાર. '**પછી હાલો બાંધીને પાળા કતારબંધ ચાલ્યા.' રા૰ મા૰ ભા૰ ૧**

**કતાલ,** વિ૰ ( અ૰ **कत्ताल** قتال=બહુ કતલ કરનાર માણસ. કતલ=તેણે ખૂન કર્યું ઉપરથી ) ખૂની.

**કતાલ,** સ્ત્રી૰ ( અ૰ **किताल** قتال=લડાઇ ) કાપાકાપી.

**કત્તો,** પુ૰ ( અ૰ **कित्अह** قطعہ=દરેક વસ્તુનો કડકો **कतअ**=તેણે કાપ્યું ઉપરથી ) ખેતરનો ભાગ, કિત્તો.

**કદ,** ન૰ ( અ૰ **कद्द** قد=લંબાઇની તરફથી કાપવું, જંગલ કાપવું, શરીરની લંબાઇ ) ભાર, બોજ, વજન.

**કદખલાઇ,** સ્ત્રી૰ ( **दख्ल** دخل–અ૰=કોઇની વાતચીતમાં વાંધો કાઢવો ) ગુજરાતી ક ઉપસર્ગ. ગુજરાતી પ્રયોગ. ખોટી દખલ-ગીરી કરવી તે. લુચ્ચાઇ, શઠતા.

**કદખલીઉં,** વિ૰ અ૰ **दख्ल** دخل=કોઇની વાતચીતમાં વાંધો ઉઠાવવો ) ગુજરાતી ક ઉપસર્ગ લાગી ગુજરાતી પ્રયોગ ખોટી દખલગીરી કરનાર માણસ. શઠ, ખખીલ.

**કદમ,** ન૰ ( અ૰ **कदम** قدم=પગ, બે પગલાં વચ્ચેનું અંતર ) પગલું.

**કદમનિવાજ,** વિ૰ ( **कदम्** અ,+નવાજ, નવાખ્તન=રાજી કરવું, કૃપા કરવી ઉપરથી કદમ્નવાજ, قدم نواز = રાજીકરનાર, કૃપાળુ ) ગુજરાતી પ્રયોગ છે. જેને પપલે પગલે દયા ને કૃપા રહેલી છે એવો.

**કદમબાજ,** વિ૰ ( અ૰ **कदम्**+**बाज** ફા૰ બાખ્તન=રમવું ઉપરથી قدم باز રમનાર **कदम्बाज** ) ગુજરાતી પ્રયોગ છે. ઉતા-વળે હીંડનાર.

**કદમબોસ,** વિ૰ (અ૰ **कदम्**+**बोस** ફા૰ પ્ર૰ બોસીદન=ચુંબન કરવું ઉપરથી قدم بوس =પાદચુંબન ) પગને ચુંબન કરનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કદમબોસી**, સ્ત્રી૦ ( અ૦ **कदम्+बोसी** قدمبوسی બોસી ફા૦=પાદ ચુંબન ) પગ ચુમવા. 'હું તે માટે તારી કદમબોસી કરતો રહું તારા કદમ–ચરણ–ને બોસા–ચુંબન લીધાં કરૂં.' આત્મ૦ પૃ૦ ૧૫૧

**કદમી**, વિ૦ (અ૦ **कदीम कदीमी** قدیم قدیمی=પુરાતન ) આગલા જમાનાનું ) પારસી લોકોમાં બે વિભાગ છે. કદમી ને શહેનશાહી. ગરીબો જે પહેલાં આવ્યા તે કદમી કહેવાયા, ને રાજવંશીઓ જે પછીથી આવ્યા તે શહેનશાહી કહેવાયા, એમ કહેવાય છે.

**કદર**, સ્ત્રી૦ ( અ૦ **कद्र** قدر=આબરૂ, ઇજ્જત પ્રતિષ્ઠા, માપ; **कदर**=કિસ્મત, હુકમ, ઇશ્વરી હુકુમત. ઇશ્વરના હુકમ બે પ્રકારના છે, જે અકસ્માતથી થાય તેને 'કજા' અને જે એક પછી એક થાય તેને કદર કહે છે. કેટલાક કદરને કદ્ર બંનેને સમાનાર્થ કહે છે. કદર=તે શક્તિમાન થયો ઉપરથી ) બૂઝ, પિછાન, તુલના. **કદર તું પ્રેમની કર તો, હું તારો છું તું મારૂં થા.' કલાપી.**

**કદરદાન**, વિ૦ ( અ૦ **कद्र**+દાનિસ્તન–ફા૦ જાણવું ઉપરથી જાણનાર, قدردان બૂજ જાણનાર ) ગુણજ્ઞ, કામની કીમત જાણનાર.

**કદરવું**, ક્રિ૦ ( અ૦ **कद्र** قدر ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) કદર કરવી.

**કદવા**, સ્ત્રી૦ ( અ૦ **दुआ** دعا=આશીર્વચન ) 'ક' ગુજરાતી ઉપસર્ગ છે. નઠારી દુઆ શાપ.

**કદવાન**, વિ૦ ( અ૦ **कद्द** قد ઉપરથી )વાન, સંસ્કૃત પ્રત્યય કદાવર, હૃષ્ટ પુષ્ટ માણસ, કદાવર માણસ.

**કદા**, પુ૦ ( અ૦ **कदह** قدح=મોટો પ્યાલો ) કદો.

**કદાવર**, વિ૦ ( અ૦ **कद्द+आवर** ફા૦ પ્રત્યય **कद्दावर** قدآور=કદવાળો ( આવુર્દન=લાવવું ઉપરથી આવર.) જબરો માણસ શરીરવાળો.

**કદીમ**, વિ૦ ( અ૦ **कदीम** قدیم =પુરાતન ) જુનું, પ્રાચીન.

**કદીર**, વિ૦ ( અ૦ **कदीर** قدیر=શક્તિમાન. કદર=તે શક્તિમાન થયો ઉપરથી) કુદ્રતવાળો, પરમેશ્વર.

**કદુ**, ન૦ (ફા૦ **कद्दू** کدو=દૂધી, નઇ) દૂધી.

**કદુરત**, સ્ત્રી૦ (અ૦ **कदूरत** کدورت=મલીનતા. કદર=તે ડોહોળાયલું હતું ઉપરથી ) ડહોળાપણું, મનનું ખાટું થવું, શક ઉત્પન્ન થવો.

**કદુવા**, સ્ત્રી૦ ( અ૦ **दुआ** دعا=આશીર્વાદ ) નઠારી દુઆ દેવી તે.

**કનજર**, સ્ત્રી૦ ( અ૦ **नजर** نظر=દૃષ્ટિ ) 'ક' ગુજરાતી ઉપસર્ગ. કુદૃષ્ટિ.

**કનાત**, સ્ત્રી૦ ( તુ૦ **कनात** قنات =તંબુની ચારે તરફના પડદા ) તંબુની કપડાની ભીંત. 'ત્યાં નવરંગ તંબુ તાણિયા, પાથરણાંરે પીળાં; ત્યાંનો કનાતો રે કરામતી, છાયાં અંબર લીલાં.' રૂકિમ ક૦ ૧૪ ક૦ ૧૭.

**કફ**. પુ૦ ( ફા૦ **कफ** کف=હથેલી, અરબીમાં દરિયાનાં મોજાં ) ઉધરસમાં જે મળ પડે છે તે ફીણ જેવો હોય છે, માટે.

**કફન**, ન૦ ( અ૦ **कफन** کفن=મુડદાને જે લુગડામાં લપેટીને દાટે છે તે લુગડું ) શબનું ઢાંકણું.

**કફની**, સ્ત્રી૦ ( અ૦ **कफनी** کفنی=કફન ઉપરથી ) સીવ્યા વિના જે લુગડું-ફકત ફાડીને હાજી લોકો હજ્જની વખતે ગળામાં નાંખે છે તે. કેટલાક ફકીર લોકો પણ એવી રીતે વગર સીવેલું લુગડું ગળામાં ઘાલે છે. મુસલમાનોમાં મડદાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ એવીજ કફની પહેરાવે છે. '**ન ધારૂં હું કદી કફનો, દગ્ધ દિલપર ન સારૂં ખાક.**' કલાપી.

**કફેલાત**, સ્ત્રી૰ (અ૰ **कफालत** كفالت= જામિન થવું.) ભીંતે ચુનાનો થર–લેપ લગાડવો તે. છો, ચુનાનો ગિલાવો. એ લેપ, તે જાણે ભીંતનો જામિન છે માટે.

**કફા**, વિ૰ ( અ૰ **खफा** خفا=ગુપ્તપણું) ક્રોધ. કારણકે ક્રોધની વખતે માણસની માણસાઇ છુપાઇ જાય છે.

**કફાત**, સ્ત્રી૰ ( અ૰ **कफ्फारह** કે **कफ्फारत** كفارت كفاره=ઢાંકનાર, દૂર કરનાર. મુસલમાની શરે પ્રમાણે પાપમાંથી છૂટવા માટે જે પુણ્યદાન કરાય છે તે. ફારસીમાં કફારા કે કફારત વપરાય છે). નુકસાની, હાનિ, ગેરલાભ.

**કબજ**, વિ૰ (અ૰ **कब्ज** قبض=ઝાલવું કબજ=તેણે લીધું ઉપરથી ) સ્વાધીન બંધાએલું.

**કબજ**, વિ૰ ( અ૰ **कबज** قبض=પેટમાં દરદ થવું. ) કબજીઅત.

**કબજાગીરો**, વિ૰ (અ૰ **कब्जह्**+ગીરો, ફારસી ગિરિફતન=પકડવું ઉપરથી قبضہ گرو =કબજે લીધેલો ) હવાલા સાથે ધરેણે આપેલું હોય એવું.

**કબજાન**, પુ૰ ( અ૰ **कब्जह्** قبضہ ) કબજો, હવાલો.

**કબજિઆત**, સ્ત્રી૰ (અ૰ કબ્જ+યત મળીને **कब्जियत** قبضیت=ઝાડો ખુલાસો ન આવવો તે) રોકાણ, બંધકોશ, મળાવરોધ.

**કબજેદાર**, વિ૰ ( અ૰ **कब्जह्+दार** ફા૰ પ્રત્યય قبضہ دار ) કબજાવાળો.

**કબજેરાખવું**, ક્રિ૰ ( અ૰ **कब्ज** ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) પોતાને વશ રહે એમ કરવું.

**કબજો**, પુ૰ ( અ૰ **कब्जह** قبضہ ) કબજો, તાબો.

**કબર**, સ્ત્રી૰ ( અ૰ **कब्र** قبر ) મુડદું દાટીને તે ઉપર ચણેલું ચણતર કે પત્થરની બનાવેલી ઘોર.

**કબરસ્તાન**, ન૰ ( અ૰ **कब्र+स्तान** ફા૰ ઠેકાણું قبرستان=કબરોનું ઠેકાણું ) જ્યાં મુડદાં દટાતાં હોય તે જગા.

**કબલ**, અ૰ ( અ૰ **कब्ल** قبل=પ્રથમ ) પહેલાં.

**કબા**, સ્ત્રી૰ ( અ૰ **कबा** قبا=અમીરોનો એક જાતનો પોશાક ) ઓવરકોટ જેવો પોશાક.

**કબાજી**, સ્ત્રી૰ ( ફા૰ બાખ્તન=રમવું ઉપરથી બાજી بازی=રમત, એને ગુજરાતી 'ક' ઉપસર્ગ લાગવાથી થએલો શબ્દ) કાર્યનું બગડી જવું તે. સારૂં કરતાં ખોટું થઇ જાય એવું થઇ જવું તે.

**કબાબ**, પુ૰ ( ફા૰ **कबाब** کباب ) છુંદેલા માંસની ગોળીઓ કે મુઠીઆં કરી ઘી કે તેલમાં તળે છે તે.

**કબાબચીની**, સ્ત્રી૰ ( ફા૰ **कबाबचीनी** کباب چینی ) ચીનીકબાલા, એક જાતની દવા છે.

**કબાલો**, પુ૰ ( અ૰ **कबालह** قباله= માની લેવું ) કબુલ કરવું, દસ્તાવેજ, સાટું, સાટાખત.

**કબાહત**, સ્ત્રી૰ ( અ૰ **कबाहत** قباحت =બુરાઇ ) અડચણ, ભુંડાશ.

**કબીર**, પુ૰ ( અ૰ **कबीर** کبیر=મોટો, કબર=તે મોટો હતો ઉપરથી ) મહાન.

**કબીરપંથ**, પુ૰ ( અ૰ **कबीर** ) કવિ કબીરે ચલાવેલો પંથ.

**કબીરપંથી**, વિ૰ ( અ૰ **कबीर** ) કબીર પંથના અનુયાયીઓ.

**કબીરો**, પુ૰ (અ૰ **कबीरह** کبیره=મોટો) મુસલમાન શરે પ્રમાણે ગુનાહના બે પ્રકાર છે. નાના અપરાધને સગીરા ને મોટાને કબીરા કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કબીરો,** પુ० ( ફા० **कबीरह** كبيره = માટીનો પ્યાલો) માટીનું પાત્ર, રામપાત્ર.

**કબીલદાર,** વિ० ( અ० **कबीलह्+दार**– ફા० قبيلدار કબીલાવાળો. ) બાલબચ્ચાંવાળો, બચડવાળ.

**કબીલો,** પુ० ( અ० **कबीलह** قبيله = એક માબાપનાં છોકરાંછૈયાં ) ટોળું, બાલબચ્ચાં, પરિવાર. '**આપની બેગમો પણ દોલતખાનાના કબીલા સાથે છે**' **બા. બાબર.**

**કબીસો,** પુ० ( અ० **कबीसह** قبيصه = માટીથી પુરી દીધેલો કૂવો કે નહેર ) ચાંદ્રવર્ષ કરતાં સૌર્ય વર્ષ ૧૧ દિવસ મોટું છે તે દિવસો. પારસી વર્ષ ૩૬૦ દિવસનું હોય છે તેઓ છેલ્લા મહીનાના ૩૫ દિવસ ગણે છે અને એ પાંચ દિવસ કબીસાના કહેવાય છે અને તે તહેવાર ગણાય છે.

**કબુતર,** ન० ( ફા० **कबूतर** كبوتر ) એક જાતનું પક્ષી.

**કબુતરી,** સ્ત્રી० ( ફા० **कबूतर** كبوترى ) કબુતરની માદા.

**કબુલ,** વિ० ( અ० **कबूल** قبول =હા પાડવી ) મંજુર, માન્ય રાખવું.

**કબુલણી,** સ્ત્રી० ( અ० **कबूल** ઉપરથી ) કબુલાત.

**કબુલત,** સ્ત્રી० (અ० **कबूल** ઉપરથી) કબુલાત.

**કબુલવું,** ક્રિ० ( અ० **कबूल** ઉપરથી ) ગુજરાતી ક્રિયાપદ, વચન આપવું, હા પાડવી.

**કબુલમંજુર,** વિ० ( અ० **कबूलमंजूर** قبول منظور =કબુલ રાખવું. ) સ્વીકાર કરવો.

**કબુલાત,** સ્ત્રી० ( અ० **कबूलिय्यत** قبوليت =માની લેવું ) કબુલ કરવું.

**કબુલાતનામું,** ન० ( અ० **कबूलिय्यत्+ नामह**–ફા० قبوليت نامه કબુલ છે એવું મોઢેથી કે લખાણથી નક્કી કરવું તે ) કરારનામું.

**કબુલાવવું,** ક્રિ० ( અ० **कबूल** قبول ઉપરથી ) ગુજરાતી ક્રિયાપદ, કબુલ કરાવવું.

**કબુલી,** સ્ત્રી० ( અ० **कबूली** قبولى = ફકત ચોખા ને ચણાની દાળનો પુલાવ ) એક જાતનો પુલાવ, જમણ.

**કમ,** વિ० ( ફા० **कम** كم =ઓછી) ખરાબ ફારસી ઉપસર્ગ છે.

**કમઅક્કલ,** વિ० ( ફા० **कम्+अक्ल** અ० **कम्अक्ल** كم عقل =ઓછી અક્કલવાળો) કમસમજ.

**કમકદર,** વિ० ( ફા० **कम्+कद्र** અ० દરજ્જો, પદવી كم قدر ) કોઇના કામની જેને ઓછી કીમત હોય તે. ગુજરાતી પ્રયોગ છે.

**કમકૌવત,** વિ० ( ફા० **कम्+कुव्वत** અ० كم قوت =ઓછી શકિતવાળો ) નબળો, અશકત.

**કમકૌવતી,** સ્ત્રી० ( ફા० **कम्+कुव्वती** كم قوتى =અશકિત ) નબળાઇ.

**કમખરચાળ,** વિ० ( **कम्** ફા०+**खर्च** ફા० +**आल** ગુજરાતી પ્રત્યય=ઓછા ખરચવાળું ). સોંઘું, સસ્તુ.

**કમખરચી,** વિ० ( **कम्+खर्ची** كم خرچى =નિર્ધનતા ) પૈસા ન હોય એવી સ્થિતિ.

**કમચી,** સ્ત્રી० ( તુર્કી, **कम्ची** قمچى= કોરડો ) ચાબુક.

**કમજબાન,** સ્ત્રી० ( ફા० **कम्जबान–कम्जुबान** كم زبان=ઓછું બોલનાર, કાંઇ પણ બહાનું ન કાઢતાં હુકમ માનનાર, આજ્ઞાંકિત ) ભુંડી બોલી, અપશબ્દ.

**કમજરે,** અ० (મુજરા مجرا=જારી રાખવું; અ० 'ક' ગુજરાતી ઉપસર્ગ ) મજરે ન આવે એવું, ફોકટ, નકામું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કમજાત,** વિ૦ (**कम्** ફા૦+**जात** અ૦ **कम्जात** کم ذات=ઓછું પાત્ર) હલકી જાતનું, નીચ.

**કમજાદે,** અ૦ (**कम्** ફા૦+**जियादह** અ૦ =વધારે کم زیادہ ઓછુંવતું) કમી જાસ્તી.

**કમજુરૃત,** વિ૦ (**कम्+जुरअत**=અ૦ શક્તિ کم جرأت=ઓછી ચાલાકીવાળો) કમજોર, ઓછી શક્તિવાળો.

**કમજુસ્ત,** વિ૦ (ફા૦ **कम्जोश**=જોશીદન=ઉકળવું ઉપરથી જોશ کم جوش=ઓછા જોશવાળો) જુસ્સા વિનાનો, નિર્બળ.

**કમજોર,** વિ૦ (ફા૦ **कम्जोर** کم زور ઓછા જોરવાળો) નિર્બળ, અશક્ત.

**કમજોરી,** સ્ત્રી૦ (ફા૦ **कम्जोरी** کم زوری= અશક્તિ) નબળાઇ.

**કમતર,** વિ૦ (ફા૦ **कम्तर** کمتر=વધારે ઓછું) કમતી. સંસ્કૃતમાં અધિકતા વાચક ને શ્રેષ્ઠતા વાચક પ્રત્યય અનુક્રમે 'તર' ને 'તમ' છે, ફારસીમાં 'તર' ને 'તરીન' છે.

**કમતરીન,** વિ૦ (ફા૦ **कम्तरीन** کمترین =ઘણુંજ ઓછું). સૌથી ઓછું.

**કમતાકાત,** વિ૦ (ફા૦ **कम्+ताकत** અ૦ **कम्ताकत** کم طاقت=ઓછીશક્તિવાળો) નિર્બળ; 'તાકત'નું બહુવચન 'તાકાત' છે.

**કમતાકાતી,** સ્ત્રી૦ (ફા૦ **कम्+ताकती** અ૦ **कम्ताकती** کم طاقتی નિર્બળપણું) અશક્તિ, નબળાઇ.

**કમતી,** વિ૦ (ફા૦ **कम** کم ઉપરથી) ગુજરાતી પ્રયોગ. ઓછું,

**કમનજર,** સ્ત્રી૦ (ફા૦ **कम्+नजर** અ૦ દૃષ્ટિ, **कम्नजर** کم نظر=ઓછી દૃષ્ટિ) અવકૃપા.

**કમનસીબ,** વિ૦ (ફા૦ **कम्+नसीब** અ૦ **कम्नसीब** کم نصیب=ભાગ્યહીન) ઓછા નસીબ વાળો, કમબખ્ત.

**કમનસીબી,** સ્ત્રી, (ફા૦ **कम्+नसीबी** અ૦ **कम्नसीबी** کم نصیبی ભાગ્યહીનતા) કમનસીબપણું.

**કમપેશ,** વિ૦ (ફા૦ **कम्बेश** કમ=ઓછું +બેશ=વધારે کم بیش = ઓછુંવતું) થોડું ઘણું.

**કમફુરસદ,** વિ૦ (ફા૦ **कम्+फुर्सत** અ૦ **कम्फुर्सत** کم فرصت=ઓછી નવરાશ વાળો) ઓછી ફુરસતવાળો.

**કમફુરસદી,** સ્ત્રી૦ (ફા૦ **कम्+फुर्सती** અ૦ **कम्फुर्सती** کم فرصتی=ઓછી નવરાશ) નવરાશનું કમી હોવાપણું.

**કમબખત,** વિ૦ (ફા૦ **कम्बख्त** کم بخت =ભાગ્યહીન, બખ્ત=નસીબ) દુર્ભાગી, ઠગ, લુચ્ચું.

**કમબખ્તી,** સ્ત્રી૦ (ફા૦ **कम्बख्ती** کم بختی=દુર્દૈવ) દુર્દશા, ભાગ્યહીનતા.

**કમબેશ,** વિ૦ (ફા૦ **कम्बेश** کم بیش= ઓછુંવતું) થોડુંઘણું. '**રાજા પ્રજા તરફની ફરજ ભૂલી વ્યક્તિ પોતાના જ કમબેશ ફાયદાની વાત કરતી.' નં૦ ચરિ૦**

**કમયાબ,** વિ૦ (ફા૦ **कम्याब** યાફતન= પામવું ઉપરથી کم یاب ઓછું મળી શકે એવું, દુર્લભ) સહેજે ન મળે એવું.

**કમર,** સ્ત્રી૦ (ફા૦ **कमर** کمر=કેડ, દરેક વસ્તુનો વચલો ભાગ) કમર, કેડ.

**કમરકસ,** વિ૦ (ફા૦ **कमर्कश** کمرکش= વીર પુરૂષ. કશીદન=ખેંચવું ઉપરથી કશ= ખેંચનાર, કમર બાંધનાર) બહાદુર માણસ, શૂરવીર.

**કમરપટી,** સ્ત્રી૦ (ફા૦ **कमर**+પટી ગુ૦) કમરે બાંધવાની પટી.

**કમરપટો,** પુ૦ (ફા૦ **कमर**+પટો, ગુ૦) કમરે બાંધવાનો પટો.

**કમરબંધ,** પુ૦ (ફા૦ **कमर्बंद** کمربند બસ્તન=બાંધવું ઉપરથી, બંદ, કમર બાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનાર, ચાકર ) કમરે બાંધવાનો પટો, સજ્જ, તૈયાર. ' રજપુતો હમેશા કમરબંધ રહેતા. '

**કમસુખન**, વિ૦ (ફા૦ **कम्सुखन, कम्सखुन, कम्सुखुन.** સખુન, સુખુન, સુખન= વાતચીત کمسخن=ઓછું બોલનાર ) શરમાળ.

**કમાન**, સ્ત્રી૦ ( ફા૦ **कमान** کمان=ધનુષ્ય) કામઠું. કમાન જેવો આકાર, Arch. ' **કમાનમાંથી છુટતા તીરની તરફ નીહાળવાથી** શો ફાયદો ' ? નંદ. ચરિ.

**કમાનદાર**, વિ૦ ( ફા૦ **कमान्दार** کماندار =કમાનવાળું ) અર્ધગોળાકાર.

**કમાની**, વિ૦ ( ફા૦ **कमानी** کمانی= કમાન જેવું ) વાંકું, કમાનવાળું

**કમાલ**, વિ૦ ( અ૦ કમાલ کمال=સંપૂર્ણતા. કમલ=તે સંપૂર્ણ હતું ઉપરથી ) આખું, ભરપુર; ' વાહવાહ કમાલ કર્યો' નંદ. ચરિ.

**કમી**, વિ૦ ( ફા૦ **कमी** کمی=ન્યૂનતા ) ઓછપ, ઉણપ.

**કમીજાસ્તી**, વિ૦ (ફા૦ **कमी**, અ૦ **जियादती,कमीजियादती** کمی زیادتی =ઓછું વ-તું ) કમજાદે, વધઘટ.

**કમીન**, વિ૦ ( ફા૦ **कमीनह** کمینہ=નીચું, હલકું ) કપટી, હલકા સ્વભાવનો.

**કમીના**, સ્ત્રી૦ ( ફા૦ **कमीनह** کمینہ= નીચું, હલકું ) કપટી, હલકા સ્વભાવનો. (૨) ઊણપ, તાણ. '**એને શી કમીના છે.**'

**કમીનો**, વિ૦ ( ફા૦ **कमीनह** کمینہ=નીચ. હલકું ) કપટી, હલકા સ્વભાવનો.

**કમીસ**, ન૦ (અ૦ **कमीस** قمیص=પહેરણ) પહેરણ જેવું, બદન, ખમીસ.

**કમોત**, ન૦ ( અ૦ **मवृत** موت=મરણ ) ' ક ' ગુજરાતી ઉપસર્ગ ) કુદરતી રીતે મરણ ન થયું હોય તે.

**કમોતીઉં**, વિ૦ ( અ૦ **मवृत** موت=મરણ) કમોતે મરી ગએલું.

**કમોસમ**, સ્ત્રી૦ ( અ૦ **मव़्सिम** موسم =ઋતુ ) 'ક' ગુજરાતી ઉપસર્ગ. કરત, કદહાડો, મોસમ વિનાનું.

**કમ્મર**, સ્ત્રી૦ ( ફા૦ **कमर** کمر =દરેક વસ્તુનો વચલો ભાગ ) કેડ.

**કરજ**, ન૦ ( અ૦ **कर्ज़** قرض=દેવું. કરજ=તેણે કાપ્યું ઉપરથી. કરજ આપવા લેવાથી મિત્રતા કપાઇ જાય છે માટે કરજ એ મિત્રતાની કાતર છે એમ કહેવાય છે ) દેવું.

**કરજદાર**, વિ૦ ( અ૦ **कर्ज+दार** ફા૦= قرضدار=કરજવાળો ) દેવાદાર.

**કરજા**, વિ૦ ( અ૦ **कर्ज़** ઉપરથી=દેવાદાર ) કરજદાર.

**કરજી**, વિ૦ ( અ૦ **कर्ज़** ઉપરથી=ઋણી ) કરજદાર.

**કરપ**, કડપ જુઓ.

**કરબલા**, સ્ત્રી૦ ( **कर्बला** کربلا ) એશિઆઇ તુર્કસ્તાનમાં એક મેદાન છે જ્યાં જનાબ પેગંબર સાહેબ (સ. અ.)નાં દૌહિત્ર ઇમામહુસેન (ર. અ.) ધર્મયુદ્ધમાં માર્યા ગયા હતા. જેમના સ્મરણ માટે મહોરમમાં તાબુત બનાવાય છે. ' **કરબલા શબ્દ કાને, પડે, કે હુહુનો શોકોદ્ગાર કરવો. નંદ૦ ચરિ૦**

**કરમકલ્લા**, સ્ત્રી૦ (ફા૦ **करम्कल्ला** کرمکلا= કોબીજ ) કરમકલ્લાની ભાજી.

**કરમજ**, કીરમજ શબ્દ જુઓ.

**કરમબખશી**, સ્ત્રી૦ ( કરમ **अ०** મહેરબાની+ બખ્શી, બખ્શીદન, ફા૦ બખ્શવું ઉપરથી کرم بخشی = મહેરબાની કરવી ) મહેરબાની.

**કરમાણી અજમો**, પુ૦ ( ફા૦ **किर्मान** કે **कर्मान** એક પ્રાંત છે, ત્યાંથી એ અજમો આવે છે માટે ) કરમાન પ્રાંતથી આવતો અજમો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કરવરૂં**, વિ० ( અ० **कहत्** قحط=દુષ્કાળ ) ખરડીઉં, ઓછા પાકવાળું વર્ષ.

**કરંજો**, પુ० ( ફા० **कारंज** کارنج=હોજ ફુવારો, ફુવારાવાળી જગા.

**કરાહયત**, સ્ત્રી० ( અ० **कराहियत** کراہیت=ના પસંદગી. કરહ = તેણે ધિક્કાર્યું ઉપરથી ) સૂગ, અણગમો.

**કરાબીન**, સ્ત્રી० ( ફા० **कराबीन** قرابین =નાની બંદૂક ) બંદૂક.

**કરામત**, સ્ત્રી० ( અ० **करामत** کرامت= ચમત્કાર ) અદ્દભુતપણું. '**કિસ્મત કરામત ઓર છે, કીધો નશો કાતિલ;** ગુ० ગજ०

**કરામતી**, વિ० ( અ० **करामती** کرامتی કરામતવાળો ) ચમત્કારવાળો. '**ત્યાં તો નવરંગ તંબુ તાણિયા, પાથરણાં રે પીળાં; ત્યાંતો કનાતો રે કરામતી, છાપ્યાં અંબર લીલાં. રૂક્મિ० ક. ૪-ક૦-૧૯.**

**કરાર**, પુ० ( અ० **करार** قرار = આરામ કર્ર=તેણે આરામ લીધો ઉપરથી ) ઠરાવ સુખ, વાયદો.

**કરારદાદ**, સ્ત્રી० ( અ० **करार+दाद** ફા० દાદન=આપવું ઉપરથી. قرارداد=વાયદો કરવો,) શાંતિ થાય એમ કરવા અરજ કરવી.

**કરારનામું**, ન० ( અ० **करार+नामह** ફા० **करारनामह** قرارنامہ=દસ્તાવેજ; ઠરાવ ) લખત, ઠરાવપત્ર.

**કરારપત્ર**, ન० ( અ० **करार्** قرار+પત્ર સં. કરારનામું ) સાટાપત્ર.

**કરારવું**, ક્રિ० ( અ० **करार** قرار ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) કરાર કરવો. ' મેં તો વચને કીધેલ છે વાત, કરારેલ કોલ રે ! ભોજોભગત.

**કરાળીઓ**, પુ० ( ફા० **कुलाल** کلال = કુંભાર ) માટીનાં વાસણ વેચનાર.

**કરીનો**, પુ० ( અ० **करीनह** قرینہ = મળી જવું, કોઈના જેવું હોવુ ) દસ્તુર, ધારો.

**કરેફિર**, પુ० ( અ० **कर्र** = હુમલો કરવો + **फर**, ફા. کروفر વૈભવ, ભપકો બંને શબ્દો ઉભયાન્વયી અવ્યયથી જોડાઈ **कर्रोफर** શબ્દ થયો=ઠાઠમાઠ, ભપકો ). '**તેણે પોતાના ફોજી જવાનોને કરેફિરથી રવાના કર્યાં.' બાદશાહ બાબર.**

**કરાંજ**, સ્ત્રી० કણઝ શબ્દ જુઓ.

**કરાંજવું**, ક્રિ० કણઝ શબ્દ જુઓ.

**કરીમ**, વિ० ( અ० **करीम** کریم = કૃપાળુ, કરમ=મહેરબાની કરી ઉપરથી ) દયાળુ, પરમેશ્વર.

**કરીમા**, સ્ત્રી० ( અ० **करीमा** کریما = હે દયાળુ ) એ નામની એક કિતાબ શેખ સાદીએ પદ્યમાં લખી છે. જેનો પહેલો શબ્દ ' કરીમા ' છે માટે એ નામથી પ્રખ્યાત છે. ગુજરાતી કન્યા વાંચનમાળા.

**કલઈ**, કલાઇ શબ્દ જુઓ.

**કલકલાટ**, કકળાટ શબ્દ જુઓ.

**કલકલાણ**, કકળાટ શબ્દ જુઓ.

**કલગી**, સ્ત્રી० ( તુર્કી, **कलगी** قلغی = પાઘડી ઉપર શોભામાટે રાખવામાં આવે છે, તે ). મુગટ પરનો એક શણગાર. ' એ એની તકરારમાંથી જ બહુજ સંપ્રદાયો થયા છે. છેક હલકી લાવણી ગાનારા પણ બે ભાગ માને છે. શાક્ત તે કલગીવાળા, શૈવ તે તુરાવાળા. બીજા ઢુંઢક વગેરે હોય છે. તે ઉભયરૂપ અનન્યત્વને-બ્રહ્મ-ને માને છે.' સિદ્ધાંત સિ० સા૦ પૃ.૩૦૯.

**કલગીદાર**, વિ० ( તુ० **कलगी+दार** ફા० પ્ર० کلغی دار = કલગીવાળું ) છોગાળું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કલપ**, પુ૦ (અ૦ **कल्फ** کلف=મોંપર ડાઘ પડી જાય છે તે) વાળ કાળા કરવાનો એક જાતનો રંગ.

**કલબલ**, કકળાટ શબ્દ જુઓ.

**કલબલાટ**, કકળાટ શબ્દ જુઓ.

**કલમ**, સ્ત્રી૦ (અ૦ **कलम** قلم=લેખણ, કલમ=છોલ્યું, કાપ્યું ઉપરથી) ઝાડ ઉપર એક પ્રકારની ક્રિયા કરે છે તે.

**કલમકશ**, વિ૦ (**कलम्कश** قلم‌کش-કલમ-અ૦ + કશીદન=ખેંચવું ફા૦ ઉપરથી કશ=ખેંચનાર કલમકશ=લખનાર) છટાદાર લખાણ કરનાર, સારી રીતે લખી જાણનાર.

**કલમકશી**, સ્ત્રી૦ (**कलम्कशी** قلم‌کشی =લખવાનું કામ) લખવું, છટાદાર લખાણ 'ન્યાયાસન ઉપર બેસનાર, કલમકશીનો, ધંધો કરનાર, કે પંચાયતમાં પટલાઇ કરનાર કોઇને પણ અમુક કામતો જાહેર એટલે સાર્વજનિક ઉપયોગિતાનું છે એનો પક્કો ખ્યાલ જણાતો નથી. સુ૦ ૬૦પૃ.૫૦૦

**કલમકસાઇ**, પુ૦ **कलम्कसाइ**-કસાઇ એ અરબી કસ્સાબ ઉપરથી **कलम्कस्साब** قلم‌قصاب=લખાણથી કસાઇ જેવું કામ કરનાર) ગુજરાતી પ્રયોગ છે. લખાણ મારફત બહુ સખ્ત શિક્ષા કરનાર.

**કલમતરાશ**, વિ૦ (**कलम्तराश** قلم‌تراش કલમ અરબી, તરાશીદન=કાપવું ઉપરથી ફારસી તરાશ શબ્દ=કાપનાર.=ચપુ) કલમ ઘડવાની છરી, કલમ ઘડનાર.

**કલમદાન**, ન૦ (**कलम्दान** قلمدان-દાન ફા૦ રાખવાની જગા કલમ રાખવાની પેટી) કલમનું ઘર.

**કલમબંદી**, સ્ત્રી૦ (**कलम्बंदी** قلم‌بندی બસ્તન ફા૦=બાંધવું ઉપરથી બંદી= બાંધવું. કલમવારી લખાણ) કોલકરાર શરત

**કલમબંદીવેરો**, પુ૦ ખેડુતો પાસેથી સરખી રીતે જે કર લેવાતો હોય તે. વેરો ગુજરાતી શબ્દ છે.

**કલમી**, સ્ત્રી૦ (અ૦ **कलमी** قلمی-કલમ સાથે સંબંધ રાખનાર) કલમની ક્રિયા કરી ઉગાડેલું ઝાડ, કલમી આંબો.

**કલમો**, પુ૦ (અ૦ **कलिमह, कलमह** کلمه=મુસલમાની ધર્મનું મૂળ સૂત્ર. **लाइलाहा इल्लल्लाहो मुहंमदुर्रसूलुल्लाह** =અલ્લાહ વિના બીજો કોઇ અલ્લાહ નથી ને મુહંમદ (પેગંબર સાહેબ સ. અ) તેના રસુલ છે) ફરમાન, આજ્ઞા, મુસલમાની ધર્મની દીક્ષા લેતાં જે વચન પઢાવે છે તે.

**કલંદર**, પુ૦ (અ૦ **कलंदर** قلندر=એક જાતના ફકીર). કલંદર ફકીરોની એક જાતિ છે. 'અને કલંદર જાતિના ફકીરો, ઘરબાર, ઓરત, બાલબચ્ચાં, તથા દોસ્ત આશનાઓ તેમજ ધનમાલના લોભને ત્યાગી હાથમાં જે હોય તે ઉડાવી દઇને માથાના તેમજ દાઢી મૂછોના વાળોને મુંડાવી નાખીને ગમે ત્યાં ભટકતા ફરે છે અને ખુદા જે કાંઇ આપે તે ખાય છે. એ પ્રમાણેનો ધર્મ હોવાથી બાબરને 'કલંદર' ઉપનામ મળ્યું હતું, ને તે યોગ્યજ હતું' બાદશાહ બાબર.

**કલાઈ**, સ્ત્રી૦ (અ૦ **कलइ** قلعی **कलअ** નામે ખાણમાંથી નીકળે છે માટે) એક ધાતુ.

**કલાઇગરો**, પુ૦ (અ૦ **कलई+गर** ફા૦ **कलईगर** قلعی‌گر=કલાઇ કરનાર) વાસણને કલાઇ ચડાવનાર.

**કલાઇસપેતો**, પુ૦ (અ૦ **कलई + सफेदह** ફા૦ قلعی‌سفیده=કલાઇ બાળીને કરેલી ધોળી રાખ) આ વસ્તુ ધારાં ને ચાંદાં ઉપર ચોપડવાના કામમાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કલાબુત,** પુ૦ ( **कलावा** ફા૦ સુતરનો લોચો+**आल्तुं** તુર્કી=સોનું મળીને **कलावतूनं** کلابتون=સોનું ને તારની મેળવણીથી બનાવેલી વસ્તુ ) કસબ.

**કલાબો,** પુ૦ ( અ૦ **कुलाबह** کلابه=માછલાં પકડવાનો લોઢાનો કાંટો ) બાંધનો કાપ.

**કલામ,** સ્ત્રી૦ ( અ૦ **कलाम** کلام=વચન–**कलम**=તે બોલ્યો ઉપરથી) ભાષા,બોલી. હજારો ઓલિયા મુર્શિદ ગયા માશૂકમાં ડૂલી; ન ડૂલ્યા તે મુઆ એવી, કલામો સુપ્ત ગાઇ છે. સુ૦ ગ૦ ૧૭

**કલાલખાનું,** ન૦ ( ફા૦ **खानह**=ઘર. ) દારૂનું પીઠું.

**કલૈ,** જુઓ કલાઇ.

**કલૈગરો,** જુઓ કલાઇગરો.

**કલૈસપેતો,** જુઓ કલાઇ સપેતો.

**કલેમેશરીફ,** ન૦ ( અ૦ **कलामिशरीफ**, કલામ=વચન+શરીફ=પ્રતિષ્ઠિત.کلام شریف પ્રતિષ્ઠાવાળું વચન. મુસલમાની ધર્મ પુસ્તક ) કુરાન.

**કવખત,** પુ૦ (અ૦ **वक्त**, وقت=વખત) કવેળા.

**કવાબ,** પુ૦ ( ફા૦ **कबाब** کباب=એક પ્રકારની વાની ) છુંદેલા માંસની ગોળીઓ કે સુઠીઆં કરી ઘી કે, તેલમાં તળે છે તે કયે શેતાન ભઠિઆરે, મિલાવી કબાબમાં હડ્ડી ? ગુ૦ ગ૦

**કવાયત,** સ્ત્રી૦ ( અ૦ **कवाइद** قواعد=ડ્રિલ. કઅદ=તે બેઠો ઉપરથી **काइदह** તે તેનું બહુવચન **कवाइद** ) યુદ્ધકળા ચાતુર્ય, યુક્તિ. તરતીબ.

**કવાયતી,** વિ૦ ( અ૦ **कवाइदी** قواعدی =કવાયદ પામેલું ) કેળવાએલું, સુશિક્ષિત.

**કવાલ,** પુ૦ ( અ૦ **कव्वाल**=બહુ બોલનાર. قوال **कअल** = તે બોલ્યો ઉપરથી ) ગવૈયો, ગાનાર.

**કવાલી,** વિ૦ ( અ૦ **कव्वाली** قوالی= એક પ્રકારનું ગાન ) ખ્યાલ ટપ્પાનું તાણીને ગાવાનું ગાન.

**કસ,** પુ૦ ( ફા૦ **कशीदन**=ખેંચવું ઉપરથી **कश** کش ) ( અથવા અરબી **कस्स** قص=કાપવું ઉપરથી ) સોનાનો કસ, સોનું પારખી જોવું તે.

**કસદ,** સ્ત્રી૦ ( અ૦ **कस्द** قصد=ઇરાદો ) ધારણા હેતુ, આશય.

**કસબ,** પુ૦ ( અ૦ **कस्ब** کسب=મેળવવું, પેદાકરવું ) ધંધો, ઉદ્યોગ, રોજગાર, રેશમના તાંતણા સાથે વણેલા સોનારૂપાના તાર.

**કસબચોર,** વિ૦ ( અ૦ **कस्ब** کسب ) ધંધામાં ચોરી કરનાર. પોતાની આવડત છુપી રાખનાર.

**કસબણ,** સ્ત્રી૦ ( અ૦ **कस्ब** کسب=ધંધો ઉપરથી ) વેશ્યા, નાચનાર ગાનાર સ્ત્રી, પાતર.

**કસબાતણ,** સ્ત્રી૦ ( અ૦ **कसबह** قصبه= નાનું શહેર, મોટું ગામડું–ઉપરથી ) કસ્બાની રહેનારી સ્ત્રી.

**કસબાતી,** પુ૦ ( અ૦ **कसबह** ઉપરથી એનું બહુવચન **कसबात** ઉપરથી ) قصباتی કસબાના રહેનાર.

**કસબી,** વિ૦ ( અ૦ **कस्ब** کسبی=ધંધો ઉપરથી ) કસબ જાણનાર, હુશીઆર કારીગર.

**કસબો.** પુ૦ ( અ૦ **कसबह** قصبه=મોટું ગામ, નાનું શહેર ) જ્યાં મુસલમાનોની વસ્તી વિશેષ હોય તેવું ગામ.

**કસમ,** પુ૦ ( અ૦ **कसम** قسم=સોગંદ ) કસમ, સોગન, પ્રતિજ્ઞા. 'મેં વારંવાર કસમ લીધા છે કે વેર વાળીશ,' ગુલાબસિંહ

**કસમનામું,** ન૦ ( અ૦ **कसम्+नामह** قسم نامه=ફા૦ **कसम्नामह**=સોગંદ નામું) સોગન ઉપર લખાવેલું લખાણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કસર**, સ્ત્રી૦ ( અ૦ **कस्र** قصر=ટુંકું કરવું, કરકસર કરવી. કસર=માપ કરતાં ઓછું હતું ઉપરથી ) કચાશ, ઉણપ, ખૂટ, ખોડ, ખામી.

**કસરત**, સ્ત્રી૦ ( અ૦ **कस्रत** کثرت=બહુ, વિશેષતા, માણસોનું ટોળું ) ગુજરાતીમાં શરીર કસવાની ક્રિયા વગેરે અર્થમાં વપરાય છે. ઉર્દૂમાં કસરત શબ્દ વપરાય છે, પણ તેની જોડણી (کسرت) જુદી છે. વ્યાયામના અર્થમાં **वर्जिश** કે **रियाजत** શબ્દો વપરાય છે.

**કસરતબાજ**, વિ૦ કસરત કરનાર, કસરતી.

**કસરતશાળા**, સ્ત્રી૦ ( શાળા સં૦ ) અખાડો કસરત કરવાની જગા.

**કસરતી**, વિ૦ કસરતબાજ.

**કસરીઉં**, વિ૦ (અ૦ **कस्र** قصر=ટુંકું કરવું) કસર કરનાર, કંજુસ, કૃપણ.

**કસાઈ**, પુ૦ ( અ૦ قصاب **कस्साब** ઉપરથી. **कस्स**=કાપવું, કાતરવું ઉપરથી ) પશુઓ મારી તેનું માંસ વેચવાનો ધંધો કરનાર, ખાટકી.

**કસાઇવાડો**. પુ૦ વાડો ગુજરાતી શબ્દ છે. ખાટકીવાડો કસાઇઓને રહેવાનું ઠેકાણું.

**કસાકસ**, સ્ત્રી૦ ( ફા૦ **कशाकश** کشاکش કશીદન=ખેંચવું ઉપરથી, ખેંચતાણ ) ખેંચાખેંચી, સ્પર્દ્ધા. **कश्मकश**નો પણ એજ અર્થ છે,

**કસાકસી**, સ્ત્રી૦ કસાકસ શબ્દ જુઓ.

**કસીદો**, પુ૦ ( ફા૦ **कशीदह** کشیده કશીદન=ખેંચવું ઉપરથી ) ભરતનું કામ

**કસીદો**, પુ૦ ( અ૦ **कसीदह** قصیده= કવિતાનો એક પ્રકાર ) જેમાં કાફીઆ ને રદીફ હોય ને મતલઅ પણ હોય તેવી કવિતા. જેના દરેક પદના કાફીઆ ને રદીફ સમાન હોય અને ૧૫ ટુકથી વધારે ન હોય તેવી કવિતા. કસ્દ=ઇરાદો ઉપરથી. કસીદામાં ઘણું કરીને કોઈ મોટા પુરૂષની સ્તુતિ વર્ણવવામાં આવે છે ને એમાં ૧૫ કરતાં વધારે ટુંકો પણ હોય છે. કસીદાના ઘણા પ્રકાર છે જેનું વર્ણન અત્ર આપવાથી લંબાણ થાય એમ હોવાથી આપ્યું નથી. '**સુરતમાં પણ નાગર કાયસ્થ પોતાના કસીદા કહી સંભળાવતા.' નંદ૦ ચરિત્ર૦**

**કસુર**, સ્ત્રી૦ ( અ૦ **कसूर** قصور=લાચાર થવું, કસર=તે અપૂર્ણ હતું ઉપરથી ) ભૂલચૂક, ખામી.

**કસબાતણ**, સ્ત્રી૦ ( અ૦ **कसबह** قصبه= નાનું શહેર, મોટું ગામ ઉપરથી) કસબાની રહેનાર સ્ત્રી.

**કસબાતિ**, પુ૦ ( અ૦ **कसबह**નું બહુવચન **कसबात** قصبات ઉપરથી કસબાનો રહેનાર, કસબાનો ધણી ) મુસલમાન ગરાસીઓ.

**કસબો**, પુ૦ ( અ૦ **कसबह** قصبه=નાનું શહેર, મોટું ગામ ) જેમાં મુસલમાનોની વસ્તી વિશેષ હોય તેવું ગામ.

**કહાર**, પુ૦ ( મૂળશબ્દ હિંદી છે, પણ ફારસીમાં **कहार** کہار વપરાય છે. ડોળી, પાલખી વગેરે ઉચકનાર ) ભોઇ.

**કંકાસ**, પુ૦ ( ફા૦ **कंगाज** કે **कंगाश** کنکاج کنکاش=કોઇની સલાહ લેવી ) કજીઓ, તકરાર.

**કંકાસણી**, વિ૦ ( ફા૦ **कंगाश** ઉપરથી ) કંકાસ કરનારી સ્ત્રી, કજીઆખોર.

**કંકાસીઅણ**, સ્ત્રી૦ (ફા૦ **कंगाश** ઉપરથી) કંકાસ કરનારી સ્ત્રી, કજીઆખોર.

**કંકાસીઉં**, વિ૦ ( ફા૦ **कंगाश** ઉપરથી ) મિથ્યા કલેશ કરી શેરો કરે એવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કંગાલીઅત**, સ્ત્રી૦ ( ફા૦ **कंगालह**=માગવું ઉપરથી ) નિર્ધનતા, નાદારી.

**કંગાલ**, વિ૦ (ફા૦ **कंगालह માંગવું**, અરેજ કરવી ) નિર્ધન, નાદાર, ગરીબ.

**કંગુરો**, પુ૦ ( ફા૦ **कंगुरह** کنگره=કોટની ઉંચાઇપર બાંધે છે તે, દરેક વસ્તુની ઉંચાઇ ) કોટના કાંગરા. '**કનકકોટ ચળકારા કરે, મણિરત્ન જડયાં કાંગરે.**' ગુ. વા.

**કંડીલ**, ન૦ ( અ૦ **कंदील** قنديل=ફાનસ, જેમાં દીવો કરે છે તે ) દીવો કરવામાં આવે છે તે કાચનો પ્યાલો, હાંડી.

**કંડીલીઉં**, ન૦ ( અ૦ **कंदील** قنديل ઉપરથી ) દીવાદાંડી, દીવાને પવન લાગે નહિ તેવું બનાવેલું માટીનું વાસણ. 'પણ ખંત, સાહસ, ઉત્સાહ, શ્રદ્ધા તમને કંદીલીઆ રૂપ નીવડશે.' નંદ–ચરિત્ર૦

**કંતરાણ**, ન૦ ( અ૦ **कतान, कत्तान** کتان =એક જાતનું ઝીણું લુગડું ), શણીઉં.

**કંતાણ**, ન૦ કંતરાણ શબ્દ જુઓ.

**કંતાન**, ન૦ કંતરાણ શબ્દ જુઓ.

**કંદીલ**, કંડીલ શબ્દ જુઓ.

**કંદોઇ**, પુ૦ ( અ૦ **कंद** قند=મીઠી વસ્તુ, ગોળ, ખાંડ વગેરે ઉપરથી ગળપણનું કામ કરનાર **कंनाद** ઉપરથી ) મિઠાઇ બનાવનાર.

**કાકો**, પુ૦ ( ફા૦ **काका** کاکا=મોટોભાઇ, બાપનો ભાઇ, નોકરી કરતાં કરતાં ઘરડો થઇ ગયો હોય તેવો નોકર) બાપનો ભાઇ.

**કાગજ**, પુ૦ ( ફા૦ **कागद** ઉપરથી અરબીમાં **कागज** کاغذ=કાગળ ) પત્ર, પત્રિકા નહિ છાપેલો કાગળ.

**કાગઝ**, પુ૦ کاغذ કાગજ શબ્દ જુઓ.

**કાગદ**, પુ૦ ( ફા૦ **कागद** ) કાગળ.

**કાગદી**, પુ૦ ( ફા૦ **कागदी** کاغذی=કાગળ વેચનાર ) કાગળની સાથે સંબંધ રાખનાર. નાજુક, કાગદી એલચી, કાગદી લીંબુ વગેરે.

**કાગળ**, પુ૦ ( ફા૦ **कागद** ઉપરથી અરબીમાં **कागज** کاغذ ) કાગળપત્ર, લખવાનો તાવ.

**કાગળપત્તર**, પુ૦ ( ફા૦ **कागद** کاغذ ) પત્તર, પત્ર સંસ્કૃત ખતપત્ર, વ્યવહારોપયોગી લખાણ.

**કાગળીઓ**, ન૦ ( બ૦ વ૦ **कागद** کاغذ ફા૦ ) કામકાજના કાગળો, ખતપત્ર.

**કાગળીઓ**, પુ૦ ( ફા૦ **कागद** પરથી ) ખેપીઓ, કાસદ.

**કાચીકેદ**, સ્ત્રી૦ ( અ૦ **कयद** قید=બંધ, બંદી. કયદ=બેડીઓથી જકડી લીધો ઉપરથી ) કાચી એ ગુજરાતી શબ્દ નજરકેદ, નપતામાં રહેવું.

**કાચીજપતી**, સ્ત્રી૦ ( અ૦ **जब्ती** ضبطی નજર રાખવાપણું) કાચી એ ગુજરાતી શબ્દ. પાકી જપતી કરતા પહેલાં માલને કબજે રાખવો તે.

**કાચી જમાબંધી**, સ્ત્રી૦ ( અ૦ **जमअ** + **बंदी** ફા૦ جمع بندی =વસુલાત કરવી ) કાચી ગુજરાતી શબ્દ. અડસટેલી જમાબંધી.

**કાચીમુદત**, સ્ત્રી૦ ( અ૦ **मुद्दत**, مدت= સમય ) નક્કી નહિ કરેલી મુદત–કાચી એ ગુજરાતી શબ્દ છે.

**કાજી**, પુ૦ ( અ૦ **काज़ी** قاضی=હુકમ કરનાર ) કજીઓ ચૂકવનાર, ન્યાયાધીશ, મુસલમાની શરે પ્રમાણે ન્યાય કરનાર, ધર્મરક્ષક. '**કચેરી માંહે કાજીનો નથી હિસાબ કોડીનો**'; ગુ. વા. મા.

**કાજીજી**, પુ૦ ( અ૦ **काजी+जी** માનવાચક પ્રત્યય ) قاضی કાજી સાહેબ.

**કાતળ**, પુ૦ ( અ૦ **कातिल** قاتل = કતલ કરનાર ) અફવા, ખોટી ગપ વગેરે અર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતીમાં થાય છે. ' **નર્મદ એની રસિક, કડવી ને કાતિલ જબાનમાં વર્ણવ્યાં છે. નં૦ ચ૦**

**કાદર**, વિ૦ ( અ૦ **कादिर** قادر=શક્તિમાન-કદર=તે શક્તિમાન હતો, ઉપરથી) પરમેશ્વરનું નામ છે.

**કાનુગો**, પુ૦ ( **कानून** સૂર્યાની ભાષાનો શબ્દ છે જેનો અર્થ 'માપ લેવાની વસ્તુ થાય છે તે પરથી કાયદો+ગો, એ ફારસી ગુફતન=બોલવું ઉપરથી બોલનાર તે ઉપરથી કાનૂન્ગો قانونگو ) કાયદા જાણનાર.

**કાનુન**, પુ૦ ( **कानून** قانون એ સૂર્યાની ભાષાનો શબ્દ છે જેનો અર્થ માપ લેવાની વસ્તુ થાય છે. કેટલાક એને યુનાની ભાષાનો ને કેટલાક અરબી ભાષાનો કહે છે ) કાયદો, દસ્તુર.

**કાફર**, વિ૦ ( અ૦ **काफिर** کافر=પરમેશ્વરનો ઉપકાર ન માનનાર, પરમેશ્વરને ન માનનાર, નાસ્તિક, છુપાવનાર, સાચા ધર્મને છુપાવતા માટે. કફર=પાપમાં આશરો લીધો ઉપરથી ) ફારસીમાં 'કાફર' પણ વપરાય છે. જેમ આમિલનું બહુવચન ઉંમાલ છે, તેમ કાફિરનું બહુવચન કુફફાર છે. દક્ષિણ આફ્રિકામાં વસનાર ત્યાંની મૂળ જાતના લોકો.

**કાફરી**, સ્ત્રી૦ (અ૦ **काफिरी** کافری=કાફરપણું ) ફારસીમાં કાફરી પણ વપરાય છે.

**કાફલો**, પુ૦ (અ૦ **काफिलह** قافله=મુસાફરીથી પાછા આવનાર લોકોનું ટોળું ) સંઘ ટોળું, સમૂહ.

**કાફી**, વિ૦ ( અ૦ **काफी** کافی = જોઈએ તેટલું ) પુરેપુરૂં, ખપજેટલું, સંપૂર્ણ, બસ કરે એટલું, એક જાતની રાગણી.

**કાફીઓ**, પુ૦ ( અ૦ **काफियह** قافیه= કફવ=પાછળ આવ્યો ઉપરથી પાછળ ચાલનાર ) ગજલમાં કાફિઆ એક બીજાને અનુસરે છે માટે એનું એ નામ પડયું. મળતા ઉચ્ચારના શબ્દો, પ્રાસ. '**કવાલી કાફીયા બેતો, નથી નથી, દિલ ગજલો ગાવા૦** ' **દી૦ સાગર.**

**કાબા**, પુ૦ ( **कअबह** کعبه મક્કામાં એક ઇમારત છે. શબ્દાર્થ એઇ, ઊંચી ઇમારત-કઅબ=તે ઘન હતો ઉપરથી. કઅબ= ચતુષ્કોણ કર્યો ઉપરથી ) દુન્યામાં એ બંદગીનું પહેલું ઘર ગણાય છે. જે હજરત ઇબ્રાહીમે ( અ૦ સ૦ ) ચણ્યું હતું. તે પછી એ ઇમારતને ઘણી વખત અકસ્માત વગેરે કારણથી નુકસાન થવાથી ફરી ચણવામાં આવી છે. હજ્જ કરવા જાય છે તે એજ કાબામાં નમાજ પઢે છે. એની ઉંચાઇ ૧૩ા વાર, લંબાઇ ૬ વાર અને પોહોળાઇ ૪ા વાર છે. ' **કહે છે કે મક્કાના કાબામાંજ લગભગ ૩૬૦ મૂર્તિઓ હતી હાલમાં તેમ નથી.** ' **સિદ્ધાંતસાર પૃ. ૩૯૫**

**કાબુ**, પુ૦ ( તુર્કી **काबू** قابو=ફુરસત ) અરબીમાં શક્તિ, દાવ, સમય એ અર્થમાં વપરાય છે.

**કાબુદાર**, વિ૦ ( તુર્કી **काबू+दार** قابودار ફા૦ કાબુવાળો ) વજનદાર, ભાર બોજ વાળો, સત્તા ધરાવનાર.

**કાબુલ**, ન૦ ( ફા૦ **काबुल** کابل ) અફગાનિસ્તાન.

**કાબુલી**, વિ૦ ( ફા૦ **काबुली** کابلی ) અફગાન, પઠાણ.

**કાબેલ**, વિ૦ ( અ૦ **काबिल** قابل=હુશિયાર-આગળ આવેલો, કબલ=તે આગળ ગયો ઉપરથી ) જાણનાર, પ્રવીણ.

**કાબેલિયત**, સ્ત્રી૦ ( અ૦ **काबिलिय्यत** قابلیت=પ્રવીણતા ) કૌશલ્ય, આગળ પડવા જેવી લાયકી.

For Private And Personal Use Only

**કાબેલેબરદાશ**, વિ० (અ० **काबिलि+बर्दाश्त** ફા० બરદાશ્તન=વેઠવું-મળીને **काबिलिबर्दाश्त** قابل برداشت સહન થઇ શકે એવું ) '**તે કરૂણારસનો ભાર કાબેલેબરદાશ થાય** છે.' **નં० ચ०**

**કામદાની**, સ્ત્રી० ( ફા० **कामदानी** کامدانی =એક પ્રકારનું લુગડું ) આ શબ્દ હિંદુસ્તાનમાં વપરાય છે. ઇરાનમાં વપરાતો નથી.

**કામદાર**, પુ० ( ફા० **कामदार** کامدار=એક પદવી છે. દાસ્તન=રાખવું ઉપરથી દાર=રાખનાર ) કામવાળો.

**કામરાન**, વિ० ( ફા० **कामरान** کامران કામ =શોધ+રાંદન=હાંકવું ઉપરથી હાંકનાર= વિજયી ) ફતેહમંદ, યશસ્વી.

**કામળી**, સ્ત્રી० ( ફા० **कम्ली** کملی=ઉનનું લુગડું, ફકીરો ઓઢે છે તે ) કામળ, કાંબળ, કામળો.

**કાયદા કાનુન**, પુ० ( **काइदह** અ०+**कानून** સુર્યાની કે અરબી قانون قاعده) કાયદા, રીતરિવાજ.

**કાયદાસર**, વિ० ( અ० **काइदह** قاعده ) 'સર' ગુજરાતી પ્રત્યય કાયદા પ્રમાણે.

**કાયદેસર**, વિ० ઉપર પ્રમાણે. કાયદાસર જુઓ.

**કાયદો**, પુ० ( અ० **काइदह** قاعده=કાયદો કઅદ=તે બેઠો ઉપરથી ) નિયમ.

**કાયનાત**, સ્ત્રી० ( અ० **काइनात**, કાઇન= દુનિયા, એનું બહુવચન કાઇનાત کائنات =દુનિઆઓ ) વશાત, પુંજી, દોલત. 'એમાં શી કાયનાત છે.'

**કાયમ**, વિ० ( અ० **काइम** قائم= સ્થાયી, ઊભેલો, કઅમ=તે ઊભો રહ્યો ઉપરથી ) સદા માટેનો, હમેશનો.

**કાયમ ખરડો**, પુ० ( અ० **काइम** قائم= હમેશનો ) ખરડો ગુજરાતી, સદાનો ખરડો. કાયમની વિગતવાળું તલાટીનું દફતર.

**કાયમદાયમ**, વિ० ( અ० **काइमूदाइम** قائم دائم=હમેશનું ) સદાનું

**કાયર**, વિ० ( અ० **काहिल** کاهل=સુસ્ત ) કામથી કંટાળી જાય એવો આળસુ.

**કાયરતા**, સ્ત્રી० ( અ० **काहिली** کاهلی= સુસ્તી ) આળસ.

**કાયરૂં**, જુઓ કાયર.

**કાયલી**, વિ० (અ० **काहिली** کاهلی=સુસ્તી) આળસ, મંદવાડ.

**કાર**, ન० ( ફા० **कार** کار=કામ ) ઉપસર્ગ તરીકે પણ વપરાય છે. જેમકે કારકિર્દગી કારકુન, કારખાનું. જોકે એ ઉપસર્ગ નથી પણ શબ્દની પહેલાં આવે છે. શબ્દની પછી પણ પ્રત્યય તરીકે આવે છે જેમકે પેશકાર, બદકાર વગેરે ત્યાં પણ એ 'કાર' પ્રત્યય નથી પણ શબ્દ છે. કાર=કામ.

**કારકિર્દી**, સ્ત્રી० ( ફા० **कार्कर्दगी**, کارکردگی કર્દન=કરવું ઉપરથી=કરેલાં કામ ) કામકાજ

**કારકુન**, પુ० ( ફા० **कार्कुन** کارکن કર્દન= કરવું ઉપરથી કુન=કરનાર, કામ કરનાર) લખવાનું કામ કરનાર.

**કારકુની**, સ્ત્રી० ( ફા० **कार्कुनी** کارکنی= કામ કરવાપણું ) લખવાનું કામ.

**કારખાનું**, ન० ( ફા० **कारखानह** کارخانه ખાના=ઠેકાણું. કામ કરવાનું ઠેકાણું ) જેમાં કામકાજ થતું હોય તે.

**કારચબી**, ( કારચોબી ), સ્ત્રી० ( ફા० **कारिचोबी** کارچوبی કાર=કામ,+ચોબી= લાકડીનું, સળીનું. સળીનું કામ ) ગુંથણકામ.

**કારદાન**, ન० ( ફા० **कार्दान** کاردان દાસ્તન =રાખવું ઉપરથી દાન=રાખવાની જગા. કામનું ઠેકાણું ) તદબીર, યુક્તિ. '**એસા અચ્છા, એસા બુરા, કયા કરના કારદાન.' નિરાંત ભક્ત.**

**કારભાર**, પુ० ( ફા० **कारोबार** کاروبار **कार+व+बार** મળીને. **बार**=વજન, ભાર. વહીવટ ) વ્યવસ્થાનું કામ, કામકાજ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કારભારણ,** સ્ત્રી૦ ( ફા૦ **कारोबार** کاروبار= ઉપરથી ગુજરાતી રૂપ) કારભારીની સ્ત્રી

**કારભારૂં,** ન૦ (ફા૦ **कारोबार**=کاروبار ) કારભારીનું કામ તે, કારભાર.

**કારવાન,** ન૦ (ફા૦ **कार्वान**=کاروان વેપારીઓનું ટોળું ) કાફલો.

**કારવાનસરા,** સ્ત્રી૦ (ફા૦ **कार्वान्सरा** کاروان‌سرا સરા=ઉતારો, વેપારીઓને ઉતરવાનું ઠેકાણું ) પડાવ, કાફલાને ઉતરવાનું ઠેકાણું, ધર્મશાળા.

**કારવો,** પુ૦ (ફા૦ **कहहार**=کہار ભોઇ, પાલખી ઉચકનાર ) ભોઇ, પાલખી ઉચકનાર લોકોનું ખાસ નૃત્ય. જેમ ભીલ લોકોનું નૃત્ય ખાસ પ્રકારનું હોય છે તેમ કારવો પણ ખાસ પ્રકારનું નૃત્ય છે અને તે કહાર લોકોમાં પ્રચલિત છે. રામજણીઓ પાછલી રાત્રે એ નાચ નાચે છે. તેને 'કેરવો' કહે છે.

**કારસાજ,** પુ૦ (ફા૦ **कार्साज**=کارساز સાખ્તન=બનાવવું ઉપરથી બનાવનાર. કામ બનાવનાર-પરમેશ્વર ) કામની વ્યવસ્થા કરનાર, કામને સુધારી આપનાર.

**કારસાજી,** સ્ત્રી૦ ( ફા૦ **कार्साजी**=کارسازی કામને સુધારવું ) મુડી, અવેજ, અનામત.

**કારસ્તાન,** ન૦ (ફા૦ **कारस्तान** کارستان સ્તાન=કામ કરવાની જગા, લાકડાં માટી વગેરેથી ઘી તેલ વગેરે મૂકવા માટે બનાવેલો કોડલો ) બજાર, શહેર, કારખાનું તોફાન, મસ્તી, તરકટ વગેરે.

**કારસ્તાની,** વિ૦ ( ફા૦ **कारस्तानी** کارستانی =કારસ્તાન કરનાર) પ્રપંચી, તરકટી.

**કારંજ,** પુ૦ ( ફા૦ **कारंज** کارنج=હોજ ) ફુવારો, હોજવાળો બાગ.

**કારંજો,** પુ૦ (ફા૦ **कारंज** کارنج=હોજ ) ફુવારો, હોજવાળો ભાગ.

**કારી,** વિ૦ ( ફા૦ **कारी** کاری=કામ કરે એવું ઉંડું, જબરૂં ) અસરકારક, કારી ઘા= જબરો ઘા.

**કારીગર,** પુ૦ ( ફા૦ **कार्गर** ઉપરથી **कारीगर** کاریگر ગર એ પ્રત્યય છે-કરનાર- કામ કરનાર ) હુનરી, કસબી.

**કારીગરી,** સ્ત્રી૦ ( ફા૦ **कारीगरी** کاریگری= હુનર ) ચતુરાઇ, ઉસ્તાદી, ચાલાકી, પ્રવીણતા.

**કારૂન.** પુ૦ ( અ૦ **कारुन** قارون ) એક ધનવાન માણસનું નામ છે, જે હજરત મુસા (અ. સ.) ના સમયમાં હતો. હજરત મુસા (અ. સ) એ એની પાસે ધર્માદા કરવા પૈસા માગ્યા તે આપ્યા નહિ, ને પેગંબર સાહેબ ઉપર તોહમત મૂક્યું. આ તોહમતના કારણથી કારૂન પોતાના ધનની સાથે ધરતીમાં ગરકી ગયો. ધનવાન-પણ-ધર્મદાન ન કરનાર કંજુસને કારૂનની ઉપમા અપાય છે. ધનવાન ને ધર્મ પ્રમાણે ચાલનારને કારૂનની ઉપમા આપવી એ તે ધાર્મિક ધનવાનનું અપમાન છે. કોઇપણ ધનવાન મુસલમાનને કારૂનની ઉપમા આપી હોય તો તે પોતાનું હડહડતું અપમાન ગણે છે. એવી ભૂલ ન થાય માટે કારૂનની હકીકતથી વાકેફ થવાની જરૂર છે. '**એ કીમીયાથી ગરીબ તે કારૂન સમ થઇ જાય.**' ગુ. ગ. ( આ ઉપમા પણ એવાજ પ્રકારની છે.

**કારોબાર,** પુ૦ જુઓ કારભાર. ( کاروبار )

**કારોબારી** મંડળ,ન૦(મંડળી,સ્ત્રી૦ کاروباری) કારભાર કરનારી મંડળી.

**કાલબુટ,** ન૦ (ફા૦ **कालबुत** કે **कालबद** کالبد=શરીરનું ખોખું ) જોડાની અંદર ઠોકવાનું જોડાના અથવા પગના આકારનું જોડાંના નમુનાનું લાકડું. તિરસ્કારના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થમાં પણ વપરાય છે. કાલબુત જેવો છે એટલે ફક્ત શરીર છે બુદ્ધિ નથી. મૂર્ખ જેવો છે.

**કાવાદાની,** સ્ત્રી૦ ( અ૦ **कहवा+दान+इ,** કાવો=બુંદ, બુંદનો કાવો જેમાં ઉકાળે છે તે વાસણ દાન ફારસી પ્રત્યય છે. કાવાદાન قهوهدان ઈ પ્રત્યય ગુજરાતીમાં લાગે છે ) કાવો ઉકાળવાનું વાસણ.

**કાવો,** પુ૦ ( અ૦ **कहवा** قهوه=બુંદ ) બુંદનો ઉકાળો. 'એ પાણીનો કાવો કીજે, માબાપના પગ ધોઇ ધોઇ પીજે.' સુદર્શન પૃ. ૯૨૨

**કાસદ,** પુ૦ ( અ૦ **कासिद** قاصد=ઇરાદો કરનાર, સીધે રસ્તે જનાર કસદ=તેણે ઇરાદો કર્યો ઉપરથી) ખેપીઓ.

**કાસદીઉં,** ન૦ ( અ૦ **कासिद** قاصد ઉપરથી ) કબુતરની એક જાત છે.

**કાસદું,** ન૦ ( અ૦ **कासिदी** قاصدى= ઇરાદો કરવો ) કાગળ પત્ર પોંહોંચાડવાનું કામ કરનાર.

**કાસની,** સ્ત્રી૦ ( ફા૦ **कास्नी** کاسنی ) એક ઘાસ છે જે દવામાં વપરાય છે.

**કાહિલી,** વિ૦ ( અ૦ **काहिली** کاهلی= સુસ્તી ) આળસ, સાંદું, આજારી.

**કાળો સાલેમ,** પુ૦ ( અ૦ **सअ्‌लब** ثعلب= સાલેમ ) એક જાતની પૌષ્ટિક ઔષધિ.

**કાળો સોમલ,** પુ૦ ( અ૦ **सुंबुल** سنبل= ડોડો, બાલછડ ) એક જાતનું ઝેર.

**કાંગરાદાર,** વિ૦ ( ફા૦ **कंगुरह+दार** کنگرهدار= કાંગરાવાલું ) કાંગરા કાઢેલા હોય એવું.

**કાંગરાવાળું,** વિ૦ ( ફા૦ **कंगुरह** کنگره ) કાંગરાદાર.

**કાંગરી,** સ્ત્રી૦ ( ફા૦ **कंगुरह** کنگره ઉપરથી ) દાંતાવાળી તરેહ, કોર કિનારી, કાંગરા.

**કાંગરો,** પુ૦ ( ફા૦ **कंगुरह** کنگره=કાંગરો) મોગરો, દાંતો.

**કાંગળું,** વિ૦ ( ફા૦ **कंगालह** کنگاله= માગવું, અરજ કરવી ) નિર્માલ્ય, માલ વગરનું, ગરીબ, દીન.

**કિતાબ,** સ્ત્રી૦ ( અ૦ **किताब** کتاب=પુસ્તક **कतब**=તેણે લખ્યું ઉપરથી ) '**કિતાબો ઇશ્કની ખોળી, ઉથામ્યાં પ્રેમનાં પોથાં.**' **કલાપી.**

**કિતાબખાનું,** ન૦ ( અ૦ **किताब** +ફા. **खानह=किताब्खानह.** کتابخانه کتبخانه કિતાબનું બહુવચન કુતુબ ઉપરથી કુતુબખાનહ ) પુસ્તકશાળા, લાયબ્રેરી.

**કિત્તો,** પુ૦ ( અ૦ **कत्‌अह** قطعه=ખેતરનો ભાગ, કતઅ=તેણે કાપ્યું ઉપરથી ) જાડી કલમ, મોટા અક્ષર લખવાનો કાપીનો કિત્તો, ખેતરનો ભાગ.

**કિનખાબ,** પુ૦ ( ફા૦ **कन्खाब, किन्खाब** کمخواب કમ=ઓછું, ખાબ=રૂવાંટી જેમાં રૂંવાટી ઓછી હોય એવું લુગડું ) જરી બુટાના વણાટનું રેશમી વસ્ત્ર.

**કિનાર,** સ્ત્રી૦ ( ફા૦ **कनार** کنار=કોર ) છેડો, ધાર, બાજુ, કોરણ.

**કિનારી,** સ્ત્રી૦ ( ફા૦ **किनार+ई** کناری= કોર ) કોઇપણ વસ્તુની કોર, ધાર.

**કિનારો,** પુ૦ ( ફા૦ **कनार** کنار=કોર ) તટ, તીર, કાંઠો.

**કિન્નાખોર,** વિ૦ ( ફા૦ **कीनह्‌खोर** کینهخور કીના=ઇર્ષ્યા કરનાર) ખારીલો, અંટસ રાખે એવો.

**કિન્નો,** પુ૦ ( ફા૦ **कीनह** کینه=ઇર્ષ્યા ) ખાર, દ્વેષ, વેર, 'તદા તાનો ચડ્યો તેને તીનો, આવ્યો બાળબળાતણો કાંઇ કીનો; મનુષ્ય કર લીધું કટ લઇ, કીધું, શરસંધાણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હળવું લઇ. માંધાતા આખ્યાન ક. ૨૮ ક૦ ૨૧.

**કિફાયત,** સ્ત્રી૦ ( અ૦ **किफायत** كفايت **कफी**=જોઇએ તેટલું હતું ઉપરથી પુરતું) જોઇએ તેટલું.

**કિફાયતી,** વિ૦ (અ૦ **किफायती** كفايتى= ફાયદાકારક,કફી=જોઇએ તેટલું હતું ઉપરથી ગુજરાતી પ્રયોગ) ફાયદા પડતું.

**કિબલા કાબા,** પુ૦ (અ૦ **किब्लह+कअ्बह** قبله كعبه કિબ્લા=મોંની સામેની દિશા આગળ, કઅબા=મક્કામાં એક પવિત્ર ઇમારત છે.=માનવાચક પ્રત્યય) ઉર્દૂ કાગળ પત્રમાં પિતા, કાકા વગેરે મોટા દરજ્જાના માણસોને એ શબ્દ લખાય છે.

**કિબ્લેગાહ,** પુ૦ ( અ૦ **किब्लह्+गाह** قبله گاه સ્થળવાચક ફારસી પ્રત્યય, માન આપવા લાયક સ્થળ, પિતા) બાપ. '**કિ-બ્લેગાહ ! સુલ્તાને વકતના દુશ્મનોને વાલિદ કે બિરાદર પણ પનાહ આપતાં અચકાય છે.' બાદશાહ બાબર.**

**કિરમાણી અજમો**–કરમાણી શબ્દ જુઓ.

**કિરાયાદાર,** વિ૦ ( અ૦ **किरायह्+दार** كرايه دار ફારસી પ્રત્યય કિરાયા=ભાડું+ દાર=વાળો, ભાડુત ) ભાડુઆત.

**કિરાયું,** ન૦ ( અ૦ **किरायह** كرايه=ભાડું) ભાડું, વેતન.

**કિલ્લેદાર,** પુ૦ (અ૦ **किलअह** કે **कलअह्** =કિલ્લો+દાર ફા૦ પ્રત્યય **किलअहदार** قلعه دار=કિલ્લાનો ઉપરી અમલદાર) જેના કબજામાં કિલ્લો હોય તે.

**કિલ્લેબંદી,** સ્ત્રી૦ ( અ૦ **किलअहबंदी** قلعه بندى=કિલ્લાના જેવું બાંધકામ. બંદી ફારસી પ્રત્યય છે) શત્રુની સામે રક્ષણ મળે તેવું બાંધકામ.

**કિલ્લો,** પુ૦ ( અ૦ **किलअह** કે **कलअह** قلعه=કિલ્લો ) કોટ, શહેરનું રક્ષણ કરનાર, ગઢ.

**કિશ્ત,** સ્ત્રી૦ (ફા૦ **किश्त** كشت=ખેતી. કિશ્તન=વાવવું ઉપરથી) ખેડ, વાવેતર.

**કિશ્ત,** સ્ત્રી૦ (અ૦ **किस्त** قسط=ભાગ, કકડો, કાંધું) હફતો, પહેલી કિસ્ત વસુલ થઇ= પહેલો હફતો ભરાયો.

**કિશ્તી,** સ્ત્રી૦ (ફા૦ **किश्ती** كشتى=હોડી.) '**ન ચાલે કાં તું અય કિશ્તી, ખતાના કીચડે ચોંટી.' ગુ. ગ.**

**કિસમ,** સ્ત્રી૦ ( અ૦ **किस्म** قسم=પ્રકાર ) જાત, રીત.

**કિસમિસ,** સ્ત્રી૦ ( ફા૦ **किश्मिश** كشمش નાના દાણાની દ્રાક્ષ ) દ્રાક્ષ.

**કિસ્ત,** સ્ત્રી૦ ( અ૦ **किस्त** قسط=ભાગ, કકડો, કાંધું ) મહેસુલ, સાંથ, જમીનનું ભાડું.

**કિસ્બણ,** સ્ત્રી૦ ( અ૦ **कस्ब**=મેળવવું, હુનર ઉપરથી ગુજરાતી પ્રયોગ ) વેશ્યા, કળાવતી.

**કિસ્મત,** સ્ત્રી૦ ( અ૦ **किस्मत** قسمت= ભાગ્ય, નસીબ. કસમ=તેણે વહેંચી આ-પ્યું ઉપરથી ) તકદીર, કર્મ.'ત્યારે કિસ્મત, નસીબ, પ્રારબ્ધ, ભાગ્ય એવા શબ્દો વાપરી આપણે કાંઇ કરવું નહિ એમજ બોલવું થાય છે તે ખોટું છે.' બા૦ વિ૦ પૃ૦ ૧૪

**કિસ્સો,** પુ૦ ( અ૦ **किस्सह** قصه=વાર્તા, કહાણી. **कस्स**=તેણે વર્ણન કર્યું ઉપરથી) કથા, અદ્ભુત ચમત્કારી વાત.

**કીનખાબ,** પુ૦ ( ફા૦ **कम्खाब, किन्खाब** كمخواب કમ=ઓછી+ ખાબ=રૂંવાટી, જેમાં રૂંવાટી ઓછી હોય એવું લુગડું ) રેશમ ને જરીના તારના ભેગા વણાટનું વેલબુટ્ટી પાડેલું કપડું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કીનાખોર,** વિ૦ કિનાખોર کینہ‌خور શબ્દ જુઓ.

**કીમત,** સ્ત્રી૦ ( અ૦ **कीमत** قیمت=મૂલ્ય. કઅમ્=તે ઉભો રહ્યો ઉપરથી ) કીમત.

**કીમતી,** વિ૦ ( અ૦ **कीमती** قیمتی= મૂલ્યવાન ) મોંઘું, કીમતવાળું.

**કીમીઆગર,** પુ૦ ( અ૦ **कीमिया** کیمیاگر કીમિયા=દગો ફટકો, હલકી ધાતુને ભારે ધાતુનું રૂપ આપવાની વિદ્યા+ગર, ફા. વાળો, કીમિયો જાણનાર) કીમિયો કરનાર.

**કીમીઓ,** પુ૦ ( અ૦ **कीमिया** کیمیا= દગો, ફટકો, હલકી ધાતુને ભારે ધાતુનું રૂપ આપવાની વિદ્યા ) ગુપ્ત કળા.

**કીર્દગાર,** પુ૦ ( ફા૦ **कर्दगार** کردگار કર્દન =કરવું ઉપરથી **कर्दगार**= સૃજનાર ) પરમેશ્વર.

**કીરમ,** ન૦ ( ફા૦ **किर्म** کرم=પોરાં, નાના કીડા ) કીડા.

**કીરમજ,** સ્ત્રી૦ ( ફા૦ **किर्मगज** કે **किर्मकज** તે ઉપરથી અરબીમાં **किर्मज** قرمز શબ્દ થયો. **किर्म**=કીડા+ગજ=રેશમ. કિર્મગજ=જે કીડાથી રેશમ રંગે છે તે. એ કીડા ચણા જેવડા થાય છે એમને સુકવીને રાખી મૂકે છે, અને જ્યારે કામમાં લાવવા હોય છે ત્યારે તેમને ગરમ પાણીમાં ઊકાળે છે એટલે રાતો રંગ થાય છે.

**કીરમજી,** વિ૦ ( અ૦ **किर्मजी** قرمزی કીરમજનું) કીરમજમાંથી બનાવેલું, કીરમજના રંગનું.

**કીંમત,** સ્ત્રી૦ ( અ૦ **कीमत** قیمت ) મૂલ્ય. કીમત.

**કીંમતવાર,** અ૦ ( અ૦ **कीमत** قیمت ઉપરથી ) કીમત પ્રમાણે.

**કીરાત,** પુ૦ ( અ૦ **कीरात** قیراط=એક વજન છે. કરત=તેણે નાના નાના ભાગ કર્યા ઉપરથી ) દરમનો $\frac{1}{२४}$ ભાગ જેટલું વજન. હીરા મોતી જોખવામાં એ વજન વપરાય છે. ઇંગ્રેમાં Carat શબ્દ એ પરથી થયો છે. ઔંસનો ૨૪ મો ભાગ

**કુંગરો.** પુ૦ ( ફા૦ **कंगुरह** کنگره=કાંગરો ) મોગરો, દાંતો, કાંગરો.

**કુજો,** પુ૦ ( ફા૦ **कूजह** کوزه=પાણી ભરવાનું વાસણ ) ભોટવો.

**કુતુબ,** પુ૦ ( અ૦ **कुत्व** قطب=સરદાર, ઉત્તમ ) ઘંટી જે ઉપર ફરે છે તે લોઢાનો ખીલો, દરેક વસ્તુની જડ, ધ્રુવ.

**કુતુબનુમા,** ન૦ ( અ૦ **कुत्ब+नुमा** ફા૦ ઉપરથી **कुत्बनुमा** قطب‌نما = ધ્રુવને દેખાડનાર હોકાયંત્ર, નુમૂદન=દેખાડવું ઉપરથી નુમા=દેખાડનાર ) હોકાયંત્ર.

**કુતુબમીનાર,** પુ૦ ( અ૦ **कुत्बमीनार** قطب‌مینار, મીનાર, મિનાર, મનારા=સ્તંભ, દીવા રાખવાની જગા ) દિલ્હીમાં પ્રખ્યાત મીનારો છે.

**કુંદ** વિ૦ ( ફા૦ **कुंद** کند=બુઠી ) તેજ ન હોય તે, અતીક્ષ્ણ. '**ધીમે ધીમે તે મધુર સ્વંને કુંદ કરી નાખે કદી.**' ગુ૦ ગજલ૦

**કુંદો,** પુ૦ ( ફા૦ **कुंदह** کنده=મોટી લાકડી ) કેદીના પગમાં જે લાકડું નાખી તેને કેદ કરે છે તે, બળવાન છોકરો.

**કુંદેનાતરાશ,** વિ૦ ( ફા૦ **कुंदए नातराश** کنده‌ٔناتراش તરાશીદન=છોલવું, કાપવું ઉપરથી નાતરાશ = ઘડ્યા વગરનું કુંદ એનાતરાશ = અણઘડ લાકડું, ઠીમરું ) '**તે કુંદેનાતરાશની હાલત ખરે દયામણી હતી.**' **નંદ ચરિત્ર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કુદરત,** સ્ત્રી૦ ( અ૦ **कुद्रत्** قدرت=શક્તિ, કદર=તે શકિતમાન હતો ઉપરથી ) ઈશ્વરી શક્તિ, તાકત, બળ, જોર.

**કુદરતી,** વિ૦ (અ૦ **कुद्रती** قدرتی=કુદરતનું ) સ્વાભાવિક, પ્રાકૃત.

**કુંદન,** ન૦ (ફા૦ **कुंदन** کندن=ખરૂં સોનું) ઉત્તમ સોનું.

**કુનેહ,** સ્ત્રી૦ ( અ૦ **कुन्ह** کنہ = હકીકત ) જ્ઞાન, કોઇ વસ્તુનો અંત, હોશીઆરી, બાહોશી. ' **કુનેહે યાર હુશીઆરી, દીધી જંજીર પહેરાવી.' દીં૦ સા૦**

**કુફર,** ન૦ ( અ૦ **कुफ्र** کفر = નાસ્તિકપણું) ઉપકાર ન માનવાપણું.

**કુફરાન,** ન૦ ( અ૦ **कुफ्रान** کفران=ઉપકાર ન માનવાપણું ) નાસ્તિકપણું, ઉપકાર ભૂલીજવો.

**કુબો,** પુ૦ (અ૦ **कुब्बह** قبہ=ઘુમટ) ઘુમટના જેવી ગોળ વસ્તુ. ' **કોળીભાઇનો કુબો, એક પડયો ને બીજો ઉભો.' ગુ૦ કહેવત.**

**કુબો,** પુ૦ ( ફા૦ **कूबह** کوبہ=મોગરી, કુફતન=કૂટવું ઉપરથી ) સડકપર પથરા કૂટવાનો કુબો. ' **કોબાવાળી છાબંધ કુટતી વખતે હજુ તે ગાણું ગાય છે.' નં૦ ચ૦**

**કુમક,** સ્ત્રી૦ ( તુર્કી, **कुमक** کمک=મદદ ) સાહાય્ય.

**કુમાશ,** સ્ત્રી૦ **( અ૦ कुमाश** قماش= અસ્બાબ ) રેશમી લુગડું, માલમતા રાખવાનું ઠેકાણું; ગુણ.

કુમાશદાર, પુ૦ ( અ૦ **कुमाश्+दार** ફા૦ **कुमाश्दार** قماشدار=એકપદવી છે ) માલ અસ્બાબ રાખનાર. ' કુમાવીશદાર **અથવા -પરગણાના ઇજારદારોને એવી** સરતના ઠરાવ કરવાની અગત્ય પડતી.' **રા૦ મા૦ ભા૦ ૨.**

**કુરતની,** સ્ત્રી૦ ( ફા૦ **कुर्तह** کرتہ=પહેરણ) ગળામાં પહેરવાનું સ્ત્રીઓનું પહેરણ.

**કુરતો,** પુ૦ ( ફા૦ **कुर्तह** کرتہ = પહેરણ ) પુરૂષોનું પહેરણ.

**કુરનીસ,** સ્ત્રી૦ ( **कूर्नुश** کورنش=નમીને સલામ કરવી ) દંડવત્ પ્રણામ. ' **જુઠી લયાકતને નમી, કુર્નિશ હજારો મેં કરી,' કલાપી.**

**કુરબાન,** વિ૦ ( અ૦ **कुर्बान** قربان=પરમેશ્વરને નામે કાંઇ દાન કરવું તે, પ્રાણીનો ભોગ આપવો. કરબ=તે પાસે ગયો ઉપરથી ) વારી વારી જવું. ' **કર્યું કુરબાન આ દિલમેં, હતી હું ચાહતી તેને.' કલાપી.**

**કુરબાની,** સ્ત્રી૦ ( **અ૦ कुर्बानी** قربانی કુરબાન કરવા લાયક વસ્તુ)નોછાવર કરવા લાયક વસ્તુ. '**ઇશ્કમાંજ જિંદગાનીની કુલ કુરબાની કરી છે.'** ગુ૦ **ગજલ.**

**કુરાન,** કે કુરાનશરીફ ( અ૦ **कुर्आन** કે **कुर्आनिशरीफ** قرآن شریف قرآن કુરાન=વાંચવું, શરીફ=પ્રતિષ્ઠાવાળું. મુસલમાની ધર્મ પુસ્તક ) એમાં ૧૧૪ પ્રકરણ છે, જે દરેકને 'સૂરત' કહે છે, ૫૪૦ પેરેગ્રાફ છે જે દરેકને રૂકૂઅ' કહે છે, અને ૬૬૬૬ વાકયો છે, જે દરેકને 'આયત' કહે છે. તે પૈકીનાં ૧૦૦૦ વાકયોમાં કિસ્સાઓ ( ઐતિહાસિક વર્ણનો ) છે, ૧૦૦૦ માં દૃષ્ટાંતો છે, ૧૦૦૦ માં કૃપાના વાયદા છે, ૧૦૦૦ માં શિક્ષાની બીક છે, ૧૦૦૦ માં વિધિઓ છે, ૧૦૦૦ માં નિષેધ હુકમો છે, ૫૦૦માં હલાલ (ગ્રાહ્ય) ને હરામ (અગ્રાહ્ય )નું વર્ણન છે, ૧૦૦ માં પ્રાર્થના છે ને ૬૬માં રદ કરનાર ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૬ કરેલીનું વર્ણન છે. ૩૦ દિવસ એટલે એક મહીનામાં પુરૂં વાંચી રહેવા માટે એના ૩૦ ભાગ કર્યા છે તે દરેક ભાગને પારા, સીપારા કે જુજ્વ કહે છે, ને સાત દિવસમાં પુરૂં કરવાને ૭ ભાગ કર્યા છે જે દરેકને મંજિલ કહે છે.

**કુરાનખાની,** સ્ત્રી૦ (અ૦ **कुरआन्+खानी** ફા૦ **खान्दन**=વાંચવું ઉપરથી=**कुरआन्खानी** قرآن‌خوانی=કુરાનનું વાંચન) કુરાન વાંચવું તે. '**કુરાનખાની સિવાય ઊંચું શિક્ષણ અપાતું નહિ.**' **નં૰૦ ચરિ૦**

**કુરેશ,** પુ૦ (અ૦ **कुरयश** قریش=જનાબ પેગંબર સાહેબ (સ. અ.)નું કુટુંબ. કર્શ નામે એક મોટું જળચર પ્રાણી થાય છે, જે મહા બળવાન હોય છે, તે ઉપરથી નદર બિન કનાના કે જેનું કુટુંબ અરબસ્તાનમાં ઘણું પ્રતિષ્ઠિત હતું તે કુટુંબનું એ નામ પડયું છે.) અરબની એક જાત છે.

**કુલ,** વિ૦ (અ૦ **कुल्ल** کل=બધું) આખું, સંધું

**કુલકુલાં,** વિ૦ (અ૦ **कुल्ल** کل=બધું ઉપરથી) જરીએ જરી, બધું.

**કુલાપોશ,** વિ૦ (ફા૦ **कुला +पोश.** પોશીદન=પહેરવું ઉપરથી પોશ. **कुलाहपोश** کلاه‌پوش=ટોપીવાળો, ) યુરોપીઅન.

**કુલાબો,** પુ૦ (અ૦ **कुलाबह** کلابه=માછલાં પકડવાનો લોઢાનો કાંટો) બાંયનો કાપ.

**કુલાહ,** સ્ત્રી૦ (ફા૦ **कुलाह** کلاه=ટોપી) માથા ઉપર પહેરવાની ટોપી, હેટ.

**કુલંગ,** પુ૦ (ફા૦ **कुलंग** کلنگ = સારસ જેવું પક્ષી છે) એક પક્ષી છે.

**કુસ્તી,** સ્ત્રી૦ (ફા૦ મૂળ શબ્દ કુસ્તી کستی છે, પણ કુસ્તી کشتی શબ્દ વપરાય છે. કુસ્તન=મળવું, કૂટવું ઉપરથી ) કસરતની એક રમત.

**કુસ્તીબાજ,** વિ૦ (ફા૦ **कुश्तीबाज** کشتی‌باز=કુસ્તી રમનાર) કુસ્તી કરનારા

**કુસ્તીબાજી,** સ્ત્રી૦ (ફા૦ **कुश्तीबाजी** کشتی‌بازی=કુસ્તીની રમત ) કુસ્તીના દાવપેચની રમત.

**કુંપળ,** સ્ત્રી૦ (ફા૦ **कूपलह** کوپله=કુંપળ) ઝાડનો ફણગો.

**કુચ,** સ્ત્રી૦ (ફા૦ **कूच** کوچ=રવાના થવું) જવું, મુકામ ઉઠાવવો.

**કુચો,** પુ૦ (ફા૦ **कूचह** کوچه = ફળીયું ) મહેલ્લો. ) 'અભેદ એજ જાનિ પ્રિય-માશુક તેનો કૂચહ એટલે ફળીઉં રહેવાનું ઠેકાણું, તેની દરકાર કર.' આત્મ૦ ૮૬.

**કુતકું,** ન૦ (તુ૦ **कुत्कह** کتکه=લાકડાનો નાનો કડકો, હાથમાં ઝાલવાની સોટી ) ડંગોરો, ધોકણું, કતકું શબ્દ જુઓ.

**કુલી,** પુ૦ (તુર્કી **कुली** قلی=ગુલામ ) મજુર, નોકર.

**કેઆમત,** સ્ત્રી૦ (અ૦ **कियामत** قیامت =મુઆ પછી જે દિવસે પરમેશ્વરની રૂબરૂ બધા ઊભા થઇને જવાબ આપશે તે દિવસ. કઅમ=તે ઊભો રહ્યો ઉપરથી ) ઇન્સાફનો દિવસ. 'ત્યાં પાપાદિનો ભોગ કરી શુદ્ધ થયા પછી સ્વર્ગમાં જઇ કયામતની વાટ જોવી પડે છે.' સિદ્ધ. પૃ. ૩૮૯

**કેગલ,** ન૦ (ફા૦ **काह, कह**=ઘાસ,+**गिल**=માટી. ઘર બંધાવ્યા પછી માટી ને ઘાસ વગેરેની મેળવણીથી ભીંતો ભોંયતળીઉં વગેરે લીપે છે તે. **काहगिल** કે **कहगिल** کهگل کاهگل ઉપરથી કેગલ) માટી, છાણ, ઘાસ વગેરેથી લીપવું તે.

**કેદ,** વિ૦ (અ૦ **कयद** قید=બંધ, બંધી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કયદ=બેડીઓથી જકડી લીધો ઉપરથી ) કેદ ભોગવવું.

**કેદખાનું**, ન૦ ( અ૦ **कयद्+खानह** ફા૦ સ્થળ વાચક **कयद्खानह** قیدخانہ= જેલ ) તુરંગ, કારાગૃહ.

**કેદી**, વિ૦ (અ૦ **कयदी** قیدی=કેદ થએલો) જેને કેદ કરવામાં આવ્યો હોય તે.

**કેફ**, સ્ત્રી૦ ( અ૦ **कयफ** کیف=કેવી રીતે ? કેમ ? પણ ફારસી વાળા નીશાની હાલત માટે કે મસ્તી માટે એ શબ્દ વાપરે છે ) માદકપણું.

**કેફિયત**, સ્ત્રી૦ ( અ૦ **कयफीय्यत** કે **कयफियत** کیفیت હકીકત, સ્થિતિ, હાલત, નીશો ) વૃત્તાંત.

**કેફી**, વિ૦ ( અ૦ **कयफी** کیفی=નીશો કરનાર ) કેફી માણસ, કેફી વસ્તુ; '**ભંગી અફીણી કેફી હોય, કન્યા તેને નવ દે કોય.**' ક૦ દ૦ ડા૦

**કેરબો**, પુ૦(ફા૦ **काहरुबा** કે **कहरुबा** کاہربا کہربا **काह** કે **कह**=ઘાસ, રૂબૂદન=ઉચકી લેવું, જોરથી લઇ લેવું ઉપરથી, ઉચકી લેનાર, ખેંચનાર) ઘાસને આકર્ષણ કરનાર પીળા રંગના મણકા આવે છે, જેની માળા થાય છે કે બચ્ચાંના હાથમાં કે ગળામાં પહેરાવે છે. ચામડા કે રેશમ ઉપર એને ઘસીને ઘાસ આગળ ધરવાથી ઘાસ એને વળગી જાય છે. એવીજ રીતે દિલરૂબા=મનને આકર્ષનાર.

**કેહેર**, પુ૦ ( અ૦ **कह्र** قہر=જબરદસ્તી કરવી, બળાત્કાર ) ગુજરાતીમાં ગજબના અર્થમાં વપરાય છે. **સુખ આવે તો ખુદાની મરજી, નહિ તો કિસ્મતનો કેર વર્તાયો** ગણાય છે. નંદ. ચરિત્ર.

**કૈસરેહિંદ**, પુ૦ ( અ૦ **कयसरयहिंद** قیصرۂ ہند=નારીજાતિનું રૂપ, ને **कयसरिहिंद** قیصرِ ہند એ નરજાતિનું રૂપ છે કયસર પુ૦ ને **कयसरह** સ્ત્રી૦ ) જન્મ વખતે જે બાળકની મા મરી જાય અને માનું પેટ ચીરીને બાળકને જીવતું કાઢી લે તે બાળકને રૂમી ભાષામાં કયસર કહે છે. cœsar ઉપરથી અરબીમાં કયસર શબ્દ થયો છે અરબી રીત પ્રમાણે પુરૂષ કયસર ને સ્ત્રી કયસરહ કહેવાય છે.

**કોચલું**, ન૦ (ફા૦ **कुच्लह** کچلہ=એક પ્રકારનું વિષ છે ) ઝેર કોચલું.

**કોતલ**, સ્ત્રી૦ (તુર્કી **कूतल** کوتل=અમીર લોકોની સવારીનો ખાસ ઘોડો ) બાદશાહી સવારીમાં શોભાને માટે જે ઘોડો ખાલી ચાલે તે, સવાર બેઠેલો ન હોય તે ઘોડો '**સુખપાલ સાથે ચાર કોતલ સબળ શોભા જાણ.**' હરિદાસ.

**કોતાઈ**, સ્ત્રી૦ ( ફા૦ **कोताही** کوتاہی=ટુંકાણ, ઓછપ ) ખુટ, ટાંચ, કસર. '**મારા બંદોબસ્તની કોતાઇથી ઇબ્રાહીમે દિલ્લીમાં પ્રવેશ કર્યો.**' બા૦ બા૦

**કોબો**, કુબો શબ્દ જુઓ.

**કોમ**, સ્ત્રી૦ (અ૦ **कव्म** قوم=જાત કઅમ તે ઉભો રહ્યો ઉપરથી ) નાત, જાત.

**કોલ**, પુ૦ ( અ૦ **कव्ल** قول=વચન, કઅલ તે બોલ્યો ઉપરથી ) કબુલાત. 'સામાસામા વાળ્યા, તે ઉછીના કોલરે, ત્યાં તો જદુપતિ ગાયે અનુપમ ધોળરે.' રૂક૦ ક૦ ૨૦ ક૦ ૧૮

**કોલંજન**, ન૦ (અ૦ **खोलंजान** خولنجان નાગરવેલનાં પાનની જડ ) એક દવા છે.

**કોલકરાર**, પુ૦ ( અ૦ **कव्लोकरार** قول و قرار=ઠરાવ કોલ અને કરાર) એક બીજાને કબુલત આપી ઠરાવ કરવો તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કોશીશ,** સ્ત્રી૦ ( ફા૦ **कोशिश** کوشش= કોશીદન=મહેનત કરવી ઉપરથી મહેનત) પ્રયત્ન.

**કોહ,** પુ૦ ( ફા૦ **कोह** کوہ પર્વત ) પહાડ.

**કોહકન,** પુ૦ (ફા૦ **कोहकन** کوہکن=પર્વતને ખોદનાર. કંદન=ખોદવું ઉપરથી કન=ખોદનાર ) શીરીનનો આશિક, એનું નામ ફહાદ હતું.

**કોહીનુર,** પુ૦ (ફા૦ **कोहिनूर** کوہنور= કોહ=પર્વત,+નુર=પ્રકાશ, તેજનો પર્વત) એક હીરાનુ નામ છે, જે હાલમાં બ્રિટિશ તાજમાં જડાએલો છે. 'જે દામદામ રઝળ્યો, શુભ પાત્ર કાજે; તે કોહીનુર તુજ વેણી વિષે વિરાજે.' ભીમરાવ.

**કૌવત,** સ્ત્રી૦ ( અ૦ **कुव्वत** قوت=શક્તિ)બળ.

**કૌંસ,** પુ૦ (અ૦ **क़ौस** قوس=કમાન, પરિધનો ભાગ ) કૌંસ, બ્રેકેટ.

**કયામત,** સ્ત્રી૦ કેઆમત શબ્દ જુઓ.

**કયાસ,** પુ૦ ( અ૦ **क़ियास** قیاس=પારખવું, ઓળખવું ) ધારવું.

## ખ.

**ખજાનચી,** પુ૦ ( અ૦ **खज़ानह्** કે **खिज़ानह्+ची** તુર્કી પ્રત્યય મળીને **खज़ान्ची** خزانچی ખજન=તેણે એકઠું કર્યું ઉપરથી=ખજાનાનો ઉપરી ) ટ્રેઝરર, કોષાધિપતિ.

**ખજાનો,** પુ૦ ( અ૦ **खज़ानह** કે **खज़ीनह** خزانہ،خزینہ=નાણાં રાખવાની જગા. ખજન=તેણે એકઠું કર્યું ઉપરથી ) ટ્રેઝરરી બેંક, ભંડાર. 'કીધા દામ કરોડ ખજાને ખાણમાં, સુતા તાણી સોડ, મસીદ મસાણમાં.' ક૦ દ૦ ડા૦

**ખજીના,** પુ૦ ( અ૦ **खज़ीनह** خزینہ=નાણાં રાખવાની જગા. ખજન=તેણે એકઠું કર્યું ઉપરથી ) હથીઆર ભરવવાની ખોલ કે ખાકાવાળો પટો.

**ખજીનો,** પુ૦ ( અ૦ **खज़ीनह** خزینہ= નાણાં રાખવાની જગા. ખજન=તેણે એકઠું કર્યું ઉપરથી ) મીઠું પકવવાને દરીઆનું પાણી એકઠું કરવાનો મોટો ખાડો.

**ખજીલ,** વિ૦ અ૦ **खजिल** خجل=ઝંખવાણો શરમાઇ ગએલો, ભોંઠો પડેલો.

**ખટબાકી,** સ્ત્રી૦ ( અ૦ **बाक़ी** باقی ) જે બાકી ( મહેસુલમાંનું બાકી લેહેણું ) વસુલ આવે એવી ન હોય તે બાકી.

**ખડબુચ,** ન૦ ( ફા૦ **खर्बुज़ह** કે **खर्बूज़ह** કે **खर्पुज़ह** خربزہ خربوزہ خرپزہ= ખર=મોટો, બુજા કે ખૂજા=ખુશબોદાર અને મીઠો મેવો. એટલે ખુશબોદાર મીઠો ને મોટો મેવો. [૨] ખર=સૂર્ય+પુજહ= પકવેલો સૂર્યની ગરમીથી પાકેલો મેવો ) ટેટી.

**ખડબુચી,** સ્ત્રી૦ ઉપલા શબ્દ ઉપરથી ખડબુચીની વેલ.

**ખડબુચું,** ન૦ ઉપલા શબ્દ ઉપરથી ખડબુચ.

**ખત,** ન૦ [ અ૦ **खत** خط=કાગળ ] કાગળ પત્ર, સ્ટેંપ.

**ખતપતર,** ન૦ [ અ૦ **खत** خط=કાગળ ] કરાર ને તેને લગતાં કાગળીઆં, દસ્તાવેજો વગેરે.

**ખતમ,** અ૦ [ અ૦ **खतम** ختم=પુરૂં થવું. ખતમ=તેણે પુરૂં કર્યું ઉપરથી ] સંપૂર્ણ, તમામ. '**અહીં સઘળા ખતમ થાતા નશા બેચેનીમાં નાંખી.**' કલાપી.

**ખતરો,** પુ૦ (અ૦ **खतर** કે **खतरह** خطر خطرہ=બીક, આફત ) શક, સંદેહ. '**મનમાં કોઇ પણ જાતનો ખતરો રાખીશ નહિ.**' બા૦ બા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ખત્તા**, સ્ત્રી૦ ( અ૦ **खता** خطا=ભૂલ કરવી. ખતી=ભૂલ ખાધી ઉપરથી ) ભૂલ થાપ, ઠોકર. '**ખત્તાના ખેદને દેખી, પસ્તાવામાં પછી પડે.**' ક૦ દ૦ કા૦

**ખદીજા**, સ્ત્રી૦ ( અ૦ **खदीजह** خديجه= સદ્‌ગુણી સ્ત્રી ) જનાબ પેગંબર સાહેબ ( સ. અ. ) નાં પહેલાં સ્ત્રી. એમની દીકરી બીબી ફાતિમાના વંશમાં સૈયદો છે. શુ૦ વાં૦ મા૦

**ખફગી**, સ્ત્રી૦ ( ફા૦ **खफ़गी** خفگی= નારાજીપણું ) અવકૃપા, ઇતરાજી, નાખુશી, '**અગર કંઇ દોસ્તદારોની ઉતરતી પંખીપર ખફગી.**' **દી૦ સા૦**

**ખફા**, વિ૦ ( અ૦ **खफा** خفا=ગુપ્ત. ગુસ્સાની વખતે માણસની માણસાઇ છુપાઇ જાય છે તેથી ખફા=ગુપ્ત, ગુસ્સો ) નાખુશ, ચિઢાએલું. '**ખફા તેની ઉપર થાતાં, અરે તુજ હાથ શું આવ્યું.**' **કલાપી૦**

**ખબડદાર**, વિ૦ ( અ૦ **खबर्+दार** ફા૦ પ્ર૦ **खबर्दार** خبردار=હુશ્યાર. જાણીતો) માહીતગાર, કુશળ.

**ખબડદારી**, સ્ત્રી૦ ( અ૦ **खबर्+दारी** ફા૦ પ્ર૦ **खबर्दारी** خبرداری=હુશ્યારી, જાણ ) માહીતી, કુશળતા.

**ખબર**, સ્ત્રી૦ ( અ૦ **खबर** خبر=જાણ. ખબર=તેણે જાણ્યું ઉપરથી ) જાણ, હકીકત, માલૂમ.

**ખબરઅંતર**, સ્ત્રી૦ [ અ૦ **खबर** خبر ] શારીરિક આરોગ્ય સંબંધી પડપૂછ કરવી તે.

**ખબરદાર**, જુઓ ખબડદાર.

**ખબરદારી**, જુઓ ખબડદારી.

**ખબીસ**, વિ૦ ( અ૦ **खबीस** خبیث નાપાક, દુર્ગુણી ) એક જાતનું ભૂત પ્રેત, વળગણ. 'હું તો મરૂં છું પણ એ દરબારની મેડીમાં માથા વગરનો ખબીસ થઇને રહીશ.' રા. મા. ભા. ૨.

**ખબુતર**, જુઓ કબુતર,

**ખબુતરી**, સ્ત્રી૦ કબૂતર ઉપરથી સ્ત્રીલીંગનું રૂપ.

**ખમ**, સ્ત્રી૦ [ ફા૦ **खम**=વાંકાશ خم ] ઠોક, હાથનો થાપો. ખમ ઠોકવી, કુસ્તી કરતી વખતે જાંઘ ઉપર ને બાહુ ઉપર હાથ મારવા. જેથી હરીફ સમજી જાય કે હવે લડવાને માટે તૈયાર છે.

**ખમીર**, ન૦ [ અ૦ **खमीर** خمیر=અન્ય વસ્તુમાં વૃદ્ધિ કરનાર કોઇ વસ્તુ તે. ખાટી વસ્તુ લોટમાં નાખી ઢાંકી મૂકવાથી ખમીર ઉઠે છે. ] કોહોવરાવેલો લોટ, ઉભરણ, જોશ, ઉભરો. 'પરંતુ જે માદક પદાર્થો કોઇ પ્રકારનું કોહોવાણ કરી ખમીર ચડાવીને બનાવવામાં આવે છે, એટલે જેમાં આલ્કોહોલ નામનું વિષ પેદા થવાથી માદકપણું આવે છે તે તો માણસને પશુજ બનાવી દે છે.' સિદ્ધાંત. ૧૭

**ખમીરી**, વિ૦ ( અ૦ **खमीरी** خمیری= ખમીર વાળું ) જોશદાર.

**ખમીસ**, ન૦ [ અ૦ **कमीस** قمیص= પહેરણ ] ખુલતું અને કફ કોલરવાળું પહેરણ.

**ખર**, વિ૦ ( ફા૦ **खर** خر=ગધેડો, મોટો ) ફારસીમાં 'ખર' એ શબ્દ ઉપસર્ગનું કામ કરે છે ત્યારે એનો અર્થ 'મોટો' થાય છે. જેમકે ખરશીદ=મહાન પ્રકાશિત= સૂર્ય. ખરગોશ=મોટા કાનવાળો=સસલું. ખરબુજા=મોટો મેવો=ટેટી.

**ખરખબર**, સ્ત્રી૦ ( અ૦ **खबर** خبر ) સરસમાચાર, કાંઇ પણ હકીકત.

**ખર ખરાજાત**, સ્ત્રી૦ ( અ૦ **खर्ज**=ખરચનું બહુ વચન **अख़राजात** اخراجات ઉપ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રથી ખરાજાત=ખરચો. ) ખરચ, કોઇ વસ્તુ પાછળ થએલો ખર્ચ.

**ખરખરો**, પુ૦ ( ફા૦ **खर्खशह** خرخشه=મનની ચિંતા, નકામું લડવું ) શોક દેખાડવો, ખટકો, ખેદ, પસ્તાવો કરવો,

**ખરચ**, ન૦ [ અ૦ **खर्ज** ઉપરથી ફારસી **खर्च** خرج ખરજ=નીકળ્યો ઉપરથી ] ખરચવું, વાપરવું.

**ખરચવું**, સ૦ ક્રિ૦ [ ફા૦ **खर्च** خرج ઉપરથી ક્રિયાપદ ] વાપરવું, વ્યય કરવો.

**ખરચાઉ**, વિ૦ ( ફા૦ **खर्च** خرج ઉપરથી ગુ૦ પ્રયોગ ખરચ કરે એવું ) હાથનું છુટું.

**ખરચાળ**, વિ૦ ( ફા૦ **खर्च** خرج ઉપરથી ગુજરાતી પ્રયોગ. જેને હાથે વધારે ખર્ચ થાય તેવું માણસ ) કીમતી, મોઘું, વધારે ખરચ કરવું પડે તેવું.

**ખરચાળુ**, વિ૦ [ ફા૦ **खर्च** خرج ઉપરથી ગુ૦ પ્ર૦ ખરચાળ ] ખરચ કરે એવું.

**ખરચી**, સ્રી૦ ( ફા૦ **खर्ची** خرچی ઉપરથી ) ખરચવાની વસ્તુ.

**ખરાજાત**, સ્રી૦ [ અ૦ **खर्ज** નું બહુવચન **अखराजात** اخراجات=ઘણી જાતનાં ખર્ચ ] માલ ઉપ· જે ખરચ લાગે તે મજુરી, હાંસલ.

**ખરાદ**, સ્રી૦ ( અ૦ **खरात** خراط ફારસીમાં **खराद** خراد=સંધાડ ) જેના ઉપર પાયા વગેરેનો ઘાટ ઉતરે છે તે.

**ખરાદી**, પુ૦ ( ફા૦ **खरादी** خرادی=સંધાડીઓ ) લાકડાં હાથીદાંત વગેરેના ઘાટ ઉતારનાર માણસ.

**ખરાબ**, વિ૦ ( અ૦ **खराब** خراب =નઠારૂં ખરાબ=વેરાન કરવું ઉપરથી વેરાન ) ઉજડ, ન પાકે એવી જમીન ખરાબો.

**ખરાબખસ્તા**, વિ૦ ( અ૦ **खराब**+ફા૦ **खस्तह** خراب خسته=જખમી, ઘાયલ, ઉદાસ. ) બહુજ નઠારૂં, બગડી ચુકેલું.

**ખરાબી**, સ્રી૦ ( અ૦ **खराबी** خرابی ) ખરાબ થવું તે, બગાડ, નુકસાન.

**ખરાબે હાલ**, વિ૦ ( અ૦ **हाल खराब** حال خراب=નઠારી સ્થિતિ ) બહુજ ખરાબ હાલતવાળું.

**ખરાબો**, પુ૦ ( અ૦ **खराबह** خرابه = વેરાન મકાન, ખંડેર, ન પાકે તેવી જમીન ) દરીઆના પાણીની નીચે રહેલો ટેકરો. 'તરંગી ભરતી સાગરમાં ખાનાના ખુબ ખરાબા છે.' ગુ. ગજ.

**ખરીતો**, પુ૦ ( અ૦ **खरीतह** خریطه = થેલી, ખીસું, અમીરોની ઉપર બાદશાહ તરફથી હુકમો જે થેલીમાં બંધ થઇને જતા હતા તે થેલા ) લખોટો, ખલીતો.

**ખરીદ**, સ્રી૦ ( ફા૦ **खरीद** خرید=વેચાતું લેવું. ખરીદન=વેચાતું લેવું ઉપરથી ) માલ લેવો.

**ખરીદદાર**, વિ૦ (ફા૦ **खरीदार** خریدار= માલ લેનાર. ખરીદન=વેચાતું લેવું ઉપરથી ) ગ્રાહક, ખરીદનાર.

**ખરીદવું**, સ૦ ક્રિ૦ (ફા૦ **खरीदन** خریدن =વેચાતું લેવું ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) વેચાતું લેવું.

**ખરીદી**, સ્રી૦ ( ફા૦ **खरीदी** خریدی ) ખરીદ કરવું તે.

**ખરીફ**, સ્રી૦ ( અ૦ **खरीफ** خریف= પાનખરઋતુ, ચોમાસુ પાક ખરફ=મેવો ચુંટવાની મોસમ) વરસમાં બે પાક થાય છે, ચોમાસામાં થનારને ખરીફ ને શિઆળામાં થનાર તે રવી.

**ખલક**, સ્રી૦ ( અ૦ **खल्क** خلق =દુનીયા ખલક=પેદા કર્યુ ઉપરથી ) જગત, સૃષ્ટિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ખલકની તમા નથી, સુલતાન છું મને ! કલાપી.

**ખલકત**, સ્ત્રી૦ ( અ૦ **खिलकत** خلقت = સ્વભાવ, જાતીયસ્વભાવ ) આદત, ટેવ, જાત. ' છું તારો એમ આ કહેનાર, સહુ ખલકત । છે કે નહિ.' ગુ૦ ગ.

**ખલતો**, પુ૦ ( ફા૦ **खलीतह** خليته = થેલો ) મોટો વાટવો, ખાનાખાનાવાળી અંતર પડવાળી કપડાંની કોથળી.

**ખલલ**, સ્ત્રી૦ ( અ૦ **खलल** خلل = બગાડ ) કામમાં હરકત પડવી, અડચણ.

**ખલા**, પુ૦ ( અ૦ ખલા خلا = ખાલી હોવું ) કોઈ ન હોય તેવું સ્થળ. ' ખલા એટલે પરકાયાપ્રવેશાદિ રૂપસિદ્ધિ પણ વિચારી છે.' સિ૦ સા૦ પૃ. ૩૯૫

**ખલાસ**, વિ૦ ( અ૦ **खलास** خلاص = છૂટો ખલસ=છૂટો હતો ઉપરથી ) પુરૂં, સમાપ્ત થઇ રહેવું તે.

**ખલાસણ**, સ્ત્રી૦ ( અ૦ **खलास** خلاص ઉપરથી ) વહાણ ઉપર કામ કરનાર ખલાસીની સ્ત્રી.

**ખલાસી**, પુ૦ ( અ૦ **खलास** خلاص ઉપરથી ) વહાણ ઉપર કામ કરનાર.

**ખલીતો**, પુ૦ ( ફા૦ **खलीतह** خليته = થેલો ) પાકીટ, પરબીડીઉં, કાગળપત્ર ઘાલવાની રેશમ કે કીનખાબની કોથળી.

**ખલીફ**, પુ૦ ( અ૦ **खलीफह** خليفه = એકના મરણ પછી ગાદીએ બેસનાર બીજો માણસ. ખલફ=પાછળ આવ્યો ઉપરથી ) જનાબ પેગંબર સાહેબની પછી તેમની ગાદીએ બેસનાર. ધર્મની ગાદીએ બેસનાર. 'જ્યારે ખલીફ ઓઅરે કાદીસીયાની હાર બાદ ઇરાનનું રાજ્ય સર કર્યું ' નં૦ ચરિ૦

**ખલીફાત**, સ્ત્રી૦ (અ૦ **खिलाफत** خلافت = મુસલમાના ધર્મના સેવાચાકરી ) મુસલમાનોના ધર્મની ને સંસારની-ધાર્મિક ને સાંસારિક-રક્ષા કરી શકે એવી બાદશાહી કે એવો બાદશાહ.

**ખલીફી**, સ્ત્રી૦ (અ૦ **खिलाफत** خلافت = મુસલમાની ધર્મની સેવાચાકરી ) ખલીફાપણું. ' બગદાદમાં ખલીફી ઉત્પન્ન થઇ, અને પેગંબરના પ્રતિનિધિરૂપ ખલીફાના ઝનુની અનુયાયીઓએ પાશ્ચાત્ય દેશોમાં પણ પોતાની કતલ સારી રીતે ફેલાવી.' સિ૦ સા૦ પૃ૦ ૩૭૨

**ખલેલ**, સ્ત્રી૦ ( અ૦ **खलल** خلل ). અડચણ, અટકાવ.

**ખવાબ**, પુ૦ ( ફા૦ **खाब** خواب = સ્વપ્નું ) ઊંઘમાં જે હકીકત બને તે. સોણું. ફારસીમાં ' ખ 'ની સાથે ' વાવ ' આવે છે ત્યારે તે ' વાવ ' અક્ષર લખવામાં આવે છે, પણ ઉચ્ચારમાં આવતો નથી. જેમકે ખાબ, ખુરાક, ખુશ, ખાજા, ખારિજમ વગેરે. અલબત એ ' વાવ ' આવવાથી ઉચ્ચાર કાંઇક પોહોળો ને ભરેલો થાય છે. પણ ' વ ' નો તો ઉચ્ચાર થતોજ નથી. ' એ જુદાઇને લીધે ખુબ ખુબ ખ્વાબ જોવામાં આવે છે, વિવિધ ખુબીવાળાં સ્વપ્ન અનુભવાય છે.' આત્મ પૃ. ૧૭૨

**ખવાસ**, પુ૦ ( અ૦ **खवास**, خواص = **खास** નું બહુવચન. મોટા માણસનો અનુચર, હજુરીઓ, સેવક ) ખાસ માણસ, સાથે રહેનાર માણસ.

**ખવાસણ**, સ્ત્રી૦ ( અ૦ **खवास** خواص એને ગુજરાતી અણ પ્રત્યય લાગી થએલો શબ્દ ) મોટા ઘરની અને રાણીઓની અનુચારિકા, ખાસ ખીદમતદાર સ્ત્રી.

**ખવાસી**, સ્ત્રી૦ ( અ૦ **खवास** خواص નું નારીજાતિ રૂપ ) મોટા ઘરની અને રાણી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓની અનુચારિકા, ખાસ ખીદમતગાર સ્ત્રી 'લલિતા વિશાખા એ ખવાસીરે પ્રેમાનંદ.

**ખવીસ**, પુ૦ (અ૦ **खबीस** خبيث = અપવિત્ર માણસ, દુષ્ટ માણસ) અવગતીએ થએલો, ભૂત, પિશાચ રાક્ષસ.

**ખસ**, સ્ત્રી૦ (ફા૦ **खस** خس=ઘાસ) વીરણુ નામે વનસ્પતિનાં સુગંધીદાર મૂળીઆં, એની ટટ્ટીઓ પંખા વગેરે બને છે જેના ઉપર પાણી છાંટવાથી સુગંધી સાથે ઠંડક આપે છે. ખસનું અત્તર પણ બને છે.

**ખસખસ**, સ્ત્રી૦ (ફા૦ **खश्खाश** خشخاش =અફીણનાં જીંડવામાંથી દાણા નીકળે છે તે) ખસખસનાં બી.

**ખસખસીયું**, વિ૦ (ફા૦ **खश्खाश** خشخاش ઉપરથી) ખસખસના રંગ જેવું.

**ખસબો**, પુ૦ [ફા૦ **खुश्बो** خوشبو=ખુશ સારી, બો એટલે વાસ) સુગંધી બાસ, પરિમળ.

**ખસબોઈ**, સ્ત્રી૦ (ફા૦ **खुश्बो** خوشبو ઉપરથી) સુગંધી, ગંધ, વાસના.

**ખસમ**, પુ૦ (અ૦ **खस्म** خصم=શત્રુ, નઠારૂં ચાહનાર; ધણી) વર 'લેને ગઇ પુત, ને ખોઇ આવી ખસમ.' ગુ૦ કહેવત.

**ખસલત**, સ્ત્રી૦ (અ૦ **खस्लत** خصلت= આદત, ટેવ, સ્વભાવ) ખાસીયત.

**ખસુસ**, અ૦ [અ૦ **खसूस** خصوص= ખાસ, ખાસ ખાસ કરીને] જરૂર, અવશ્ય, નક્કી 'ખસુસ સાથેજ સૂઇશું. ગુ૦ ગિં૦

**ખસુસન**, અ૦ (અ૦ **खसूसन** خصوصاً= ખાસ કરીને) નક્કી, ખામુખા.

**ખસ્ત**. (ખસ્તા) વિ૦ [ફા૦ **खस्तह** خسته=જખમી, ઘાયલ] વેરણુ ખેરણુ ખરાબખસ્તા. 'રજુ કરૂં હાલ ખિદમતમાં, મહેર કર ખસ્ત કિસ્મત પર.' ગુ૦ ગ.

**ખંજર**, ન૦ [ફા૦ **खंजर** خنجر=એક હથીઆર છે] જમૈયા, છરી, કટાર. 'ન ખંજરથી કર્યા ટુકડા ન જામે ઝેરક પાયો વા.' કલાપી.

**ખંદાઇ**, સ્ત્રી૦ (ફા૦ **खंदह** خنده=હસેલો ખંદીદન=હસવું ઉપરથી) ગુજરાતીમાં લુચ્ચાઈ, ઢોંગાઇ.

**ખંદું**, વિ૦ (ફા૦ **खंदह** خنده=હસેલો) ખંદાઈ કરનાર, પહોંચેલું, પક્કું.

**ખંધાઇ**, સ્ત્રી૦ ખંદાઈ શબ્દ જુઓ.

**ખંધું**, વિ૦ ખંદું શબ્દ જુઓ.

**ખાએશ**, સ્ત્રી૦ (ફા૦ **खाहिश** خواهش ઇચ્છા, મરજી **खास्तन**=ઇચ્છવું ઉપરથી) ભાવના હેતુ, આશય 'હતી જ્યાં વસ્લની ખાહિશ મળ્યું ત્યાં ઝેરનું પ્યાલું.' કલાપી.

**ખાક**, સ્ત્રી૦ (ફા૦ **खाक** خاک=માટી) રાખ, ધૂળ.

**ખાકસર**, વિ૦ (ફા૦ **खाक्सार**. خاکسار ખાક=ધૂળ+સાર=જેવો. ધૂળ જેવો, હલકો, તુચ્છ) 'શેના વિના માનું બધું, હું ખાકસાર જહાનમાં.' ગુ. ગ.

**ખાકસારી**, સ્ત્રી. (ફા૦ **खाक्सारी** خاکساری=તુચ્છતા) કનિષ્ઠપણું.

**ખાકાન**. પુ૦ (તુર્કી **खाकान**. خاقان મોટા પાદશાહ, ચીન ને તુર્કસ્તાનના બાદશાહો ખાકાન કહેવાય છે) મોટા ઉપરી અધિકારી.

**ખાકાની**, વિ૦ (તુર્કી **खाकानी** خاقانی= પાદશાહીને લગતું) રાજ્યને લગતું.

**ખાકી**, વિ૦ (ફા૦ **खाकी** خاکی=માટીના) રંગ જેવું, માટીનું) મેલું, ધૂળ જેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ખાક**, સ્ત્રી૦ (ફા૦ खाक=خاک માટી) રાખ, ધૂળ. 'તોપણ તેની ખાક નવી પ્રતિભાના અગ્નિની ચીણગારીઓથી ભરલી રહે છે.' સુ. ગ.

**ખાખસુસ**, અ૦ (અ૦ खसूस خصوص) અમુક, નક્કી, ખાસુખા.

**ખાખી**, વિ૦ (ફા૦ खाकी خاکی=માટીના રંગ જેવું, માટીનું) ખાકની સાથે સંબંધ રાખતું, ધૂળ અથવા રાખોડી ચોળેલું, ખાખી બાવો.

**ખાખી**, બંગાળી, પુ૦ (ફા૦ खाकी خاکی) ખાલી ભપકો દેખાડનાર, ડાંડ.

**ખાજા**, પુ૦ (ફા૦ खाजह خواجہ = ખુદાવંદ, સાહેબ, સરદાર) તુરાનમાં સૈયદોને ખાજા કહે છે. હિંદુસ્તાનમાં જેની મા સૈયદાણી ને બાપ શેખ હોય તેને ખાજા કહે છે.

**ખાજાસરા**, પુ૦ (ફા૦ खाजहसरा خواجہسرا=ખસ્સી કરેલો ગુલામ, જે ઘરમાં આવી શકે તે) હીજડો, નામર્દ, વ્યંડળ. 'હબશી જનાનખાનાનો ખાજાસરા હતો.' બા૦ બા૦

**ખાતમો**, પુ૦ (અ૦ खातिमह خاتمہ= પરિણામ, છેવટ) મરણ, મોત. 'આ સ્થાનેજ તારી જીંદગીનો ખાતમો થઈ જશે.' બા૦ બ૦

**ખાતર**, સ્ત્રી૦ (અ૦ खातिर خاطر= ઇરાદો, વિચાર, ધ્યાન) આગતાસ્વાગતા. 'ગામની ગરીબ સ્ત્રીઓ પ્રધાન-પત્નીની ખાતર કરવાને ઉપર નીચે થઇ રહી.' સરસ્વતીચંદ્ર.

**ખાતરજમા**, સ્ત્રી૦ (અ૦ खातिर्+जमअ खातिर्जमअ خاطرجمع પુરો વિશ્વાસ રાખવો) સાબીત કરી બતાવવું, બેફિકર રહેવું.

**ખાતરદારી**, સ્ત્રી૦ (અ૦ खातिर्+दारी ફા૦પ્ર૦ خاطرداری =તરફદારી) પક્ષપાત, આતિથિસત્કાર. 'તંત્રીની ખાતરદારી કરો.' નં૦ ચ૦

**ખાતરનિશા**, સ્ત્રી૦ (અ૦ खातिर خاطر+ નિશા, ગુજરાતી પ્રયોગ છે) વિશ્વાસ ભરોસો, ખાતરી.

**ખાતરી**, સ્ત્રી૦ (અ૦ खातिर خاطر ઉપરથી) ભરોસો, વિશ્વાસ નક્કી.

**ખાતરદાર**, વિ૦ (અ૦ खातिर خاطر ઉપરથી ગુ૦ પ્ર૦) જેને માટે ખાતરી હોય એવું, વિશ્વસનીય.

**ખાતાબાકી**, સ્ત્રી૦ (અ૦ बाकी باقی= બચેલું, અવિનાશી) ખાતામાં જમે ઉધાર થઇ ગયા પછી જે બાકી હોય તે

**ખાતુન**, સ્ત્રી૦ (તુર્કી. खातून خاتون બેગમ, રાણી, બીબી, અમીરજાદી, મોટા ઘરની સ્ત્રી) 'એ સર્વ સમાચાર પોતાની ખાતુનને કહ્યા.' બા૦ બા૦

**ખાદમ**, પુ૦ (અ૦ खादिम خادم= ખીદમત કરનાર, સેવક) ચાકર નોકર.

**ખાન**, પુ૦ (ફા૦ खान خان અમીરોનો ખિતાબ) પઠાણોના નામની સાથે લાગતો પ્રત્યય.

**ખાનખાના**, વિ૦ (ફા૦ खानिखानान خانخانان ખાનનું બહુવચન ખાનાન એટલે ખાનોનો ખાન, શબ્દોનો ક્રમ પલટાઇને ખાનખાનાં થયો. જેવી રીતે શાહિશાહાં ઉપરથી શાહાનશાહ શબ્દ થયો છે) એક ખિતાબ છે.

**ખાનગી**, વિ૦ (ફા૦ खान्गी خانگی ઘરગથુ) પોતાનું, જાતીય, ખાસ.

**ખાનદાન**, વિ૦ (ફા૦ खान्दान خاندان ખાન = સરદાર+દાન=વાળો=સરદારવાળો, કુટુંબ) પ્રતિષ્ઠિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ખાનદાની,** સ્ત્રી૦ ( ફા૦ **खानदान+ई** خاندانی=ખાનદાન પણું ) કુલીનતા, ગૃહસ્થાઈ. '**હિંદમાં ખાનદાની નોકર ખાવાની ટેવ હોતી નથી.**' **નં૦ ચ૦**

**ખાનમ,** સ્ત્રી૦ ( ફા૦ **खानम** خانم=અમીર જાદી) બેગમ, મોટા ઘરની સ્ત્રી.

**ખાનાઇ,** સ્ત્રી૦ ( ફા૦ **खानो** خانی=ખાનપણું, ઉપરીપણું ) ખાન તરીકે અમલની બજવણી કરવી તે.

**ખાનાખરાબ,** વિ૦ ( **खानह्** ફા૦ ઘર+**खराब** અ૦ **खानह्खराब** خانہ خراب ઘર ખરાબ કરનાર) સત્યાનાશ વાળનાર. '**ખાનાખરાબ શરાબ પણ આપ રાખો છો ?** બા૦ બા૦

**ખાનું,** ન૦ ( ફા૦ **खानह** خانہ=ઘર, સ્થળ વાચક પ્રત્યય પણ છે, જેમકે દારૂખાનું, છાપખાનું કારખાનું વગેરે ) ઘર, મેજ, ટેબલ કે કબાટનો એક ભાગ.

**ખાબ,** પુ૦ ( ફા૦ **खाब** خواب=સ્વપ્નું ) ખવાબ શબ્દ જુઓ '**એવો કોઇને ખાબમાં પણ ખ્યાલ ન આવે.**' **બા૦ બ૦**

**ખાબગાહ,** સ્ત્રી૦ ( ફા૦ **खाबगाह** خوابگاہ ખાબ=સૂઈ રહેવું+ગાહ=સ્થળ, સૂઇ રહેવાનું ઠેકાણું) શયનગૃહ. '**પોતાની ખાબગાહમાં આરામખાં નિદ્રા લેતો હતો.**' **બા૦ બા૦**

**ખામ,** વિ૦ ( ફા૦ **खाम** خام=કાચું ) કાચું, અધુરૂં, ઓછું.

**ખામશી,** સ્ત્રી૦ ( ફા૦ **खामोशी** خاموشی ચૂપ રહેવું ) ધીરજ, ધૈર્ય, સહનશીલતા.

**ખામી,** સ્ત્રી૦ ( ફા૦ **खामी** خامی=ન્યૂનતા ) અપૂર્ણતા, કચાશ. 'અરે કયાં કેમ ન ફુલ આંખે, કર્યાં વળી કંટક શા ગુલાબે; સુલોચનાને શિર અંધ સ્વામી, અરે વિધાતા તુજ કૃત્ય ખામી.' ક૦દ૦ડા૦

**ખાહુખ,** અ૦ ( ફા૦ **खाह्मखाह** خواہ مخواہ=ખાહ=ઇચ્છો મ=નહિ, ખાહ=ઈચ્છો, =ચાહો કે ન ચાહો. ખાસ્તન=ચાહવું ઉપરથી મરજી હોય કે ન હોય, ના છૂટકે) '**વૈસવની ચીજ મળે નહિ તેથી ખાહુખ ખરચ ઓછો થતો.**' **નં૦ ચ૦** ' અધ્યુઢ, કાનીન, કારમારૈ, વાયક કૃતક વસમા; કિલ્વિપ ક્ષેત્રજ ખામખારે, ધારે ધ્યાને નતમા.' માંધા. ક. ૧૬

**ખામોશ,** સ્ત્રી૦ ( ફા૦ **खामोश** خاموش =ચુપ ખામોશીદન ચુપ રહેવું ઉપરથી ) છાના રહેવું. ખમવું, સહનશીલતા.

**ખામોશી,** સ્ત્રી૦ (ફા૦ **खामोशी** خاموشی =ચુપ રહેવું ખામોશીદન ચુપ રહેવું ઉપરથી ) સહનશીલતા, સબુરી, ધૈર્ય, ધીરજ.

**ખાર,** પુ૦ ( ફા૦ **खार** خار=કાંટો ) ઇર્ષ્યા, દ્વેષ. '**મોજુદ છે ગુલ લાખ, આ ગુલજારમાં જ્યાં ખારના.**' કલાપી.

**ખારજ,** વિ૦ (અ૦ **खारिज** خارج=કાઢેલો જુદો કાઢી મૂકેલો, જુદો પાડેલો ખરજ=તેણે ખેંચ્યું ઉપરથી ) જુદો કાઢેલો.

**ખારજી,** વિ૦ ( અ૦ **खारिजी** خارجی =મુસલમાની ધર્મથી નોખો પડેલો ) બેઇમાન, જે લોકો હજરત અલી [ર. અ.] ને ખલીફા માનતા નથી તે, મુસલમાની ધર્મનો એક સંપ્રદાય.

**ખાલસા,** વિ૦ ( અ૦ **खालिसह** خالصہ=શુદ્ધ, મેળવણી વગરનું, ખલસ તે ચોકખું હતું ઉપરથી) જે જમીનમાં સરકાર વિના બીજા કોઇનો હક ન હોય તે.

**ખાલી,** વિ૦ (અ૦ **खाली** خالی=જ્યાં કાંઈ ન હોય તેવું, ઠાલું, માત્ર, ફક્ત, પોલું ખલવ=કાંઈ ન હોતું ઉપરથી) ખાલી, પોલું.

**ખાલીખમ,** અ૦ ( અ૦ **खाली** خالی = તદ્દન ખાલી ) ઠાલું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ખાલેક**, પુ૦ ( અ૦ **खालिक** خالق=પેદા કરનાર. ખલક=તેણે પેદા કર્યું ઉપરથી ) સરજનાર, સૃષ્ટા પ્રભુ. '**ઉમેદ બર આવી નહિ, શું કહું ખાલિક નેકને.**' **કલાપી.**

**ખાલેશ**, વિ૦ ( અ૦ **खालिस** خالص=શુદ્ધ ભેગ વિનાનું ) સાફ, ખુલ્લું, કુડકપટ વિનાનું. '**તમારો ખાલિસ દિલથી અહસાન માનું છું.**' **બા૦ બા૦**

**ખાવંદ**, પુ૦ ( ફા૦ **खावंद** خاوند=**માલિક** ધણી) પતિ.

**ખાવિંદ**, પુ૦ ( ફા૦ **खावंद** خاوند=માલિક ખુદાવંદનું ટુંકું રૂપ; ખા+વંદ=**સાહેબ.** ) ધણી, પતિ.

**ખાસ**, વિ૦ [ અ૦ **खास** خاص=વિશેષ ] પોતાનુંજ, પોતીકું.

**ખાસગત**, વિ૦ ( અ૦ **खास** خاص ઉપરથી ) પોતાનુંજ, પોતીકું.

**ખાસગી**, વિ૦ [ અ૦ **खास्+गी** ફારસી પ્રત્યય મળીને **खास्गी** خاصگی=બાદશાહનો ખાસ મિત્ર ] ફોજનો રિસાલદાર.

**ખાસદાન**, ન૦ ( ફા૦ **खास्दान** خاصدان પાનની પટ્ટીઓ મૂકવાનું ધાતુનું વાસણ ) પાનબીડાં મૂકવાનું વાસણ.

**ખાસદાર**, પુ૦ (ફા૦ **खास्दार** خاصدار= ઘોડાની ચાકરી કરનાર, દાર પ્રત્ય ફારસી છે. ) સેવક, અનુચર.

**ખાસદોસ્ત**, પુ૦ ( **खास्** અ૦ + ફા૦ **दोस्त** خاص دوست ) ખાસદોસ્ત=ખરો મિત્ર.

**ખાસબરદાર**, પુ૦ ( અ૦ **खास+बर्दार** خاص بردار બર્દાશ્તન=ઉઠાવવું ઉપરથી ઉપાડનાર. **खास्बर्दार**=બાદશાહ, સરદાર વગેરેના હથીઆર ઉપાડનાર માણસ ) સરદારનાં **હથીઆર સાથે લ**ઇને ચાલનાર માણસ.

**ખાસિયત**, સ્ત્રી૦ **खासिय्यत** خاصیت= સ્વભાવ) ટેવ, તબીઅત, મિજાજ. '**પોતે** પોતાની પ્રકૃતિ અને પોતાની સર્વ ખાસીઅતોને યથાર્થ રીતે સમજી પોતાનો અધિકાર કેટલો છે તે જાણી લેવું.' સુ૦ ગ૦ પૃ૦ ૪૫

**ખાસી**, વિ૦ ( અ૦ **खास** خاص=સારી ગુ૦ પ્ર૦) ઉત્તમ. '**ખાસાં કપડાં કરડી ખાય.**' **ક૦ દ૦ ડા૦**

**ખાસી**, વિ૦ ( અ૦ **खस्सी** خصی=જેના વીર્યોત્પાદક અવયવ કાપી નાંખેલા હોય એવું ) વૃષણ રહિત.

**ખાસું**, વિ૦ ( અ૦ **खास** خاص=ઉપરથી) સારૂં મજેનું.

**ખાસું**, અ૦ ( અ૦ **खास** خاص=ઉપરથી) વાહવાહ, સારૂં.

**ખાસુલખાસ**, વિ૦ ( અ૦ **खासुल्खास** خاص الخاص=ખાસમાં એ ખાસ ) ખાસ અગત્યનો, પોતાનોજ

**ખાં**, પુ૦ ( ફા૦ **खान** خان=અમીરોનો ખિતાબ છે ) પઠાણ લોકોના **નામની** સાથે પ્રત્યય તરીકે લાગે છે. ઉસ્તાદ, ખુબ જાણનાર.

**ખિતાબ**, પુ૦ ( અ૦ **खिताब** خطاب= પ્રતિષ્ઠાનું નામ. ખતબ= તેણે વાતચીત કરી ઉપરથી ) બાદશાહ તરફથી **મળેલું** પ્રતિષ્ઠા સૂચક નામ.

**ખિદમત**, સ્ત્રી૦ ( અ૦ **खिद्मत** خدمت =સેવા ચાકરી. ખદમ=હેખરેખ રાખી ઉપરથી ) સેવા ચાકરી. તેહેનાત.

**ખિદમતગાર**, પુ૦ (અ૦ **खिद्मत्+गार** ફા૦ પ્ર૦ خدمتگار =સેવા કરનાર) **ચાકર.** 'એવામાં એક **ખિદમતગારે** આવી **જય**ચંદના કાનમાં કહ્યું.' સુ૦ સિં.

For Private And Personal Use Only

**ખિયાનત,** સ્રી૦ ( અ૦ **खियानत** خیانت=અસત્ય, દગો, થાપણ ઓળવવી, અમાનતથી ઉલટો શબ્દ ) કોઇની થાપણ લઇને ન આપવી તે, બેઇમાની. **'અમાનતમાં ખિયાનત કરનાર ગાજીખાન આપણા હાથમાં સપડાયો છે.' બા૦ બા૦**

**ખિયાલ,** પુ૦ ( અ૦ **खियाल** خیال=વહેમ, શક. ) માણુસના મનમાં જે વિચારો ઉત્પન્ન થાય છે તે.

**ખિલત,** સ્રી૦ ( અ૦ **खिल्अत** خلعت ખલઅ=પોતાનું વસ્ત્ર સામાવાળાને આપ્યું ઉપરથી, પોશાક ) એ આબરૂનો પોશાક છે. જ્યારે બાદશાહ કોઇની પદવી વધારવા ઇચ્છે છે ત્યારે તેને ખિલઅત આપે છે. ઘરેણાં, હીરા, હથીઆર અને સીવેલાં વસ્ત્ર પણ હોય છે. વળી હથીઆર, ઘોડો ને હાથી હોય તો સંપૂર્ણ ખિલઅત કહેવાય છે. સાત લુગડાં આપે તો 'ખિલઅતે હફ્ત પાર્ચા ' કહેવાય છે.

**ખિલવત,** સ્રી૦ ( અ૦ **खल्वत** خلوت=એકાંત. ખલા=તે ખાલી હતું ઉપરથી ) ખાનગી સલાહ, ગુપ્ત મસલત, એકાંત.

**ખિલ્લત,** સ્રી૦ خلعت=ખિલત શબ્દ જુઓ.

**ખિસંમિસ,** સ્રી૦ (ફા૦ **किश्मिश** کشمش=એક જાતની દ્રાક્ષ ) ઠળીઆ વગરની સુકી નાની લાલ કે ધોળી દ્રાક્ષ.

**ખીજમત,** સ્રી૦ ( અ૦ **खिद्मत** خدمت =સેવા, ચાકરી ) હાજરી.

**ખીજમતદાર,** પુ૦ ( અ૦ **खिद्मत्+दार** ફા૦ પ્ર૦ **खिद्मत्दार** خدمتدار =સેવક ) હજુરીઓ, તહેનાતમાં રહેનાર નોકર.

**ખીજમતદારી,** સ્રી ( અ૦ **खिद्मत्+दारी** ફા૦ પ્ર૦ **खितमत्दारो** خدمتداری =સેવા, ચાકરી ) પરિચર્યાનું કામ તે.

**ખીમો,** પુ૦ ( અ૦ **कीमह** قیمه=કોઇ વસ્તુનો છુંદો, કાપી કાપીને ઝીણી ઝીણી કરચો કરેલું માંસ. **' મગજનો ખીમો થઇ જાય છે,-ન્યુસપેપરમાં વપરાયછે**

**ખીલાફ,** વિ૦ ( અ૦ **खलफ**=સામો થયો ઉપરથી વિરૂદ્ધ. **खिलाफ** خلاف=વિરૂદ્ધ) સામા થવું, વિરોધ કરવો, **' અહો ખીલાફ એ કહેતાં, અરે તુજ હાથ શું આવ્યું ?'** કલાપી.

**ખીલાફી,** સ્રી૦ ( અ૦ **खिलाफी** خلافی **खलफ**=સામો થયો ઉપરથી વિરૂદ્ધતા ) સામા થવાપણું **' આ બાબ માની રાસ્ત હું, ખીલાફીમાં રાજી રહ્યો. ' દી૦ સા૦**

**ખીલાફત,** સ્રી૦ (અ૦ **खिलाफत** خلافت=ઇસ્લામની સેવા ) જે મુસલમાન બાદશાહ મુસલમાનોની સાંસારિક ને ધાર્મિક રક્ષા કરી શકે તે.

**ખીસાકાતરૂ,** વિ૦ ( ફા૦ **कीसह** کیسه = ખીસું કાતરૂ ગુજરાતી શબ્દ. ) ખીસાં કાતરી લેનાર.

**ખીસાખરચ,** ન૦ ( ફા૦ **कीसहखर्च** کیسه‌خرچ = ગજવા ખર્ચ ) પોતાને પસંદ પડતી બાબતમાં ખરચવાનું ખાનગી ખાસ ખરચનું નાણું તે.

**ખીસાખાલી,** વિ૦ ( ફા૦ **कीसह+खाली** અ૦ کیسه‌خالی ખાલી ખીસાવાળો ) જેની પાસે કંઇ ન હોય તે, કંગાલ.

**ખીસું,** ન૦ ( ફા૦ **कीसह** کیسه =થેલી ) ગજવું, ગુંજું.

**ખુઆર,** વિ૦ ( ફા૦ **खार** خوار = ફજેત, કનિષ્ઠ ) બદનામ, બેઆબરૂ.

**ખુત્બા,** પુ૦ ( અ૦ **खुत्बह** خطبه=એડ્રેસ, ભાષણ ) જેમાં ઇશ્વરસ્તુતિ, પેગંબર સાહેબનાં વખાણુ અને શિખામણો વગેરે હોય એવું ભાષણ. દર શુક્રવાર ને બંને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈદોને દિવસે મસ્જિદમાં મિંબર (સિંહાસન) ઉપર ઊભો રહી એક જણ વાંચે છે અને બીજા બધા સાંભળે છે તે. 'પોતાના નામનો સિક્કો પાડયો તથા ખુતબો પઢાવવા માંડયો.' રા. મા. ભા. ૧.

ખુદ, સ૦ (ફા૦ **खुद** خود=પોતે) જાતે, પોતાનું.

ખુદ અખ્ત્યારી, (ફા૦ **खुद्+इख्त्यारी** અ૦ મળીને **खुद्इख्त्यारी** خوداختیاری =પોતાની સત્તા) પોતાનો કાબુ હોય તેવી સ્થિતિ. '**પણ ખુદ અખ્ત્યારીની આધીનતા કરતાં નહિ આવડે, ત્યાં સુધી રાજ્ય કરવાને લાયક ઠરીશું નહિ.' નં૦ ચ૦**

ખુદકુશી, સ્ત્રી૦ (ફા૦ **खुद्कुशी** خودکشی ખુદ=પોતે, કુશ્તન=મારવું ઉપરથી કુશી આપઘાત) પોતે મરી જવું તે. પોતાને હાથે પોતાનો જીવ આપવો તે. '**તે માયુસીના સબબથી ખુદકુશી કરીને મરી ગઈ હશે.' બા૦ બા૦**

ખુદગરજી, સ્ત્રી૦ (ફા૦ **खुद्+गरजी** અ૦ મળીને **खुद्गरजी** خودغرضی =સ્વાર્થપણું) પોતાની મતલબ હોય તે. '**ખુદગરજી વધે છે, ને સ્વાર્થ પ્રકટે છે.' નં૦ ચ૦**

ખુદપસંદગી, સ્ત્રી૦ (ફા૦ **खुद्पसंदगी** خودپسندگی=પોતાનેજ પસંદ કરવો, અહંકાર) અભિમાન. '**તે સાત્વન માધવની ખુદપસંદગીનું નથી.' ..ચ૦**

ખુદા, પુ૦ (ફા૦ **खुदा** خدا ખુદ=પોતે, આમદન=આવવું ઉપરથી 'આ' આવનાર પોતાની મેળે થનાર ઇશ્વર, પરમેશ્વર) સ્વયંભૂ. '**અમો મનસુરના ચેલા ખુદાથી ખેલ કરનારા.' કલાપી.**

ખુદાઇ,વિ૦ (ફા૦ **खुदाई** خدائی=ખુદા સંબંધી. જગત) પરમેશ્વર કૃત, દૈવી.

ખુદાતાઆલા, પુ૦ (ફા૦ **खुदा+तआला** અરબી خداتعالی =ઘણો મોટો. અલવ ઉપરથી તઆલા ઘણો મોટો ખુદા) મહાન પ્રભુ. '**વચમાં ખુદાતાલાનું નામ આવે કે આમીન કહેવું.' નં. ચ.**

ખુદાનખાસ્તા, અ૦ (ફા૦ **खुदानखास्तह** خدانخواستہ ખાસ્તન=ચાહવું.નખાસ્તા =ન ચાહે. ખુદા ન ચાહે, ખુદા ન ઇચ્છે) ન કરે નારાયણ. 'ખુદા ન ખાસ્તા આપણા પક્ષની હાર થાય.' બા૦ બા૦

ખુદાપરસ્ત, વિ૦ (ફા૦ **खुदापरस्त** خداپرست પરસ્તીદન=પૂજવું ઉપરથી પરસ્ત=પૂજક. ખુદાને પૂજનાર) પ્રભુપરાયણ, આસ્તિક.

ખુદાવંત, વિ૦ (ફા૦ **खुदावंद** خداوند ખુદા=સાહેબ+વંદ એ ઉપમાનો શબ્દ છે) ખુદા સમાન, ખુદા જેવું.

ખુદાહાફેજ, અ૦ (ફા૦ ખુદા+હાફિજ=અ૦ રક્ષણકર્તા. ખુદાહાફિજ خداحافظ = ખુદા–તમારૂં–રક્ષણ કરો) જુદા પડતી વખતે, પરગામ જતી વખતે આશીર્વાદ આપતાં કહેવાય છે) પ્રભુ તમારૂં રક્ષણ કરે. પ્રભુ તમારા રક્ષણ કર્ત્તા થાઓ.

ખુન, ન૦ (ફા૦ **खून** خون=લોહી) જીવથી મારી નાખવો. જીવ લેવો.

ખુનકી, સ્ત્રી૦ (ફા૦ **खुनकी** خنکی=ઠંડક. ખુનુકી, ખુન્કી. ખુનુક=ટાઢું ઉપરથી) લહેર, ઘેન ભરેલી આળસ.

ખુનખાર, વિ૦ (ફા૦ **खूनखार** خونخوار =નિર્દય. ખાર એ પ્રત્યય છે) લોહી રેડાય એવું.

ખુનરેજી, સ્ત્રી૦ (ફા૦ **खूनरेजी** خونریزی



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેખ્તન=રેડવું ઉપરથી રેજી, લોહી વહેવડાવવું) લોહી રેડાય એવી.

**ખુનામરકી,** સ્ત્રી૦ (ફા૦ **खून** خون=લોહી, મરકી એ ગુજરાતી શબ્દ) ખૂનરેજી કાપાકાપી.

**ખુની,** વિ૦ (ફા૦ **खूनी** خونی=લોહીવાળું, લોહી સાથે સંબંધ રાખનાર) ખૂન કરનાર, ઘાતકી.

**ખુફીઆ,** વિ૦ (અ૦ **खुफयह** خفیه=ગુપ્ત) છુપાએલું. ' **હું ખુફીયા તોરથી ભેડા નગરના તેજ ખંડિએરમાં રહેવાનો છું.'** બા૦ બા૦

**ખુબ,** વિ૦ (ફા૦ **खूब** خوب=સારૂં) ઉમદા ઉત્તમ, ભલું.

**ખુબસુરત,** વિ૦ (ફા૦ **खूब+सूरत** અરબી ચહેરો **खूबसूरत** خوبصورت=સુંદર ચહેરાવાળો) રૂપાળો, સુંદર.

**ખુબસુરતી,** સ્ત્રી૦ ( ફા૦ **खूब**+અરબી **सूरती-खूबसूरती** خوبصورتی=સૌંદર્ય) રૂપ, શોભા.

**ખુબી,** સ્ત્રી૦ (ફા૦ **खूबी** خوبی=વસ્તુમાં રહેલો સારામાં સારો ગુણ) ભલાઈ, સારાપણું, ચમત્કાર.

**ખુબીદાર,** વિ૦ (ફા૦ **खूबीदार** خوبیدار =ખુબીવાળુ) ચમત્કારિક, વિચિત્ર.

**ખુમચો,** પુ૦ (ફા૦ **खान्चह** خوانچه= નાનો થાળ. **खान्**=થાળ+**चह**=લઘુતા વાચક પ્રત્યય) તાસક, છાછર થાળી.

**ખુમાર,** પુ૦ ( અ૦ **खुंमार** خمار=નીશો, દારૂની મસ્તી, નીશો ઉતરી ગયો હોય તેવી હાલત) કેફ ઉતરી જવાથી હાથ પગ તૂટે છે તે હાલત. ગુજરાતીમાં ખુમાર નિશાના અર્થમાં વપરાય છે.

**ખુમારી,** સ્ત્રી૦ ( અ૦ **खुंमारी** خماری ખુંમારને ઇ લાગવાથી કેફની હાલત. ખમર=તે ગરમ થઇ ગયો ઉપરથી) ધન વૈભવ હોદ્દા વગેરેનો ગર્વ ' **ખુમારી ને ખુવારી છે, અજાયબ પ્રેમની મસ્તી.'** કલાપી.

**ખુમાશ,** સ્ત્રી૦ ( અ૦ **कुमाश** قماش= ગંજીફાના એક પત્તાનું નામ) રેશમી લુગડું, હુનર, ગુણ, જાત, પ્રકાર.

**ખુરદો,** પુ૦ (ફા૦ **खुर्दह** خورده ખુર્દન= ખાવું ઉપરથી ખાધેલું. કડકો) સોનાનો કડકો, પરચુરણ, નાણું.

**ખુરદોકરવું,** ક્રિ૦ (ફા૦ ખુર્દન=ખાવું, ઉપરથી خورده) વેચીને પૈસા કરવા.

**ખુરમું,** ન૦ (ફા૦ **खुर्मह** خرمه=ખજુર, એક જાતની મિઠાઇ) બાલુશાહી. એક જાતનો ભોજ્ય પદાર્થ.

**ખુરસી,** સ્ત્રી૦ (અ૦ **कुर्सी** کرسی) લાકડાની નેતરે ભરેલી બેઠક, આસન.

**ખુરસું,** ન૦ (અ૦ **कुर्सी** کرسی ઉપરથી) માટીનું બેસણું.

**ખુરસેદ,** પુ૦ (ફા૦ **खुर्शीद, खुर्शेद, खर्शीद, खर्शेद.** خورشید ખુર=સૂર્ય+શીદ= પ્રકાશિત=પ્રકાશિત સૂર્ય. (૨) ખુર = મહાન, શીદ=પ્રકાશિત. મહાન પ્રકાશિત વસ્તુ. સૂર્ય ) સુરજ.

**ખુરાસાન,** પુ૦ (ફા૦ **खुरासान** خراسان= એક મુલક છે) ઇરાનની પૂર્વ અને અફગાનિસ્તાનની પશ્ચિમે એક મુલક છે. હિરાત અને મશહદ શહેર એમાં છે.

**ખુરાસાની,** વિ૦(ફા૦**खुरासानी** خراسانی) ખુરાસાની, અજમો ત્યાંથી આવે છે.

**ખુલફાએ રાશદીન,** પુ૦ ( અ૦ **खुलफाइ राशिदीन** خلفاء راشدین ખલીફાનું બહુવચન ખુલફા. રશદ=તે સીધો ગયો ઉપરથી રાશિદ=સીધે રસ્તે જનાર. એનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુવચન રાશિદીન. સીધે રસ્તે જનારાઓ) હજરત મુહંમદ સાહેબ (સ.અ.) ની પાછળ ગાદીએ બેસનાર ખલીફાઓ.

**ખુલાસો,** પુ૦ (અ૦ **खुलासह** خلاصه=પાક સાફ, નિર્મળ. ખલસ=તે ચોકખું હતું ઉપરથી) ચોખવટ, ખુલ્લું, સ્પષ્ટ.

**ખુવાબ,** પુ૦ (ફા૦ **खाब** خواب=સ્વપ્નું) શમણું, ઊંઘ.

**ખુવાર,** વિ૦ (ફા૦ **खार** خوار=કનિષ્ઠ) અતિ દુઃખી.

**ખુવારી,** સ્ત્રી૦ (ફા૦ **खारी** خواري=પાયમાલી, કંગાલીઅત) ક્ષય, નાશ. '**ખુમારી ને ખુવારી છે, અજાયબ પ્રેમની મસ્તી.**' કલાપી.

**ખુશ,** વિ૦ (ફા૦ **खुश** خوش=રાજી) સારૂં, ઉમદા, નીરોગી, ઉત્તમ.

**ખુશકી,** સ્ત્રી૦ (ફા૦ **खुश्की** خشكي=જમીન માર્ગ. ખુશ્ક=સુકું ઉપરથી) જમીન માર્ગ. દરીઆ માર્ગને તરી કહે છે.

**ખુશખબર,** સ્ત્રી૦ (ફા૦ **खुश**+**खबर** અ૦ **खुश्खबर:** خوش خبر=રૂડા સમાચાર) વધામણી, આનંદની ખબર.

**ખુશનુમા,** વિ૦ (ફા૦ **खुश्नुमा** خوش نما =સારૂં દેખાય તેવું. નમૂદન=દેખાડવું ઉપ૰ રથી નુમા.) મજેનું, મનરંજન. 'એક રાત્રિએ ખુશનુમા ચાંદનીમાં દિલ્હી શહેરની એક વાડીએ કેટલાક મિત્રોની મંડળી મોજ કરી રહી હતી.' ગુ૦ સિં૦

**ખુશબખતી,** સ્ત્રી૦ (**खुश** ફા૦+**वक्ती**. અ૦ મળીને **खुश्वक्ती** خوش وقتي = ખુશી થવાનો વખત) ખુશ થવાનો સમય. આનંદનો સમય.

**ખુશબો,** સ્ત્રી૦ (ફા૦ **खुश्बो** બૂઇદન=સુંઘવું ઉપરથી બો = વાસ. خوشبو સુગંધ) સુવાસ, પરિમળ.

**ખુશબોઈ,** સ્ત્રી૦ (ફા૦ **खुश्बो**+**इ** خوشبوئي સુગંધ) સુવાસના, બજારમાં સરૈયાઓને ત્યાં મળતી એક સુગંધી ભૂકી.

**ખુશબોદાર,** વિ૦ (ફા૦ **खुश्बोदार**= خوشبودار સુવાસિત) સુગંધવાળું.

**ખુશમિજાજી,** વિ૦ (ફા૦ **खुश**+**मिजाजी** અ૦ خوش مزاجي મિજાજ= સ્વભાવ) સારા સ્વભાવ વાળો.

**ખુશામત,** સ્ત્રી૦ (ફા૦ **खुशामद** خوشامد આમદન=આવવું ઉપરથી આમદ. સાંભળનારને સારાં લાગે તેવાં વચન, જુઠાં વખાણ) પળશી, ચાપલુસી, શુશ્રૂષા.

**ખુશામતખોર,** વિ૦ (ફા૦ **खुशामद्खोर** خوشامدخور=ખુશામત કરનાર) ખુશામતીયું.

**ખુશામતીયું,** વિ૦ (ફા૦ **खुशामदी** خوشامدي ઉપરથી=ખુશામત કરનાર) તારીફ કરીને કામ કાઢી લેનાર.

**ખુશાલ,** વિ૦ (ફા૦ **खुश**+**हाल** અરબી મળીને **खुश्हाल** خوشحال=આનંદવાળી હાલતમાં હોય તે, સુખી) ખુશ હાલતમાં હોય તેવું. હિંદુઓમાં સંજ્ઞાવાચક નામ પણ હોય છે.

**ખુશાલી,** સ્ત્રી૦ (ફા૦ **खुश**+**हाली** અ૦ **खुश्हाली** خوشحالي = ખુશી ભરેલી સ્થિતિ) આનંદની સ્થિતિ, કુશળતા, આરોગ્ય.

**ખુશી,** સ્ત્રી૦ (ફા૦ **खुशी** خوشي=હર્ષ, રાજીપણું) આનંદ, મસ્તી. ખુશી એ ભાવવાચક નામ છે, તેથી 'ખુશી થવું' ને ઠેકાણે 'ખુશ થવું' ને 'ખુશી થઇ' ને ઠેકાણે 'ખુશી ઉત્પન્ન થઇ' એમ બોલવું શુદ્ધ છે.

**ખુસરો,** વિ૦ (ફા૦ **खुस्रव** خسرو=ઇરાનમાં કયાની વંશમાં એક બાદશાહ થઇ

For Private And Personal Use Only

ગયો છે.) ખડમૂછો, જેને મૂછો ન હોય એવો પુરૂષ, નાજર.

**ખુસીયો**, વિ૦ ( અ૦ **खुस्यह** خصيه=વૃષણ) ખાસી કરેલો, વૃષણ રહિત.

**ખૂન**, ન૦ (ફા૦ **खून** خون=લોહી) જીવથી મારી નાખવું તે, ઘાત, હત્યા, પ્રાણલેવો તે.

**ખૂબ**, વિ૦ ( ફા૦ **खूब** خوب=ઘણું, સારૂં ) સુંદર, મજેનું.

**ખે**, સ્રી૦ ( અ૦ **कय्** قي=ઉલટી થવી તે) ઓકારી, ઓકવું તે, ખાધેલું પાછું નીકળવું તે.

**ખેડહક**, પુ૦ ( અ૦ **हक्क** حق=દાવો ) ખેડવાનો હક તે. ખેડુત તરીકે કામ કરવાનો હક.

**ખેદાનમેદાન**, વિ૦ (અ૦ **मयदान** ميدان વિસ્તીર્ણ પ્રદેશ, સપાટ જમીન, લડાઈ) ખણાઇને મેદાન થઇ ગએલું, ઉખડી ગએલું, તારાજ.

**ખેદીવ**, પુ૦ ( ફા૦ **खुदयूव** خديو=ખુદાવંદ) મિસરના બાદશાહનો ખિતાબ, સ્વતંત્ર બાદશાહ.

**ખેમખુશાલી**, સ્રી૦ ( ફા૦ અ૦ **खुशहाली** خوشحالي ) સુખી હાલત, આરોગ્ય, તંદુરસ્તી.

**ખેર**, અ૦ ( અ૦ **खयर** خير=ભલાઈ) રૂડું સારૂં, નિશ્ચિંતતા.

**ખેરઆફિયત**, સ્રી૦ (અ૦ **खयरो आफियत.** خيروعافيت ખેર=રૂડું, આફિયત=સલામતી. ખેરઆફિયત=ક્ષેમકુશળતા) તંદુસ્તી, આરોગ્ય. **એક બીજાની ખેર આફિયત પૂછી.' બા૦બા૦**

**ખેરખાહ**, વિ૦ ( ફા૦ **खाह** ચાહનાર+**खयर** અ૦ **खयर्खाह** خيرخواه=સારૂં ચાહનાર) હિતેચ્છુ, મિત્ર, શુભેચ્છક.

**ખેરખાહી**, સ્રી૦ ( **खयर्+खाही** મળીને **खयर्खाही** خيرخواهي = સદિચ્છા, ભલું ચાહવું તે) ભલું થાય એવું ઇચ્છવું.

**ખેરસલ્લા**, સ્રી૦ ( અ૦ **खयर्सलाह** خيرصلاح સલાહ=ભલાઇ. સલહ=તે લાયક હતો, તેણે બરાબર રાખ્યું ઉપરથી) સમાધાન, સુખરૂપતા, ભલાઇ, રૂડું.

**ખેરાત**, સ્રી૦ ( અ૦ **खयरात** خيرات=ભલાઇ) દાન, પુણ્ય, સખાવત. **'કોડીની ખેરાત ન કરે.' નં૦ ચ૦**

**ખેરાતી**, વિ૦ ( અ૦ **खयराती** خيراتي =ખેરાત કરવાને કાઢેલું ) ખેરાત કરનાર. ખેરાતનું.

**ખેરિયત**, સ્રી૦ (અ૦ **खयरिय्यत** خيريت =ભલાઇ. ખયર=તે સારો હતો ઉપરથી) ક્ષેમકુશળતા.

**ખેરોજ**, વિ૦ (અ૦ **खारिज** خارج=કાઢેલું, જુદું ) વધારાનું, અંદર આવી ન જતું હોય એવું.

**ખેલ**, પુ૦ ( અ૦ **खयल** خيل=ટોળું ) ટોળું. ખેલખેલ=ટોળેટોળાં.

**ખેસ**, પુ૦ ( ફા૦ **खेश** خويش=પોતાનું ) પાસેનું સગુંવહાલું, મિત્ર, સંબંધી.

**ખેસી**, વિ૦ (ફા૦ **खेशी** خويشي=પોતાનું) સગુંવહાલું, પાસેનું.

**ખો**, સ્રી૦ ( ફા૦ **खू, खो** خو=ટેવ ) આદત, સ્વભાવ.

**ખોગીર**, સ્રી૦ ( ફા૦ **खूगीर** કે **खोगीर** خوگير ગિરિફતન=પકડવું ઉપરથી ગીર=પકડનાર. ટેવ પડી ગએલો). ઘોડા ઉપર મૂકવાનું ગાદલું, ડળી.

**ખોજ**, સ્રી૦ ( અ૦ **खव्ज** خوض=ફિકર કરવી, વિચાર કરવો ) તપાસ. **પછી ડીસેંબર દેખીને, ખરેખરી કર ખોજ,**

Shri Mahavir Jain Aradhana Kendra   www.kobatirth.org   Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તો તેના ત્રણસેં અને 'પાંસઠ પૂરા રોજ.'** ક૦ દ૦ ડા૦

**ખોજવું,** ક્રિ૦ સ૦ ( અ૦ **खवज** خوض= ફિકર કરવી, વિચાર કરવો ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) ખંતથી તપાસવું, શોધવું, ખોળવું.

**ખોજો,** પુ૦ ( ફા૦ **खाजह** خواجه=સરદાર ધણી ) વ્યંડળ, ગુલામ, નપુંસક.

**ખોદા,** પુ૦ ( ફા૦ **खुदा,** خدا=ઈશ્વર )પ્રભુ, સ્વયંભૂ.

**ખોદાઇ,** વિ૦ (ફા૦ **खुदाइ** خدائي=ખુદાને લગતું) દૈવી, ચમત્કારિક, દુન્યા, સૃષ્ટિ.

**ખોદાવંત,** વિ૦ ( ફા૦ **खुदावंद** خداوند= ખુદાના જેવું ) રાજા પાદશાહ વગેરેના નામની સાથે લગાડવામાં આવતી ઈશ્વરત્વદર્શક ઉપમા.

**ખોપ,** પુ૦ ( અ૦ **खवूफ** خوف=ધાસ્તી, બીક ) ડર, દહેશત.

**ખોફ,** પુ૦ (અ૦ **खवूफ** خوف=ધાસ્તી, બીક ) ડર, દહેશત.

**ખોફનાક,** વિ૦ ( અ૦ **खवूफ+नाक** ફા૦ પ્ર૦ **खवूफनाक** خوفناك=બીહામણું, ભયાનક ) બીક લાગે એવું **'તેમના દિમાગમાં ખોફનાક અસર થઈ હતી.'** બા૦ બા૦

**ખોર,** (ફા૦ ખુર્દન=ખાવું ઉપરથી **खोर** خور=ખાનાર ફારસી પ્રત્યય છે જેમકે હલાલખોર, હરામખોર વગેરે.)

**ખોરાક,** પુ૦ (ફા૦ **खुराक** خوراك=ખાવાનું, ખુર્દન= ખાવું ઉપરથી ) ગુજરાન કરવાની વસ્તુ, ખાવાનો પદાર્થ.

**ખોરાકી,** સ્ત્રી૦ ( ફા૦ **खुराकी** خوراكي= ખાવાની વસ્તુઓ ) ખોરાક.

**ખોરાકીપોશાકી,** સ્ત્રી૦ ( ફા૦ **खुराकीपोशाकी** خوراكي پوشاكي=ખાવાનું અને પહેરવાનું, પોશીદન=ઢાંકવું ઉપરથી પોશાક) ખાવા પહેરવાની ગોઠવણ.

**ખોલ,** સ્ત્રી૦ ( ફા૦ **खोल** خول=છોડું ) ઉપરનો ગલેફ, કવર.

**ખોળીઉં,** ન૦ (ફા૦ **खोल** خول ઉપરથી) ગોદડાં ઉપર ચડાવવાનું કપડું, શરીરનું ખોળીઉં.

**ખ્યાલ,** પુ૦ ( ફા૦ **खियाल** خيال=વિચાર કલ્પના, ધારણા.

**ખ્યાલી,** વિ૦ ( ફા૦ **खियाली** خيالي= તાર્કિક ) મનસ્વી, માની લીધેલું ધારી ધીધેલું.

**ખ્યાલીખુશી,** સ્ત્રી૦ ( ફા૦ **खियालीखुशी** خيالي خوشي=માની લીધેલી ખુશી ) મોજમજા, ગાનતાન.

**ખ્વાબ,** પુ૦ ( ફા૦ **खाब** خواب=સ્વપ્નું ) શમણું.

**ખ્વાર,** વિ૦ ( ફા૦ **खार** خوار=કનિષ્ઠ ) અતિ દુઃખી, ફજેત.

## ગ. ग.

**ગચ્છી,** વિ૦ ( ફા૦ **गच** گچ=ચુનો ) ચુનાનું કામ, ચુનાગચ્છી કામ.

**ગજ,** પુ૦ (ફા૦ **गज** گز=લુગડાં ભરવાનો ગજ ) ચોવીસ તસુ.

**ગજનવી,** વિ૦ ( ફા૦ **गज़नवी** غزنوي= ગજનીનો રહેનાર ) ગજનીનો વતની.

**ગજબ,** પુ૦ ( અ૦ **गजब** غضب=જુલમ ગજબ=ગુસ્સે થયો ઉપરથી ગુસ્સો, કોપ ) આફત.

**ગજબી,** વિ૦ (અ૦ **गजबी** غضبي=જુલમવાળું ) કોપવાળું આફતવાળું.

**ગજર,** સ્ત્રી૦ ( ફા૦ હિં. **गजर** گجر ચોઘ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડીઆં) પહેરો બદલાતાં જે ઘડિઆળ વગાડવામાં આવે છે તે.

**ગજલ**, સ્ત્રી૦ ( અ૦ **गज़ल** غزل=પ્રિય સાથે રમવું ) સ્ત્રીઓના પ્રેમની, મૈત્રીની અને જવાનીની હકીકતની કવિતા.

**ગજલિસ્તાન**, ન૦ ( અ૦ **गज़ल+स्तान** ફા૦ **गज़लिस्तान** غزلستان=ગજલોનું પુસ્તક ) જેમાં ગજલો હોય એવું પુસ્તક.

**ગજાર**, સ્ત્રી૦ ( ફા૦ **गुज़र** گزر=રસ્તો, સડક ) ઓરડાની બાજુનો ખંડ, બાજુની અંધારી ગલી.

**ગજિયાણી**, સ્ત્રી૦ ( ફા૦ **गज** گز=ઉપરથી ) ગજી પનાનું વધારે ઊંચી જાતનું રેશમી કપડું.

**ગજિયું**, ન૦ ( ફા૦ **गज** گز=ઉપરથી ) ગજ પનાનું જાડા સુતરનું કપડું, ખાદી, ગજ પનાની વસ્તુ.

**ગજિયો**, પુ૦ ( ફા૦ **गज** گز=ઉપરથી ) આશરે ગજ જેટલો લાંબો ધાતુનો સળીઓ.

**ગજી**, સ્ત્રી૦ ( ફા૦ **गज़** گنج=ઉપરથી ) ગજ જેટલા પનાનું ઝીણા વણાટનું એક જાતનું રેશમી કપડું.

**ગંજ**, પુ૦ ( ફા૦ **गंज** گنج ઢગલો ) કોઇ વસ્તુનો વધારે જથો હોય તે.

**ગંજાવર**, વિ૦ ( ફા૦ **गंजावर** گنجاور આવર પ્રત્યય છે=ઢગલાવાળો ) ઘણો મોટો ઢગલો.

**ગંજિયું**, ન૦ ( ફા૦ **गंज** گز=ઉપરથી ) ગંજમાંનું એકાદ પાત્ર.

**ગંજી**, સ્ત્રી૦ ( ફા૦ **गंज** گنج=ને ઇ પ્રત્યય લાગી થએલો શબ્દ ઘાસનો ઢગલો ) ઘાસનો ઓઘલો.

**ગંજીફો**, પુ૦ ( ફા૦ **गंजफह** گنجفه ) રમવાનાં પાનાંનો જથો.

**ગડદી**, સ્ત્રી૦ ( ફા૦ **गिर्द** گرد=પરિધ, આજુબાજુ એને **ઈ** પ્રત્યય લાગી થએલો શબ્દ=ભીડ ) ઘણા માણસો એકઠા થયા હોય તેવી હાલત.

**ગણીમત**, ગનીમત غنیمت શબ્દ જુઓ.

**ગનીમત**, સ્ત્રી૦ ( અ૦ **गनीमत** غنیمت= ગનમ ઉપરથી લૂટનો માલ, જે દોલત મહેનત વિના પ્રાપ્ત થાય તે ) સંતોષકારક, જોઇએ તેટલું, ઉત્તમ, લાભકારક. ' **પ્રધાનનું જીવન ટુંકું ને કામ ઘણાં, તેથી જેટલું થાય તેટલું ગનીમત સમજી કરવાનું.' નં૦ ચ૦**

**ગનીમ**, પુ૦ ( અ૦ **गनीम** غنیم=લૂટનાર, શત્રુ, ગનમ લટમાં લઇ જવાએલું ઉપરથી ) દુશ્મન, શત્રુ.

**ગપ**, સ્ત્રી૦ ( ફા૦ **गप** گپ=નકામી વાતો, વડાઇ કરવી, શેખી મારવી ) અફવા, પાયા વિનાની લોકમાં ચાલતી વાત.

**ગપગોળો**, પુ૦ ( ફા૦ **गप** گپ+ગોળો ગુજરાતી ) અફવા, ગપાટો.

**ગપસપ**, સ્ત્રી૦ ( ફા૦ **गप** گپ એની સાથે **સપ** નિરર્થક વપરાય છે ) અફવા.

**ગપાંશ**, પુ૦ ( ફા૦ **गप** گپ+**अंश** સંસ્કૃત જેમાં ગપનો અંશ હોય તે ) ગપ,અફવા.

**ગપાટો**, પુ૦ ( ફા૦ **गप** گپ+આટો ગુ૦ પ્ર૦) અફવા, ઉડતી વાત.

**ગપાષ્ટક**, ન૦ ( ફા૦ **गप** گپ+**अष्टक** સં૦) ગપની પરંપરા.

**ગપોડું**, ન૦ ( ફા૦ **गप** گپ ઉપરથી ) ગપ, અફવા.

**ગપ્પાં**, ન૦ ( ફા૦ **गप** گپ નું ગુજરાતી બહુ વચન ) આમતેમની આડી અવળી વાતો.

**ગપ્પાંગોષ્ટી**, સ્ત્રી૦ (ફા૦ **गप** گپ ઉપરથી) વાતચીત, સાચીને બનાવટી કહાણી કિસ્સા જેવી વાતો કરીને વખત કાઢવો તે.

**ગપ્પી**, વિ૦ ( ફા૦ **गप** گپ=ઉપરથી )ગપ મારનાર, અંફવાઓ ઉડાડનાર. '**ગપ્પીને**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘેર ગપ્પી ગયા, **આવો ગપ્પીજી, બાર હાથનું આરીઉં, ને તેર હાથનું બી.'** ગુ૦ ક૦

**ગપ્પીદાસ,** પુ૦ (ફા૦ **गप** گپ ઉપરથી) જેની વાત વારંવાર ગપ કરેલી હોય એવો માણસ.

**ગપ્પું,** ન૦ (ફા૦ **गप** گپ ઉપરથી) ગપથી હલકા પ્રકારનું જુઠાણું.

**ગફલત,** સ્ત્રી૦ (અ૦ **गफ़लत** غفلت= આળસ, ગફલ=તે આળસુ હતો ઉપરથી) ભૂલચુક, સુસ્તી, બેપરવાઇ, અસાવધાની.

**ગફલતીયું,** વિ૦ (અ૦ **गफ़लत** غفلت ઉપરથી) ગફલત કરવાની આદત પડી ગઇ હોય એવું.

**ગફલતી,** વિ૦ (અ૦ **गफ़लत** غفلت ઉપરથી) ગફલત કરે એવું ગફલત, ભૂલચુક.

**ગફેલું,** ગભરૂ گبر જુઓ.

**ગબરૂ,** વિ૦ (ફા૦ **गब्र** گبر=પારસી ઉપરથી, જુવાન, રૂપાળો) માંસથી ભરેલો ગોરો ને રૂપાળો જુવાન. **'કદમ તુજ બોસવા ગભરૂ, પડશે તો પેરમાં તારા.'** કલાપી.

**ગબ્બર,** વિ૦ (ફા૦ **गब्र** گبر=પારસી, અગ્નિ પૂજક ઉપરથી) પૈસાદાર, સંગીન, તાજું.

**ગમ,** પુ૦ (અ૦ **गम** غم=શોક) દિલગીરી, તું કરકે ન કર, તેથી મને કાંઇજ ગમ –ખેદ–નથી. આત્મ. ૧૬૭

**ગમખાર,** વિ૦ (**गम्** અ૦+**खार** ફા૦ પ્ર૦ غمخوار=ગમખાનાર, દુઃખમાં ભાગીઓ થનાર) દરદમંદ, ધીરજ રાખનાર. **'હે શુક ઓ વાલી ખુદા, ગમખાર બેગાના પરે.'** કલાપી,

**ગમખારી,** સ્ત્રી૦ (અ૦ **गम्**+**खारी** ફા૦ પ્ર૦ غمخواري હમદર્દી) સહનશીલતા, દર્દમંદી.

**ગમગીન,** વિ૦ (અ૦ **गम्**+**गीन** ફા૦ પ્ર૦ **गम्गीन** غمگين=દિલગીર, શોકાતુર) દુઃખી ઉદાસ, શોકમાં ડુબેલો, **'આવા ગમગીન સમયે પણ આવું સાંભળી કોને હસવું ન આવે?' ન૦ ચ૦**

**ગમગીની,** સ્ત્રી૦ (અ૦ **गम्**+**गीनी** ફા૦ પ્ર૦ غمگيني દિલગીરી) શોક, ગમ. 'હાલ આપણા મિત્રની ગમગીની દૂર કરવા સારૂ જાઓ રત્નદાસ કાંઇ મીઠાઇ વગેરે લાવો, તે આપણે ખાતા જઇશું ને વાતચીત કરતા જઇશું.' કાંતા.

**ગમગુસાર,** વિ૦ (ફા૦ **गम्गुसार** غمگسار =હમદર્દ. ગમ–અરબી છે) માંદાની માવજત કરનાર. **'મારા એક કામમાં મારા ગમગુસાર બનશો?' બા૦ બા૦**

**ગમચાં,** ન૦ (અ૦ **गम्जह** غمزه=ઇશારો, નખરો) લાડ, પ્યાર, વિચારી વિચારીને નામરજીથી બોલવું.

**ગમસી,** વિ૦ (અ૦ **गम्स** غمص=આંખમાંથી નીકળે છે તે પીઆ, અથવા ખાડો, ઉપરથી ખાડાવાળા અથવા પીઆવાળી આંખવાળા.) **નવી વાંચનમાળા, કન્યા પુસ્તક અભ્યાસી બેગમનો પાઠ.**

**ગમી,** સ્ત્રી૦ (અ૦ **गमी** غمي=દિલગીરી) શોક, શોકાતુર.

**ગર,** પ્ર૦ گر ફારસી પ્રત્યય છે એનો અર્થ 'બનાવનાર' થાય છે. જેમકે શીશગર =કાચ બનાવનાર, કુજાગર=કુજા બનાવનાર. દફગર=ડબગર, દફ બનાવનાર.

**ગરક,** વિ૦ (અ૦ **गरक** غرق=ધાતુ છે=ડુબી જવું. વ્યવહારમાં ગર્ક વપરાય છે) ડુબી ગએલું.

**ગરકવું,** ક્રિ૦ (અ૦ **गरक** غرق=ડુબીજવું ઉપરથી ગુજરાતી ક્રિયાપદ) કાદવ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવાહી વગેરેમાં ડુબી જવું. 'પોતાનું જુદાપણું વીસરી અનંતની ધૂનમાં ગરકી જાય.' નં૦ ચ૦

**ગરકાવ**, વિ૦ ( **गर्क** અ૦+**आब**=પાણી ફા૦ **गर्काब** غرقاب=પાણીમાં ડુબેલો) ભરપુર ચકચુર, મશગુલ. 'આલમખાં ગમગીનીમાં ગરકાબ થઇ ગયો.' બા૦ બા૦

**ગરજ**, સ્ત્રી૦ (અ૦ **गरज** غرض=ઇચ્છા, જરૂર, ખપ. ગરજ=ઇચ્છામાં લુબ્ધ થયો ઉપરથી) ખપ, દરકાર, જરૂર,

**ગરજ મતલબી**, વિ૦ (અ૦ **गरज़+मतलबी** **गरज़मतलबी** غرض مطلبي ગરજ અને મતલબવાળો) સ્વાર્થી.

**ગરજસવાદી**, વિ૦ (અ૦ **गरज** غرض) સ્વાર્થી. 'ગરજ સવાદી ના થઇએ મારા વહાલા.' દયારામ.

**ગરજાઉ**, વિ૦ (અ૦ **गरज** غرض ઉપરથી) ગરજવાન, જેને ગરજ હોય તે.

**ગરજી**, વિ૦ (અ૦ **गरजी** غرضى=ગરજવાળું) ગરજવાન.

**ગરજીલું**, વિ૦ (અ૦ **गरजी** غرض ઉપરથી) ગરજવાળું.

**ગરજુ**, વિ૦ (અ૦ **गरज** غرض ઉપરથી) ગરજવાન.

**ગરદ**, સ્ત્રી૦ (ફા૦ **गर्द** گرد=ધૂળ) માટી. 'સુંદરીઓ ગુણસાર મહાગુણ મર્દમાં, કો જાણે કો ઠાર મળી ગઇ ગર્દમાં.' ક૦ દ૦ ડા૦

**ગરદન**, સ્ત્રી૦ (ફા૦ **गर्दन** گردن=ડોક) ગળાનો પાછલો ભાગ, બોચી, ડોક.

**ગરદા**, પુ૦ (ફા૦ **गर्द** گرده=ધૂળ) 'ગરદાથી ઘવાએલો મુસલમાન જ્યારે તાપીમાં નાહી નવાં વસ્ત્ર સજતો.' નં૦ ચ૦

**ગરદી**, સ્ત્રી૦ (ફા૦ **गिर्द** گرد=પરિધ, આજુબાજુ એન **ई** પ્રત્યય લાગી **गिर्दी**=ભીડ) ઠઠ, સંકીર્ણતા. 'ભયંકર ન્યાયાસન, કાજી, ફર્યાદી ને એ બધી ગરદીમાં નિર્ભય અને પ્રકાશમય એક આકૃતિ.' ગુ. સિં.

**ગરમ**, વિ૦ (ફા૦ **गर्म** گرم) ઊનું, તપેલું.

**ગરમમસાલો**, પુ૦ (ફા૦ **गर्म+मसालह** =અરબી گرم مصالح) મરી, તજ, લવિંગ વગેરે તેજાનાનો ભૂકો.

**ગરમાઈ**, સ્ત્રી૦ ફા૦ **गर्मी** گرمى ઉપરથી) ગરમી.

**ગરમાઉ**, વિ૦ (ફા૦ **गर्म** گرم ઉપરથી) ગરમી ઉત્પન્ન કરવાના ગુણવાળું.

**ગરમાગરમ**, વિ૦ (ફા૦ **गर्मागर्म** گرماگرم =ઊનું ઊનું) તરત ઊનું કરેલું.

**ગરમાવો**, પુ૦ (ફા૦ **गर्मी** گرمى ઉપરથી) ગરમી.

**ગરમી**, સ્ત્રી૦ (ફા૦ **गर्मी** گرمى) ઉષ્ણતા, ઉનાશ.

**ગરીબ**, વિ૦ (અ૦ **गरीब** غريب=વતનથી દૂર પડેલો **गरब**=દૂર હતું ઉપરથી પરદેશી) નિર્ધન, સાલસ, ભિખારી, કંગાલ, મુસાફર.

**ગરીબગરબાં**, વિ૦ (અ૦ **गरीब** એનું બહુવચન **गुरबा**=ગરીબગુરબા=غريب غربا=ગરીબો) કંગાલ, નિર્ધન, 'તે ટુકડા ગરીબગુરબાને આપી દીધા.' બા૦બા૦

**ગરીબડું**, વિ૦ (અ૦ **गरीब** غريب ઉપરથી) ગરીબ.

**ગરીબનવાજ**, વિ૦ (અ૦ **गरीब्+नवाज** ફા૦ નવાખ્તન=કૃપા કરવી ઉપરથી નવાજ =કૃપા કરનાર. **गरीबनवाज** غريب نواز =ગરીબો ઉપર કૃપા કરનાર) ગરીબોનો પાળક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગરીબપરવર**, વિ૦ (અ૦ **गरीब्+पर्वर** પર્વર્દન=પાળવું ઉપરથી પાળનાર. **गरीब्पर्वर** غریب پرور=ગરીબોને પાળનાર) ગરીબોનો પાલક.

**ગરીબાઇ**, સ્ત્રી૦ (અ૦ **गरीबी** غریبی) ગરીબી.

**ગરીબી**, સ્ત્રી૦ (અ૦ **गरीबी** غریبی) નિર્ધનતા, કંગાલિઅત.

**ગરૂર**, વિ૦ (અ૦ **गुरूर** غرور=છેતરવું, અહંકાર. **गर**=તેણે છેતર્યો ઉપરથી) અહંકાર, અભિમાન. અહંકારી મિજાજી.

**ગરૂરી**, સ્ત્રી૦ (અ૦ **गुरूरी** غروری=અહંકાર) અભિમાન.

**ગર્ક**, غرق ગરક શબ્દ જુઓ.

**ગર્દ**, گرد ગરદ શબ્દ જુઓ.

**ગલગોટો**, પુ૦ (ફા૦ **गुल** گل=ફૂલ) ગોટો ગુજરાતી. એક જાતનું ફૂલઝાડ.

**ગલત**, વિ૦ (અ૦ **गलत** غلط=ભૂલ) પાયા વગરનું, અસત્ય, ખોટું. 'કચ્છ કેરા કોટના જાડેજા દેશલજીની કુંવરી વિષે લખ્યું છે તે પણ ગલત છે.' રા૦ મા૦ ભા૦ ૧.

**ગલતી**, સ્ત્રી૦ (અ૦ **गलती** غلطی=ભૂલ) અસત્ય, ખોટું. 'સબુર કર, ડર અગર રબથી ન કર, ગલતી અરે ગાફિલ.' દી૦ સા૦

**ગલબા**, પુ૦ (અ૦ **गलबह** غلبہ=જબર દસ્તી) ફટાકા.

**ગલબું**, ન૦ (અ૦ **गलबह** غلبہ=જબરદસ્તી) ગપ, અફવા.

**ગલબો**, પુ૦ (અ૦ **गलबह** غلبہ=જબરદસ્તી) ગપ, અફવા.

**ગલમેંદી**, સ્ત્રી૦ (ફા૦ **गुल** گل=ફૂલ) એક જાતની વનસ્પતિ.

**ગલાલ**, ન૦ (ફા૦ **गुलाल** گلال ગુલ=ફૂલનું અનિયમિત બહુવચનનું રૂપ છે. એક જાતનો રંગ) એક જાતનું રાતું ચૂર્ણ. એક જાતનો રંગ જે હોળીના દિવસોમાં મોં પર છાંટે છે.

**ગલીકુંચી**, સ્ત્રી૦ (ફા૦ **कूचह** کوچہ=શેરી) ફળીઉં, શેરી.

**ગલીચ**, વિ૦ (અ૦ **गलीज** غلیظ=જાડું, ઘટ્ટ. ગંદાના અર્થમાં વપરાય છે. ગલજ=તે જાડું હતું ઉપરથી) ગંદું, મેલું, કચરાવાળું, ગંધાતું.

**ગલીચી**, સ્ત્રી૦ (અ૦ **गिलाज़त** غلاظت=દઢતા, જાડાશ) ગંદવાડ, ગંદકી.

**ગલીચો**, પુ૦ (ફા૦ **गालीचह** غالیچہ=ઊનનું પાથરણું) બુટ્ટાદાર ગુંથણીનું પાથરણું.

**ગલુબંધ**, પું૦ (ફા૦ **गलूबंद** گلوبند=ગળામાં બાંધવાનો ઊન કે રેશમનો પટો. ગલૂ=ગળું+બસ્તન=બાંધવું ઉપરથી બંદ) ગળપટો. 'તેઓ જુદા જુદા રંગના રત્નના મૂલ્યવાન ગલુબંધ પહેરે છે.' રા૦ મા૦ ભા૦ ૧

**ગલેફ**, પુ૦ (અ૦ **गिलाफ** غلاف=કવર, ઢાંકણું ગલફ=ઢાંકયું ઉપરથી) તકીઆ કે કબર ઉપર જે લુગડું હોય છે તે.

**ગલોલ**, સ્ત્રી૦ (ફા૦ **गुलूलह** غلولہ=ગલોલ) જોતર જેવું દોરી અથવા ચામડાનું કાંકરા અથવા ગોળા ફેંકવાનું સાટ જેવું ગુંથણ તે. 'પંખી પર જે ગલોલ મારે, તે પાપી ચિત્તમાં ન વિચારે' ક૦ દ૦ ડા૦

**ગલોલો**, પુ૦ (ફા૦ **गुलूलह** غلولہ=ગોળી) ગોળો, ગોળમટોળ ગોળો, ગલોલમાં છોડવાનો ગોળો.

**ગલ્લો**, પુ૦ (ફા૦ **गुल्लक** અથવા **गूलक** غلک غولک=પૈસા રાખવાનું વાસણ) વેપારીનું પરચુરણ વકરાનું નાણું રાખવાનું પાત્ર.

**ગવારા**, વિ૦ (ફા૦ **गवारा** گوارا=મનપસંદ, જલદી પચે તેવું) ભાવતું, કબુલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'આવા અલ્ફાજ સાંભળવાનું ગ-વારા ન કરી શકે.' બા૦ બા૦

**ગવાહ,** પુ૦ (ફા૦ **गवाह** گواه=સાક્ષી પુરનાર) સાક્ષી. 'ને તેનો ગવાહ પાક પરવરદગાર છે.' બા૦ બા૦

**ગવાહી,** સ્ત્રી૦ (ફા૦ **गवाही** گواهی=સાક્ષી, પુરાવો) શાહેદી.

**ગસ્ત,** સ્ત્રી૦ (ફા૦ **गश्त** گشت=ફરવું. **गश्तन**=ફરવું ઉપરથી) ચોકી, રખવાળી, પહેરો ભરવો, ફરવા જવું. 'એક પ્રહર રાત ગયા પછી બહાર ગસ્ત કરવા જવું છે.' બા૦ બા૦

**ગંદકી.** સ્ત્રી૦ (ફા૦ **गंदह** گنده=અપવિત્ર મલીન ઉપરથી) ગંદવાડ, કચરોપુંજો, વાસ મારે એવી ખરાબ વસ્તુઓ પડેલી હોય એવી હાલત.

**ગંદવાડ,** સ્ત્રી૦ (ફા૦ **गंदह** گنده=અપ-વિત્ર ઉપરથી ગુજરાતી પ્રયોગ) ગંદકી અસ્વચ્છ, ગંદવાડો.

**ગંદુ,** વિ૦ (ફા૦ **गंदह** گنده ઉપરથી) અસ્વચ્છ, ગંધવાળું.

**ગાઝી,** વિ૦ (અ૦ **गाजी** غازی=ધર્મયોદ્ધો. ગઝા=લશ્કરી કામ માથે લેવું ઉપરથી) લડવૈયો, મરનાર, કતલ કરનાર. 'જિ-હાદમાં જે ઇસ્લામ ધર્મથી ભિન્ન કોઇ પણ ધર્મના લોકનો પરાજય કિંવા નાશ કરે છે તે મુસલમાન 'ગાઝી' કહેવાય છે.' બા૦ બા૦

**ગાફેલ,** વિ૦ (અ૦ **गाफिल** غافل=ગફલત કરનાર) બે ખબર, અસાવધ.

**ગાફેલી,** સ્ત્રી૦ (અ૦ **गफलत** કે **गाफिली** غافلی،غفلت=ગફલત) અલક્ષ.

**ગાયબ,** વિ૦ (અ૦ **गाइब** غائب=ગેર-હાજર–જતો રહેલો) ન હોય તે. 'ડુબી ગાયબ નિરાશામાં, મજા મિનોઇ લે અહીંઆં.' આત્મ પૃ. ૧૮

**ગાર,** પુ૦ (**गार** گار–ફા૦ પ્રત્યય છે. કરનાર અર્થ છે) જેમકે પરવરદગાર, મદદગાર.

**ગાર,** સ્ત્રી૦ (અ૦ **गार** غار=ગુફા) બો, પહાડની બો, અંધારૂં, અંધારૂં ગાર છે.

**ગારત,** વિ૦ (અ૦ **गारत** غارت=લુટવું) લુટ, ઉજડ, ખરાબ.

**ગાલીચો,** પુ૦ (ફા૦ **गालीचह** غالیچه= ઊનનું પાથરણું) જેમાં વેલબુટ્ટા વગેરે પાડેલું હોય એવું ઊનનું બીછાનું કે પા-થરણું. 'ગાશામાંથી ગાલીચો કાઢી જમીન પર બિછાવી દીધો.' બા૦ બા૦

**ગાશા,** પુ૦ (અ૦ **गाशियह** غاشیه=જીન-પોશ, પલાણ) ધાશીઓ. 'ગાશામાંથી ગાલીચો કાઢી જમીન પર બિછાવી દીધો.' બા૦ બા૦

**ગિરેબાજ,** ન૦ (ફા૦ **गिरह्**=ગાંઠ+ **बाज** = રમનાર, બાખ્તન=રમવું ઉપરથી. **गिरह्बाज,** ગુલાંટ ખાનાર.) કબુતરની એક જાત છે. જે ગુલાંટ ખાતું ખાતું ઉડે છે.

**ગિરેબાન,** પુ૦ (ફા૦ **गिरेबान** અથવા **गिरीबान** گریبان=ગિરે=ગરદન+બાન= રક્ષક. ગરદનનું રક્ષણ કરનાર) ગળુ-બંધ, ગળપટો.

**ગિલાખોર,** વિ૦ (ફા૦ **गिलह्+खोर** گله‌خور=ફર્યાદ કરનાર) ચાડી ચુગલી કરનાર, નિંદક.

**ગિલ્લો,** પુ૦ (ફા૦ **गिलह** گله=ફર્યાદ, નિંદા) ગીબત, બબડવું. 'આ પુસ્તક અમુક રાજા રજવાડાનો ગિલ્લો કરવા રચ્યું નથી.' ઓં. ન. ગ.

**ગિસ્ત,** વિ૦ (ફા૦ **जिश्त** زشت=નઠારૂં, ભૂંડું,) નકામું, ફોગટ. 'તે ગિસ્ત બોલ માર્યો ગયો.' શામળ૦

**ગીબત,** સ્ત્રી૦ (અ૦ **गीबत** غیبت= પુંઠ પાછળ કોઈની નિંદા કરવી તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયૂબ=ગેરહાજર. ઉપરથી ) નિંદા બદ-બોઇ, આળ, તોહમત.

**ગીબતખોર**, વિ૦ ( અ૦ **गीबत्+खोर** =ખાનાર-**गीबत्खोर**=غیبت‌خور= ગીબત કરનાર. ) જેને નિંદા કરવાની ટેવ હોય તે.

**ગીરદ**, સ્ત્રી૦ ( ફા૦ **गर्द** گرد=ધૂળ ) ઝીણી ધૂળ, રજ, રજોટી.

**ગીરદી**, સ્ત્રી૦ ( ફા૦ **गिर्दी** گردی=ભીડ ) ચારે તરફ લોકોનું ભેગું થવું તે. 'દર પર ખડી ગીરદી પૂછે, મયખાનું ખુલશે કે નહિ.' ગુ૦ ગ૦

**ગીર**, ( گیر ફા૦ પ્રત્યય. ગિરિફતન=પકડવું ઉપરથી ગીર=પકડનાર, જીતનાર, લેનાર ) આલમગીર, તમાશગીર, ગુલગીર, જહાંગીર વગેરે.

**ગીરદશી**, સ્ત્રી૦ (ફા૦ **गर्दिशी** گردشی= ગર્દીદન=ફરવું ઉપરથી ગર્દિશ=ચકકર, ફેર અને ઈ લાગી થએલો શબ્દ. ફેરફાર ) કમનસીબી, મુસીબત, ગુજરાતીમાં બહિ-હારી, ખૂબી.

**ગીરદો**, પુ૦ ( ફા૦ **गर्द** گرد=ધૂળ ) કચરો, બગદો.

**ગીરફતાર**, વિ૦ ( ફા૦ **गिरिफ्तार** گرفتار= પકડેલો, કેદી. ગિરિફતન=પકડવું ઉપરથી) એક તાર, એક ધ્યાન થઇ ગએલું. '**હું ગમગીનીમાં ગિરફતાર થઈ ગયો.**' **નં૦ ચ૦**

**ગીરફતારી**, સ્ત્રી૦ ( ફા૦ **गिरिफ्तारी** گرفتاری=તલ્લીનતા, પકડાએલાપણું. ગિરિફતન=પકડવું ઉપરથી ) મુસીબત, કષ્ટ.

**ગીરવી**, વિ૦ ( ફા૦ **गिरो** گرو=ગીરવી મૂકવું ઉપરથી ) ધરેણે આપેલું લીધેલું હોય એવું.

**ગીરો**, અ૦ ( ફા૦ **गिरो** گرو=ધરેણે રાખવું, મૂકવું ) ધરેણે મૂકવું.

**ગીરોખત**, ન૦ ( ફા૦ **गिरो** گرو+**खत** અ૦ ધરેણીઆત ખત ) સાનખત.

**ગીલતાન**, પુ૦ ( ફા૦ **गल्तान** غلطان= ચક્કર ખાનાર ) ચોડિયાટ, ચીતરેલો ચીકલવટ.

**ગુજરાન**, ન૦ ( ફા૦ **गुज़ान** گزران=ગુ-જારો કરવો. ગુજ્રાનીદન=ગુજારો કરવો ઉપરથી ) આજીવિકા, નિભાવ, નિર્વાહ.

**ગુજારત**, સ્ત્રી૦ ( ફા૦ **गुज़ारिश** گزارش= અરજ કરવી ) દરખાસ્ત કરવી, રૂબરૂ કરવું તે.

**ગુજારવું**, ક્રિ૦ સ૦ ( ફા૦ **गुज़ानीदन**= ગાળવું, ગુજારો કરવો ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) વીતાડવું. '**ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે.**' **બાળાશંકર.**

**ગુજારો**, પુ૦ ( ફા૦ હિં૦ **गुज़ारह** گزارہ= ગુજરો ) નિભાવ, નિર્વાહ.

**ગુદસ્ત**, વિ૦ ( ફા૦ **गुज़श्तह** گزشته=ગુજ-સ્તન=થઇ રહેવું, પૂર્ણ થવું ઉપરથી થઈ રહેલું ) સિલક રોજ ગુદસ્તાની= ગયા દિવસની બાકી. ગત, પાછલું, ગએલું.

**ગુનેગાર**, વિ૦ ( ફા૦ **गुनाह्**, **गुनह्+गार** گنهگار، گناهگار=ગુનાહવાળો ) અપરાધી, ગુનો કર્યો હોય તે.

**ગુનેગારી**, સ્ત્રી૦ ( ફા૦ **गुनाह्** કે **गुनह्+गारी** گنهگاری گناهگاری=ગુનાહ કરેલો હોય એવી હાલત ) તકસીર, ગુનો.

**ગુનો**, પુ૦ (ફા૦ **गुनाह्** કે **गुनह्**=گنه گناه =દોષ ) વાંક, તકસીર.

**ગુફતાર**, સ્ત્રી૦ ( ફા૦ **गुफ्तार** گفتار=બો-લવું. ગુફતન=બોલવું ઉપરથી '**ઝબે કરવા મને તુજ ખંજરે ગુફતાર કાફી છે.**' ગુ૦ ગ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગુફતેગો**, સ્ત્રી૦ ( ફા૦ **गुफ्तोगू** گفتگو گفت‌وگو=વાતચીત, બોલચાલ. ગુફતન=બોલવું ઉપરથી ) વાતચીત. '**તકદીરે બરબાદ કીધી, યારીની એ ગુફતેગો**' કલાપી.

**ગુબારો**, પુ૦ ( અ૦ **गुबारह** غباره=વંટોળીઓ, ગબર=તે ધૂળના રંગ જેવો હતો ઉપરથી, બલૂન) હવામાં ઉડાડે છે તે બલૂન,

**ગુમ**, અ૦ (ફા૦ **गुम** گم=ખોવાએલું) મગ્ન એકતાર, અહંકારી, ચૂપ.

**ગુમજ**, પુ૦ (ફા૦ **गुंबद** گنبد=બુરજ, ગોળ ઈમારત.) કળશના આકારની કમાનદાર બાંધણી, ઘુંમટ.

**ગુમરાહ**, વિ૦ (ફા૦ **गुम्राह** گمراه ગુમ=ખોએલો, રાહ=રસ્તો, ભૂલો પડેલો ) ભટકેલો, બહેકેલો, નાસ્તિક, માથાનો ફરેલો અહંકારી. '**જા જોગીઓ ગુમરાહ છે.**' ગુ૦ ગ૦

**ગુમાન**, ન૦ ( ફા૦ **गुमान** گمان શક, સંદેહ ) વિચાર, અહંકાર, ગર્વ ફાંકો, તોર, પતરાજ. '**ઉંચી ને અલબેલડીરે, મુખ ઘણું ગુમાન, જોબનીયાનું જોર જણાવે, હું ઉતારૂં અભિમાન.**' દા૦ લી૦ ક. ૧૨

**ગુમાની**, સ્ત્રી૦ ( ફા૦ **गुमानी** گمانی=શંકાશીલ ) અહંકારી, ગર્વિષ્ઠ, ફાંકો રાખનાર. '**પણ ગુમ થઇ ગઈ તે ગુમાની, ત્યારથી દીઠી નહિ.**' બાળાશંકર.

**ગુમાવવું**, ક્રિ૦ સ૦ ( ફા૦ **गुम** گم ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) ખોવું, પાસેથી જતું રહે તેમ કરવું, નકામું કાઢવું.

**ગુમાસ્તાગીરી**, સ્ત્રી૦ ( ફા૦ **गुमाश्तह्** જેને કાંઇ કામ સોંપવામાં આવ્યું હોય તે માણસ+**गिरी**=પણું **गुमाश्तह्‌गिरी**=گماشته‌گری=ગુમાસ્તા પણું ) ગુમાસ્તાનું કામ, મહેતાગીરી.

**ગુમાસ્તી**, સ્ત્રી૦ ( ફા૦ **गुमाश्तह्**+**गी** પ્રત્યય **गुमाश्तगी** گماشتگی ગુમાસ્તાનું કામ) ગુમાસ્તા તરીકેનું મહેનતાણું.

**ગુમાસ્તો**, પુ૦ ( ફા૦ **गुमाश्तह** گماشته=જેને કાંઇ કામ સોંપવામાં આવ્યું હોય તે માણસ ) મહેતો, કારકુન. સાહુકારને ત્યાં જે લખનાર તરીકે હોય છે તે.

**ગુરજ**, સ્ત્રી૦ ( ફા૦ **गुर्ज** گرز=એક હથીઆરનું નામ છે જે ઉપરથી ગોળ ને પોહોળું હોય છે ને નીચેથી પાતળું હોય છે ) ગદા, સાંગ, મુદગર. '**ગદા ગુરજ ને પરશી લીધી, કરી ઉઘાડી તરવાર; તૈયાર થયા હળધરજી પોતે, તતક્ષણ નીસર્યા બાર.**' રૂકિમ૦ હ૦

**ગુરદો**, પુ૦ ( ફા૦ **गुर्दह** گرده=મૂત્રાશય ) મૂત્રપિંડ, મૂત્ર ઉત્પન્ન કરનારો અવયવ.

**ગુરાબ**, ન૦ (અ૦ **गुराब** غراب=કાગડો ) એક જાતનું વહાણ, નાની હોડી.

**ગુરૂર**, વિ૦ ( અ૦ **गुरूर** غرور=અહંકાર ) અભિમાન. '**ગુરૂરનું ઘર હમેશા ખાલી છે.**' બા૦ બા૦

**ગુલ**, ન૦ (ફા૦ **गुल** گل=ફૂલ ) પુષ્પ, બત્તી અથવા દીવાની વાટ પર બળતો મોગરો.

**ગુલકંદ**, પુ૦ ( ફા૦ **गुल्कंद** گلقند ગુલ=ફૂલ+કંદ=ગળપણ. ફૂલને ખાંડની બનાવેલી એક દવા. ગુલાબનાં ફૂલને સાકરમાં ઘણા દહાડા રાખી મૂકી તૈયાર કરેલો પદાર્થ.

**ગુલછડી**, સ્ત્રી૦ ( ફા૦ **गुल** گل=ફૂલ+છડી હિ. લાકડી=એક જાતનું ફૂલઝાડ ) ગુલાબનો ગોટો, ગુલાબનો તોરો.

**ગુલચશ્મ**, વિ૦ ( ફા૦ **गुल्चश्म** گل‌چشم=ગુલ=ફૂલ+ચશ્મ=આંખ. ફૂલ જેવી આંખો જેને છે તે ) પુષ્પ જેવી આંખોવાળી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગુલછબુ**, ન૦ (ફા૦ **गुलिशब्बू** گلشبو **गुल**=ફૂલ+**शब**=રાત+**बू**=ગંધ. એક જાતનું ફૂલ, જે રાત્રે ખીલે છે.) રાત્રે ખીલનાર એક જાતનું ધોળું ફૂલ.

**ગુલજાર**, પુ૦ (ફા૦ **गुल्जार** گلزار ગુલ=ફૂલ+જાર એ સ્થળ વાચક પ્રત્યય છે=બગીચો) બાગ, ઉપવન, વાડી '**વિસારે કયાં અજબ ચુમ્યું, ઈરેમ ગુલજારનું તેં ગુલ.**' દી૦ સા૦

**ગુલતરાશ**, સ્ત્રી૦ (ફા૦ **गुल्तराश** گلتراش=ગુલ=ફૂલ+તરાશ=કાપનાર,તરાશીદન=કાપવું ઉપરથી દીવાનો મોગરો કાપનાર. કાતર) મોગરો કાપવાની કાતર.

**ગુલતાન**, વિ૦ (ફા૦ **गल्तान** غلطان=આળોટતો.) લીન, મસ્ત. '**ભાન ખાન ને પાનનું, ગાનતાન ગુલતાન; જ્ઞાન વિના વિદ્વાનનું માન ધરે નાદાન.**' ક૦ દ૦ ડા૦

**ગુલતોરો**, પુ૦ (ફા૦ **गुल्** گلطره=ફૂલ+**तुर्रह**=દરેક વસ્તુનો કિનારો. **गुल्तुर्रह**=એક જાતનું ફૂલઝાડ) ગુલાબનો ગોટો, ગુલાબનો નાનો હાર.

**ગુલથવું**, ક્રિ૦ (ફા૦ **गुल**=ફૂલ ઉપરથી ગુ૦ ક્રિ૦ ઓલવવું, ઓલવાઈ જવું) દીવો રાણો કરવો. '**આનો દીવો ગુલ થયો છે.**' નં૦ ચ૦

**ગુલદસ્ત**, પુ૦ (ફા૦ **गुल्दस्तह** گلدسته ગુલ=ફૂલ+દસ્તા=હાથો=ફૂલનીગેંદ) ફૂલો ગોઠવી બાંધેલો ગોટો.

**ગુલદાન**, ન૦ (ફા૦ **गुल्दान** گلدان ગુલ=ફૂલ+દાન=રાખવાનું વાસણ. ફૂલ રાખવાનું વાસણ) ઘરમાં ફૂલ રાખી મૂકવાનું કાચનું અથવા ધાતુનું વાસણ.

**ગુલદાબરી**, (દાવદી) સ્ત્રી૦ (ફા૦ **गुलिदावूदी** گلداودی=એક જાતનું પીળા રંગનું કે ધોળા રંગનું ફૂલ) એક જાતનું ફૂલ કે તેનો રોપો. '**જુઈ જાઈ યા ગુલદાબરી, ગુંથી અહો ગરદન ઉપર.**' ગુ૦ અ૦

**ગુલફામ**, વિ૦ (ફા૦ **गुल्फाम** گلفام ગુલ=ફૂલ+ફામ=રંગ, જેનો રંગ ફૂલ જેવો છે તે) ફૂલ જેવા રંગનું.

**ગુલબાન**, ન૦ (ફા૦ **गुल्बांग** કે **गुल्बान** گلبانگ=વધામણી, સારો અવાજ) ઘોંઘાટ, આનંદની વાતચીત '**ગુલબાન ઘણું ગલી કુંચીએ.**' શામળ.

**ગુલબાસ**, ન૦ (ફા૦ **गुलिअब्बास** گلعباس અબ્બાસ અરબી છે. એક જાતનું ફૂલ, રતાશ પડતાં કાળાં ફૂલ થાય છે) એક જાતનાં ફૂલ ને તેનો રોપો.

**ગુલબુ**, ન૦ (ફા૦ **गुल्बांग** કે **गुल्बान** ઉપરથી વધામણી, સારી ખબર) ગપોટો, ગપગોળો. '**ગુલબાં થયાં, દેશ લુંટાઇ ગયો, નાસતા ત્રાસતા ગાડી જોડી.**' પ્રેમાનંદ.

**ગુલમોહોર**, સ્ત્રી૦ (ફા૦ **गुलिमुह्र**) گلمهر=એક જાતનું ફૂલ.) એક જાતનું ફૂલ.

**ગુલશન**, સ્ત્રી૦ (ફા૦ **गुल्शन** گلشن=વાડી) બગીચો, ઉપવન '**ડુમસ બેરોનક થઇ ગયું છે ગુલશન તો તેજ છે, પણ તેમાં બુલબુલ ગાતાં બંધ થઇ ગયાં છે.**' નં૦ ચ૦

**ગુલસ્તાન**, સ્ત્રી૦(ફા૦ **गुलिस्तान** કે **गुलिस्तान** گلستان ગુલ=ફૂલ+સ્તાન=સ્થળ ફૂલોનું સ્થાન, બાગ, બગીચો) એ નામની એક કિતાબ ગદ્યપદ્યમાં શીરાજના પ્રખ્યાત કવિ શેખ સઅદી સાહેબે ફારસીમાં રચી છે.

**ગુલાબ**, ન૦ (ફા૦ **गुलाब** گلاب=ફૂલ+આબ=ફૂલનું પાણી, ગુલાબ એક ફૂલનું પણ નામ છે) એક જાતનું ફૂલ ને તેનો રોપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગુલાબજળ,** ન० (ફા० **गुलाब** گلاب=ફૂલનું પાણી ) ગુલાબની ખુશબોવાળું પાણી.

**ગુલાબદાન,** ન० ( ફા० **गुलाब्दान** گلابدان=ગુલાબ રાખવાનું શીશી જેવું પાત્ર ) ગુલાબ રાખવાનું પાત્ર.

**ગુલાબદાની,** ન० ( ફા० **गुलाब्दान** گلابدان=ને ઇ લાગી થએલો શબ્દ ) ગુલાબજળ રાખવાનું વાસણ.

**ગુલાબી,** વિ० ( ફા० **गुलाबी** گلابی= ગુલાબના જેવા રંગનું ) ગુલાબનાં ફૂલ જેવો રંગ હોય તે.

**ગુલામ,** પુ० (અ० **गुलाम** غلام=છોકરો ) ખરીદ કરેલો ચાકર નોકર, પૈસાથી વેચાતો લીધેલો માણસ.

**ગુલામગીરી,** સ્ત્રી० ( **गुलाम्** અરબી+**गीरी** ફા० પ્રત્યય = غلامگیری ગુલામી ) દાસપણું, છેકજ હલકી હાલત.

**ગુલામડી,** સ્ત્રી० (અ० **गुलाम** غلام=ઉપરથી) લોંડી, દાસી, ખરીદ કરેલી ચાકર સ્ત્રી.

**ગુલામડો,** પુ० (અ० **गुलाम** غلام ઉપરથી) નીચ માણસ, હલકો માણસ, ચાકર.

**ગુલામબચ્ચો,** પુ० ( અ० **गुलाम्**+ફા० **बच्बह=गुलाम्बच्चह** غلام‌بچه=ગુલામનો છોકરો ) ગુલામજાદો.

**ગુલામી,** સ્ત્રી० ( અ० **गुलामी** غلامی= ગુલામપણું ) ગુલામગીરી.

**ગુલાલ,** ન० (ફા० **गुलाल** گلال=ગુલ=ફૂલનું અનિયમિત બહુવચન રૂપ, એક જાતનો રંગ ) એક જાતનું રાતું ચૂર્ણ, એક જાતનો રંગ જે હોળીના દિવસોમાં મોં પર છાંટે છે.

**ગુલાલા,** ન० ( ફા० **गुलिलालह** گل لاله= એક જાતનું ફૂલ ) '**ગુલ્લાલાસમ છોરૂઓ, ગાલ લાલ તજી દેહ, તરૂણું** વાટિકા થાય છે, જંગલ સરખી જેહ.' ક० દ० ડા०

**ગુલ્લાલા,** ગુલાલા શબ્દ જુઓ.

**ગુસ્લ,** ન० (અ० **गुस्ल**=નહાવું) સ્નાન.

**ગુસ્લખાનું,** ન० (અ० **गुस्ल**+**खानह** ફા० **गुस्ल खानह** غسل‌خانه=નહાવાનું ઠેકાણું) નહાવણીયું. '**દોલતખાન ગુસ્લખાનામાં ગયો.**' બા० બા०

**ગુસ્સો,** પુ० (અ० **गुस्सह** غصه=ક્રોધ ગસ= ગુંગળાવું ઉપરથી) ક્રોધ, રીસ.

**ગુસ્તાખાના,** વિ० ( ફા० **गुस्ताखानह** گستاخانه=અસભ્ય ) બે અદબી. '**ગુસ્તાખાના કલામ ન કાઢો.**' બા० બા०

**ગુસ્તાખી,** સ્ત્રી० ( ફા० **गुस्ताखी** گستاخی =અસભ્યતા) બે શરમી '**સાહેબ ગુસ્તાખી માફ, એક શેર તલ એના માથા પર બાળો તો બ્રાહ્મણ થાય.**' નં० ચ०

**ગુંજાશ,** સ્ત્રી० (ફા० **गुंजाइश** گنجایش =સમાવેશ.) ગજાું, શક્તિ, સામર્થ્ય, બળ. ' માટે પોતાની ગુંજાશ વિચારીનેજ પગલાં ભરવાં જોઇએ.' ટચુ. ૧૦૦ વાતો.

**ગુંગ,** વિ० (ફા० **गुंग** گنگ=મુંગો ) બોલી ન શકે તેવો માણસ.

**ગેબ,** વિ० (અ० **गय्ब** غیب=ગુપ્ત ) અલોપ એકદમ અદૃશ્ય થઇ જવું તે. '**અગર છે ગેબ ઝાલિમ એ જિગરફર્યાદ શાની છે ?** કલાપી.

**ગેબી,** વિ० (અ० **गय्बी** غیبی=ન સમજાય તેવું) છુપું, ન સમજી શકાય એવું. '**શેતાન લેવા ઇશ્કની ગેબી બલાનું ક્યાં ચડયું.**' કલાપી.

**ગેર,** વિ० (અ० **गय्र** غیر=બીજો, નહિ, વગર ) ઉપસર્ગ છે. એ શબ્દ તરીકે એકલો આવે તો એનો અર્થ ' અન્ય ' થાય છે: ગેર માણસ આવ્યો છે=જે આવવો જોઈએ તે નહિ પણ બીજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગેરઆબરૂ**, સ્ત્રી૦ ( **गयर् आबरू** غیرآبرو =ગેર અ૦ ઉ૦ આબૂ ફા૦=પ્રતિષ્ઠાહીન ) અપમાન, આબરૂનો નાશ, બદનામી, ફજેતી.

**ગેરઈન્સાફ**, પુ૦ ( અ૦ **गयर् इन्साफ** غیرانصاف=ન્યાય નહિ તે. ) અન્યાય, વાજબી ઈન્સાફ નહિ તે.

**ગેરકાયદે**, અ૦ ( અ૦ **गयर् काइदह** غیرقاعده=કાયદા વિના ) કાયદા વિરૂદ્ધ.

**ગેરખુશી**, સ્ત્રી૦ ( અ૦ **गयर्+खुशी** ફા૦ غیرخوشی નાખુશી ) અરાજીપો, નારાજીપણું.

**ગેરત**, સ્ત્રી૦ ( અ૦ **गयरत** غیرت=જુદાઈ, ભિન્નતા **गयर**–ખારીલો હતો ઉપરથી ) આબરૂ રાખવાની સમજ, લાજ, શરમ.

**ગેરફાયદો**, પુ૦ ( અ૦ **गयर् फाइदह** غیرفائده=અલાભ ) ટોટો, નુકસાન; બગાડ.

**ગેરબંદોબસ્ત**, પુ૦ ( **गयर** અરબી + **बंदोबस्त** ફારસી **गयर् बंदोबस्त** غیربندوبست=અવ્યવસ્થા ) બંદોબસ્ત નહિ તે, ગોટાળો.

**ગેરમરજી**, સ્ત્રી૦ (અ૦ **गयर्मर्ज़ी** غیرمرضی =નાખુશી ) ગેરમહેરબાની, ઈતરાજી, અપ્રસન્નતા.

**ગેરમહેરબાની**, સ્ત્રી૦ ( **गयर्** અરબી+મહેરબાની ફા૦ **ग र महबानी** غیرمهربانی =અવકૃપા ) નારાજીપણું.

**ગેરમાહીત**, વિ૦ ( અ૦ **गयर् माहीय्यत** غیرماهیت=અજાણ) બીન વાકિફગાર.

**ગેરમાહીતી**, સ્ત્રી૦ ( અ૦ **ग र माहीय्यत+इ** غیرماهیتی=અજાણપણું ) બેખબર.

**ગેરરસ્તે**, અ૦ ( અ૦ **गयर्+रास्तह** ફા૦ غیرراسته=આડે માર્ગે ) ખોટી રીતે, બેકાયદે, રીતથી ઉલટું.

**ગેરવાજબી**, વિ૦ ( અ૦ **गयर्वाजिबी** غیرواجبی=વાજબી નહિ તે ) અયોગ્ય, અઘટિત.

**ગેરશિરસ્તો**, પુ૦ ( અ૦ **गयर्+सरिश्तह** ફા૦ **गयर्सरिश्तह** غیرسرشته= કાયદા પ્રમાણે નહિ તે ) ધારા સર નહિ તે, બે કાયદે.

**ગેરહાજર**, વિ૦ ( અ૦ **गयर्हाज़िर** غیرحاضر હાજર નહિ તે ) અપ્રત્યક્ષ.

**ગેરહાજરી**, સ્ત્રી૦ ( અ૦ **गयर्हाज़िरी** غیرحاضری=હાજર ન હોવું તે ) અપ્રત્યક્ષતા.

**ગેસુ**, પુ૦ ( ફા૦ **गेसू** گیسو=લાંબાવાળ ) માથાના વાળ, જુલ્ફાં 'તેના ગેસુમાં જીલબ્બે થઈ આશિકો રંગાયા.' નં૦ ચ૦

**ગોથ**, સ્ત્રી૦ ( અ૦ **गवतह** غوطه=ડુબકી ) કનકવાનું ઊંધે માથે નીચા પડી જવું તે, ગુલાંટ.

**ગોથું**, ન૦ ( અ૦ **गवतह** غوطه=ડુબકી ) ફાંફાં મારવાં, ડુબકી મારવી.

**ગોફતેગો**, પુ૦ ( ફા૦ **गुफ्तोगो** گفتوگو બોલચાલ) વાતચીત, ખાનગી વાતચીત.

**ગોર**, પુ૦ (અ૦ **गवर** غور=વિચાર) મનન, મીમાંસા. ઘોર ચિંતાથી ગોર હું, કરૂં છું જ્યારે લોક; અથાગ ગુણ વિચારતાં, થાકી પામું શોક.' નર્મદ.

**ગોલક**, પુ૦ ( ફા૦ **गुलक** અથવા **गूलक** غلک غولک=પૈસા રાખવાનું વાસણ) વેપારીનું પરચુરણ વકરાનું નાણું રાખવાનું પાત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગોલંદાજ**, વિ૦ (ફા૦ **गलोलह**=ગોળી+અંદાજ=નાખનાર અંદાખ્તન=નાખવું ઉપરથી **गोलह् अंदाज** گولہ انداز=ગોળો નાખનાર ) તોપ ભરી તે ફોડનાર, તોપચી.

**ગોશપેચ**, વિ૦ (ફા૦ **गोश्पेच** گوش پیچ ગોશ=કાન+પેચ=લપેટનાર, પેચીદન લપેટવું ઉપરથી કાન ઢાંકી દે એવી રીતે બાંધેલી પાઘડી ) વાંકી પાઘડી.
'ગોશપેચ બાંધે પાઘડી, ને હેમમય ઉદ્યોત, કાને કુંડળ ઝળકતાં, ને લપકતાં મોતી જ્યોત.' સુરે. હ. ક. ૧૮

**ગોશાનશીની**, સ્રી૦ (ફા૦ **गोशहनिशीनी** گوشہ نشینی = એકાંત. ગોશા=ખૂણો નિશીની=એસવું નિશિસ્તન=બેસવું ઉપરથી ) અલગ રહેવું, ઘરમાં ભરાઇ રહેવું એકાંત વાસ. '**રા૦ બ૦ મુકુંદરાયે સદર અમીનના હોદ્દા પરથી ગોશાનશીની લીધી હતી.' નં૦ ચ૦**

**ગોસ**, ન૦ ( ફા૦ **गोश्त** گوشت=માંસ ) મટન.

**ગોસ**, પુ૦ ( અ૦ **गव्स** غوث=ફર્યાદ સાંભળનાર ) મુસલમાન પીર લોકોમાં એક શ્રેષ્ઠ પદવી છે.

**ગોહેર**, પુ૦ ( ફા૦ **गव्हर** گوہر=ઝવેર ) રત્ન.

## ઘ

**ઘમંડ**, ન૦ ( ફા૦ **गुमान** گمان=શક, અહંકાર ઉપરથી ) ખોટો ડોળ, દંભ, ખોટો દેખાવ, અભિમાન, ગર્વ

**ઘમંડી**, વિ૦ ( ફા૦ **गुमान** گمان ઉપરથી ) ખોટો ડોળ દેખાડનાર, દાંભિક, અભિમાની, ગર્વિષ્ઠ.

**ઘરખરચ**, ન૦ ( ફા૦ **खर्च** خرچ ) ઘર ચલાવવા માટે થતું ખર્ચ.

**ઘાસીઓ**, પુ૦ ( અ૦ **गाशियह** غاشیہ= જીનને ઢાંકનાર, પલાણ ) ઘોડાની પીઠ ઉપર નાખવાની કામળ, ડળી.

**ઘુમજ**, પુ૦ ( ફા૦ **गुंबद** گنبد=બુરજ, ઘુમટ ) દેવળ કે મકાનનો ઊભી અંડાકૃતિ જેવો ધાબાનો આકાર તે.

**ઘુમટ**, પુ૦ ( ફા૦ **गुंबद** گنبد=બુરજ, ઘુમટ ) દેવળ કે મકાનનો ઊભી અંડાકૃતિ જેવો ધાબાનો આકાર તે.

**ઘુમટી**, સ્રી૦ ( ફા૦ **गुंबद** گنبد=બુરજ, ઘુમટ ) ઘુમટ જેવી નાની આકૃતિ.

**ઘેન**, ન૦ ( અ૦ **गय्‌न** غین=વાદળાં ) આકાશને ઢાંકી દેનાર વાદળાં, તરસ, અંધારૂં, ઊંઘ આવવાની અસર તે. તંદ્રા, આળસ.

**ઘેન**, ન૦ ( અ૦ **गय्‌न** غین=વાદળાં ) ઊંઘની અથવા કેફની આંખોમાં જણાતી અસર.

**ઘોડસ્વાર**, પુ૦ ( ફા૦ **सवार** سوار=બેઠેલો, ઘોડા પર બેઠેલો ) ઘોડે બેઠેલો.

**ઘોડસ્વારી**, સ્રી૦ ( ફા૦ **सवारी** سواری ) ઘોડા ઉપર બેસવું તે.

**ઘોર**, સ્રી૦ ( ફા૦ **गूर** કે **गोर** گور = જંગલ. કબરો જંગલમાં હોય છે માટે કબર ) મડદાં દાટવાનો ખાડો.

**ઘોર**, પુ૦ ( અ૦ **गव्‌र** غور = વિચાર ) કયાસ, દર્યાફ્ત.

**ઘોર**, પુ૦ (ફા૦ **गव्‌र** غور =અફગાનિસ્તાનમાં એક પ્રાંત છે ) એક પ્રાંતનું નામ છે.

**ઘોરખોદીઓ**, પુ૦ ( ફા૦ **गोर्कन** گورکن **गोर**=કબર+**कन्दन**=ખોદવું ઉપરથી **कन** =ખોદનાર. ) કબર ખોદનાર.

**ઘોરી**, વિ૦ ( ફા૦ **गव्‌री** غوری ગોર પ્રાંતનો ) ગોર પ્રાંત સાથે સંબંધ રાખનાર. શહાબુદ્દીન ઘોરી.

**ઘોંઘાટ**, પુ૦ ( ફા૦ **गव्‌गा** غوغا ઉપરથી ગડબડ ) અવાજ, બૂમરાણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ચ. च.

**ચક,** પુ૦ (તુર્કી **चिक** چق) વાંસની સળીઓનો પડદો, બારી બારણામાં નાખવાનો જાળીદાર અંતર્પટ. 'બાહુક ખોંખારે, આળસ મોડે, માંડયાં વિષયનાં ચિહ્નઃ ચિત્ત ચઢયું ત્યાં ચક્ર શારે, જે નથી ભિન્નાભિન્ન.' નળા૦

**ચક,** પુ૦ (ફા૦ **चक** چک=કબાલો) કોઈ વસ્તુની હદ, વેચાણખત, પરવાનો, પંજેઠી.

**ચકન,** ન૦ (ફા૦ **चिकिन** چکن=રેશમી લુગડા પર ભરત ભરે છે તે) ભરતનો એક પ્રકાર, ચીકનનું ભરત.

**ચકન,** પુ૦ (ફા૦ **चाह्कन** અથવા **चह्कन** چکن ચાહ, ચહ=કુવો+કન એટલે ખોદનાર. કન્દન, કન્દીદન=ખોદવું ઉપરથી કુવો ગાળવાનું ને ખોદવાનું કામ કરનાર) એક જાત છે, જે કુવો ગાળે છે, કે કુવા સંબંધી કામ કરે છે.

**ચકમક,** પુ૦ (તુર્કી, **चक्माक** અથવા **चक्मक** چقمق چقماق=દેવતા પાડવાની પથરી) ચકમકનો પત્થર.

**ચકમો,** પુ૦ (ફા૦ **चक्मह** چکمہ=ઊનનું પાથરણું) બેસવા માટે ઊનનું બનાવેલું પાથરણું. ખાટકીઓ બનાવે છે, અને ભરવાડો તેનો ઉપયોગ કરે છે, ચોમાસામાં ઓઢે છે, તેથી વરસાદથી રક્ષણ થાય છે.

**ચકલેદાર,** પુ૦ (ફા૦ **चक्लहदार** چکلہدار=ચકલાનો રખેવાળ) મોહલ્લાના મોખરાની જગાએ રહેનાર સિપાઇ.

**ચકલો,** પુ૦ (ફા૦ હિં. **चक्लह** چکلہ=જિલ્લો, પરગણું) બજાર, નાનું બજાર.

**ચકોતરું,** ન૦ (ફા૦ હિં. **चकोतरा** چکوترا =એક ફળ છે) મોટું ખાટું ને મીઠું લીંબુ. લીંબુને નારંગીની કલમ લગાવવાથી થાય છે.

**ચકકુ,** ન૦ (ફા૦ **चाकू** چاقو=ચપ્પુ) ચપ્પુ, છરી.

**ચણકબલા,** પુ૦ (અ૦ **कबाबह** کبابہ= એક જાતની ઔષધિ) મરી જેવાં એક જાતની ઔષધિનાં બીઆં, મોં અને જીભ ઉપર ચાંદીઓ પડી હોય, ત્યારે મોંમાં રાખવાના કામમાં આવે છે.

**ચણીકબલા,** પુ૦ ઉપરનો શબ્દ જુઓ.

**ચનમનિયાં,** ન૦ (ફા૦ **चमन** چمن=બગીચો ઉપરથી) ચેનનો વખત, લહેર, આનંદ, મોજમજા.

**ચનિકબાલા,** પુ૦ ચણકબાલા શબ્દ જુઓ.

**ચપરાસ,** સ્ત્રી૦ (ફા૦ **चप्रास्त** કે **चप्रास** چپراس چپراست **चप**=ડાબો, **रास्त**= જમણો, ડાબા જમણા. પિત્તળ કે ચાંદીનો નામ કોતરેલો કડકો, જે સિપાઇ વાપરે છે તે) સિપાઇના પટાના ધાતુની તખ્તી.

**ચપરાસી,** સ્ત્રી૦ (ફા૦ **चप्रासी** چپراسی= સિપાઈ) બડાઈ, મોટાઇ, સિપાઇ. ચપરાસ બાંધનાર.

**ચપ્પુ,** ન૦ (ફા૦ **चाकू** چاقو=ચપ્પુ) ચાકુ.

**ચપાટી,** સ્ત્રી૦ (ફા૦ **चपाती** چپاتی = ઘઉંની ફુલકા રોટલી, ચપાત=તમાચો ઉપરથી) ફૂલકા રોટલી બીજી રોટલીઓ કરતાં વધારે તમાચા ખાય છે માટે, કેમકે એને વણતા નથી પણ હાથ પર ઘડે છે.

**ચબુતરો,** પુ૦ (ફા૦ **चब्रतरह** چبوترہ ઉપરથી હિંદીમાં ચબૂતરો). પોલિસના સિપાઇઓને રહેવાનું સ્થાન.

**ચમકવું,** ક્રિ૦ (ફા૦ **चमक** چمک=પ્રતિભા ઉપરથી) ગુજરાતી ક્રિયાપદ, પ્રકાશ મારવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચમચી**, સ્ત્રી૦ (તુર્કી **चुम्चह** چمچه) નાનો ચમચો.

**ચમચો**, પુ૦ (તુર્કી, **चुम्चह** چمچه) ધાતુ અથવા કાચની ઊંડું ઊંડું પેય પીવાની નાની કડછી.

**ચમન**, સ્ત્રી૦ (ફા૦ **चमन** چمن =બાગ, બગીચો. ચમીદન=બાગમાં ફરવું, તે ઉપરથી આજ્ઞાર્થ 'ચમ'+અન સંબંધવાચક પ્રત્યય લાગી ચમન. ચમન=બાગમાં ફરવાની જગા.) આનંદ, ખુશાલી, મોજમજા. હિંદુઓમાં સંજ્ઞાવાચક નામ ચીમન હોય છે તેને બદલે શુદ્ધ શબ્દ 'ચમન'છે

**ચરકો**, જુઓ ચરખો.

**ચરકો**, પુ૦ (ફા૦ **चर्खह** چرخه =સુતર કાંતવાનું યંત્ર) રેંટીઓ.

**ચરખિયું**, વિ૦ (ફા૦ **चर्खह** چرخه ઉપરથી ચરખાનું) ચરખાને લગતું.

**ચરખી**, સ્ત્રી૦ (ફા૦ **चर्खह** چرخه ઉપરથી નાનો ચરખો) પવનચક્કી, ફીરકી.

**ચરખો**, પુ૦ (ફા૦ **चर्खह** چرخه=રેંટિઓ) કપાસમાંથી કપાસ ને રૂ છુટા પાડવાનો સંચો. 'હવે ફેરાવવો બસ કર, અરે શયતાનનો ચરખો.' કલા૦

**ચરબી**, સ્ત્રી૦ (ફા૦ **चर्बी** چربی=નરમી, ચિકાશ) પ્રાણીઓના શરીરમાંનો તૈલી ચીકટ પદાર્થ.

**ચરંદુ**, ન૦ (ફા૦ **चरंदह** چرنده=ચરનાર, પશુ. ચરીદન=ચરવું, ઘાસ ખાવું ઉપરથી) પશુ, હેવાન.

**ચરાગ**, સ્ત્રી૦ (ફા૦ **चिराग** چراغ=દીવો) બત્તી દીવો.

**ચલમ**, સ્ત્રી૦ (ફા૦ **चलम** چلم) હિંદુસ્તાનમાં વપરાતો ફારસી શબ્દ છે. ઇરાનમાં 'સરિકલ્યાં'=હોકાનું માથું કહે છે. કાબુલમાં હોકાને 'ચલીમ' કહે છે.

**ચશ્મ**, સ્ત્રી૦ (ફા૦ **चश्म** چشم=આંખ) નેત્ર, લોચન; 'પછી બદમસ્ત દિલ કીધું, ઉઘાડી ચશ્મ મેં જોયું.' કલાપી.

**ચશ્મપોશી**, સ્ત્રી૦ (ફા૦ **चश्मपोशी** چشم‌پوشی=આંખ છુપાવવી, પોશીદન=છુપાવવું ઉપરથી) આંખઆડા કાન કરવા, જાણ્યું અજાણ્યું કરવું.

**ચશ્મા**, જ૦ (ફા૦ **चश्मह** چشمه=નાળું, પાણીનું વહેણ) ગુજરાતીમાં ચશ્માનો અર્થ ઉપનેત્ર થાય છે તે માટે ફારસીમાં 'ચશ્મક' ને અરબીમાં 'અયનક' શબ્દ વપરાય છે.

**ચશ્મીકોર**, સ્ત્રી૦ (ફા૦ **चश्म** چشم=આંખ ઉપરથી ચશ્મી) કોપરાપાકનાં ચકતાંના જેવા આંખને મળતી આકૃતિવાળી તરેહની કિનાર તે.

**ચશ્મેબદ**, વિ૦ (ફા૦ **चश्म** چشم=આંખ ઉપરથી) જેને દેખાતું ન હોય તે, ઓછું દેખાતું હોય છતાં બધું દેખાય છે એવો ડોળ કરનાર.

**ચસમું**, ન૦ (ફા૦ **चश्मक** چشمک=ચશ્મું) ચશ્માનું એક વચન. આંખનો એક કાચ.

**ચહેબચો**, પુ૦ (ફા૦ **चाहब चाह** કે **चहब चह** چاه بچاه چه بچه ચાહ કે ચહ=કૂવો, બ=સાથે. ચહબચહ=કુવાની પાસે કુવો, કુવાની પાસે કુવો; એમ, અર્થાત્ તળાવ) લીલ ને વનસ્પતિથી ભરપુર હોજની પાણીવાળી જગા. 'શરીર સઘળું કહીંએ સંતાડું, પાણપંકજ એને દેખાડું; પોતાનાં વસ્ત્ર દાસીને પહેરાવી, બેઠી ચેહબચામાં આવી.' નળા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચહેરો,** પુ૦ (ફા૦ **चहरह** چهره=મોં) સુરત

**ચંગ,** ન૦ ( ફા૦ **चंग** چنگ=એક પ્રકારનું વાજું ) ડફના આકારનું વાજું. ગંજીફામાંની એક રમત.

**ચંદ,** વિ૦ ( ફા૦ **चंद** چند=અમુક ) કેટલાક, થોડાક.

**ચંદરોજા,** વિ૦ (ફા૦ **चंदरोज़ह** چندروزه =કેટલાક દિવસ ) થોડાક દિવસ. ' આ ફાની જહાનમાં ચંદરોજા આરામ છે.' બા૦ બા૦

**ચા,** સ્ત્રી૦ ( ફા૦ **चाय** چای=પીવાની ચા ) એક જાતનાં પાંદડાં, જેને કાવાની પેઠે ઊકાળી દૂધ ને ગળપણ નાખી પીએ છે તે.

**ચાઉસ,** પુ૦ ( ફા૦ **चावूश** چاووش=લશ્કર કે કાફલાનો ચોબદાર ) ડંકો નિશાન રાખનારી ટુકડીનો ઉપરી જમાદાર.

**ચાક,** પુ૦ ( ફા૦ **चाक** چاک=ફાટેલું ) અંગરખાના ચાક, ચીરવું. ' ચાક દિલ કર્યું તો સનમ, ભેટ માન દે ન દે.' આ.નિ.

**ચાકર,** પુ૦ ( ફા૦ **चाकर** چاکر=નોકર ) પગારદાર નોકર.

**ચાકરડી,** સ્ત્રી૦ ( ફા૦ **चाकर** چاکر=નોકર ઉપરથી ) સ્ત્રી નોકર.

**ચાકરિયાટ,** વિ૦ ( ફા૦ **चाकर** چاکر=નોકર ઉપરથી ) ચાકરીવાળું, ચાકરી કરનારૂં.

**ચાકરિયું,** વિ૦ ( ફા૦ **चाकर** چاکر=નોકર ઉપરથી ) ચાકરીના બદલામાં મળેલું હોય એવું, ઈનામી—ચાકરીઆ ભોંય.

**ચાકરી,** સ્ત્રી૦ ( ફા૦ **चाकरी** چاکری= સેવા, ખિદમત ) દાસત્વ, નોકરી. 'ચાકરી કરતાં ભાખરી, પામે રૂડી પેર.' ક૦દ૦ડા૦

**ચાકુ,** ન૦ ( ફા૦ **चाक़ू** چاقو=ચપ્પુ) છરી, કલમ ઘડવાની નાની ધારદાર છરી.

**ચાદર,** સ્ત્રી૦ ( ફા૦ **चादर** چادر=ઓછાડ) પાથરવાનું લુગડું, ઓઢવાનું લુગડું.

**ચાદરૂં,** ન૦ ( ફા૦ **चादर** چادر=ઓછાડ ઉપરથી ) ચાદરથી મોટું ને રંગેલું પાથરણું

**ચાદાની,** સ્ત્રી૦ ( ફા૦ **चायदान** چایدان એને ઇ પ્રત્યય લાગી થએલો શબ્દ )ચા બનાવવાની નાળચાવાળી ધાતુ કે માટીની લોટી.

**ચાપકો,** પુ૦ ( ફા૦ **चाबुक** چابک =ચુસ્ત, ચાલાક, કોરડો ) ચાબુક, કોરડો, સાટકો.

**ચાપલુસી,** સ્ત્રી૦ (ફા૦ **चाप्लूसी** چاپلوسی ખુશામદ ) ચતુરાઇ ને હોશીઆરી બતાવવાને ચીપી ચીપીને બોલવું તે, પતરાજી શેખી, તાબેદારી.

**ચાપુ,** ન૦ ( ફા૦ **चाक़ू** چاقو=ચપ્પુ) કલમ ઘડવાની નાની છરી.

**ચાબક,** ચાબુક જુઓ.

**ચાબખો,** પુ૦ ( ફા૦ **चाबुक** چابک= ચુસ્ત, ચાલાક. કોરડો ) કોરડો.

**ચાબુક,** સ્ત્રી૦ ( ફા૦ **चाबुक** چابک=ચુસ્ત ચાલાક, કોરડો ) ચાબખો.

**ચાબુકસ્વાર,** વિ૦ ( ફા૦ **चाबुक्सवार** چابکسوار = ચાલાક સવાર. ચાબુક= ચાલાક.) ઘોડા કેળવનાર ઘોડા ઉપર સવારી કરવામાં ચાલાક હોય તે.

**ચાર,** વિ૦ ( ફા૦ **चार** કે **चहार** چهار چار=૪) ચારની સંખ્યા.

**ચારખાની,** સ્ત્રી૦ (ફા૦ **चार्खानह** چارخانه ઉપરથી ) એક જાતનું લુગડું, જેમાં ચોકડીની ભાત પાડેલી આવે છે.

**ચારજામો,** પુ૦ (ફા૦ **चार्जामह** چارجامه =સવારીના ઘોડાપર નોખવાનું એક પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારતું જીન) પલાણ. જેને ફુમતાં હોય એવી ઘોડાની પીઠ ઉપર નાખવાની ડળી.

**ચારેતરફ,** અ૦ (અ૦ **तरफ,** طرف=બાજુ) ચારે બાજુ.

**ચાલાક,** વિ૦ ( ફા૦ **चालाक** چالاک=કામ કરવામાં સ્ફુરતાવાળો) હોસ્યાર.

**ચાલાકી,** સ્ત્રી૦ ( ફા૦ **चालाकी** چالاکی= સ્ફુરતા ) ચંચળાઇ, ચપળતા.

**ચાશણી,** સ્ત્રી૦ ( ફા૦ **चाश्नी** چاشنی ચશીદન=ચાખવું ઉપરથી. ચાખવા માટે કોઇ વસ્તુ ખાઇ જોવી તે) ખાંડની ચાશણી. સ્વાદ, મજા.

**ચાંગળું,** ન૦ ( ફા૦ **चुंगुल** કે **चुंगाल** چنگال چنگل=માણસ વગેરેનો પંજો, તે ઉપરથી) ચાંગળું પાણી=થોડુંક પાણી. પોશમાં માય એટલું.

**ચિનીકબાલા,** જુઓ ચણુકબાલા.

**ચિરાગ,** સ્ત્રી૦ (ફા૦ **चिराग** چراغ=દીવો) બત્તી, દીવો.

**ચિલગોજા,** ન૦ ( ફા૦ **चिलगोजह** چلغوزہ ચહલ = ૪૦ ઉપરથી ચલગોજા)કપાસનું કાલું, કપાસનાં કાલાં જેવું એક ફળ છે. દવાના કામમાં આવે છે. સનોબરનું ફળ, એક પ્રકારનો મેવો. જે મગજને ફાયદો કરે છે.

**ચીકન,** ન૦ ( ફા૦ **चिकिन** چکن=રેશમથી લુગડાં પર ભરત ભરે છે તે ) ભરત.

**ચીજ,** સ્ત્રી૦ ( ફા૦ **चीज** چیز=વસ્તુ ) કોઇપણ વસ્તુ, ગાયન, રાગણી. 'ચીજની બાંધણી સાથે તેને સંબંધ નથી.'આ૦ નિ૦

**ચીટનીસ,** પુ૦ (ફા૦ **नीस=निवीस** نویس =લખનાર. નિવિશ્તન = લખવું ઉપરથી નિવીસ=લખનાર. ચિટ લખનાર ) મોટા અમલદારનો મુખ્ય કારકુન.

**ચીટનીસી,** સ્ત્રી૦ (ફા૦ **निवीसी** نویسی= લખાણ. ચિટ લખવાનું કામ ) ચીટનીસ તરીકેનું કામકાજ કરવું તે.

**ચીણ,** સ્ત્રી૦ ( ફા૦ **चीन** چین ચીદન = વીણવું ઉપરથી ચીન=વીણનાર, લુગડાને ચીણ ભરે છે એટલે પાસે પાસે લાવી દોરો ભરે છે તે) ઘાઘરાની ચીણ.

**ચુગલખોર,** વિ૦ ( તુ૦ **चुग्ल** چغلخور= ચાડી ખાનાર+ખોર=ખાનાર. ચાડી ખાનાર. ) ચાડીઓ.

**ચુગલી,** સ્ત્રી૦ ( તુ૦ **चुग्ल** چغل ઉપરથી ફારસીમાં **चुग्ली**=કોઇની બુરાઈ કરવી, ચાડી ખાવી) ચાડી, પીઠ પાછળ નિંદા કરવી.

**ચુનાગચ્ચી,** સ્ત્રી૦ ( ફા૦ **गच** گچ=ચુનો ઉપરથી ) ચુનાના કોલની ગચીઆ જેવી બનાવટ તે.

**ચુનોચરા,** સ્ત્રી૦ (ફા૦ **चूनोचरा** چون و چرا =કેમ, શા માટે ?) તકરારની વખતે કહેવાય છે કે 'કાંઇ ચુંચરા કરવાનું ઠેકાણું નથી.'

**ચુસ્ત,** વિ૦ ( ફા૦ **चुस्त** چست=ચાલાક) દૃઢ, આગ્રહી, તંગ. ' તેણે ચુસ્ત પાયજામો પહેર્યો હતો.' બા૦ બા૦

**ચુસ્તી,** સ્ત્રી૦ ( ફા૦ **चुस्ती** چستی=ચાલાકી ) દૃઢતા, મજબુતી.

**ચુંગલ,** સ્ત્રી૦ ( ફા૦ **चुंगल** કે **चुंगाल** چنگال چنگل=માણસ વગેરેનો પંજો ) પંખીઓના પગનાં લાંબાં આંગળાં, સખત પકડ. 'બંને તરફથી ચુંગલમાં આવી ગયા.' અં૦ ન૦ ગ૦

**ચુંગા,** સ્ત્રી૦ ( ફા૦ **चुंगल** કે **चुंगाल** چنگال چنگل=માણસ વગેરેનો પંજો-ઉપરથી) સંકડામણ, કબજો. 'તેથી છેવટે તે સરકારના હથીઆરની ચંગરમાં આવી ગયો હતો.' રા૦ મા૦ ભા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચુનંદા** વિ૦ ( ફા૦ **चुनंदह** چنندہ=વીણનાર. ચુનીદા = વીણેલું. ચીદન = વીણવું ઉપરથી. વીણી કાઢેલા ) પસંદ કરેલા, હુશ્યાર, પ્રખ્યાત.

**ચુગલ,** સ્ત્રી૦ (તુ૦ **चुग्ल** چغل ) ચાડી, નિંદા.

**ચેરાગ,** સ્ત્રી૦ ( ફા૦ **चिराग** چراغ=દીવો) બત્તી. 'જેભાઇ અમારા વિદ્યાર્થી જીવનના ચેરાગ હતા.' નં૦ ચ૦

**ચેહ,** સ્ત્રી૦ (ફા૦ **चाह** چاہ = કુવો, ખાડો) કુવો.

**ચેહરો,** પુ૦ (ફા૦ **चह्रह** چہرہ=ચહેરો)મોં

**ચેહરાદાર,** વિ૦ ( ફા૦ **चहरहदार** چہرہدار =રૂપાળો ) શોભીતો, દેખાવડો ખૂબસૂરત.

**ચોગાન,** ન૦ ( ફા૦ **चवगान** چوگان=વાંકી ટોચવાળી લાકડી. ચુલ=વાંકો+ગાન=સંબંધ વાચક પ્રત્યય ઉપરથી એ શબ્દ થયો છે. એ લાકડીથી દડી સાથે રમત રમાય છે =ગેડીદડાની રમત રમવાની ગેડી ) ખુલ્લી લાંબી પોહોળી જગા, ચોકઠું, ખુલ્લું મેદાન. 'ઈશ્કના ચોગાનમાં જાલિમ નડી પહેલો ન હું.' કલાપી.

**ચોગિરદ,** અ૦ ( ફા૦ **चव्गिर्द** چوگرد= ચારે તરફ) ચારે બાજુએ, બધી તરફ. 'ચોહાણની ચોગરદમ આનીતે પડી.' રા. મા. ભા. ૧

**ચોતરફ,** અ૦ (અ૦ **तरफ** طرف=બાજુ ) ચારે બાજુ.

**ચોતરો,** પુ૦ ( ફા૦ **चवतरह** چوترہ = જમીનની સપાટીથી ઊંચી જગા-ઓટલો ) ઓટલો.

**ચોબચીની,** સ્ત્રી૦ ( ફા૦ **चोबचीनी** چوبچینی=ચુલે અબ્બાસની જડ. એક દવા છે ) એક પ્રકારની ઔષધિ.

**ચોપદાર,** પુ૦ ( ફા૦ **चोब्दार** چوبدار =રાજદંડ લઈને ચાલનારો ) રાજા, આચાર્ય અને અમલદારની આગળ રાજદંડ લઈ ચાલનાર છડીદાર.

**ચોબ,** સ્ત્રી૦ ( ફા૦ **चोब** چوب=લાકડી ) દંડુકો, નાની લાકડી.

**ચોરખીસું,** ન૦ (ફા૦ **कीसह** کیسہ=ખીસું ) ન જડે એવું છુપું ખીસું.

**ચોરદાનત,** સ્ત્રી૦ ( અ૦ **दियानत** دیانت =ઇમાનદારી ) મૂળથીજ મનમાં કપટ હોય એવો સ્વભાવ.

## છ

**છડીસવારી,** સ્ત્રી૦ (ફા. **सवारी** سواری=) સથવારા કે રસાલા વગર એકલા હોવું તે. 'રાજા છડી સ્વારીએ તરત બહાર નીકળી પડયો.'

**છબીનું,** ન૦ (ફા૦ **शबीनह** شبینہ= રાતનું, વાસી. **शब**=રાત ઉપરથી ) રાતનું જમણ, રાત સંબંધી.

**છબીલ,** સ્ત્રી૦ ( અ૦ **सबील** سبیل= રસ્તો ) તરીકો, ધર્માદા આપેલી વસ્તુ, પરબ, પાણીની પખાલો છોડાવવી. તાબુતને દિવસે પરબો બેસાડે છે તથા પખાલો છોડાવે છે તેને છબીલ કહે છે.

**છલું,** ન૦ ( ફા૦ **चिल्लह** چلہ=ચાળીસ દિવસ સુધી ફકીર વગેરે લોકો એકાંત બેસી ભક્તિ કરે છે, તે ૪૦ દિવસનો સમય ) પ્રસૂતિ પછી ૪૦ દિવસે સ્ત્રીનું છલું થયું કહેવાય છે. મોટા પીરોના સ્મરણ માટે મોટા શહેરોમાં અમુક સ્થળ ઠરાવવામાં આવે છે તે, તે પીરનો છલ્લો કહેવાય છે. જેમકે મીરાં દાતારનો છિલ્લો, બુખારી સાહેબનો છિલ્લો, પીરાનપીરનો છિલ્લો.

**છાપ,** સ્ત્રી૦ ( ફા૦ **चाप्कर्दन** چاپکردن= છાપવું ઉપરથી ) સિક્કો, મોહોર, આંક, ચિત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**છાપખાનું**, ન૦ ( ફા૦ **चापखानह** چاپخانه،=ચાપ કર્દન=છાપવું ઉપરથી ) છાપવાનું ઠેકાણું.

**છાપગર**, પુ૦ ( ફા૦ **चापगर** چاپگر=છાપવાનું કામ કરનાર ) એક જાત છે એ લોકો લુગડાં છાપવાનું કામ કરે છે.

**છાપણી**, સ્ત્રી૦ ( ફા૦ ચાપ ઉપરથી چاپ ) છાપની સફાઇ.

**છાપત**, સ્ત્રી૦ ( ફા૦ **चाप** چاپ ઉપરથી ) છાપ, સાખ, આબરૂ.

**છાપનાર**, પુ૦ ( ફા૦ **चाप** چاپ ઉપરથી ) છાપવાનું કામ કરનાર.

**છાપવું**, ક્રી૦ ( ફા૦ **चाप्कर्दन** چاپکردن= છાપવું ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) છાપવાનું કામ.

**છાપું**, ન૦ ( ફા૦ **चाप** چاپ ઉપરથી ) વર્ત્તમાનપત્ર, ન્યુસપેપર.

**છાપેલું**, વિ૦ ( ફા૦ **चाप** چاپ ઉપરથી ) પ્રસિદ્ધ થએલું.

## જ

**જઇફ**, વિ૦ ( અ. **जईफ** ضعیف=વૃદ્ધ ) બળ વિનાનો, ઘરડો, નાતવાન, અશક્ત. ‘ હાથ જોડીને જઇફ કાજી બોલ્યો ’ નં૦ ચ૦

**જઇફી**, સ્ત્રી૦ ( અ૦ **जईफी** ضعیفی= વૃદ્ધાવસ્થા ) અશક્તિ, ઘડપણ.

**જકર**, સ્ત્રી૦ જુઓ જીકર.

**જકાત**, સ્ત્રી૦ ( અ૦ **जकात** زکوٰة=સંપત્તિનો $\frac{1}{40}$ ભાગ. જે એક વર્ષ કબજામાં રહ્યા પછી ધર્માદા આપવામાં આવે તે. ઓછામાં ઓછા પરાા તોલા ચાંદી ઉપર મુસલમાની શરે પ્રમાણે જકાત ફરજ છે.પણ તે પરાા તોલા આપણા કબજામાં ૧૨ મહીનાથી હોવા જોઇએ, અને માથે કોઇનું દેવું હોવું ન જોઇએ. આ પરાા તોલા ગમે તો રોકડા રૂપિઆ હોય કે ગમે તો એટલી કીમતનો અવેજ હોય ). દાણ, વેરો, ટેક્સ. ‘ જકાતખાતામાં પોતાને નોકરી મળી.’ નં૦ ચ૦

**જકાતદાર**, પુ૦ ( ફા૦ **दार** પ્રત્યય છે. **जकात**–અરબી છે. **जकात्दार** زکوٰةدار =જકાત લેનાર અમલદાર ) જકાત વસુલ કરનાર–નાકાદાર.

**જકાતી**, વિ૦ ( અ૦ **जकात+इ=जकाती** زکوٰتی=જેની ઉપર જકાત લેવાની હોય એવું ) જકાત ઉઘરાવનાર. ‘અમારી પાસે કાંઈ જકાતી માલ ન હતો.’

**જખમ**, પુ૦ ( ફા૦ **जख्म** زخم=ઘા ) કાપ, ઝટકો, વાઢ, પ્રહાર. ‘ એવા વિચારથી તેના હૈયામાં જાણે જખમ વાગતા હોય તેવું દુઃખ થતું.’ ક૦ ઘે૦

**જખમી**, વિ૦ ( ફા૦ **जख्मी** زخمی= જેને જખમ થયો હોય તે ) ઘાએલ.

**જગાત**, જુઓ જકાત.

**જજિયાવેરો**, પુ૦ ( અ૦ **जिज्यह** جزیه= મુસલમાની રાજ્યમાં, મુસલમાન ન હોય તેમની પાસેથી લેવામાં આવતો વેરો. ફારસી ‘ગજીત’ શબ્દ ઉપરથી અરબીમાં ‘જિજયહ’ શબ્દ થયો છે. હજરત ઉમર ( ર. અ. ) ના વખતમાં ૨૦ વર્ષથી ઓછી ને ૫૦ વર્ષથી ઉપરની ઉમરવાળાઓ પાસેથી એ વેરો લેવાતો ન હતો તેમને માફી હતી. વધારેમાં વધારે ૨૦ રૂપીઆ સુધી એ વેરો લેવાયો છે. અપંગ, બાળકો, સ્ત્રીઓ, ને ગાંડાઓને પણ એ વેરાની માફી હતી. ફકત ૨૦ થી ૫૦ વર્ષ સુધીના પુરૂષ પાસેથી ( એટલે કમાઇ શકે એવા પુરૂષ પાસેથી ) એ વેરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવાતો હતો. ત્રણ રૂપીઆ ને કેટલાક આના એ વેરાના લેવાતા હતા. જજીઆ વેરો આપનારને (૧) લડાઇમાં જવું પડતું નહિ (૨) લડાઇમાં સામાન વગેરેની મદદ આપવી પડતી નહિ અને (૩) મુસલમાનોની પેઠે સેંકડે ૨ાા રૂ. પ્રમાણે જકાતૅ આપવી પડતી નહિ. એ વેરો મુસલમાન નહિ એવી પ્રજા પાસેથી તેમના જાનમાલના રક્ષણ માટે લેવાતો હતો.

**જજિયો,** પુ૦ જુઓ ઉપલો શબ્દ.

**જડબેસુલાખ,** અ. ( **जर्ब** અરબી=મારવું+ **शलाक** તુર્કી=તમાચો મારવો, મુક્કી મારવી, લાકડીથી મારવું, કૂટવું. **जर्ब-शलाक** ضرب شلاق ) મજબુતાઇથી, બરાબર બંધ બેસતી રીતે, જરા પણ વખત ખોયા સિવાય, મક્કમ, બંધ બેસતું, સજ્જડ.

**જણશ,** સ્ત્રી૦ ( અ૦ **जिन्स** جنس= વસ્તુ ) ચીજ, નંગ, દાગીનો.

**જણશભાવ,** સ્ત્રી૦ ( અ૦ **जिन्स** جنس= વસ્તુ ) સરસામાન, દરદાગીનો, ઘરેણાંગાંઠાં વગેરે.

**જણશાઉ,** વિ૦ ( અ૦ **जिन्स** جنس= વસ્તુ ) જણસ ઉપર આપેલું લીધેલું એવું.

**જના,** સ્ત્રી૦ ( અ૦ **जिना** زنا=વ્યભિચાર ) જાર કર્મ.

**જનાકારી,** સ્ત્રી૦ ( અ૦ **जिना+कारी** ફારસી زناکاری=વ્યભિચાર ) જાર કર્મ, છિનાળું. 'તે શરાબખોરી ને જનાકારીથી દૂર રહેતો હતો.' બા૦ બા૦

**જનાખ,** સ્ત્રી૦ ( ફા. હિ૦ **जनाख** زناخ= શરત કરવી, કુકડાની છાતીનું હાડકું, ઘોડાની રકાબની વાધરી ) મહેનત, દુઃખ વગેરે વેઠવાથી જે થાક લાગે તે. આ છોકરો ઉછેરતાં મારી જનાખ નીકળી ગઇ.

**જનાજો,** પુ૦ ( અ૦ **जनाजह** جنازه= લાશ, મડદું, ઠાઠડી ) મુસલમાન મડદાંને દાટવા લઈ જવાની ખાટલી.

**જનાદી,** પુ૦ ( અ૦ **दीनार** دینار=અઢી રૂપીઆ કીમતનો સોનાનો સિક્કો, જે અરબસ્તાનમાં ચાલે છે. તે ઉપરથી ) પૈસો, દોઢાઉં.

**જનાનખાનું,** ન૦ ( ફા૦ **जनान्खानह** زنانخانه=સ્ત્રીઓને રહેવાનું ઠેકાણું ) અંતઃપુર, રણવાસ.

**જનાની,** વિ૦ ( ફા૦ **जनानह** زنانه= સ્ત્રીઓનું ) જનાની જોડા=સ્ત્રીઓના જોડા, જનાની વાત=સ્ત્રીઓની વાતચીત.

**જનાનો,** પુ૦ ( ફા૦ **जनानह** زنانه= સ્ત્રીઓ સંબંધી ) મલાયજામાં રહેનાર, સ્ત્રીસમુદાય.

**જનાબ,** વિ૦ ( અ૦ **जनाब** جناب=સેવા, મોટા માણસનું રહેઠાણ, સાહેબ, હજરત જનબ ઉપરથી ) મહેરબાન, કૃપાળુ.

**જનાબેઆલી,** વિ૦ ( અ૦ **जनाबिआली** جناب عالي=આલી=મોટી, મોટી જનાબવાળો ) મોટી સેવામાં.

**જનાવર,** ન૦ ( ફા૦ **जान्वर** جانور= જાન=જીવ+વર=વાળો, પ્રાણી માત્ર ) માણસ વિના બીજાં પ્રાણી, જીવવાળું.

**જનુન,** સ્ત્રી૦ ( અ૦ **जनून** કે **जुनून** جنون=ગાંડપણ. એક પ્રકારનો રોગ છે જેમાં માણસની બુદ્ધિ ગુમ થઇ જાય છે ) ગાંડો જુસ્સો, ક્રોધનો ઉભરો. 'તેને ધર્મને વાસ્તે પણ ઘણી જનૂન હતી.' ક૦ ઘે૦

**જનુની,** વિ. ( અ૦ **जनूनी** કે **जुनूनी** جنوني=ગાંડો ) ક્રોધી, જોશથી ઉશ્કેરાઇ જાય એવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જપત**, વિ૦ ( અ૦ **जब्त** ضبط=નજર રાખવી, બંદોબસ્ત ) ગુનાસર લઇને કબજે કરેલું, નજર નીચે રાખેલું.

**જપતી**, સ્ત્રી૦ ( અ૦ **जब्ती** ضبطي=જપત કરવું ) કબજે કરવું, નજર આગળ રાખવું.

**જફા**, સ્ત્રી૦ ( ફા૦ **जफा** جفا=જુલમ ) સખ્તી, જબરદસ્તી. 'જફામાં ફેંકતાં તેને, અરે તુજ હાથ શું આવ્યું.' કલાપી.

**જબર**, જુઓ જબ્બર.

**જબરજસ્ત**,વિ૦ (ફા૦ **जबर्दस्त** زبردست=જબર=ઉપર+દસ્ત=હાથ. ઉપર હાથવાળો બળવાન ) જબરો.

**જબરજસ્તી**, સ્ત્રી૦ ( ફા૦ **जबर्दस्ती** زبردستي=ઉપર હાથ હોવાપણું ) જબરાઈ, સખ્તી, બળાત્કાર, જુલમ.

**જબરાઇ**, સ્ત્રી૦ ( અ૦ **जब्र** جبر=જુલમ, બળાત્કાર ) દબાણ, નિર્દયતા.

**જબરી**, સ્ત્રી૦ ( અ૦ **जब्र** جبر=જુલમ, બળાત્કાર ) જબરદસ્તી.

**જબરૂં**, વિ૦ ( અ૦ **जब्र** جبر=જુલમ, બળાત્કાર ) મોટું, ભારે, ઊંચું, બળવાન.

**જબરૂત**, પુ૦ ( અ૦ **जब्रूत** جبروت=મોટાઇ, આકાશી મોટાઈ ) ઇશ્વરની પ્રૌઢતા. 'નાસૂત, મલાકૂત જબૂત, ફના, એમ શરીઆ, તરીકા, મારિફા, હકીકા એ ચાર જાણનાર પાળનારના ચાર ક્રમ છે.' સિ૦ સા૦

**જબરો**, વિ૦ ( અ૦ **जब्र** جبر=જુલમ, બળાત્કાર ઉપરથી મોટું ) ભારે, અથવા ફા૦ જબર્દસ્ત ઉપરથી બળવાન ) શક્તિમાન.

**જબાન**, સ્ત્રી૦ ( ફા૦ **जबान** કે **जुबान** زبان=જીભ, ભાષા, બોલી ) જીભ.

**જબાની**, સ્ત્રી૦ ( ફા૦ **जबानी** કે **जुबानी** زباني=જીભ સાથે સંબંધ રાખનાર ) જીભે કહેલી હકીકત

**જબાં**, સ્ત્રી૦ ( ફા. **जबां** કે **जुबां** زبان=જીભ ) ભાષા, બોલી. ' નર્મદે એની રસિક, કડવી ને કાતિલ જબાનમાં વર્ણવી છે.' નં૦ ચ૦

**જબેકરવું**, ક્રિ૦ સ૦ ( અ૦ **जब्ह** ذبح=મુસલમાની ધર્મ પ્રમાણે જાનવરને હલાલ કરવું) છરી ફેરવવી.

**જબ્બર**, વિ૦ ( ફા૦ **जबर** زبر=ઉપર ) જબરૂં, મજબૂત, કઠણ.

**જબ્બો**, પુ૦ ( અ૦ **जुब्बह** جبه=પહેરન, કુરતો ) ખુલતો રહે એવો ઢીલો, લાંબો ને સુંદર ડગલો. ' જબ્બો પ્રિય હૃદયનો તુજ વહાલવાળો.' કલાપી.

**જમલો**, પુ૦ ( અ૦ **जुम्लह** جمله=બધું, તમામ, કૂલ, જમલ=બોલાવી લીધું ઉપરથી ) એકઠો થએલો જથો, ભરાવો.

**જમશેદી નવરોજ**, પુ૦ ( ફા૦ **जम्शेदी-नव्रोज** جمشيدي نوروز=ઇરાનમાં જમશેદ બાદશાહ થઇ ગયો છે તેણે ઠરાવેલો નવરોજ તહેવાર) મેષરાશિમાં સૂર્ય દાખલ થાય છે તે દિવસ.

**જમા**, સ્ત્રી૦ ( અ૦ **जमूअ** جمع=એકઠું કરવું. જમઅ=તેણે એકઠું કર્યું ઉપરથી ) આવક, ઉપજ, નીપજ, વસુલ.

**જમાઉધાર**, પુ૦ ( અ૦ **जमूअ** جمع=એકઠું કરવું ) ઉધાર ગુજરાતી. આવ્યા ગયા પૈસાનો રીતસર હિસાબ રાખવો તે. 'મુઆ પછી ઇન્સાફમાં વંચાયે સૌ જેહ, જમા ઉધારો અહીં કર્યો, પુણ્ય પાપનો તેહ.' નર્મદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જમાખરચ**, ન૦ ( અ૦ **जमूअ**+ફા૦ **खर्च** جمع خرچ=ઉપજ અને ખર્ચ ) આવક જાવકનો હિસાબ. જમા અને ખરચ.

**જમાત**, સ્ત્રી૦ (અ૦ **जमाअत** جماعت=માણસોનું ટોળું. જમઅ=તેણે એકઠું કર્યું ઉપરથી ) સમુદાય, સમૂહ. ટોળું. 'મળતો પ્રેમ જમાતી ખાખી' કલાપી.

**જમાદાર**, પુ૦ ( અ૦ **जमूअ**+**दार** ફારસી **जमूअदार** جمعدار=જમા રાખનાર, જમાતનો આગેવાન ) જેની તેહનાતમાં કેટલાક સિપાઇઓ હોય તે માણસ. આ શબ્દ હિંદુસ્તાનમાં વપરાય છે, ઇરાનમાં વપરાતો નથી.

**જમાદારી**, સ્ત્રી૦ (અ૦ **जमूअ**+**दारी** ફારસી **जमूअदारी** جمعداری =જમાદારપણું) જમાદારના ઓહદાનું કામ તે.

**જમાદિલઅવલ**, પુ૦ ( અ૦ **जमादियुल्‌ऊला** جمادی الاولی = મુસલમાની પાંચમો મહીનો ) મદારનો મહીનો.

**જમાદિલઆખર**, પુ૦ ( અ૦ **जमादियुल्‌उख़्रह** جمادی الآخره=મુસલમાની છઠ્ઠો મહીનો ), એ મહીનામાં શાહેઆલમ સાહેબનો ઉર્સ થાય છે.

**જમાન**, પુ૦ ( અ૦ **ज़ामिन** ضامن =જે માણસ કોઇનો તરફદાર હોય તે. જમન= તે જવાબદાર થયો ઉપરથી ) જાળવનાર, ખાતર જમા કરનાર, જામીન.

**જમાની**, સ્ત્રી૦ ( અ૦ **ज़ामिनि**, **ज़मानत** ضامنی ضمانت જામિનપણું જામીનગીરી.) 'વળી સરકારી રેલ્વેઓ, તથા સરકારની જમાનીથી નીકળેલી રેલ્વેઓ વગેરેના શેર વિલાયતમાંથી ભરાયેલા તેટલાને લીધે તેના વ્યાજ નફાના પૈસા પણ સોના નાણામાં આપવા પડે છે.' સુ૦ ગ૦

**જમાનો**, પુ૦ ( ફા૦ **ज़मानह** زمانه= સમય ) વખત, કાળ.

**જમાબંદી**, સ્ત્રી૦ ( અ૦ **जमूअ**+**बंदी** ફા૦ **जमूअबंदी** جمع بندی =જમા બાંધી આપવી તે. બસ્તન=બાંધવું ઉપરથી બંદી ) જમીનની માપણી કરી તથા કસ કાઢી તેના ઉપર વરસે આટલો કર લેવો એમ ઠરાવવું તે.

**જમાબંધી**, ઉપલો શબ્દ જુઓ.

**જમાવ**, પુ૦ ( અ૦ **जमूअ** جمع=એકઠું થવું ઉપરથી ) એક જથે એકઠું થઇ જવું તે.

**જમાવટ**, સ્ત્રી૦ (અ૦ **जमूअ** جمع=એકઠું થવું ઉપરથી ) એક બીજાની સાથે મળતે મળતા આવીને બેસી જવું.

**જમાવવું**, ક્રિ૦ ( અ૦ **जमूअ** جمع. એકઠું થવું ઉપરથી ) ગોઠવવું, સ્થાપવુ.

**જમાવો**, પુ૦ ( ફા૦ **जमूअ** جمع. =એકઠું થવું ઉપરથી ) ગોઠવણ, જમાવ.

**જમીન**, સ્ત્રી૦ ( ફા૦ **ज़मीन** زمین=પૃથ્વી જમ=શરદી+ઇન=સંબંધ દર્શક પ્રત્યય શરદીવાળી. જમીનનું દ્રવ્ય શરદ છે માટે એ નામ પડયું ) ધરતી, ભોંય.

**જમીનદાર**; વિ૦ ( ફા૦ **ज़मीन्दार** زمیندار દાશ્તન=રાખવું ઉપરથી દાર= રાખનાર. જમીનનો માલિક ) જેની પાસે જમીન હોય તે.

**જમીનદારી**, સ્ત્રી૦ ( ફા૦ **ज़मीन्दारी** زمینداری=જમીનદારપણું ) જમીનદારની જે હાલત તે.

**જમીનદોસ્ત**, વિ૦ ( ફા૦ **ज़मीन्दोज़** زمین دوز દોખ્તન=સીવવું ઉપરથી દોજ= સીવી લેનાર. જમીનની સાથે મળી ગએલું ) જમીન બરાબર કરી નાખેલું.

**જમીયત**, સ્ત્રી૦ (અ૦ **जमईय्यत** جمعیت. =એકઠાપણું. જમઅ=તેણે એકઠું કર્યું ઉપરથી, નિર્ભયતા, વિશ્વાસ) સંજ્ઞાવાચક નામ હોય છે. જમીઅતરામ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જમેઉધાર,** પુ૦ ( અ૦ **जमूअ** جمع. ) ઉધાર ગુજરાતી. નફો ટોટો.

**જર,** વિ૦ ( ફા૦ **जर** زر=વૃદ્ધ ) ઘસાઇ ગએલું, જીર્ણ થઇ ગએલું. જરબાઈ નામ પારસીઓમાં હોય છે=ડોસી.

**જર,** પુ૦ ( ફા૦ **जर** زر=સોનું ) રૂપીઆ, મોહોર, પૈસા વગેરે. જર, જમીન ને જોરૂ એ ત્રણ કજીઆના છોરૂ' ગુ. કહે.

**જરકસી,** વિ૦ ( ફા૦ **जर्कशी** زركشي કશીદન=ખેંચવું ઉપરથી સોનાના તાર વગેરે ખેંચવાનું કામ ) જેમાં સોનાના તારની ગુંથણી, ભરત વગેરે હોય તે. 'હેમ વસ્ત્ર જરકશી મસ્તક, વીંટયું છે ચોફેરરે, કર્ણ ઉપર મૂકયાં છે છોગાં, લટકતી જરસેરરે.' સુ૦ હ૦

**જરકોસ,** પુ૦ ( ફા૦ **जर** زر=સોનું ) હલકી ધાતુના તારનો બનાવેલો વણાટ.

**જરખરીદ,** વિ૦ ( ફા૦ **जर्खरीद** زرخريد= પૈસા આપી વેચાતી લીધેલી વસ્તુ. ગુલામ વગેરે. ખરીદન=વેચાતું લેવું ઉપરથી ) વેચાતી લીધેલી વસ્તુ.

**જરજર,** વિ૦ ( ફા૦ **जर** زر વૃદ્ધ ) જીર્ણ, ઘસાઇ ગએલું.

**જર જરિયાન,** ન૦ ( ફા૦ **जर** زر=સોનું **जर्रीन** = સોનાનું. **जर्जरीन** એકલો **जर्रीन** શબ્દ બસ છે ) પૈસા, ઘરેણાં-ગાંઠાં વગેરે.

**જરજરિયું,** વિ૦ ( ફા૦ **जर** زر=વૃદ્ધ ) જીર્ણ થઇ ગએલું.

**જરજોખમ,** ન૦ ( ફા૦ **जर** زر=સોનું ) પૈસો વગેરે જે કાંઈ કીમતી જોખમની વસ્તુ હોય તે.

**જરતોસ્ત,** પુ, ( ફા૦ **जरातुश्त,** زرتشت زردشت **जरादुश्त, जरादहुश्त, जरतुश्त, जरदुश्त** ને **जर्दहुश्त** વગેરે નામ ફારસીમાં વપરાય છે. જર=સોનું+દુસ્ત=ખરાબ, જેની નજરમાં સોનાની કાંઇ ગણતરી નથી તે ) પારસીઓના પેગંબર સાહેબ.

**જરતોસ્તી,** વિ૦ ( ફા૦ **जर्तुश्ती** زرتشتي زردشتي વગેરે ) જરતોસ્ત પેગંબર સાહેબના અનુયાયીઓ, પારસી.

**જરદ,** વિ૦ ( ફા૦ **जर्द** زرد=પીળું ) પીળું ઝાંખા પીળા રંગનું. 'હું તો આયુષ્ય હું કુમળું, ઝર્દ આ દર્દથી કીધું.' કલાપી.

**જરદાલુ,** ન૦ ( ફા૦ **जर्द**+**आलु** મળીને **जर्दालु** زردآلو એક જાતનાં ફળ, મેવો ) ઠંડા દેશમાં થનાર એક મેવો.

**જરદી,** સ્ત્રી૦ ( ફા. **जर्दी** زردى=પીળાશ ) ઇંડામાંની પીળી વસ્તુ, રંગરેજને ત્યાં કસું-બામાંથી પીળો રંગ નીકળે છે તે.

**જરદો,** પુ૦ ( ફા૦ **जर्दह** زرده=પીળા રંગની વસ્તુ ) પાનમાં ખાવાનો સુકો, કેસરીઓ ભાત.

**જરદોજ,** પુ૦ ( ફા૦ **जर्दोज** زردوز=સો-નેરી કામ કરનાર. દોખ્તન=સીવવું ઉપ-રથી સીવનાર ) કસબ ભરનાર, કસબનું કામ કરનાર.

**જરદોજી,** પુ૦ ( ફા૦ **जर्दोजी** زردوزى= સોનેરી કામ ) કસબી કામ.

**જરબ,** પુ૦ ( અ૦ **जर्ब** ضرب=મારવું ) ત્રાસ, દહેશત, હાક.

**જરા** વિ૦ ( અ૦ **जर्रह** ذره=કણ, રજ-કણ ) થોડુંક. થોડું.

**જરાક,** વિ૦ ( અ૦ **जर्रह** ذره=ઉપરથી જરા એને ક ગુજરાતી પ્રત્યય લાગવાથી થએલો શબ્દ ) થોડુંક.

**જરાયત,** વિ૦ ( અ૦ **जिराअत** زراعت =ખેતી ) વરસાદના પાણીથી થતી ખેતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેતી બે પ્રકારની છે. જરાઅત ને બગાયત (બાગાત). વરસાદના પાણીથી થાય તે જરાઅત, ને કુવાના પાણીથી થાય તે બગાયત (કે બાગાત). એવીજ રીતે ચોમાસામાં ખેતી થાય તે ખરીફ ને શિઆળામાં થાય તે રવી (રબીઅ) કહેવાય છે.

**જરિયન**, વિ૦ (ફા૦ **जर्रीन** زرین=સોનેરી) જરીઆન.'તે જરીયાન અને રેશમી પોશાક પહેરતો.' રા. મા. ભા. ૧

**જરિયાન**, વિ૦ (ફા૦ **जर्रीन**=સોનેરી) જરીઆન. 'રાયે સ્તંભ ચોઢીને માંડવો રચ્યો, છાઇ જરીઆન પટોળી; છાયાં નવરંગ ચીર દક્ષિણનાં, જાત કાળી પીળી ને ધોળી. રૂકિમ.

**જરી**, વિ૦ (ફા૦ **जर्रीन** زرین=સોનેરી, કસબી) કસબ, સોનારૂપાના તાર સાથે વળેલો તંતુ 'એક જરીના પડદા પછવાડે મુજાવર તરીકે બેઠો હતો.' રા.મા.ભા. ૧

**જરી**, વિ૦ (અ૦ **जर्रह** ذره=થોડું ઉપરથી) થોડું.

**જરીક**, વિ૦ (અ૦ **जर्रह** ذره=ઉપરથી) થોડુંક.

**જરીપટકો**, પુ૦ (ફા૦ **जर्रीन** زرین+પટકો ગુજરાતી, સોનેરી કે કસબી પટકો) પેશ્વાના સૈન્યનો કસબી વાવટો.

**જરીપુરાણું**, વિ૦ (ફા૦ **जर्रीन** زرین+પુરાણું=ગુ. જુનું) જુનું કસબી કામ, જર્જરિત ને જુનું થઇ ગએલું.

**જરીફ**, સ્ત્રી૦ (અ૦ **जरीब** جریب=જમીનનું માપ લેવાની સાંકળ, એ શબ્દ ફારસી **गज़ी** શબ્દ પરથી વ્યુત્પન્ન થયો છે) જમીનનું માપ લેવાનું એક માપ, એ માપના ઘણા પ્રકાર છે.

**જરીફ**, વિ૦ (અ૦ **ज़रीफ** ظریف=ખુશમીજાજ આદમી, જરફ=તે બુદ્ધિમાન હતો ઉપરથી) ઠઠ્ઠાખોર, બુદ્ધિશાળી, સમજદાર, આનંદી.

**જરીફખરડો**, પુ૦ (અ૦ **जरीब** جریب +ખરડો ગુજરાતી) માપણીની તપસીલ વાળી નોંધ પોથી.

**જરૂખો**, પુ૦ (ફા૦ **जरूकह** جروکہ=ખડકી બારી, નાનું બારણું) છજું, ડાખલી.

**જરૂર**, સ્ત્રી૦ (અ૦ **ज़रुर** ضرور=અગત્ય) ગરજ, મતલબ.

**જરૂર**, અ૦ (અ૦ **ज़रुर** ضرور=અગત્ય) ગમે તેમ કરીને નક્કી, અચુક.

**જરૂરત**, સ્ત્રી૦ (અ૦ **ज़रुरत** ضرورت=અગત્ય) ગરજ, મતલબ. 'હાકિમોની જરૂરત ઓછી થઇ.' નં. ચ૦

**જરૂરિયાત**, સ્ત્રી૦ (અ૦ **ज़रुर** નું બહુવચન ضروریات = ઘણી જરૂર) અગત્ય, આવશ્યકતા.

**જરૂરી**, વિ૦ (અ૦ **ज़रुरी** ضروری=અગત્યનું) જરૂરનું.

**જલદ**, વિ૦ (અ૦ **जल्द** جلد=ચાબુક મારવો) ચાબુક, ચુસ્ત, ચાલાક, તેજ. આ સુકો પીવામાં જલદ છે.

**જલદી**, સ્ત્રી૦ (ફા૦ **जल्द** جلدی=તરત, ઝટપટ) ત્વરા, તાકીદ, સત્વર.

**જલસો**, પુ૦ (અ૦ **जल्सह** جلسہ=બેઠક) મંડળી, જલસ=તે બેઠો ઉપરથી) મેહમાની, જમાવ, ટોળું.

**જલાદ**, પુ૦ (અ૦ **जल्लाद** جلاد=ચામડી ઉતારનાર, ચાબુક મારનાર, જલ્દ=ચામડી ઉપરથી) ગરદન મારનાર, શિરચ્છેદ કરનાર 'મારૂં જીવવું મુઆ સરખું છે. એક ક્ષણ પણ હું જલ્લાદની તરવાર મારી ગરદનથી દૂર દેખાતો નથી.' ગુ. સિ.

**જલાદી**, સ્ત્રી૦ (અ૦ **जल्लादी** جلادی=

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જલ્લાદનું કામ ) ક્રૂર કામ, માણસ ઢોર વગેરેને કાપી નાખવાં.

**જલાલ,** વિ૦ ( અ૦ **जलाल** جلال=મોટાઇ, ભપકો ) ઝગઝગતું, ઉજ્જવળ, જાહોજલાલ

**જલાલી,** સ્રી૦ ( અ૦ **जलाली** جلالی= જલાલવાળું ) ભપકો, આંજી નાખે એવી ટાપટીપ ને રોફ તે.

**જલેબી,** સ્રી૦ ( અરબીમાં **जलब** શબ્દ છે જેનો અર્થ વેપાર, નફો, જે માલ વેચવા સારૂ એક જગાએથી બીજી જગાએ લઇ જવાય તે.' થાય છે તે ઉપ-રથી જલેબી حلیبی. શબ્દ થયો હોય એમ સંભવે છે ) એક જાતની મિઠાઇ.

**જલેવતન,** ન૦ ( અ૦ **जलावतन** جلاوطن. દેશપાર કરવો ) દેશમાંથી કાઢી મૂકવો.

**જવ,** પુ૦ ( ફા૦ **जव** جو=જવ નામનું અનાજ ) શિઆળામાં પાકતું એક જાતનું અન્ન.

**જવાન,** વિ૦ ( ફા૦ **जवान** جوان=બળ-વાન ) મજબૂત બાંધાનો પહેલવાન, કદાવર

**જવાની,** સ્રી૦ ( ફા૦ **जवानी** جوانی= યુવાવસ્થા ) જવાનપણું.

**જવાબ,** પુ૦ ( અ૦ **जवाब** جواب=ઉત્તર જવબ=તે લાવ્યો ઉપરથી ) સવાલનો ખુલાસો કરવો ફલાણાએ જવાબ આપ્યો ત્યાં જવાબ=ઉત્તર, ને ફલાણી વસ્તુનો જવાબ નથી ત્યાં 'જવાબ'=જોડ.

**જવાબદાર,** વિ૦ ( અ૦ **जवाब्+दार** ફા૦ પ્ર૦ **जवाब्दार** جوابدار=જેને માથે જવાબ દેવાનું હોય તે) જુમેદાર,જોખમદાર

**જવાબદારી,** સ્રી૦ ( અ૦ **जवाब्+दारी** ફા૦ પ્ર૦ جوابداری= **जवाब्दारी**= જવાબ આપવાપણું) જોખમદારી,જુમેદારી

**જવાબી,** સ્રી૦ ( અ૦ **जवाबी** جوابی= જવાબ વાળું ) જેનો જવાબ લેવાનો હોય તેવો સંદેશો.

**જવારીશ,** સ્રી૦ ( ફા૦ **गवारश** ઉપરથી અરબીમાં **जवारश** جوارش=પાચક ને સ્વાદિષ્ટ ઔષધ ) કીમતી વસ્તુઓની મેળવણીની ચટણી જેવી પૌષ્ટિક દવા.

**જવાહિર,** ન૦ ( અ૦ **जव्हर** નું બહુવચન **जवाहिर** جواهر.) કીમતી ચીજ. હીરા, મોતી વગેરે.

**જવાહિરખાનું,** ન૦ ( અ૦ **जवाहिर्+खा-नह** ફા૦ મળીને **जवाहिर्खानह** جواهرخانه=જવાહિર રાખવાનું ઠેકાણું) તીજોરી, દાગીના મૂકવાનો ઓરડો.

**જવાંમરદ,** પુ૦ ( ફા૦ **जवांमर्द** جوانمرد. =જુવાન પુરૂષ ) બહાદુર, વીર પુરૂષ.

**જવાંમર્દી,** સ્રી૦ ( ફા૦ **जवांमर्दी** جوانمردی=જુવાન મરદપણું ) બહા-દુરી, વીરપણું.

**જવેર,** ન૦ ( અ૦ **जव्हर** جوهر=કીમતી વસ્તુ, હીરા મોતી વગેરે ) ઝવેરાત.

**જવેરાત,** ન૦ ( અ૦ **जव्हर** નું બહુવચન **जवाहिर** جواهر. ને એ બહુ વચનનું બહુ વચન **जवाहिरात** جواهرات.= હીરા, મોતી વગેરે ) ઝવેર.

**જવેરી,** વિ૦ ( અ૦ **जव्हरी** جوهری=ઝવે-રાતનો ધંધો કરનાર ) ઝવેરી.

**જશન,** ન૦ ( ફા૦ **जश्न** جشن=ખુશીની સભા, ખુશી, એશ, ઇદનો દિવસ ) આનં-દનો દિવસ. પારસીઓમાં એ શબ્દનો વધારે ઉપયોગ થાય છે.

**જહાઝ,** ન૦ ( અ૦ **जहाज** جهاز=વહાણ) મોટું વહાણ. 'શેખ સલ્લીના હવાઇ જહાજમાં ઉડતો હતો.' ન૦ ચ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જહાન**, સ્ત્રી૦ ( ફા૦ **जहान** جهان.=કુદનાર, ચલાયમાન. દુનિયા અનિત્ય છે માટે એ નામ પડયું. અથવા **गोहान**=સમયની સાથે સંબંધ રાખનાર ઉપરથી ) દુનીઆ, જગત, સૃષ્ટિ.

**જહાન્નમ**, ન૦ ( અ૦ **जहंनम** جهنم.=નરક, ઊંડો કૂવો ) હિબ્રુ ભાષામાં **गेहनूम** શબ્દ છે. તે ઉપરથી અરબીમાં **जहंनम** શબ્દ થયો છે. **गेहनूम**=હનૂમની ખો. આ ખો યરૂશલેમની દક્ષિણ દિશાએ હતી. યૂસયાહ પાદશાહના સમય પહેલાં અહીં માલિક નામે એક મૂર્તિની લોકો પૂજા કરતા હતા. એ મૂર્ત્તિ પિત્તળની હતી; ને તેના હાથ પોહોળા કરેલા હતા.જાણે કે પોતાના પૂજારીઓને ખોળામાં લેવા ઇચ્છે છે. એ મૂર્ત્તિના પૂજકો એ મૂર્ત્તિને દેવતાથી અતિશય ગરમ કરીને પોતાનાં બાળકોને તેના ખોળામાં નાંખતા, અને તેમના રડવા કકળવાનો અવાજ ન સંભળાય માટે ઢોલ વગાડતા હતાં. એ ઢોલને તૂફ કહેતા હતા અને તેથી એ જગાનું નામ તૂફત કે તૂફનું જંગલ પડયું. બાબીલનના નાશ પછી પ્રાચીન મૂર્ત્તિપૂજાથી ડરીને યહુદી લોકો એ જગાને નાપસંદ ગણવા લાગ્યા. અને યૂસયાહ બાદશાહની સલાહથી તેમણે તેની ખરાબી કરી. ને આખા શહેરનો કચરો ત્યાં નાંખવા લાગ્યા. અને એ કચરાને બાળવા માટે આખી રાત ત્યાં આગ સળગાવતા. તેથી એ જગા ભયાનક અને ગંધાતી ( નરક સાથે સંબંધ રાખે એવી) થઇ ગઇ, અને એનું નામ નરકનું સમાનાર્થ થઇ પડયું. 'હતું જે બેહિશત, થઇ જહાન્નમ, ફકીરી હાલ મારો છે.' કલાપી.

**જહાલ**, વિ૦ ( અ૦ **जाहिल**=મૂર્ખનું બહુ વચન **जह्हाल** جهال. =અજ્ઞાનીઓ જહલ=તે અજ્ઞાની હતો ઉપરથી ) ઉદ્દામ, ઉતાવળીઆ, અણસમજ.

**જહાં**, સ્ત્રી૦ ( ફા૦ **जहान** جهان.=દુન્યા ) જહાન શબ્દ જુઓ.

**જહાંસોજ**, વિ૦(ફા૦ જહાંસોજ جهانسوز.=દુન્યા બાળનાર ) દુન્યાને બાળનાર. 'ગોરીવંશનો અલાઉદ્દીન જહાંસોઝ ગજનીને પાયમાલ કરીને જ્યારે ફીરોજકોહના તખ્ત ઉપર બેઠો.' રા. મા. ભા. ૧

**જહાંગીર**, વિ૦ ( ફા૦ **जहांगीर** جهانگیر.=દુનીઆને જીતનાર. **गिरिफ्तन**=પકડવું ઉપરથી **गीर**=પકડનાર ) અકબર બાદશાહના દીકરા સલીમનું ગાદીએ બેઠા પછીનું નામ.

**જહાંગીરી**, સ્ત્રી૦ ( ફા૦ **जहांगीरी** جهانگیری.=દુનીઆ જીતવાપણું ) જહાંગીર સાથે સંબંધ રાખનાર,જહાંગીરનું.

**જહાંદીદા**, વિ૦ ( ફા૦ **जहांदीदह** جهاندیده. દીદન=જોવું ઉપરથી **दीदह**=જોનાર. દુન્યા જોઈ હોય એવો, અનુભવી ) દુન્યાનો અનુભવવાળો, ચાલાક 'તે પણ જહાંદીદા આનંદી જીવ હતા.' નં૦ ચરિત્ર.

**જહાંપનાહ**, વિ૦ ( ફા૦ **जहांपनाह** جهانپناه.=દુન્યાનું રક્ષણ કરનાર ) જગતનું રક્ષણ કરનાર. મોટો બાદશાહ.

**જહેજ**, ન૦ ( અ૦ **जिहेज** جهیز.=કન્યાદાન, મડદાંને કફન પહેરાવવું ) દીકરીને પરણાવતી વખત જે કન્યાદાન અપાય છેતે.

**જંગ**, પુ૦ ( ફા૦ **जंग** جنگ.=લડાઇ, જંગીદન=લડવું ઉપરથી ) યુદ્ધ, સંગ્રામ.

**જંગલ**, ન૦ ( ફા૦ **जंगल** جنگل.=વસ્તી રહિત પ્રદેશ ) વન, અરણ્ય.

**જંગલી**, વિ૦ ( ફા૦ **जंगली** جنگلی.=જંગલનો ) વગર સુધરેલું, અણઘડ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જંગલીજટ**, વિ૦ (ફા૦ **जंगली** جنگلی =જંગલનો.) જટ, ગુજરાતી શબ્દ છે. કાંઇ સમજે નહિ એવો.

**જંગાલ**, પુ૦ (ફા૦ **जंगार** زنگار = લોઢાનો કાટ) ત્રાંબાનો કાટ.

**જંગાલી**, વિ૦ (ફા૦ **जंगारी**= زنگاری =જંગાલનું) જંગાલ સંબંધી.

**જંગી**, વિ૦ (ફા૦ **जंगी** جنگی=લડાઇનું) લડવૈયો, મોટો, બહાદુર, બળવાન.

**જંગી**, સ્રી૦ (ફા૦ **जंगी** جنگی=કોટમાં બાકાં હોય છે તે, જેમાંથી તીર કે બંદૂકની ગોળી ફેંકાય છે તે) કોટમાંનાં ત્રાંસાં બાકાં.

**જંજાર**, સ્રી૦ (ફા૦ **जंबूरह** زنبوره=એક પ્રકારની નાની તોપ, જે ઊંટ પર લઇ જવાય છે) તોપથી નાનું ને બંદૂકથી મોટું એક પ્રકારનું અસ્ત્ર. 'તોપ અને જંજાળો એ સર્વ ઊંટ ઉપર લાદ્યું હતું.' રા. મા. ભા. ૧

**જંજીર**, સ્રી૦ (ફા૦ **जंज़ीर** زنجیر= સાંકળ) સાંકળી, બેડી. 'જંજીરથી છોડી મગર, કૈ શ્વાસ તો દેવો ઘટે.' કલાપી.

**જંજીરો**, પુ૦ (અ૦ **जजीरह** جزیره= બેટ, દ્વીપ) ટાપુ. જજીરે મુંબઇ, જાફરાબાદ ને જંજીરા, અલ્જજીરા વગેરે ભૂગોળમાં નામ છે. સરકારી લખાણમાં જંજીરે મુંબઇ લખાય છે. ખરો શબ્દ 'જજીર એ' મુંબઈ છે.

**જંદ**, સ્રી૦ (ફા૦ **जिंद** زند=ઇરાનની અસલી ભાષા) જૂની ઈરાની ભાષા.

**જંદઅવસ્તા**, ન૦ (ફા૦ **जिंद्+उस्ता**= **जिंदूस्ता** زندوستا=જરથોસ્ત પેગંબર સાહેબની કિતાબ) પારસીઓનું અસલ ધર્મપુસ્તક.

**જંદો**, પુ૦ (ફા૦ **जिन्दह** زنده=જીવતો) ફક્કડ પુરૂષ, તંદુરસ્ત ને હસમુખો પુરૂષ.

**જંબુર**, ન૦ (ફા૦ **जंबूर** زنبور=મધમાખી, એક જાતનું તીર) સાણસી, ખીલા ખેંચવાનું ઓજાર. નાની તોપ.

**જંબુરો**, પુ૦ (ફા૦ **जंबूरह** زنبوره=એક પ્રકારનું તીર, એક પ્રકારની તોપ, જે ઊંટ પર લઈ જઇ શકાય છે) તોપ.

**જંનત**, સ્રી૦ (અ૦ **जंनत** جنت=સ્વર્ગ, એવો બગીચો કે જેની જમીન અતિશય વૃક્ષોના કારણથી દેખાય નહિ) સ્વર્ગ, બગીચો.

**જંબીલ**, સ્રી૦ (ફા૦ **जंबील** زنبیل= ફકીરોની માગવાની ઝોળી) શાકભાજી લાવવા માટે ખજુરીનાં પાંદડાંની ગુંથેલી ઝોળી.

**જાગીર**, સ્રી૦ (ફા૦ **जागीर** جاگیر **जा**= જગ્યા,+ગીર, ગિરિફ્તન=પકડવું ઉપરથી. જગ્યાવાળો) ગામ, ગરાસ. જમીન.

**જાગીરદાર**, પુ૦ (ફા૦ **जागीर्दार** جاگیردار = જાગીરવાળો) જાગીરનો માલિક, જાગીરનો ધણી.

**જાગીરી**, વિ૦ (ફા૦ **जागीरी** جاگیری= જાગીર સંબંધી) જાગીરદારી.

**જાજમ**, સ્રી૦ (તુર્કી૦ **जाजिम** جاجم= પાથરવાનું લુગડું) ભોંય પર બેસવા માટેનું પાથરણું.

**જાજરૂ**, પુ૦ (ફા૦ **जाजरुर** جاضرور **जा**= જગ્યા+**जरूर** જરણી. જરૂરની જગ્યા.= પાયખાનું) સંડાસ.

**જાતજમાત**, સ્રી૦ (અ૦ **जात्+जमाअत** ذات جماعت=નાતજાત) અમુક વર્ણના લોકો, પંથ.

**જાદ**, સ્રી૦ (ફા૦ **याद** یاد=સ્મરણ) યાદ, ખબર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જાદા**, અ૦ ( અ૦ **जियादह** زیادہ=વધારે ) ખૂબ, પુષ્કળ. 'પ્રજા પર રહેમ નજર જયાદે હતી' નં૦ ચ૦

**જાદા**, પુ૦ ( ફા૦ **जादह** زادہ **जादन**= જણવું, જન્મ આપવો ઉપરથી જન્મેલો પ્રત્યય છે. જેમકે શાહજાદા વગેરે ) દીકરો.

**જાદી**, સ્ત્રી૦ ( ઉપર પ્રમાણે ) શાહજાદી, દોલતજાદી, દીકરી.

**જાદુ**, ન૦ ( ફા૦ **जादू** جادو=ચમત્કાર, મંત્ર ) છૂમંતર, મંત્રયોગ વગેરે.

**જાદુઈ**, વિ૦ ( ફા૦ **जादू** جادو ઉપરથી ) ચમત્કારિક, જાદુએ ઉત્પન્ન થએલું.

**જાદુખોર**, પુ૦ ( ફા૦ **जादूखोर** جادوخور= જાદુ ખાનાર. ગુજરાતી પ્રયોગ છે) જાદુની પાછળ મચ્યો રહ્યો હોય તેવો માણસ.

**જાદુગર**, પુ૦ ( ફા૦ **जादूगर** جادوگر= જાદુ જાણનાર ) બાજીગર, જાદુના ખેલ કરનાર.

**જાદુઆરૂં**, વિ૦ ( ફા૦ **जादू** جادو ઉપરથી ) જાદુઈ અસર કરે એવું.

**જાદુગીરી**, સ્ત્રી૦ ( ફા૦ **जादूगीरी** جادوگیری =જાદુની વિદ્યા ) જાદુની આવડત.

**જાદુટાણો**, પુ૦ ( ફા૦ **जादू** جادو+ટાણો ગુજરાતી ) જાદુનો ચમત્કાર.

**જાદે**, અ૦ ( અ૦ **जियादह** زیادہ=વધારે ) ખૂબ, જોઈએ તે કરતાં વિશેષ.

**જાદે**, પુ૦ ( ફા૦ **जादन** زادن=જણવું, જન્મ આપવો ઉપરથી **जादह**=જન્મેલો. પ્રત્યય છે. જેમકે શાહજાદા, ઉમરાવજાદા વગેરે ) છોકરો, બેટો.

**જાન**, પુ૦ ( ફા૦ **जान** جان=જીવ ) પ્રાણ.

**જાનમાલ**, પુ૦ ( ફા૦ **जान+माल** અરબી. **जानोमाल** جان و مال. જાન=જીવ, માલ=દોલત ) પ્રાણ ને મિલ્કત.

**જાનવર**, ન૦ ( ફા૦ **जान्वर** جانور= **जान**=જીવ+**वर**=વાળું જીવવાળું. પ્રાણી ) ઢોર, પશુ.

**જાનવરી**, વિ૦ ( ફા૦ **जानवरी** جانوری= જાનવરપણું. ) જંગલી.

**જાનાં**, સ્ત્રી૦ ( ફા૦ **जानां** جانان= વહાલો, પ્રીતમ ) માશુક, પ્રિયા, પ્યારી.

**જાની**, વિ૦ ( ફા૦ **जानी** جانی=જાનવાળું. ) જીવ આપે એવો મિત્ર, તે જાની દોસ્ત. 'પણ અંદરખાનેથી ઇબ્રાહીમનો જાની દુશ્મન હતો.' બા૦ બા૦

**જાનોજિગર**, પુ૦ ( ફા૦ **जान+जिगर** મળીને **जानोजिगर** جان و جگر= **जान**=જીવ.+**जिगर**=કાળજું=જીવ અને કાળજા જેવો વહાલો ) અતિશય વહાલો. 'મારા જાનોજિગર ! આપ આટલા ગમગીન શા માટે થાઓ છો ?' બા૦ બા૦

**જાપતો**, પુ૦ ( અ૦ **जब्त** ઉપરથી **जाबितह** ضابطہ=બંદોબસ્ત, કબજો ) ચોકસી, તકેદારી, સાવચેતી. 'સ્થાનિક મનુષ્યો ઉપર ભરોસો ને યોગ્ય જાપતો રાખતો' નં૦ ચ૦

**જાફત**, સ્ત્રી૦ ( અ૦ **जियाफत** ضیافت= મહેમાની ) ઉજાણી. 'જિયાફત બધે અપાય' નં૦ ચ૦

**જાફરાની**, વિ૦ ( અ૦ **जअ्फरान**=કેસર ઉપરથી **जअ्फरानी** زعفرانی =કેસરના રંગની વસ્તુ ) કેસરીઉં.

**જાફરાન**, ન૦ ( અ૦ **जअ्फरान** زعفران= કેસર ) કેસર.

**જાબજા**, અ૦ ( ફા૦ **जा+ब+जा**. جا بجا= **जा**=ઠેકાણું.=ઠેકાણે ઠેકાણે ) સ્થળે સ્થળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જામ,** પુ૦ (ફા૦ **जाम** جام=પ્યાલો) પડઘીવાળું પવાલું.

**જામગરી,** સ્ત્રી૦ (ફા૦ **जाम्गीरी** جامگیری=જામગીર =પ્યાલો પકડનાર તે ઉપરથી પ્યાલો ઝાલવાનું કામ.) તોપ કે બંદૂક ફોડવા માટે સળગાવવાનું નાકું. 'વિનાશકારક સુરંગ ખોદેલી, તેમાં જામગીરી મૂકવાના સંધિ જેવા વિષમ ને વિકટ કાલમાં...લગામ સ્વાધીન કરવામાં આવી.' રા. મા. ભા. ૧.

**જામદાની,** સ્ત્રી૦ (ફા૦ **जामह्+दान= जामह्दान** جامهدان=જામા=કપડાં+દાન= રાખવાની જગા. લુગડાં રાખવાની પેટી. હિંદુસ્તાની ફારસી છે આ શબ્દ ઈરાનમાં વપરાતો નથી) ભાતવેલ પાડેલી હોય એવું ઊંચા વણાટનું સુતરાઉ કપડું.

**જામદાર,** પુ૦ (ફા૦ **जामह्+दार=जामह्दार** جامهدار=કપડાંવાળો, કપડાં રાખનાર) ખજાનચી, કિલીદાર.

**જામદાર,** પુ૦ (ફા૦ **जाम्दार** جامدار= **जाम**=પ્યાલો+**दार**=વાળો. પ્યાલાવાળો. પાણી વગેરે પાવાનું કામ કરનાર) બટલર, પાવાનું કામ કરનાર નોકર.

**જામદારખાનું,** ન૦ (ફા૦ **जाम्दारखानह** جامدارخانه=લુગડાંલત્તાં વગેરે કીમતી વસ્તુઓ રાખવાનું ઠેકાણું) તીજોરી, ભંડાર.

**જામીન,** પુ૦ (અ૦ **जामिन** ضامن=જાળવનારું, ખાતર જમા કરનાર, જે માણસ કોઈનો તરફદાર હોય તે. જમન=તે જવાબદાર થયો ઉપરથી) બાંયધર, જવાબદાર.

**જામીનગીરી,** સ્ત્રી૦ (**जामिन** અ૦+**गीरी** ફા૦ **जामिन्गीरी** ضامن گیری= જામીનપણું.)

**જામેશરાબ,** પુ૦ (ફા૦ **जाम**=પ્યાલો+**शराब** અ૦=મદ્ય **जामिशराब** جامشراب= મદ્યનો પ્યાલો) દારૂ પીવાનો પ્યાલો.

**જામો,** પુ૦ (ફા૦ **जामह** جامه=વસ્ત્ર, લુગડાં) પુરૂષને પહેરવાનો ડીંચણથી નીચે લબડતો રહે એવો ઘેરદાર પોશાક. વાઘો. 'યાચકનાં દરિદ્ર કાપીઆં, બહુ રિદ્ધ આપી હળધર વીર રે; પુરૂષને જામા પાઘડી, નારીને આપ્યાં ચીર રે; રૂકિમ.

**જાયકો,** પુ૦ (અ૦ **जाइकह** ذائقه=સ્વાદ, લહેજત. 'ખાનું ડંડું થશે તો જાયકો બધો ચાલ્યો જશે' બા. બા.

**જાયદાદ,** સ્ત્રી૦ (ફા૦ **जायदाद** جایداد =મીલકત, જાગીર) પુંજી, પેદાશ, જાગીર. 'તેને પેટે રૂ. ૫૦૦૦ ની નડિઆદ ગામની જયદાદ આપવામાં આવી.' રા. મા. ભા. ૧

**જાયનશીન,** પુ૦ (ફા૦ **जा**=જગા, + **निशीन** جانشین=બેસનાર, નિશિસ્તન બેસવું ઉપરથી. જગાએ બેસનાર, એકની પછી બીજો તેની જગાએ બેસનાર, પાટવી) હકદાર, ગાદીએ બેસનાર.

**જારત,** સ્ત્રી૦ (અ૦ **जियारत** زیارت= મુલાકાત, દર્શન, કોઈ મોટા માણસને મળવું તે) મુસલમાનોમાં મરણ પછી ત્રીજે દિવસે લોકો ભેગા થાય છે તે, તે દિવસે મરનાર પાછળ જમણ કરે છે તે. 'ત્યાંથી અજમેરમાં જ્યારત કરવા ગયો.' રા. મા. ભા. ૧.

**જારી,** અ૦ (ફા૦ **जारी** جاری=ચાલુ જરી=તે વહ્યો એમ બન્યું ઉપરથી) શરૂ, ચાલુ.

**જાલમ,** વિ૦ (અ૦ **जालिम**=ظالم=જુલમ કરનાર. જલમ=તે અન્યાયી હતો' ઉપરથી. 'ઝાલિમ ગુજર પ્રજાને ધ્યાનમાં રાખવા લાયક છે' નં૦ ચ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જાલમજોર,** વિ૦ ( અ૦ **जालिम** ظالم ઉપરથી ) જુલમ કરવામાં પુરો. 'ફરી અઢારમી વારે આવીઓ, બળ કરી જાલમજોર; જેમ મધપુડે મક્ષિકા ફરે, એમ મથુરા વીંટી ઘનઘોર.' રૂ૦ હ૦

**જાલમી,** સ્ત્રી૦ ( અ૦ **जालिमी** ظلمی= જુલમ કરવાપણું. **जुल्म**=અન્યાય ) ક્રૂરતા, જુલમ. ગુજરાતી પ્રયોગ છે.

**જાવકબારનીશી,** સ્ત્રી૦ ( ફા૦ **निविश्तन** =લખવું ઉપરથી **निवीसी** نویسی= લખવું. ) જાવક + બાર એ ગુજરાતી શબ્દો છે. બાર મહિના સુધી જે કાગળો મોકલવામાં આવે, એટલે બીજે સ્થળે જાય તેની નોંધ રાખવાની ચોપડી.

**જાવેદાન,** વિ૦ (ફા૦ **जाविदान** جاودان. =હમેશનું. જાવિદાન, જાવીદાન, જાવેદાન, જાવિદાના, જાવીદાના વગેરે શબ્દો પણ વપરાય છે ), કાયમ.

**જાવેદાની,** સ્ત્રી૦ ( ફા૦ **जाविदानी** جاودانی.=હમેશ, સદા ) નિત્યતા.

**જાસુસ,** પુ૦ ( અ૦ **जासूस** جاسوس.= એક મુલકની ખબર બીજા મુલકમાં મોકલનાર માણસ **जस**=તેણે શોધથી મેળવવા યત્ન કર્યો ઉપરથી. ) બાતમીદાર કાસદ, દૂત. 'તેને એક ખાનગી જાસુસે ખબર કીધી.' ક૦ ઘે૦

**જાસુસી,** સ્ત્રી૦ ( અ૦ **जासूसी** جاسوسی. =જાસુસીપણું )છુપી બાતમીઓ લેવાનું કામ.

**જાસો,** પુ૦ ( ફા૦ **जहांसोज** جہانسوز. =જહાં=દુનીઆ+સોજ એટલે બાળનાર, સોખ્તન બાળવું ઉપરથી=દુનીઆ બાળનાર ગામ ઉપર કે સરકાર ઉપર ચીઢાઇ લોકોના જાનમાલ ઉપર જાસ્તી કરનાર. ) બાળવું, લુટવું વગેરે કરનાર. પહેલાંથી ચીઠી બાંધી ખબર આપે છે તેને જાસા ચીઠી કહે છે.

**જાસ્તી,** સ્ત્રી૦ ( અ૦ **जियादती** زیادتی =જુલમ.) સખ્તાઇ, બળાત્કાર.

**જાસ્તી,** અ૦ ( અ૦ **जियादह** زیادہ= વધારે ) વિશેષ.

**જાહેદ,** વિ૦ ( અ૦ **जाहिद** زاہد=ભક્ત, ભક્તિ કરનાર, તપસ્વી ) ભક્તિ કરનાર. 'ઉઠયો ચમકી હું રાતે વસલની સુણી જાહિદ તણી બાંગો.' ગુ૦ ગજલિસ્તાન.

**જાહેર,** વિ૦ ( અ૦ **जाहिर** ظاہر=સૌની સામે, બધાની રૂબરૂ. જહર=ચમક્યો ઉપરથી ) કોઇથી છુપું નહિ એવું, બધા જાણે એવું.

**જાહેરખબર,** સ્ત્રી૦ ( અ૦ **जाहिरखबर** ظاہرخبر=બધાની રૂબરૂ આપેલી ખબર. ખબર=તેણે જાણ્યું ઉપરથી ) બધા લોકોની જાણમાં આવે તેમ કરવું તે.

**જાહેરદારી,** સ્ત્રી૦ ( અ૦ **जाहिर्**+**दारी** ફારસી પ્રત્યય. **जाहिर्दारी** ظاہرداری= જાહેર દેખાવ. દેખાવની ખાતર ) જાહેર દેખાવ કરવો તે, ભપકો, દંભ. 'જેને તેને જાહેરદારીનોજ શોખ છે.' નં. ચ.

**જાહેરનામું,** ન૦ (અ૦ **जाहिर्**+**नामह**= ફા૦ **जाहिर्नामह** ظاہرنامہ=બધા જાણે એવો કાગળ ) જાહેર ખબર, ચેતવણી.

**જાહેરાત,** સ્ત્રી૦ ( અ૦ **जाहिर** નું બહુવચન ظاہرات=બધાની રૂબરૂ ) જાહેર ખબર, જાહેર કરવું.

**જાહેલ,** વિ૦ ( અ૦ **जाहिल** جاہل.= નાદાન, અભણ. જહલ=તે અજ્ઞાની હતો ઉપરથી ) ઉગ્ર, ઝટ તપી જાય એવો. 'કોઇ જાહેલ મુસલમાનને ત્યાં લાવી બેસાડયો હોય.' નં. ચ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જાહો,** પુ૦ ( ફા૦ **जहांसोज** جہان‌سوز = જગત બાળનાર ઉપરથી ) જીવ ઉપર જોરાવરી કરવી.

**જાહેજલાલ** પુ૦ ( ફા૦ **जाह+जलाल** અ૦ મોટાઇ મળીને **जाहोजलाल** جاہ و جلال. આ શબ્દ ભાવવાચક નામ છે) મોટી પદવી, મોટાઇ.

**જાહેજલાલી,** સ્ત્રી૦ ( ફા૦ **जाह**=પદવી+ **जलाल** અ૦ મોટાઇ મળીને **जाहोजलाल** جاہ و جلال =મોટી પદવી ) ગુજરાતીમાં જાહોજલાલી વપરાય છે. મૂળ શબ્દ જાહોજલાલ છે.

**જાંનિસાર,** વિ૦ ( ફા૦ **जांनिसार** جان‌نثار = જીવ આપે એવો, જીવ કુરબાન કરે એવો ) જીવજાનદોસ્ત 'તેમના વફાદાર ને જાંનિસાર ગુલામ હતા'. બા૦ બા૦

**જાંફિશાની,** સ્ત્રી૦ ( ફા૦ **जांफिशानी** جان‌فشانی. અફશાન્દન=છાંટવું ઉપરથી. જીવ કુરબાન કરે એવો સ્વભાવ ) કુરબાન થવું. ' ઘણી જાંફિશાનીની સાથે ગાયકવાડ સરકારની નોકરી બજાવેલી ' નં૦ ચ૦

**જિકર,** સ્ત્રી૦ ( અ૦ **जिक्र** ذکر=યાદ, યાદદાસ્ત ) ગુજરાતીમાં આગ્રહ, હઠ, મમત.

**જિગર,** ન૦ ( ફા૦ **जिगर** جگر=કાળજું, શક્તિ ) હૈયું, દિલ, જીવ–' બકું છું હું, તમે માનો, જિગરમાં ઘા મને ઊંડો'. કલાપી.

**જિગરપારા,** પુ૦ ( ફા૦ **जिगरपारह** جگرپارہ, જિગર=કાળજું+પારા=કડકો. કાળજાનો કડકો, કાળજાની કોર ) પ્રાણાધિક. ' જિગરપારા ! આ અવસર રોવાનો ને હિંમત હારવાનો નથી '. બા૦ બા૦

**જિદ,** સ્ત્રી૦ ( અ૦ **जिद्द** ضد=વિરૂદ્ધતા, હઠ, બે વસ્તુઓમાં અત્યંત છેટું ) આગ્રહ, હઠ. ' સખુન મોહોબતનાં કહ્યાં, તે ઝીદ મેહબૂબે ગણી ' કલાપી.

**જિદ્દી,** વિ૦ ( અ૦ **जिद्दी** ضدی=હઠીલો ) મમતી, આગ્રહી, હઠીલું.

**જિન,** પુ૦ ( અ૦ **जिन्न** جن=ભૂત. નજર ન આવે એવી કોમ. ) ગુજરાતીમાં 'જન' કહે છે. 'જ' અને 'ન' થી અરબીમાં જે શબ્દો બને છે, તેમાં અદૃશ્યતાનો અર્થ હોય છે. ' જિન ' એ એક અદૃશ્ય કોમ છે. ' જુનુન ' ( ગુ૦ ઝનુન ) એક રોગ છે જેથી માણસની બુદ્ધિ અદૃશ્ય થઇ જાય છે. ' મજનૂન '=ગાંડો, જે માણસ ગાંડો હોય છે તે જંગલમાં ભટકતો ફરે છે તેથી લોકોથી અદૃશ્ય થઇ જાય છે. ' જંનત '=સ્વર્ગ, એમાં એટલાં બધાં ઝાડો છે કે તેથી એની જમીન દેખાતી નથી. વગેરે. 'તેનામાં કોઈ જિન ભરાયો હોય તેવી તે દેખાતી હતી.' ક૦ ગે૦

**જિન્સ,** સ્ત્રી૦ ( અ૦ **जिन्स** جنس= વસ્તુ ) જણસ શબ્દ જુઓ.

**જિબ્રાલ્ટર,** ન૦ ( અ૦ **जबलुत्तारिक** جبل‌الطارق=તારિકનો પહાડ ) દમિસ્કના ખલીફાની તરફના આફ્રિકાના સુબા મૂસા બિન નુસેરના ગુલામ તારિકે તા. ૩૦ મી એપ્રિલ સને ૭૧૧ ને દિવસે એ જગા ફતેહ કરી. ત્યાં એક પહાડ છે જેનું અસલ નામ ' કાલપી ' હતું. અરબીમાં પહાડને ' જબલ ' કહે છે. તેથી વિજયી તારિકના નામથી એનું નામ ' જબલુત્તારિક ' પડયું. તે ઉપરથી અંગ્રેજીમાં જિબ્રૉલ્ટર નામ પડયું ( સિનીનિ ઈસ્લામ ભાગ ૨. ડૉ. જી. ડબ્લ્યુ. લેટ્નર કૃત ઉપરથી ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જિબ્રાઇલ**, પુ૦ ( અ૦ **जिब्रईल** કે **जिब्राईल** جبرئیل جبرائیل ) ચાર ફિરિસ્તા મોટા છે, જેમના નામની સાથે માનવાચક અલયહિસ્સલામ લગાડાય છે. ૧ જીબ્રઇલ=ખુદામાં ખૂબી, અથવા ખુદાનો પહેલવાન. ખુદાની તરફથી પેગંબર સાહેબોને વહ્ય ( ઇશ્વરી પેગામ ) પોહોંચાડવાનું કામ એમનું હતું. ૨. મીકાઇલનું કામ જગતને આજીવિકા પોહોચાડવાનું છે. ૩ ઇસ્રાફીલ એ કિયામતને દિવસે રણશીંગું ફૂંકશે તેથી બધા જીવતા થશે. ૪. ઇજરાઇલ એમનું કામ જીવ લેવાનું છે. ' મહંમદને જીબ્રિલ નામના ફિરસ્તાએ કુરાનના ફકરા પ્રસંગે પ્રસંગે કહ્યા હતા.' સિ. સા, પૃ. ૧૬

**જિયાફત**, સ્રી૦ ( અ૦ **जियाफत** ضیافت =ઊજાણી. જયફ ઉપરથી) જાફત, ઉજાણી, મીજબાની.

**જિરાફ**, ન૦ ( અ૦ **जर्राफह** زرافہ=એક જાતનું પશુ છે) આફ્રિકાના જંગલમાં થાય છે. રોઝ કે ઘોડાની જાતનું પણ દેખાવે હરણ જેવું.

**જિરાયત**, વિ૦ ( અ૦ **जिराअत** زراعت =ખેતી ) વરસાદના પાણીથી થતી ખેતી. ખેતી બે પ્રકારની છે જિરાઅત અને બગાયત ( બાગાત ). વરસાદના પાણીથી થાય તે જિરાઅત ને કુવાના પાણીથી થાય તે બગાયત (બાગાત). એવીજ રીતે ચોમાસુ પાકને ખરીફ ને શિઆળુ પાકને રબીઅ ( રવી ) કહે છે.

**જિલ્દ**, સ્રી૦ ( અ૦ **जिल्द** جلد =ચામડી, પુંઠું, પુસ્તકનો વિભાગ ) ચામડાનું વગેરે પુંઠું ચડાવે છે તે. ' બે જિલ્દમાં પ્રકટ કરીને તેને રાસમાળાનું નામ આપ્યું.' નં૦ ચ૦

**જિલ્લો**, પુ૦ ( અ૦ **जिलअ** ضلع=દેશનો ભાગ. ) કેટલાક તાલુકા મળીને એક કલેકટરના તાબામાં હોય તે મુલક.

**જિલાયત**, વિ૦ ( અ૦ **जिलअ**=દેશનો ભાગ ઉપરથી) જિલ્લામાં જમીન હોય તે. ' જિલ્લામાં જમીન મળેલી છે તે જિલાયત કહેવાય છે.' રા. મા. ભા. ૧.

**જિહાદ**, પુ૦ ( અ૦ **जिहाद** جہاد=કાફરોની સાથે લડવું તે, ધર્મયુદ્ધ ) ધર્મની લડાઇ, ' અન્ય ધર્મીઓની સાથે મુસલમાનોનું યુદ્ધ થાય છે તેને જિહાદ કહે છે.' બા૦ બા૦

**જિહાન**, સ્રી૦ (ફા૦ **जहान** جہان=દુન્યા) જહાન, જગત.

**જિંદગાની**, સ્રી૦ (ફા૦ **जिंदगानी** زندگانی =ઉમર, આયુષ્ય ) જીવનકાળ, જન્મારો.

**જિંદગી**, સ્રી૦ ( ફા૦ **जिंदगी** زندگی= જીવતર ) આયુષ્ય, ઉમર.

**જિંદાન**, ન૦ ( ફા૦ **जिंदान** زندان=કેદખાનું ) બંદીખાનુ. ' અત્યારે આપને જિંદાનમાં રાખશે ' બા૦ બા૦

**જીક**, સ્રી૦ ( અ૦ **जिद**=હઠ ) મમત.

**જીકર**, સ્રી૦ ( અ૦ **जिक्र** ذکر=યાદી ) વાત ચીત, વર્ણન.

**જીગર**, ન૦ ( ફા૦ **जिगर** جگر=કાળજું)

**જીદ**, સ્રી૦ ( અ૦ **जिद** ضد=હઠ ) મમત, વિરોધ.

**જીદ્દી**, વિ૦ (અ૦**जिद्दी** ضدی=હઠીલો)મમતી.

**જીન**, પુ૦ જિન શબ્દ જુઓ.

**જીનો**, પુ૦ ( ફા૦ **जीनह** زینہ=નીસરણી ) દાદર બારી, દાદરો.

**જીરૂં**, ન૦ ( ફા૦ **जीरह** زیرہ=જીરૂં) મસાલામાં વપરાતાં એક જાતનાં બીઆં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જીલકદ**, પુ૦ (અ૦ **जिल्कअ्दह, जुल्कअ्दह** ذوالقعده=મુસલમાની અગીઆરમો મહીનો) મુસલમાની ૧૧ મો ચાંદ્રમાસ.

**જીલબ્બે**, અ૦ (અ૦ **लब्बयक** لبيك= હું હાજર છું) અતિશય હાજર, હાજરાહજુર.

**જીલહજ**, પુ૦ (અ૦ **जिलहज्जह, जुलहज्जह** ذوالحجه=મુસલમાની ૧૨ મો મહીનો, એ મહીનામાં મક્કામાં હજ્જ થાય છે. બકરીઈદ આ મહીનાની ૧૦ મી તારીખે આવે છે. મુસલમાનોમાં જીલકદ, જીલહજ, મોહોરમ ને રજબ એ ચાર મહીના પવિત્ર ગણાય છે. અરબસ્તાનમાં એ ચાર મહીનાઓમાં યુદ્ધ કરતા નહોતા.) મુસલમાની વર્ષનો છેલ્લો મહીનો.

**જીવજાન**, વિ૦ (ફા૦ **जान** جان. જીવ ગુજરાતી=પ્રાણ જેવો વહાલો) અતિશય વહાલો.

**જીવેજાન**, વિ૦ (ફા૦ **जान** جان=જીવ) પોતાના જીવ જેવું વહાલું હોય તે.

**જીસમ**, ન૦ (અ૦ **जिस्म** جسم=શરીર) બદન; 'નથી તાકત જિસમમાં કે ઉઠીને હું કરૂં તહરીર.' ગુ૦ ગ૦

**જીસાહેબ**, અ૦ (અ૦ **साहिब** صاحب= સમીપમાં રહેનાર, મિત્ર) અદબની સાથે જવાબ આપવો તે.

**જુખામ**, ન૦ (ફા૦ **जुकाम** زكام=સળેખમ) શરદીની બીમારી છે જેમાં નાકમાંથી પાણી ટપકે છે.

**જુજ**, વિ૦ (અ૦ **जुज्व** جزو=કડકો, ભાગ) થોડું, ઓછું.

**જુજવી**, વિ૦ (અ૦ **जुज्व** جزو=કડકો, હિસ્સો) ભાગ, થોડું. 'વળી રાજકુટુંબના વહીવંચા ભાટને અથવા કોઇ ભિક્ષુકને હરેક હોળ ઉપર જુજવી કર આપે છે'. ક૦ઘે૦

**જુદાગીરી**, સ્ત્રી૦ (ફા૦ **जुदा** جدا. ઉપરથી ગુજરાતી પ્રયોગ) જુદાપણું, જુદાઇ.

**જુદાપણું**, ન૦ (ફા૦ **जुदा** جدا. ઉપરથી) જુદાઇ, જુદાગીરી.

**જુદું**, વિ૦ (ફા૦ **जुदा** جدا=જુદું, ભિન્ન, અલગ) ભેગું નહિ તે.

**જુબાન**, સ્ત્રી૦ (ફા૦ **जुबान, जबान** زبان=જીભ) બોલી, ભાષા,

**જુબાની**, સ્ત્રી૦ (ફા૦ **जुबानी** زبانی= જબાની) સાક્ષી.

**જુબાં**, સ્ત્રી૦ (ફા૦ **जुबान, जबान, जुबां, जबां** زبان=બોલી, ભાષા) બોલી, જીભ.

**જુમલો**, પુ૦ (અ૦ **जुम्लह** جمله= વાક્ય, એકંદર, જમલ=બોલાવી લીધું ઉપરથી=બધું, તમામ) સરવાળો.

**જુમલ્લો**, પુ૦ જુમલો શબ્દ જુઓ.

**જુમામસ્જિદ**, સ્ત્રી૦ (અ૦ **जामिअ+मस्जिद** جامع مسجد. જામિઅ= એકઠા કરનાર, મસ્જિદ=નમવાની જગા. શહેરની જે મોટી મસ્જિદમાં શહેરના ઘણા માણસો ભેગા થાય તે) શુક્રવારની નમાજ જે મસ્જિદમાં પઢાતી હોય એવી શહેર કે કસ્બાની સૌથી મોટી મસ્જિદ.

**જુમેરાત**, સ્ત્રી૦ (અ૦ **जुमुअह**=શુક્રવાર. રાત, ગુજરાતી શુક્રવારની રાત. جمعرات= ગુરૂવાર. હિંદુઓ સૂર્યોદયથી, અંગ્રેજો મધ્યરાત્રિથી ને મુસલમાનો સૂર્યાસ્તથી દહાડો બદલે છે. તેથી ગુરૂવારને દિવસે સૂર્યાસ્ત પછી શુક્રવાર બેઠો ગણાય છે માટે એ રાતને જુમેરાત એટલે શુક્રવારની રાત કહે છે) બૃહસ્પતિવાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જુરત**, સ્ત્રી૦ ( અ૦ **जुरअत** جرأت= ચાલાકી, જવાંમર્દી, શક્તિ. જરા=તે બહાદુર હતો ઉપરથી ) હિંમત, ધૈર્ય.

**જુરિયત**, સ્ત્રી૦ ( અ૦ **जुरअत** جرأت= જવાંમર્દી ) બહાદુરી.

**જુલમ**, પુ૦ ( અ૦ **जुल्म** ظلم=બળાત્કાર, કષ્ટ, દુઃખ દેવું ) બળાત્કાર કરવો. દુઃખ દેવું.

**જુલમગાર**, વિ૦ ( અ૦ **जुल्म्+गार** ફા૦ પ્ર૦ ગુજરાતી પ્રયોગ. **जुल्मगार** ظلمگار= જુલમ કરનાર ) જુલમ વાપરનાર, જુલ્મી.

**જુલમાટ**, પુ૦ ( અ૦ **जुल्म** ظلم=એને ગુજરાતી આટ પ્રત્યય લાગીને થએલો શબ્દ ) જુલમ, જુલમ ગુજારવો તે.

**જુલમાટ**, પુ૦ ( અ૦ **जुल्मात जलमत** ظلمات=અંધારૂં, એનું બહુવચન. અમૃત [ આબેહયાત ] જે ઠેકાણે છે તે અંધારાવાળું સ્થળ ) અંધારાં. અંધારૂં.

**જુલમી**, વિ૦ ( અ૦ **जुल्मी** ظلمی=ગુ૦ પ્રયોગ ) જુલમગાર, જુલમ કરનાર.

**જુલાપ**, પુ૦ جلاب. જુલાબ, રેચ.

**જુલાબ**, પુ૦ ( અ૦ **जुल्लाब** جلاب. ફારસીમાં ગુલાબ શબ્દ છે, તે ઉપરથી અરબીમાં જુલ્લાબ શબ્દ થયો છે. ગુલાબનું પાણી, શરબત વગેરે રેચક હોવાથી એ દવાઓ રેચ માટે આપતા હતા. અરબીમાં 'ગ' ન હોવાથી 'જ' થઇ ગયો.

**જુલફાં**, ન૦ ( અ૦ **जुल्फ** زلف એ **जुल्फह** નું બહુવચન છે જેનો અર્થ રાત્રિનો કોઇ પણ ભાગ થાય છે. રાત્રિ અંધારાના કારણથી કાળી હોય છે તેથી ફારસી વિદ્વાનોએ, માથાના વાળ કાળા હોવાથી તેની ઉપમા વાળને આપી. ફારસીમાં 'જુલફ' ને બદલે 'જુલ્ફ' વપરાય છે ). કપાળ ને લમણાં ઉપરના વાંકડીઆ વાળની લટો. 'નર્ગિસ સરીખાં નેણ, ને જુલ્ફાં છુટાં દિલદારનાં.' ગુ૦ ગ૦

**જુવાન**, વિ૦ ( ફા૦ **जवान** جوان=બહાદુર ) વીર.

**જુવાની**, સ્ત્રી૦ ( ફા૦ **जवानी** جوانی= યુવાવસ્થા ) તરૂણાવસ્થા.

**જુવાળ**, પુ૦ ( ફા૦ **जवाल** زوال=દૂર થવું, ઘટી જવું, દરીઆના પાણીનો ચઢાવો. 'જ્યારે એવોજ જુવાળ બેઠો ત્યારે કોણ અટકાવી શકે.' ક૦ ઘે૦

**જુંમા**, સ્ત્રી૦ (અ૦ **जुमुअह** અથવા **जुम्अह** جمعه=શુક્રવાર. **जमअ**=તેણે એકઠું કર્યું ઉપરથી. એકઠા થવાનો દિવસ ) શુક્રવાર.

**જુંમેદાર**, વિ૦ ( અ૦ **जिंमह्दार** ذمہدار= **जिमह**=પદવી, ચાર્જ, જોખમ ) જોખમવાળો, જવાબદાર. 'માધવને ગુજરાતના પરાજય માટે જુંમેદાર ઠરાવીશું ?' નં૦ ચ૦

**જુંમેદારી**, સ્ત્રી૦ ( અ૦ **जिंमह्दारी** ذمہداری=જોખમદારી ) જવાબદારી. 'જુંમેદારી મોતીરામ મહેતાની' નં૦ ચ૦

**જુસ્તેજુ**, સ્ત્રી૦ ( ફા૦ **जुस्तन**=ખોળવું ઉપરથી શોધખોળ **जुस्तजू** અથવા **जुस्तोजू** جستجو. બંને શબ્દ વપરાય છે ) શોધખોળ.

**જુસ્સો**, પુ૦ ( અ૦ **जुस्सह** جثہ=બદન, શરીર, લોથ ) લાગણી, ઉશ્કેરણી.

**જુસ્સો**, પુ૦ ( ફા૦ **जोशीदन**=ઉકળવું ઉપરથી જોશ. جوش=ઉકળાટ) શક્તિ, બળ.

**જેબ**, સ્ત્રી૦ ( ફા૦ **जयब** زیب=શોભા ) શોભા આપનાર, સૌંદર્ય. 'માણસની ધર્મ સમજવાની શક્તિને પણ જેબ લગાડે તેવી વાત છે.' સુ૦ ગ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જેબ,** સ્ત્રી૦ ( ફા૦ **जेब** جیب=ગજવું, મૂળ અર્થ ગીરેવાન ) ગુજું, ખીસું.

**જેર,** અ૦ ( ફા૦ **जेर** زیر=નીચે ) હાથ નીચેનો, હેઠળ. 'આ લડાઇમાં દુશ્મનોને જેર કર્યા પછી કાબુલ પર ચઢાઇ કરવી છે.' બા૦ બા૦

**જેરકડી,** સ્ત્રી૦ ( ફા૦ **जेर** زیر=નીચે ) ઘોડાને વશ રાખવાની કડી.

**જેરદસ્ત,** વિ૦ (ફા૦ **जेर्दस्त** زیردست= જેર=નીચે+દસ્ત=હાથ. હાથ નીચેનો ) કમજોર, નબળું, આધીન. 'હિંદુસ્તાનનો હાકેમ મારો માતેહત ને જેરદસ્ત રહે એજ મારી તમંના છે.' બા૦ બા૦

**જેરબંદ,** પુ૦ ( ફા૦ **जेर्बंद** زیربند જેર= નીચેનો+બંદ=બંધન ) ઘોડાની લગામ નીચેથી લઇ તંગની સાથે બાંધવામાં આવતી ચામડાની કે જાડી બનાતની પટી.

**જેરબંધ,** પુ૦ ( ફા૦ **जेर्बंद** زیربند ) જેરબંદ.

**જેવર,** ન૦ ( ફા૦ **जयवर** زیور=ઘરેણું. જેબ ઉપરથી જેવ=શોભા+વર=વાળું. શોભાવાળું ) દાગીનો.

**જેહેજ,** ન૦ ( અ૦ **ज़िहेज** جہیز=કન્યા-દાન, મડદાંને કફન પહેરાવવું ) દીકરીને પરણાવતી વખતે કન્યાદાનમાં જે આપેછે તે.

**જેહન,** ન૦ (અ૦ **जिह्न** ذہن=સમજશક્તિ) મગજશક્તિ.

**જેહમત,** સ્ત્રી ( અ૦ **जह्मत** زحمت= મહેનત, દુઃખ, જહમ=તેણે ખેંચીને બાંધ્યું. ઉપરથી ) કષ્ટ, તકલીફ. 'અહીં સુધી આવવાની જેહમત શા માટે ઉઠાવી.' બા. બા.

**જેહાદ,** પુ૦ ( અ૦ **जिहाद** جہاد=ધર્મ-યુદ્ધ ) જિહાદ શબ્દ જુઓ.

**જોખસે,** અ૦ ( અ૦ **जवक** ذوق=સ્વાદ, સેં, સે=ઉર્દૂ પાંચમી વિ૦ નો પ્રત્યય= સ્વાદથી, સ્વાદ લઇને ) અવશ્ય, ખુશીથી.

**જોર,** ન૦ ( ફા૦ **जोर** زور=બળ ) શક્તિ, તાકત.

**જોરકસ,** વિ૦ ( ફા૦ **जोर्कश** زورکش કશીદન=ખેંચવું ઉપરથી જોર ખેંચનાર. ગુ૦ પ્રયોગ ) કસરતી, જોરવાળું.

**જોરજબરી,** સ્ત્રી૦ ( ફા૦ **जोर**=બળ+અ૦ **जब्र** زور، جبر=બળાત્કાર+ઇ ગુ૦ પ્ર૦ ગુ૦ પ્રયોગ=બળ અને બળાત્કાર ) જોર-જુલમ, દબાણ.

**જોરજુલમ,** પુ૦ ( ફા૦ **जवर्+जुल्म** અરબી= **जोरोजुल्म** زوروظلم=જોરજુલમ ) બળાત્કાર, મરજી વિરૂદ્ધ

**જોરતલબી,** સ્ત્રી૦ ( **जोर्** ફા૦ બળ+**तलबी** અ૦ માગણી. **जोर्तलबी** زورطلبی= શક્તિ માટે માગણી કરવી તે. મદદ માટે જે નાણાં ઉઘરાવવામાં આવે તે. ફારસીમાં તલબીદન ધાતુ છે તે ઉપરથી. અરબીમાં તલબ શબ્દ પણ છે ) એક પ્રકારનો વેરો, એક પ્રકારની ખંડણી. 'જુનાગઢના નવાબ સાહેબને જોરતલબી મળી કુલ રૂ. ૯૬૫૪૦ આવે છે. રા૦ મા૦ ભા૦ ૧

**જોરભેર,** અ૦ ( ફા૦ **जोर** زور=બળ ) બળ-પૂર્વક.

**જોરવાન,** વિ૦ ( ફા૦ **जोर** زور=બળ+વાન ગુ૦ પ્ર૦) જોરવાળો.

**જોરાવર,** વિ૦ ( ફા૦ **जोर्+आवर्**=વાળો, **जोरावर** زورآور=જોરવાળો ) શક્તિમાન.

**જોરાવરી,** સ્ત્રી૦ ( ફા૦**जोरावरी** زورآوری =ગુ૦ પ્રયોગ=જબરદસ્તી ) બળાત્કાર.

**જોરાળ,** વિ૦ ( ફા૦ **जोर** زور +**आळ** ગુ૦ પ્ર૦) જોરવાળું.

**જોરાળાપણું,** ન૦ ( ફા૦ **जोर** زور=બળ ઉપરથી ) જોરવાળા હોવાપણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જોરાળું**, વિ૦ ( ફા૦ **जोर** زور=બળ ઉપરથી ) બળવાન.

**જોરી**, વિ૦ ( ફા૦ **जोर+इ** زوری=જોરવાળું ) જેને બીજાની કુમક હોય એવું.

**જોરો**, પુ૦ ( ફા૦ **जोर** زور=બળ ) દાબ, દબાણ.

**જોશ**, પુ૦ ( ફા૦ **जोश** جوش=ઉભરો. જોશીદન=ઉકળવું ઉપરથી ) ખળખળવું. 'મારા મુકદ્દમાનો ફેંસલો કરવાનો જોશ મારા જિગરમાં ઉછળી આવ્યો છે.' બા૦

**જોશન**, ન૦ ( અ૦ **जव्शन** جوشن=છાતી, બખ્તર, લડાઇ વખતે પહેરવાનો એક પ્રકારનો પોશાક. એમાં લોઢાની કડીઓની સાથે લોઢાના કડકા પણ હોય છે ) હાથે પહેરવાનું એક ઘરેણું.

**જોસ**, ( ફા૦ ) જોશ جوش=શબ્દ જુઓ.

**જોસતાન**, ન૦ ( **जुज्व** અરબી. ભાગ, પુસ્તકનો ભાગ, પુસ્તક+**दान** ફા૦ પ્ર૦ રાખવાનું ઠેકાણું ઉપરથી **जुज्वदान** جزودان=ચોપડીઓ રાખવાની થેલી ) દફતર.

**જોસદાન**, ન૦ ચોપડીઓ રાખવાની થેલી. જોસતાન جزودان=શબ્દ જુઓ.

**જોસ્તજુ**, સ્રી૦ જુસ્તેજુ جستجو શબ્દ જુઓ 'અને મારી સાથે લડાઇની જુસ્તેજુ' બા૦ બા૦

**જોહુકમ**, પુ૦ ( અ૦ **जहहाकी** ضحاکی ઇરાનમાં જહ્હાક નામે જુલ્મી બાદશાહ થઇ ગયો છે. તેથી જુલ્મી બાદશાહને જહ્હાકની ઉપમા અપાય છે. ને જુલમી કામોને જહ્હાકી કહે છે. તે ઉપરથી 'જોહુકમ' 'જોહુકમી' શબ્દ થયા છે. 'હુકમદારની જોહુકમીથી હું હવે લાચાર છું.' ગુ૦ ગ૦

**જોહુકમી**, સ્રી૦ જો હુકમ શબ્દ જુઓ.

**જ્યાદે**, અ૦ ( અ૦ **जियादह** زیادہ=વધારે) ઘણું, પુષ્કળ. 'કોઇ પણ જાતનો જ્યાદે પગ પેસારો કરવાથી અળગ રહેવું.' અં. ન. ગ.

**જ્યાફત**, સ્રી૦ ( અ૦ **जियाफत** ضیافت =મહેમાની, વરો ) ઉજાણી.

'લોનટેનિસ, બિઝિક, ક્રીકેટ, ચહાપાણી, જ્યાફતો અને વચમાં વચમાં નાટકોનાં ગાયનો એ આજકાલના વિદ્વાના ઉપાસકોનો શોખ છે.' સુ૦ ગ૦

## ઝ. झ.

**ઝનુન**, સ્રી૦ ( અ૦ **जनून** કે **जुनून** جنون =ગાંડપણ. એક રોગ છે. જેમાં માણસની બુદ્ધિ ગુમ થઇ જાય છે ) ગાંડપણ, ઘેલછા.

**ઝનુની**, વિ૦ ( અ૦ **जनूनी** કે **जुनूनी** جنونی. ગુ૦ પ્ર૦ ગાંડો ) ઘેલો, ઘેલછાવાળો.

**ઝબેકરવુ**, સ૦ ક્રિ૦ ( અ૦ **जब्ह** ذبح= જાનવરને મુસલમાની ધર્મ પ્રમાણે હલાલ કરવું તે ) કાપવુ, મારી નાખવું. 'મગર અફસોસ એ માશુક હતું દિલમાં ઝબે કરવું' કલાપી.

**ઝભલું**, ન૦ ( અ૦ **जुब्बह** جبہ. ઉપરથી. નાનું પહેરણ ) છોકરાનું નાનું પહેરણ. 'પહેરી લે તું શરીર પર તે શાંત ઝભલું.' કલાપી.

**ઝબ્બો**, પુ૦ ( અ૦ **जुब्बह** جبہ=પહેરણ ) ગળાથી પગના નળા સુધી લબડતું રહે એવું પહેરણ.

**ઝમઝમ**, ન૦ ( અ૦ **जम्जम** زمزم= મક્કાની પાસે એક કૂવો છે. જ્યારે હજરત ઇસ્માઇલ ( અ. સ. ) બહુ તરસ્યા થયા, ત્યારે પોતાના પગની એડીઓ ઘસવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંથી પાણી નીકળ્યું. એ કૂવો મુસલમાનોમાં પવિત્ર ગણાય છે, ને હાજી લોક હજ્જ કરીને પાછા આવે છે, ત્યારે પોતાની સાથે એ પાણી ટીનના વાસણમાં ભરીને લાવે છે. તે વાસણને જમજમી કહે છે. નવી ગુ૦ વાં૦ માળા.

**ઝરદોશ**, પુ૦ ( ફા૦ **जर्दोज** زردوز=જર=સોનું. દોજ એ દોખ્તન=સીવવું ઉપરથી સીવનાર. સોનાના કલાબતુથી સીવવાનું કામ કરનાર ) જરદોસ.

**ઝરૂખો**, પુ૦ ( ફા૦ **जरूकह** جروکه=ભીંતમાંથી જોવા માટે રાખેલી ખડકી ). બારીની બહાર કાઢેલું ઝુલતું છજું. ' ઊંચી મેડી ને અજબ ઝરૂખા ' ભોજો.

**ઝલેહ**, સ્ત્રી૦ ( અ૦ **जिला** جلا=પ્રકાશ આપવો, ઓપ આપવો, સાફ કરવું ) સફાઈ, ચળકાટ.

**ઝલેહદાર**, વિ૦ (અ૦ **जिला+दार** جلادار=ફા૦ પ્ર૦ ઝલેવાળું ) ભભકદાર, સુંદર.

**ઝવેર**, ન૦ ( અ૦ **जव्हर** جوهر=જવાહીર, હીરામોતી જહર=તે જાહેર હતું ઉપરથી ) હીરા, મોતી વગેરે.

**ઝવેરખાનું**, ન૦ ( અ૦ **जव्हर्+खानह** ફા૦ **जव्हर्खानह, जवाहिर् खानह** جواهرخانه=ઝવેરાત રાખવાનું ઠેકાણું) ટ્રેઝરી. હીરામોતી રાખવાનું ઠેકાણું.

**ઝવેરાત**, ન૦ ( અ૦ **जव्हरनुं** બહુવચન **जवाहिरात** جواهرات=ઘણાં ઝવેર ) હીરા, મોતી વગેરે. ' પછી જવાહિરાતમાં તો હીરો પણ છે, ને માણેક પણ છે ' નં૦ ચ૦

**ઝવેરી**, પુ૦ ( અ૦ **जव्हर्+इ=जव्हरी** جوهری=હીરાની પરીક્ષા કરનાર ) ઝવેરાતનો ધંધો કરનાર.

**ઝહીન**, વિ૦ (અ૦**जह्न**=બુદ્ધિ ઉપરથી **जहीन** ذهین=બુદ્ધિશાળી, તીવ્ર સમજશક્તિવાળો ) ચાલાક, સમજુ ' આઇરિશમેનો ઝહીન હોય છે ' નં૦ ચ૦

**ઝહેરા**, સ્ત્રી૦ ( અ૦ **जुहरह**, زهره ફારસી **जुह्रह**=શુક્ર ગ્રહ. હજરત મોહમદ ( સ. અ. )ની દીકરી બીબી ફાતિમાનો રંગ ગોરો હતો એ પરથી એમનું નામ જાહેહ પડ્યું; કેમકે શુક્ર પ્રકાશિત છે તે પરથી પ્રકાશ ને સૌંદર્ય માટે **जह्रह** શબ્દ વપરાય છે. મુસલમાન સ્ત્રીઓમાં જાહા નામ હોય છે. શાહેજહાં બાદશાહની કુંવરીનું નામ પણ જાહા હતું. એની કબર ઉપર એક હૃદયભેદક લેખ લખેલો છે એમ ગુજરાતી નવી વાંચનમાળામાં લખ્યું છે તે લેખ આ પ્રમાણે છે. ' બિગેર સબ્જા મપોશદ કસે મજારે મરા; કે કબ્રપોશે ગરીબાં હમીં ગિયાહ બસસ્ત." મારી કબર ઉપર લીલા ઘાસ ( ધરો ) વિના બીજું કાંઈ પણ ( ફૂલ વગેરે ) કોઇ મૂકશો નહિ, કેમકે ગરીબોની કબર માટે આ ઘાસ જ બસ છે. આજ પણ એ કબર ઉપર કોઈ પણ માણસ ફૂલ ચડાવતું નથી, પણ આસપાસથી ઘાસ કે પાંદડાં તોડી એ કબર ઉપર મૂકે છે. એ ઉપરથી એ શાહજાદી કેવી નિરભિમાન હતી તે જણાય છે.

**ઝંદ**, સ્ત્રી૦ ( ફા૦ **जिंद** زند=જુની ફારસી ભાષા ) જુની ઇરાની ભાષા.

**ઝંદાવસ્તા**, સ્ત્રી૦ ( ફા૦ **जिंद+उस्ता** زنداستا=પારસીઓનું ધર્મ પુસ્તક ) પારસીઓનું ધર્મપુસ્તક.

**ઝંદો**, પુ૦ ( ફા૦ **जिन्दह** زنده=જીવતો ) મસ્ત, ખાધેલપીધેલ, આનંદી, ઉમંગી.

**ઝાઉસ**, પુ૦ ( ફા૦ **चावूश** چاوش=લશ્કર

For Private And Personal Use Only

કે કાફલાનો ઓબદાર ) મુકાદમ, ઉપરી, ટોળાનો નાયક.

**ઝાઝ**, ન૦ ( અ૦ **जहाज** جهاز=વહાણુ ) નાવ, વહાણુ,

**ઝાડુ**, ન૦ ( ફા૦ **जारूब** جاروب. **जा**= જગ્યા. રૂબ એ રૂફતન=વાળવું ઉપરથી વાળનાર=જગા સાફ કરનાર ) સાવરણી.

**ઝાબસોઇ**, સ્ત્રી૦ (અ૦ **याहुसयन** یاحسین =હે હુસન) મોહોર્રમમાં પેગંબર સાહેબ ( સ૦ અ૦ ) ના દૌહિત્ર હજરત ઇમામ હુસેન કરબલાના રણુક્ષેત્રમાં શહીદ થયા. તેમના શોકમાં એક ખાડો ખોદી તેમાં દેવતા સળગાવી તેની આસપાસ મુસલમાન છોકરાઓ યાહુસેન યાહુસેન કહી કૂદે છે તે, નાચવું, કૂદવું. 'અડવાડિઆમાં એક વાર તો ઝાબસોઇ ઉઠયા વગર રહેજ નહિ.' અં૦ ન૦ ગ૦

**ઝારઝાર**, અ૦ ( ફા૦ **जार्जार** زارزار જારીદન=રડવું ઉપરથી, રડવું ) ચોધારે રડવું, ઘણું રડવું.

**ઝાયલ**, વિ૦ ( અ૦ **जाहिल** جاهل=અણસમજુ, મૂર્ખ ) અજ્ઞાન, અજાણ્યો, અભણ.

**ઝાલાં**, ન૦ ( અ૦ **जाहिल**નું બહુવચન **जुह्हाल** جهال=મૂર્ખાઓ ) મેણાં, ટાણાં.

**ઝાવસોઇ**, જુઓ ઝાબસોઇ.

**ઝાનમ**, જહાનમ શબ્દ જુઓ.

**ઝાંસાચીઠી**, જાસો શબ્દ જુઓ.

**ઝાંસો**, જાસો શબ્દ જુઓ.

**ઝાંહે**, અ૦ ( અ૦ **जाइअ** ضائع=નકામું જવું, રદ જવું ) ખરાબ થવું. 'હદ ઉપરાંત કેફ વડે તેમનું શરીર છેક ઝાંહે જતું રહ્યું છે.' અં૦ ન૦ ગ૦

**ઝીદ્દી**, વિ૦ ( અ૦ **जिद्दी** ضدی=હઠીલો, મમતી ) કોઇનું કહ્યું ન માને એવો. 'ભલા ઝીદ્દી, ભલા ઝાલિમ, સીતમ આ શા છુપા કરવા. દી૦ સા૦

૧૪

**ઝુલ**, સ્ત્રી૦ ( ફા૦ **झूल** جهول=કિનારીવાળી લટકતી કોર ) ઝુલ.

**ઝેર**, ન૦ ( ફા૦ **जह्र** زهر=વિષ ) ઝેર.

**ઝેરકચુરો**, પુ૦ (ફા૦ **जहरकुचलह** زهرکچله ઝેરકચોલું ) એક પ્રકારની ઝેરી દવા.

**ઝેરકચોલું**, ન૦ ઝેરકચુરો શબ્દ જુઓ.

**ઝેરકાજળી**, સ્ત્રી૦ ( ફા૦ **जह्र** زهر ) ઝેરી પરસેવો આવવો તે.

**ઝેરી**, વિ૦(ફા૦ **जहरी** زهری=ઝેરી)ઝેરવાળું.

**ઝેરીનાળીએર**, વિ૦ (ફા૦ **जहरी** زهری) એક જાતની ઔષધિ.

**ઝેરીલું**, વિ૦ ( ફા૦ **जहीरी** زهیری ) ઝેરવેરવાળું.

## ટ ट.

**ટકટક**, સ્ત્રી૦ ( અ૦ **तक़्तक़** طق طق=બે વસ્તુના ટીપાવાથી થતો અવાજ ) ટકટક.

**ટકિયો**, પુ૦ ( અ૦ **तक्यह** تکیه=કોઇ વસ્તુને ટેકો દઇને બેસવું, પીઠ લગાડીને બેસવું, ભરોસો કરવો ) ઓશીકું, ટેકણ, જમતી વખતે ઢીંચણ નીચે ધાતુ કે લાકડાનું ટેકણ રાખે છે તે.

**ટાટ**, પુ૦ ( અ૦ **तश्त** طشت=રકાબી ) થાળ, રકાબી. 'સાકરના ટાટ શી રીતે પહોંચ્યા.' અં૦ ન૦ ગ૦

**ટુંડાઇ**, સ્ત્રી૦ ( ફા૦ **तुंदी** تندی =તેજી, ક્રોધની હાલત ) ગુસ્સો, સખ્તી. 'ઠાકોરે ટુંડાઇથી કહ્યું, હવે જોયા તારા દરબાર.' ટ૦ વા૦ ભા૦ ૩

**ટોણો**, પુ૦ ( અ. **तअ़्नह** طعنه=ભાલો મારવો, કોઈનાં દૂષણ ખોળવાં, કોઇની એબ તેના મોંપર કહેવી ) મેણું મારવું.

## ड. ડ

**ડક્કો**, પુ૦ ( ફા૦ માં **दुक्कान**નું લઘુતાવાચક રૂપ **दुक्कह** دکه છે તે ઉપરથી (૨) **दक**= મજબૂત ઉપરથી. (૩) ઉર્દૂમાં ધક્કા શબ્દ છે તે ઉપરથી ફારસી પ્રયોગ, થઇ દક્કા શબ્દ થયો લાગે છે. 'ડક્કાની નીચે મુકુંદ ભાઇએ ગોથું માર્યું'. નં૦ ચ૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ડખલ**, સ્ત્રી૦ ( અ૦ **दख्ल** دخل=આવવું, કોઈ કામમાં વાંધો કાઢવો ) અડચણ, હરકત, નડતર.

**ડખલિયું**, ન૦ ( અ૦ **दख्ल** دخل= આવવું, કોઇ કામમાં વાંધો કાઢવો ઉ-પરથી ગુ૦ પ્ર૦ ) કોઇ કામમાં અડચણ રૂપ થવું તે.

**ડગલી**, સ્ત્રી૦ ( તુ૦ **दग्लह** دگله=માથાથી પગ સુધી પહેરવાનો સિપાઇનો પોશાક ) નાનાં છોકરાંને પહેરવાની ડગલી.

**ડગલો**, પુ૦ ( તુ૦ **दग्लह** دگله=માથાથી પગ સુધી પહેરવાનો સિપાઇનો પોશાક ) ડગલો.

**ડફ**, ન૦ ( ફા૦ **दफ** دف=લાકડાની ચુડી પર મઢેલા ચામડાનું એક વાજું ) લાક-ડાના ગોળ કાંઠાની એક બાજુએ ચામડું મઢવાથી જે વાજું બને છે તે.

**ડફડું**, ન૦ (ફા૦ **दफ** دف ઉપરથી ) ડફ.

**ડફણ**, ન૦ (અ૦ **दफ्न** دفن=જમીનમાં છુ-પાવવું ) દાટવું.

**ડફણાવવું**, સ૦ ક્રિ૦ ( અ૦ **दफ्न** دفن શબ્દ ઉપરથી ગુજરાતી ક્રિયાપદ=જમી-નમાં છુપાવવું ) દાટવું.

**ડબગર**, પુ૦ ( ફા૦ **दफ्गर** دفگر=ડફ બનાવનાર ) ડફ બનાવનાર. ચામડાના ઢોલ, ડફ વગેરે કામ કરનાર એક જાત.

**ડબી**, સ્ત્રી૦ ( અ૦ **दब्बह** دبه=જેમાં તેલ વગેરે રાખે છે તે ચામડાની કુલ્લી ) ડાબલી.

**ડબીર**, પુ૦ ( અ૦ **दबीर** دبير=લખનાર, મુન્શી, હિસાબ રાખનાર ) મહેતો, કારકુન.

**ડબો**, પુ૦ ( અ૦ **दब्बह** دبه=જેમાં તેલ વગેરે રાખે છે તે ચામડાની કુલ્લી ) ડબો.

**ડબ્બી**, સ્ત્રી૦ ( અ૦ **दब्बह** دبه =દાબડો) દાબડી.

**ડબ્બો**,પુ૦ (અ૦ **दब्बह** دبه=ડાબલી.) ડબ્બો.

**ડમાક**, પુ૦ ( અ૦ **दिमाग** دماغ=મગજ, ને **दमाग**=અહંકાર ) અહંકાર

**ડંગ**, અ૦ (ફા૦ **दंग** دنگ=અહંકાર. આશ્ચર્ય પામવું ) આશ્ચર્યથી દિઙમૂઢ બનવું તે.

**ડાગડમાક**, પુ૦ ( અ૦ **दमाग** دماغ=અ-હંકાર ) ભભકો, રોફ.

**ડાગવું**, સ૦ ક્રિ૦ ( ફા૦ **दाग** داغ=નિશાન, બાળવું ) નોંધવું, ઉતારી લેવું, લખવું.

**ડાઘ**, પુ૦ ( ફા૦ **दाग** داغ=નિશાન, ડાઘો ) લાંછન, કલંક, બટ્ટો.

**ડાગાડુધી**, સ્ત્રી૦ ( ફા૦ **दाग** داغ=નિશાન ઉપરથી ) ડાઘો. 'મધપુડો રૂડો રચે, માખી રાખી માપ; ડાઘાડુઘી ન દેખીએ, ખરેખરી શુદ્ધ ખાપ.' ક૦ દ૦ ડા૦

**ડાઘેલ**, વિ૦ ( ફા૦ **दाग** داغ ઉપરથી ) ખારીલું.

**ડાબ**, પુ૦ ( ફા૦ **दाब** داب=ટેવ, આદત ) દબાણ, ધાક, અંકુશ.

**ડાબડીયું**, ન૦ ( અ૦ **दब्बह** دبه=ચામ-ડાની કુલી ઉપરથી ) દાબડીના જેવું.

**ડાબડી**, સ્ત્રી૦ ( અ૦ **दब्बह** دبه ઉપરથી ) ડબી, દાબલી.

**ડાબડો**, પુ૦(અ૦ **दब्बह** دبه ઉપરથી)દાબડો.

**ડામણ**, ન૦ ( ફા૦ **दामन** કે **दामान** دامن دامان =લુગડાની કોર, અંગર-ખાની ચાળ ) ઘોડા ગધેડાના પગમાં લાકડું બાંધે છે તે.

**ડાયરો**, પુ૦ ( અ૦ **दाइरह** دائره=પરિઘ, કુંડાળું, કુંડાળું વળીને બેઠેલા માણસોની મંડળી ) રાવણું, નાત, જમણ. 'કુંચો ત્યાં ડાયરો, મુલ્લા ત્યાં મસીદ; વગર સ્ત્રીનો ભાયડો, જ્યાં બેઠા ત્યાં ન ચીત.' કા૦ ક૦

**ડાહી**, વિ૦ ( અ૦ **दाही** داهی=સમજુ, દાના, બુદ્ધિશાળી ) ડહાપણવાળી.

**ડુમચી**, સ્ત્રી૦ ( ફા૦ **दुम्ची** دمچی دم દુમ= પૂછડી ઉપરથી ) ઘોડાના સામાનમાંની એક વસ્તુ. ઘોડાનો થાપો.

**ડુમલ**, ન૦ ( અ૦ **दुंबल** دنبل=ગુમડું ) એક જાતનું ગુમડું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ડેગ**, સ્ત્રી૦ ( ફા૦ **देग** دیگ=રાંધવાની હાંલ્લી ) પોહોળા મોંનું ખીચડી વગેરે રાંધવાનું વાસણ. 'જેની તેગ તેની દેગ.' ક૦ ધે૦

**ડેગડી**, સ્ત્રી૦ ( ફા૦ **देग** دیگ ઉપરથી ) નાની દેગ.

**ડેગડો**, પુ૦ ( ફા૦ **देग** دیگ ઉપરથી ) પાણી ભરવાનું પાત્ર, હાંડો.

**ડેલી**, સ્ત્રી૦ ( ફા૦ **दहलीज** دهليز=ઘરનો આગળનો ભાગ, ઉમરો ) દેવડી.

**ડેહકાણી**, પુ૦ ( અ૦ **दिह्कानी** دهقانی =ગામડીઆ **दिह्** ફા૦ ગામ, +**गान**= વાળો. **दिह्गान** (ફા૦) ગામવાળો, તે ઉપરથી અરબી પ્રયોગ **दिह्कान** તેને ઈ લાગીને દિહકાની ) ગામડીઓ.

**ડોચલી**, સ્ત્રી૦ ( ફા૦ **दुग्लह, दागुल** دغله ,دغل=સંકર, મિશ્ર પ્રજા ) એક જાતનું માટીનું વાસણ.

**ડોચલું**, ન૦ ( ફા૦ **दुग्लह** કે **दागुल** دغله ,دغل=ઉપરથી ) માટીનું વાસણ.

**ડોલ**, સ્ત્રી૦ ( અ૦ **दल्व** دلو ઉપરથી ) કુવામાંથી પાણી કાઢવાનું, ચામડાનું કે ધાતુનું વાસણ.

**ડોલચી**, સ્ત્રી૦ ( અ૦ **दल्व** دلو ઉપરથી ) ડોલ, ને તેને ચી પ્રત્યય (તુર્કી) લાગવાથી ડોલચી. ) ડોલ.

## ઢ. ઢ.

**ઢઉઓ**, પુ૦ ( અ૦ **दैयूस** دیوث = નિર્લજ્જ, પોતાની સ્ત્રી પાસે વ્યભિચાર કરાવે તે ) ભડવો, નામર્દ.

**ઢોલ**, ન૦ ( ફા૦ **दुहुल** دهل=ઢોલ ) ચામડાથી મઢેલું વાજું.

**ઢોલક**, સ્ત્રી૦ ( ફા૦ **दुहुल**=ઢોલ, એને 'ક' લઘુતાવાચક પ્રત્યય લાગવાથી دهلك ઢોલક. ફા૦ માં **दुहुलक** ઢોલક) નાનું ઢોલ.

**ઢોલકી**, સ્ત્રી૦ ( ફા૦ **दुहुल** دهل ઉપરથી ઢોલ તેને 'કી' લઘુતાવાચક પ્રત્યય લાગવાથી ) નાની ઢોલક.

**ઢોલકું**, ન૦ ( ફા૦ **दुहुल** دهل ઉપરથી ) નાનું ઢોલ.

**ઢૈવો**, પુ૦ ( અ૦ **दैयूस** دیوث = નિર્લજ્જ, પોતાની સ્ત્રી પાસે વ્યભિચાર કરાવે તે ) ભડવો, નામર્દ.

## ત. ત.

**તઇયાર**, જુઓ તૈયાર.

**તઇયારતમ**, જુઓ તૈયાર.

**તઇયારી**, જુઓ તૈયારી.

**તકતી**, સ્ત્રી૦ ( ફા૦ **तख्ती** تختی= પાટી ) કાચની કે ધાતુની ખુણાદાર ચકતી.

**તકતો**, પુ૦ ( ફા૦ **तख्तह** تخته=મોટી પાટી ) પાતળી પણ લાંબી પોહોળી કાચ કે પત્થરની છાટ.

**તકદીર**, સ્ત્રી૦ ( અ૦ **तक्दीर** تقدیر= નસીબ, ભાગ્ય. કદર=માપ કાઢયું ઉપરથી ) નસીબ, કિસ્મત. ' તકદીર રે બરબાદ કીવી, યારીની એ ગુફતગુ.' કલાપી.

**તકબ્બુર**, ન૦ ( અ૦ **तकब्बुर** تکبر= અહંકાર, કબર=તે મોટો હતો ઉપરથી ) અહંકાર, હું પદ, અભિમાન. ' દોલતખાનના તકબ્બુરને તોડવાની પહેલી જરૂરત છે. ' બા૦ બા૦

**તકરાર**, સ્ત્રી૦ ( અ૦ **तक्रार** تکرار=વારંવાર કરવું તે. કર=પુનરૂક્ત કરી ઉપરથી ) વાદવિવાદ, ખરા ખોટાનો ઝઘડો.

**તકરારિયો**, વિ૦ ( અ૦ **तक्रार** تکرار ઉપરથી ) જેને તકરાર કરાવવાની ટેવ હોય તે.

**તકરારી**, વિ૦ (અ૦ **तक्रार** تکرار ઉપરથી) તકરાર કરનાર, તકરાર કરવી પડે એવું કામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તકલદી,** જુઓ તકલેદી.

**તકલાદી,** જુઓ તકલેદી.

**તકલીફ,** સ્ત્રી૦ ( અ૦ **तक्लीफ** تکلیف= મહેનત. કલફ=તેણે કોશિશ કરી ઉપરથી) મુસીબત, વિપત્તિ, દુઃખ, કલેશ.

**તકલેદી,** વિ૦ ( અ૦ **तक्लीदी** تقلیدی કલદ=ડોકની પાછળ લુગડું લપેટયું તે ઉપરથી. તકલીદ=નકલ કરવી. તકલીદી= બનાવટી ) મજબુત ને ટકાઉ નહિ તે. નાજુક. 'એવું તકલીદી કામ હરગીસ કરવું નહિ.' અં. ન. ગ.

**તકવા,** સ્ત્રી૦ ( અ૦ **तक्वा** تقوی=ડરવું, પરહેજગારી ) પાપથી બચવું, નઠારાં કામોથી દૂર રહેવું.

**તકસીર,** સ્ત્રી૦ ( અ૦ **तक्सीर** تقصیر= ભૂલ. કસર=તે માપ કરતાં ઓછું હતું ઉપરથી ) ભૂલ, ચૂક, કસુર. 'નથી તકસીર તારી એ, ગુનેગારી હમારી છે.' કલાપી.

**તકાજો,** પુ૦ ( અ૦ **तकाजह** تقاضہ=માગણી. કજી=પૂર્ણ થયું, તેણે હુકમ કર્યો ઉપરથી ) આગ્રહ, સખત માગણી. 'રૂપલા પાસે પાણુકોરૂં આપવા તગાદો કરતા હતા.' ટ. ૧૦૦ વાતો.

**તકાદો,** પુ૦ (અ૦ **तकाजह** تقاضہ=માગણી.) આગ્રહ. 'લેણદાર તગાદો કરવા આવે.' નં. ચ.

**તકાવી,** સ્ત્રી૦ ( અ૦ **तकावी** تقاوی= શક્તિ આપવી. ખેડુતોને પોતાની જમીન સુધારવા માટે સરકાર મદદ આપે છે તે. કવા=તાકત આપવી ઉપરથી ) ખેડુતોને ઓજાર, બી વગેરે સરકાર ઋણ રૂપે આપે તે. 'તગાવી આપવાનો રીવાજ અસલથી ચાલ્યો આવતો હતો.' અં. ન. ગ.

**તકિયો,** પુ૦ ( અ૦ **तक्यह** تکیہ=જે વસ્તુ પર ટેકો દેવાય તે, જેનો આશરો લેવાય તે. ઓશીકું) ઓશીકું. ફકીરોનું આશ્રયસ્થાન. કાલુમીયાંનો તકીઓ, મદારનો તકીઓ વગેરે. 'ગામ બહાર ફકીરના તકીઆમાં કે મસીદમાં પડયો રહે.' ટ. ૧૦૦ વાતો.

**તકોબરી,** સ્ત્રી૦ ( અ૦ **तकब्बुरी** تکبّری= અહંકાર. કબ્બર=તે મોટો હતો ઉપરથી ) હુંપદ, અહંકાર, અભિમાન.

**તખત,** ન૦ ( ફા૦ **तख्त** تخت=પાટ ) રાજગાદી, સિંહાસન.

**તખતી,** સ્ત્રી૦ ( ફા૦ **तख्ती** تختی=પાટી) પાતળી ચોખુણ ચિપાટ.

**તખતો,** પુ૦ ( ફા૦ **तख्तह**=પાટ ) પાતળું ચોખુણ પાટીઉં.

**તખ્ત,** જુઓ તખત.

**તખ્તનશીન,** વિ૦ ( ફા૦ **तख्तनिशीन** تخت نشین=તખ્તપર બેસનાર. નિશિસ્તન=બેસવું ઉપરથી ) ગાદીએ બેસવું. 'હું તેને આજ ને આજ તખ્તનશીન થએલો જોવા ઇચ્છું છું.' અં. ન. ગ.

**તખ્તેતાઉસ,** ન૦ ( **तख्तिताऊस** تخت طاؤس તખ્ત (ફા)+તાવૂસ (અ) મોર. મયૂરાસન ) શાહજહાંનું બનાવેલું તખ્ત.

**તખલ્લુસ,** પુ૦ ( અ૦ **तखल्लुस** تخلص મુક્તિ, છુટકો ), કવિનું ઉપનામ, જેમકે કલાપી, સાગર વગેરે. 'ઇશારા ચશ્મથી કરતા, તખલ્લુસથી ગજલ ગાતા.' દી.સા.

**તગાજો,** જુઓ તગાદો.

**તગાદો,** પુ૦ (અ૦ **तकाजह** تقاضہ=માગણી) ચાંપતી ઉઘરાણી. 'રૂપલા પાસે પાણુકોરૂં આપવા તગાદો કરતા હતા.' ટ. ૧૦૦ વાતો.

**તગારૂં,** ન૦ ( ફા૦ **तगार** تغار=માટીનું કુંડું, થાળ ) કઢાયા જેવું વાસણ.

**તગાવી,** સ્ત્રી૦( અ૦ **तकावी** تقاوی=શક્તિ આપવી. કવા=તાકત આપવી ઉપરથી )

For Private And Personal Use Only

વ્યાજ સાથે પાછાં આપવાની શરતે સરકાર ખેડુતને જે નાણાં ધીરે છે તે. 'તગાવી આપવાનો રીવાજ અસલથી ચાલ્યો આવતો હતો.' અં. ન. ગ.

**તઘલખ**, વિ૦ (તુર્કી **तुग्लुक** تغلق=સરદાર) એ વંશના બાદશાહો દિલ્લીની ગાદીએ થઇ ગયા છે.

**તજગરો**, પુ૦ (અ૦ **तज्किरह** تذکره= વર્ણન કરવું) તજવીજ, ચર્ચા.

**તજવીજ**, સ્ત્રી૦ (અ૦ **तज्वीज** تجویز= તપાસ. જૌજ=તેણે બનાવ્યું, તેણે કાયદેસર ગણ્યું ઉપરથી) તપાસ, ચોકસી. યત્ન.

**તજવીજદાર**, પુ૦ (ફા૦ **दार**=વાળો تجویزدار=તજવીજ કરનાર) કામકાજની તપાસ કરનાર.

**તડબુચ**, ન૦ (ફા૦ **तर्बुज** تربز અથવા **तर्बुजह** تربزه=તડબુચ) એક જાતનું ફળ.

**તડબુચી**, સ્ત્રી૦ (ફા૦ **तर्बुज** ઉપરથી) તડબુચની વેલ.

**તડાક**, અ૦ (અ૦ **तराक** طراق=કોરડા મારવાથી થતો અવાજ, લાકડી તુટવાથી થતો અવાજ) તડ એવો તરત અવાજ થાય તેમ.

**તડાતુમ**, અ૦ (અ૦ **तलातुम** تلاطم= તમાચો મારવો, દરિયાનું જોશમાં આવવું) ફૂલીને ખેંચાઇને મોટું થયું હોય તેમ.

**તદબીર**, સ્ત્રી૦ (અ૦ **तदबीर** تدبیر= યુક્તિ. **दबर**=તેણે રાજ્ય કર્યું ઉપરથી) તજવીજ, પેરવી.

**તનખા**, સ્ત્રી૦ (ફા૦ **तन्खाह** تنخواه= પગાર) મુસારો, મજુરી. 'લોકો કહે તનખો ગમે તેટલો મળે.' ટ. ૧૦૦ વાતો.

**તન**, ન૦ (ફા૦ **तन** تن શરીર) બદન.

**તનડું**, ન૦ (ફા૦ **तन**=શરીર ઉપરથી) શરીર.

**તનજેબ**, ન૦ (ફા૦ **तन्जयब** تنزیب તન=શરીર+જેબ=શોભાવનાર. શરીરને શોભાવનાર) એક જાતનું ઝીણું લુગડું. હિંદુસ્તાની ફારસી છે. ઈરાનમાં એ શબ્દ વપરાતો નથી.

**તનદુરસ્ત**, વિ૦ (ફા૦ **तन्दुरुस्त** تندرست=નીરોગી. તન=શરીર+દુરુસ્ત ખરૂં) રોગ વિનાનો, અરોગ.

**તનદુરસ્તી**, સ્ત્રી૦ (ફા૦ **तन्दुरुस्ती** تندرستی=આરોગ્ય) શરીરમાં રોગ ન હોય તેવી સ્થિતિ.

**તનબદન**, વિ૦ (ફા૦ **तन+बदन**=શરીર تن بدن) તનમન, શરીર.

**તનમન**, અ૦ (ફા૦ **तन**) એકતાર, એક પગે, ઘણોજ આતુર.

**તનહા**, વિ૦ (ફા૦ **तन्हा** تنہا=એકલો) ખાલી, એકજ. 'મગર તનહા ભજન કરવા, પધારો પાદરી બાબા.' ગુ૦ ગ૦

**તપસીલ**, સ્ત્રી૦ (અ૦ **तफ्सील** تفصیل= ખુલાસો કરવો. فصل=છૂટું પાડયું ઉપરથી) વિગત, વૃત્તાંત.

'અજાણ્યા આરોપની તપસીલ કદાચ પ્રથમ માણસને વિસ્મય પમાડે.' અં. ન.

**તપાસ**, સ્ત્રી૦ (અ૦ **तफह्हुस** تفحص= ખોળ, તજવીજ فحص=તેણે ખોળ્યું ઉપરથી) ચોકસી કરવી, તજવીજ કરવી.

**તપાસણી**, સ્ત્રી૦ (અ૦ **तफह्हुस** ઉપરથી તપાસવાનું જે કામ તે.

**તપાસવું**, સ૦ ક્રિ૦ (અ૦ **तफह्हुस** ઉપરથી ગુજરાતી ક્રિયાપદ) બારીકીથી જોવું, ખરૂં ખોટું શું છે તે નક્કી કરવું.

**તફંગબાજી**, સ્ત્રી૦ (ફા૦ **तुफंगबाजी** تفنگ بازی તુફંગ=બંદૂક+બાજી=રમત. બંદૂકની રમત) છીનવી લેવું, ઝુંટવી લેવું.

**તફરેકે**, અ૦ (અ૦ **तफ़क़ह** تفرقه=જુદાઇ, છુટું પડવું. فرق=જુદું પડયું ઉપરથી) ચોરી છુપીથી ઉઠાવી લીધું હોય એમ, ઉચાપત કરવું. 'તેમાંથી કેટલાક તફરેકે કરવાનું બની શકશે.' અં. ન. ગ.

Shri Mahavir Jain Aradhana Kendra　www.kobatirth.org　Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તફસીલ,** જુઓ તપસીલ.

**તફારીક,** સ્ત્રી૦ ( અ૦ **तफ्रिक**નું બહુવચન. تفاریق=જુદાઇઓ. ફરક ઉપરથી ) જુદું પડવું.

**તફાવત,** પુ૦ ( અ૦ **तफावत**=تفاوت બે વસ્તુઓની વચ્ચે જે અંતર હોય તે. فوت =છેટું ઉપરથી ) બે વસ્તુ વચ્ચે ફેર.

**તફો,** પુ૦ ( અ૦ **ताइफह** طائفه=માણસોનું ટોળું طوف=આજુબાજુ ફરવું, પ્રદક્ષિણા કરવી ઉપરથી ) વિભાગ, પક્ષ. 'તેના જુદા જુદા તફા પડી ગયા.' રા. મા.

**તબક,** સ્ત્રી૦ ( અ૦ **तबक** طبق=માફક, બરાબર ) તાસક, રકેબી, થાળ.

**તબક,** સ્ત્રી૦ ( અ૦ **तबाक** طباق=તાસક ) રકાબી, થાળ.

**તબકડી,** સ્ત્રી૦ ( અ૦ **तबाक** ઉપરથી ગુજરાતી લઘુતાવાચક ડી પ્રત્યય લાગી થએલો શબ્દ) નાની રકાબી.

**તબકકો,** પુ૦ ( અ. **तबकह** طبقه=દરજ્જો, પદવી, મજલો ) હાલત, સ્થિતિ, માળ, મેડો, 'આખો ગ્રંથ ત્રણ તબકકામાં વેંહચેલો છે.' દી. સા.

**તબદીલ,** સ્ત્રી૦ ( અ. **तब्दील** تبدیل= ફેરફાર, બદલો ) ટ્રાન્સફર, બદલવું. 'સરકારી તરજુમામાં તબદીલ સરખો શબ્દ વાપર્યો છે, તેમાં ટ્રાન્સફરનો બરોબર અર્થ આવી જતો નથી. એવું કર્તાનું માનવું છે.' સિ. સા.

**તબલચી,** પુ૦ ( **तब्लची** طبلچی **तब्ल** કે **तब्लह**=ઢોલ એ અરબી શબ્દ છે ને **ची** એ તુર્કી પ્રત્યય છે તબલાં વગાડનાર) તબલાં બજાવવાનું કામ કરનાર, ગાનારનો સાથી.

**તબલાં,** ન૦ ( અ. **तब्ल** કે **तब्लह** طبله طبل=ઢોલ.) કુંડી ઉપર ચામડું મઢીને બનાવેલી ઢોલક (બહુવચન રૂપ.)

**તબલું,** ન૦ ( અ૦ **तब्ल** કે **तब्लह** طبل طبله=ઢોલ.) કુંડા ઉપર ચામડું મઢીને બનાવેલી ઢોલક.

**તબાહી,** સ્ત્રી૦ ( ફા૦ **तबाही** تباهی= નાશ પામવું) કમબખ્તી, આફત. મુસીબત.

**તબિયત,** સ્ત્રી૦ ( અ૦ **तबीअत** طبیعت =ટેવ, સ્વભાવ, મિજાજ) સ્વભાવ, મિજાજ.

**તબિયતી,** વિ૦ ( અ૦ **तबीअती** ગુજરાતી પ્રયોગ છે ) ઘડીએ ઘડીએ જેના સ્વભાવમાં ફેર થઇ જતો હોય એવો.

**તબીબ,** પુ૦ ( અ૦ **तबीब** طبیب=વૈદ طب **तिब**=દવા ઉપરથી ) હકીમ, વૈદ, દાક્તર. 'મુંબઇના જાણીતા તબીબ ડો. ધનજીશાહ પારેખ એમના પુત્ર થાય.' નં. ચ.

**તબીબી,** વિ૦ ( અ૦ **तबीबी** طبیبی= દવા સંબંધી ) તબીબી ધંધો. 'પુંજેજી ખળ ખેત પછાડયા, તણુરી નહિ તબીબી; કંતતણે દખ ભાંગીએ કાંકણુ, ખૂમ કરે મુખ બીબી.' રા. મા.

**તબેલો,** પુ૦ ( અરબીમાં **तवीयलह** طویله ફારસીમાં **तवेलह**=ઘોડા બાંધવાની જગા **तूल** طول =લંબાણ-વિસ્તીર્ણ ઉપરથી ) ઘોડા બાંધવાની, ગાડી રાખવાની જગા.

**તમા,** સ્ત્રી૦ ( અ૦ **तमूअ** طمع=લાલચ ) દરકાર, પરવા, ગરજ. 'ખલકની તમા નથી, સુલતાન છું મને.' કલાપી

**તમાકુ,** સ્ત્રી૦ ( ફા. **तंबाकू** تمباکو )= તમાકુ, ભાંગ.

**તમાચો,** પુ૦ ( ફા૦ **तमाचह** تمانچه= થાપડ, તમાચો ) લપડાક, લાપટ.

**તમામ,** અ૦ ( અ૦ **तमाम** تمام **तंम** =આખું હતું, પુરૂં થયું હતું ઉપરથી ) સંપૂર્ણ.

**તમામી,** સ્ત્રી૦ ( અ૦ **तमाम**=સંપૂર્ણ ઉપરથી **तमामी**=જેમાં બધું એકજ જાતનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તે.) રેશમ અને કસબી તારના વણાટની સાડી.

**તમાસગીર**, વિ૰ ( અ૰ **तमाशा**=ઘણા જણાઓનું પગે ચાલીને જોવું. تماشا+ **गीर** ફા૰ گیر=તમાસો જોનાર. تماشاگیر ) પ્રેક્ષક, ખેલ તમાશો જોનાર. 'તમાશગીર લોકો તે દહાડાની હકીકતની વાતો કરતા.' ક. ઘે.

**તમાસો**, પુ૰ ( અ૰ **तमाशा** تماشا મૂળ શબ્દ અરબીમાં **तमाशी** تماشی છે ફારસીવાળાઓએ તમાશા શબ્દ બનાવ્યો. તમાશી=સાથે મળીને પગે ચાલવું. હવા ખાવા, સેલ કરવા વગેરે વખતે પગે ચાલીને જ જવાનો દસ્તુર છે. માટે તમાશો=સહેલ કરવી ને શોખની સાથે જોવું. વળી એમાં પણ ફેરફાર થઇને તમાશો=તાજુબી ને શોખની નજરથી જોવાના અર્થમાં વપરાવા લાગ્યો. આ શબ્દ **मशी**=ચાલવું ઉપરથી વ્યુત્પન્ન થયો છે ) રમત, ખેલ.

**તમીજ**, સ્ત્રી૰ ( અ૰ **तमईज** تمییز=વિવેક બુદ્ધિ, સારા નરસાને ઓળખવો તે ) સભ્યતા 'આપની સાથે કેવી રીતે બોલવું તેની પણ તમીજ નથી.' બા૰ બ૰

**તમંચો**, પુ૰ ( ફા૰ **तपंचह** طپنچه=એક જાતનું હથીઆર ) એક જાતની બંદૂક. 'તલવાર, કટાર ને તમંચો સાથે લીધાં.' બા૰ બા૰

**તયાર**, જુઓ તૈયાર.

**તર**, વિ૰ ( ફા૰ **तर** تر=લીલું.) ફારસી ને સંસ્કૃતમાં 'તર' અધિકતા વાચક પ્રત્યય પણ છે. જેમકે પેસ્તર, (ફા)૦

**તરક**, પુ૰ **तुर्क** ترک=તુર્કસ્તાનના લોકો, સ્વરૂપવાન, રૂપાળો ) મુસલમાન.

**તરકડિયો**, પુ૰ ( ફા૰ **तुर्क** ઉપરથી ) જુઠણ મસ્કરો, ભાંડ.

**તરકડી**, સ્ત્રી૰ (ફા૰ **तुर्क** ઉપરથી તુર્ક સ્ત્રી) મુસલમાન સ્ત્રી. અપમાન વાચક શબ્દ છે.

**તરકડો**, પુ૰ ( ફા૰ **तुर्क** ઉપરથી અપમાન વાચક શબ્દ ) મુસલમાન પુરૂષ.

**તરકસ**, ન૰ ( ફા૰ **तीर्कश** تیرکش=તીર રાખવાનો ભાથો. કશીદન=ખેંચવું ઉપરથી કશ.) તીર રાખવાનો ભાથો. 'ભોગળ, મુદ્ગર ને તરવાર, રથ પાસે જઈ કરતા માર; ભાલા, ખડગ ને વજ્ર ત્રિશૂળ, ખપૂવા, તરકસ, તીર અમૂલ.' સુભદ્રાહરણ.

**તરકાણું**, ન૰ ( ફા૰ **तुर्क** ઉપરથી ) તુર્કોની ટુકડી, સિપાઇઓની ટુકડી.

**તરકીબ**, સ્ત્રી૰ ( અ૰ **तर्कीब** ترکیب= મેળવણી, રીત રકબ=તેને લઇ જવામાં આવ્યો ઉપરથી ) યુક્તિ, વ્યવસ્થા, ગોઠવણ.

**તરજ**, સ્ત્રી૰ ( અ૰ **तर्ज** طرز=રૂઢિ, તરીકો) ગાવાની ઢબ. 'ત્યારે લખનૌવાસીઓએ એની તર્જની મસ્ખરી કરેલી.' નં. ચ.

**તરજુમો**, પુ૰ ( અ૰ **तर्जमह** કે **तर्जुमह** ترجمه=એક ભાષાની મતલબ બીજી ભાષામાં સમજાવવી તે, ભાષાંતર. ફારસી શબ્દ તર્જબાન=સુંદર બોલનાર, સુભાષક ઉપરથી આ શબ્દ અરબીમાં થયો છે ) ભાષાંતર.

**તરતીબ**, સ્ત્રી૰ ( અ૰ **तर्तीब** ترتیب= દરેક વસ્તુને તેને યોગ્ય ઠેકાણે ગોઠવવી તે. રતબ=ગોઠવાએલો, તે દઢ હતો ઉપરથી ) આચાર, શિક્ષા. 'સિંહાસન બત્રીસી તરતીબજ કીધી તેણે.' જુ. ગુ. વાં. મા. પુ. ૭ મું.

**તરફ**, સ્ત્રી૰ ( અ૰ **तरफ** طرف=વનસ્પતિનો ઉપર ઉપરનો ભાગ ઊંટ ખાઇ જાય ને ડાંખળાં રહેવા દે તે, બાજુ, દિશા, છેડો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેવટ, કિનારો, છેવટનો ભાગ, ભાગ, ઉમદા ને ઉદાર માણસ. **तर्फ**=દૂર કરવું, ફેરવી દેવું, હાંકી મૂકવું, આંખ પર મુક્કી મારીને આંસું કાઢવાં, જોવું, નજર નાખવી, આંખ મટમટાવવી, આંખ બંધ કરી લઇ તમાચો મારવો.) બાજુ, પક્ષ.

**તરફદાર,** વિ૦ ( અ૦ **तरफ्+दार** ફા૦ પ્ર૦ **तरफदार** طرفدار=તરફવાળો, મદદગાર) અમુક પક્ષવાળો, પોતાની બાજુએ હોય તે

**તરફદારી,** સ્ત્રી૦ ( અ૦ **तरफ्+दारी** ફા૦ પ્ર૦ **तरफदारी**=મદદ આપવી ) પક્ષ લેવો, તરફેણ.

**તરફી,** વિ૦ ( અ૦ **तरफी** طرفی=તરફનું ) એક પક્ષનું, પક્ષ ભણીનું, બાજુનું.

**તરફેણ,** સ્ત્રી૦ [ અ૦ **तरफयन** طرفین= તરફનું દ્વિ વચન બંને બાજુ, બંને તરફ ] તરફદારી, એકાદા પક્ષમાં રહેવું તે 'કેટલાક તો શાસ્ત્રોમાંના ઉદ્ધરણને અનુસંધાનથી અલાહેદા કરી પ્રાયશ્ચિતની વિરૂદ્ધ કિંવા તરફેણમાં મત આપતા.' નં૦ ચ૦

**તરબિયત,** સ્ત્રી૦ (અ૦ **तर्बीयत** تربیت= કેળવણી. રબા=કેળવાએલો, તેની પાસે હતું ઉપરથી) તાલીમ, કવાયત, કેળવણી.

**તરબુચ,** જુઓ તડબુચ.

**તરાજવું,** ન૦ (ફા૦ **तराज़ू** ترازو=ત્રાજવું) ત્રાજવું.

**તરાણો,** પુ૦ ( ફા૦ **तरानह** ترانہ=રાગ, રાગણી ) રાગ, ગાયન. 'ઇંગ્રેજનો તરાનો સૌથી લાંબો વખત પહોંચ્યો.' નં. ચ.

**તરાનો,** પુ૦ ( ફા૦ **तरानह** ترانہ=રાગ ) રાગણી, ગાયન.

**તરાપો,** પુ૦ ( ફા૦ **तराबह** ترابہ તર=ભીનું+આબ=પાણી ) પાણીને હેલકારે છુટાં પડી જાય નહિ, પણ એક સાથેજ તરતાં રહે તે માટે ઘણાંક લાકડાં કે વાંસને એક બીજાની સાથે બાંધી બનાવેલો પાટ.

**તરાવટ,** સ્ત્રી૦ (અ૦ **तरावत** طراوت= તાજગી, તરી) શોભા, રોનક.

**તરીકત તરીકા,** પુ૦ (અ૦ **तरीकत तरीकह,** طریقت طریقہ=રસ્તો) આત્માનું જાહેર ને ગુપ્તમાં કલ્યાણ થાય એવી રીતે ભક્તિ કરવાનો રસ્તો. 'શરીઆ, તરીકા, મારિફા, હકીકા એ ચાર જાણનાર પાળનારના ચાર ક્રમ છે.' સિ. સા.

**તરી,** સ્ત્રી૦ ( ફા૦ **तरी** تری=દરીઆઇ માર્ગ ) સમુદ્ર માર્ગ.

**તરીકો,** અ૦ ( અ૦ **तरीकह** طریقہ= રસ્તો, દસ્તુર. **तरक**=સોંપી દીધું ઉપરથી ) પ્રમાણે, માફક, સમાન. 'કચ્છમાં આવતાંની સાથેજ સપક્ષ પ્રધાનપદનો તરીકો પોતે દૂર કર્યો. નં. ચ.

**તરાંસુ,** વિ૦ ( ફા૦ **तराशह** تراشہ=છોલેલું. **तराशीदन**=છોલવું ઉપરથી ) વાંકું, છોલેલું.

**તરીમતરાક,** સ્ત્રી૦ ( અ૦ **तुम्तुराक** طمطراق=ભપકો, ઠાઠ ) ધામધુમ.

**તરેહ,** સ્ત્રી૦ ( અ૦ **तरह** طرح=રીત, ઢંગ. **तरह**=ફેંકી દીધું ઉપરથી ) ભાત, જાત, રીત, પ્રકાર.

**તરેહવાર,** વિ૦ ( અ૦ **तरह** ઉપરથી ) જાત જાતનું, વિવિધ પ્રકારનું.

**તરોદદ,** સ્ત્રી૦ ( અ૦ **तरद्दुद** تردد શક, ફિકર, અંદેશો, **रद्द**=તે પાછો ફર્યો ઉપરથી ) ખેતીવાડી સુધારવા માટે ખાતર એડ વગેરે કરી મહેનત કરવી તે. રેવિન્યુખાતામાં આ શબ્દ વપરાય છે.

**તલખ,** સ્ત્રી૦ ( ફા૦ **तल्ख** تلخ=કડવો, તેજ ) ના પસંદ પડે તેવો, તલખ, આકરો.

**તલપ,** જુઓ તલખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તલબ,** સ્ત્રી૦ ( અ૦ **तलब** طلب=જરૂર, ગરજ, મેળવવું **तलब**=તેણે બોલાવ્યો ઉપરથી ) અતિ ઉગ્ર ભાવના.
હકીમની કે તબીબની તલબ નથી મને;
નફસની પરવા નથી, ન ઇશકની મને.'
કલાપી.

**તલમીજ,** પુ૦ ( અ૦ **तल्मीज** تلميذ=શિષ્ય ) કવિનો શિષ્ય. 'તલમીજ હું છું આલમે, માશૂક મુર્શિદ મારી છે.' ગ. ગ.

**તલાક,** સ્ત્રી૦ ( અ૦ **तलाक** طلاق=છુટા છેડા, સ્વતંત્રતા **तलक**=મોકળું કરેલું ઉપરથી ) છેડો ફાડી આપવો, ફારખતી.

**તલાબત,** સ્ત્રી૦ ( અ૦ **तलावत** طلاوت=તાજગી, સફાઇ ) હરીફાઇ, સ્પર્દ્ધા.

**તલાસ,** સ્ત્રી૦ ( ફા૦ **तलाश** تلاش=ખોળવું ) શોધ, તજવીજ, તપાસ.
'ઢુંઢી કાઢયું તલાશે એ, ઘણાં જંગલ કરી માથે.' દી. સા.

**તલ્લાક,** સ્ત્રી૦ જુઓ તલાક.
'જણુતી પર તલ્લાક.' નર્મદ.'

**તવક્કલ,** પુ૦ ( અ૦ **तवक्कुल** توكل=ઇશ્વર પર ભરોસો કરવો, સોંપી દેવું ) ભરોસો. 'ખુદા પર વિશ્વાસ ને તવક્કલ પર આધાર રાખી હું ત્યાં જવાને તૈયાર છું.' બા. બા.

**તવંગર,** વિ૦ ( ફા૦ **तुवांगर**નું ટૂંકું રૂપ **तवंगर** توانگر تونگر=**तुवान**=તાકત+**गर**=વાળો તાકતવાળો, શક્તિવાળો, ગૃહસ્થ. **तवानिस्तन**=શકવું ઉપરથી **तुवान** ) ધનવાન.

**તવાઇ,** સ્ત્રી૦ ( ફા૦ **तबाही** تباهی=નુકસાન, જે વસ્તુ ખોવાઇ જાય તે ) કસોટી, કમબખ્તી.

**તવારીખ,** ( અ૦ **तारीख**નું બહુવચન **तवारीख** تواریخ=ઇતિહાસ ) વૃત્તાંત, બીના. 'અર્સ્કીન સાહેબ તવારીખના શોખીન હતા.' નં. ચ.

**તશરીફ,** સ્ત્રી૦ ( અ૦ **तश्रीफ** تشریف=માન આપવું ) પધરામણી. મોટા માણસનું પધારવું. પ્રતિષ્ઠા કરવી. ફારસીમાં બાદશાહ અમીર વગેરે તરફથી જે ખિલઅત મળે છે તેને પણ તશરીફ કહે છે કેમકે તેથી પણ આબરૂ વધે છે.

**તસબી,** સ્ત્રી૦ ( અ૦ **तस्बीह** تسبیح=પવિત્રતાથી ખુદાને યાદ કરવો. **सबह**=વખાણની સાથે તેની પૂજા કરી ઉપરથી ) માળા, બેરખો. 'મંદિર, કાબા, ક્રુસ આગ, તસ્બી ભભૂત છાપ તે.' ગુ. ગ.

**તસમો,** પુ૦ ( ફા૦ **तस्मह** تسمه=ચામડાની વાધરી ) ચામડાની પટી, ચામડાનો તંગ.

**તસલમાત,** વિ૦ ( અ૦ **तस्लीमात** تسلیمات=**तस्लीम**નું બહુવચન.તસ્લીમ=સલામ કરવી, માનવું, હુકમ મંજુર કરવો, સોંપવું, સલામત રાખવું. **सलम**=તેને આશરો આપ્યો ઉપરથી ) વચગાળેનું, કોઇ ઉપલક ખરચ જે ખાતેથી કરાય તે ખાતું.

**તસલ્લી,** સ્ત્રી૦ ( અ૦ **तसल्ली** تسلی=નિરાંત, ભરોસો, વિશ્વાસ. **सला**=તે શાંત હતો ઉપરથી ) 'તેણે જલાઉદ્દીનને તસલ્લી આપી.' બા. બા.

**તસવી,** જુઓ તસબી.

**તસવીર,** સ્ત્રી૦ ( અ૦ **तस्वीर** تصویر=છબી, ચિત્ર. **सवर** ઉપરથી ) છબિ, ચિત્ર, પ્રતિમા. 'ઇસા પેગંબરની પવિત્ર મા મરિયમની તસવીર તથા મૂર્ત્તિઓ બનાવેલી છે.' ક. ઘે.

**તસુ,** પુ૦ ( ફા૦ **तसव्वह** تسوه અરબી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तस्सूज طسوج ચોવીશ ભાગમાંનો એક ભાગ ) ઇંચ, બે આંગળ.

**તસ્ત,** ન૦ ( ફા૦ **तश्त** تشت=થાળ. મૂળ ફારસી ઉપરથી અરબી પ્રયોગ છે ) વાસણ.

**તસ્તાનું** ન૦ ( અ૦ **तश्त** ઉપરથી ગુજરાતી પ્રયોગ ) કાચ, માટી કે ધાતુનું મળમૂત્ર ઝીલવાનું વાસણ.

**તસ્દી,** સ્ત્રી૦ ( અ૦ **तस्दीअ** تصديع= મહેનત, દુઃખ. **सदअ**=તે આતુર હતો, તેણે ફાટ પાડી ઉપરથી ) મહેનત, શ્રમ, હરકત.

**તહ,** ન૦ ( ફા૦ **तह** ته=ખાલી ) બે પક્ષ વચ્ચે થએલો કરાર, સંપ, લડાઈનું મટી જવું.

**તહકીબ,** વિ૦ ( અ૦ **तह्कीक** تحقيق= સત્ય, ચોક્કસ. હક્ક=બરાબર હતું. ઉપરથી) નક્કી, ખરૂં.

**તહકુબ,** અ૦ ( અ૦ **तअक्कुब** تعقب= પાછળ નાખી દેવું. બાકી રાખવું. **अकब** =પાછળ ગયો ઉપરથી ) મહેસુલ તહકૂબી કરી=અમુક મુદ્દત માટે મુલ્તવી રાખી. રેવિન્યુમાં આ શબ્દ વપરાય છે.

**તહનામું,** ન૦ ( ફા૦ **त नामह** تنامه= સંધિપત્ર ) સલાહ કરવાનો લેખ.

**તહરે,** જુઓ તરેહ.

**તહસીલ,** સ્ત્રી૦ ( અ૦ **तह्सील** تحصيل =મેળવવું. **हसल**=તે ઉપરનો ઉપર રહ્યો, તે સાફ હતો ઉપરથી ) જમીન ઉપર સરકાર તરફથી લેવાતો કર.

**તહસીલદાર,** વિ૦ (તહસીલ્ અ૦+ફારસી દાર પ્રત્યય લાગવાથી **तह्सील्दार** تحصيلدار=મેહસુલ ઉઘરાવનાર ) પરગણા કે તાલુકાની ઉપજ ઉઘરાવનાર અમલદાર, મામલતદાર.

**તહસીલનામું,** ન૦ ( તહસીલ્ અ૦+ફારસી **नामह** પ્રત્યય લાગવાથી **तह्सील्नामह** تحصيل‌نامه=મેહસુલનો કાગળ ) જમાબંધીનો ચોપડો.

**તહનાત,** સ્ત્રી૦ ( અ૦ **तअईन** تعين શબ્દ છે પણ ફારસીવાળા **तअनात** تعنات શબ્દ વાપરે છે=મુકરર કરવો, નીમનોક કરવી, સેવા કરવા હાજર ને હાજર રહેવું તે) હજુર, તાબેદારી, સેવા. ‘ લાહોરમાં તેમની તેહનાતમાં રહેવાનો આપનો વિચાર છે કે કેમ ? નં. ચ.

**તહોમત,** ન૦ ( અ૦ **तुह्मत** تهمت= એબ લગાડવી. જૂઠું બોલવું ) દોષ, આરોપ, અપવાદ.

**તહોમતદાર,** વિ૦ ( તુહ્મત્ અ૦+**दार** પ્રત્યય લાગી **तुह्मत्दार** تهمتدار=ગુનેહગાર) અપરાધી.

**તહોમતનામું,** ન૦ ( **तुह्मत्** અ૦ + **नामह** ફારસી પ્રત્યય લાગી **तुह्मत्नामह** تهمتنامه=આરોપનામું ) દોષ થએલો છે એવો મત.

**તળપ,** સ્ત્રી૦ ( અ૦ **तलब** طلب=ઇચ્છા ) ભાવના. ‘ તેને સવારેર અફીણનું બંધારણ હતું, તેની તલપ થઇ હતી. ’ રા. મા.

**તંગ,** વિ૦ ( ફા૦ **तंग** تنگ=સાંકડું ) ટુંકું ને પરાણે પોહોંચી રહે એવું. ઘોડાના સામાનમાંની એક વસ્તુ. ‘ ઘોડેસવારોએ શિકારી તંગ પોશાક પહેરી લીધા હતા. ’ અં. ન. ગ.

**તંગડી,** સ્ત્રી૦ ( ફા૦ **तंग** ઉપરથી ) સુરવાળ. ટાંટીઆ ઢંકાય એવી બેસતી ને ટુંકી ચોરણી. સુરવાળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તંગિયો**, પુ૦ ( ફા૦ **तंग** ઉપરથી ) તંગ સુંથણી, નાની સુંથણી. તંગ આવીને રહે એવો કબજો.

**તંગી**, સ્ત્રી૦ ( ફા૦ **तंगी** تنگی=તંગાસ, ભીડ, સંકોચ ) સખ્તી, ગરીબી.

**તંનુર**, પુ૦ ( અ૦ **तंनूर** કે **तनूर** تنور= ભઠ્ઠી, ચુલો ) રાંધવાનો ચુલો 'જિગર તંનુરમાં દાઝે, પડે ના એક ફોડે ત્યાં.' કલાપી.

**તંબાકુ**, જુઓ તમાકુ.

**તંબુ**, પુ૦ ( ફા૦ **तंबू** تنبو=જાડા દોરીના કપડાનું ઘુમટદાર ઘર.) તંબુ

**તંબુરી**, સ્ત્રી૦ ( ફા૦ **तंबूर** طنبور=સારંગી ) ફીનરી, નાનો તંબુરો.

**તંબુરો**, પુ૦ ( ફા૦ **तंबूर** طنبور ) તંબુરો, તુંબડાને કાણું પાડી તેમાં એક દંડ ઘાલી ત્રણ લોઢાના ને એક પિત્તળનો તાર બાંધી બનાવેલું વાજું.

**તા**, પુ૦ ( ફા૦ **ता** تا=ગણતરી, નંગ ) કાગળનું ફરદ.

**તાઉસ**, ન૦ ( અ૦ **तावूस** طاؤس=મોર ) એક જાતનું વાજું, જેનો ઘાટ મોર જેવો હોય છે.

**તાકત**, સ્ત્રી૦ ( અ૦ **ताकत** طاقت=શક્તિ. **ताक**=મજબૂત હતો ઉપરથી ) બળ, જોર.

**તાકાત**, સ્ત્રી૦ ( અ૦ **ताकात**, طاقات= **ताकत**નું બહુવચન ) શક્તિ, બળ. ગુજરાતીમાં એકવચનમાં વપરાય છે.

**તાકીદ**, સ્ત્રી૦ ( અ૦ **ताकीद** تاکید= વારંવાર કહેવું. **अकद**=તે ઘઉં પર ચાલ્યો, તેણે ઘઉં ઝાટક્યા ઉપરથી ) ઉતાવળ, જલદી, ત્વરા.

**તાકું**, ન૦ ( અ૦ **ताक** طاق=ગોખલો ) હટારિઉં.

**તાકો**, પુ૦ (અ૦ **ताकह** طاقه=એક નંગ લુગડું ) થાન.

**તાજ**, પુ૦ ( ફા૦ **ताज** تاج=મુગટ ) રાજાના માથાનો મુગટ.

**તાજખાનું**, ન૦ ( અ૦ **तहारत**=પવિત્રતા,+ **खानह** ફા૦ ઘર. **तहारत्खानह** طہارتخانہ = પવિત્ર થવાનું ઘર ) જાજરૂ, સંડાસ.

**તાજગી**, સ્ત્રી૦ ( ફા૦ **ताज्गी** تازگی= તાજાપણું ) હુશીઆરી, સ્ફૂર્તિ.

**તાજણ**, સ્ત્રી૦ ( ફા૦ **ताजी** تازی=અરબી ઘોડો ) ઘોડી.

**તાજણો**, પુ૦ ( ફા૦ **ताजियानह** تازیانہ= કોરડો, ચાબુક ) સાટકો. 'તીક્ષ્ણ નેત્રનો તાજણો.' ભાલણ.

**તાજમહાલ**, પુ૦ ( **ताज़** ફા૦+**महल** અ૦ **ताज्महल** تاجمحل) બાદશાહ શાહેજહાંની બેગમ મુમ્તાજ મહલ અર્જમંદ બાનુ બેગમની કબરપર બંધાવેલો રોજો. જેની ગણતરી દુન્યાની ઉત્તમ ઇમારતોમાં થાય છે. બેગમે મરતી વખત વસીઅત કરી હતી, કે બીજું લગ્ન કરવું નહિ, ને મારૂં નામ રાખવું. બાદશાહે બંને વસીઅતો પાળી.

**તાજમી**, વિ૦ ( અ૦ **तअज़ीम** تعظیم= માન આપવું, મોટાઈ આપવી ઉપરથી ) માન આપેલું હોય એવો. 'એવો એક માટે તાજમી સરદારનો કરબ આપ્યો.' રા૦ મા૦

**તાજવું**, ન૦ ( ફા૦ **तराज़ू** ترازو ) કાંટો. જોખવાનું ત્રાજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તાજાકલમ,** સ્ત્રી૦ ( **ताजह्** ફા૦+**कलम** અ૦ **ताजह्कलम** تازہقلم મુખ્ય લેખ પુરો થયા પછી યાદ આવેલી વધારાની બાબત છેડે ઉમેરવી તે. એને એજ કલમ સુકાયા સિવાય આ વધારો કરેલો છે એમ જણાવવાનો આશય છે. કલમ સુકાવા દીધી નથી કે વાસી થવા દીધી નથી.

**તાજાતવાના,** વિ૦ ( ફા૦ **ताजह्+तवाना** تازہتوانا તાજો ને શક્તિવાળો ) સુખી, નીરોગી. 'તાજાતવાના થાઓ, ને પુરતો આરામ લો.' બા૦ બા૦

**તાજિયો,** પુ૦ ( અ૦ **तअ्जियह** تعزیہ **अजा**=તેણે ધીરજમાં ભાગ લીધો ઉપરથી, શોક કરવો, ખરખરો કરવો) મોહોરમમાં તાબુત નીકળે છે તે. તે દિવસે ઇમામ-હુસેન (ર-અ) કરબલાના રણક્ષેત્રમાં શહીદ થયા હતા માટે એમનો શોક દેખાડવાનો એ દિવસ છે. 'તાજીઆના દિવસમાં દુલા દુલા કરીને ફરનારા ગાય છે.' ૮૦ ૧૦૦ વાતો. ભાગ ૨.

**તાજિર,** પુ૦ (અ૦ **ताजिर** تاجر=વેપારી) વેપાર કરનાર 'હુસેની જામ પી એવું, થયો તાજિર તરંગી તું.' ગુ૦ ગ૦

**તાજી,** વિ૦ ( ફા૦ **ताजी** تازی=અરબી ભાષા કે અરબી ઘોડો ) અરબી ઘોડો. ઉત્તમ પ્રકારનો ઘોડો. 'મીરાતે અહમદી પ્રમાણે અસલ રકમ ઉપરાંત ચાળીસ લાખ તુંકચા, એકસો હાથી, બસેં ઘોડા તાજી, ચારસેં ગુલામ વધારે આપવા અર્જ કરી હતી.' રા૦ મા૦

**તાજીમ,** અ૦ ( અ૦ **तअ्ज़ीम** تعظیم= માન આપવું, મોટાઈ આપવી. **अजम**= મોટો ઉપરથી મોટાઇ ) મોટા માણસને વિવેકસર માન આપવાની રીત. 'તાજીમ ન માશકે લીધી, મોહતાજ હું તે કાં બન્યો ? કલાપી૦

**તાજું,** વિ૦ ( ફા૦ **ताजह** تازہ=તરતનું ) ઉત્તમ, નવું.

**તાજુબ,** વિ૦ ( અ૦ **तअज्जुब** تعجب= નવાઇ પામવું. **अजब** ઉપરથી ) દંગ, વિસ્મય ઉપજેલો હોય એવું.

**તાજુબી,** સ્ત્રી૦ ( અ૦ **तअज्जुबी** ગુજરાતી પ્રયોગ છે ) વિસ્મયતા, નવાઇ, આશ્ચર્ય.

**તાજેકલમ,** જુઓ તાજાકલમ.

**તાજેતર,** વિ૦ ( ફા૦ **ताजह्+तर** બંને શબ્દો સમાનાર્થ છે تازہتر અથવા تروتازہ અથવા تروتازہ ) તાજેતાજું, તરતનું.

**તાઝીમ,** જુઓ તાજીમ.

'ત્યાં લગી કોઇ વડીલને તાઝીમ નથી કરતા.' ન૦ ચ૦

**તાનાબાજી,** સ્ત્રી૦ (અ૦ **तअ्नह्**=મેણું+**बाजी** ફા૦ રમત. **तअ्नह्बाज़ी** طعنہبازی એકબીજાને મેણાં દેવાં તે) તાણાં મારવાં તે. 'કમરપારાની તાનાબાજી સાંભળીને આલમખાંને વિચાર થયો.' બા૦ બા૦

**તાનો,** પુ૦ ( અ૦ **तअ्नह** طعنہ=મેણું ) ટાણો. 'એમના કોઇ ટોળીઆ મિત્રે તાણો માર્યો.' ન૦ ચ૦

**તાબુત,** ન૦ ( અ૦ **ताबूत** تابوت=મડદાની પેટી, જનાજો) મોહોરમમાં નીકળે છે તે. તાજીયો શબ્દ જુઓ.

**તાબે,** અ૦ (અ૦ **ताबिअ्** تابع=તાબેદાર) કબજે, વશ.

**તાબેદાર,** વિ૦(અ૦ **ताबिअ्+दार** ફા. પ્રત્યય. تابعدار આ શબ્દ ખોટો છે ખરો શબ્દ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तब्अदार છે. એજ અર્થમાં 'फर्मान्बर्दार فرمان بردار શબ્દ ચાલે. તાબે નો અર્થ પણ એવોજ છે. ઉર્દૂ ભાષામાં ખોટો પ્રયોગ છતાં તાબેદાર શબ્દ વપરાય છે तबअ=તે પાછળ પાછળ ગયો ઉપરથી ) તાબામાં હોય તેવો.

**તાબેદારી,** સ્ત્રી૦ ઉપલા શબ્દને ઈ લાગવાથી થએલો શબ્દ, બીજાના તાબામાં હોઇએ એવી હાલત.

**તાબો,** પુ૦ ( અ૦ तात्रिअ تابع=કબજો, ભોગવટો ) હવાલો, ઇલાકો.

**તામીલ,** સ્ત્રી૦ ( અ૦ तअमील تعميل= અમલ કરવો,હુકમ પાળવો) આજ્ઞા માનવી. 'સિપાઇઓ તેના હુકમની તામીલ કરવા ચાલતા થયા.' બા૦ બા૦

**તાયફો,** પુ૦ ( અ૦ ताइफह طائفه=માણસોનું ટોળું. तवफ=ગોળ ફરવું ઉપરથી ) ટોળું, સમૂહ, મંડળ. 'ગુણિકા ને તેના સાથી અજમેરથી આવી પડેલા તાયફાને પોતાના તરફનો કરી લીધો.' અં. ન. ગં.

**તાર.** પુ૦ ( ફા૦ तार تار=દોરો ) તંતુ, તાંતણો.

**તારકસ,** પુ૦ ( ફા૦ तार्कश تاركش कशीदन=ખેંચવું ઉપરથી. તાર ખેંચનાર ) કસબ તૈયાર કરનાર, રેશમના તાંતણા ઉપર ચાંદી કે સોનાના તાર ખેંચીને કસબ તૈયાર કરનાર.

**તારાજ,** અ૦ ( ફા૦ ताराज تاراج=લૂંટ) બળીને ભસ્મ થયું હોય તે. નામ નિશાન ન હોય તે. 'તે છાવણીને મારીને લશ્કર તારાજ કરી નાંખ્યું.' અં. ન. ગ.

**તારીખ,** સ્ત્રી૦ ( અ૦ तारीख تاريخ= દહાડો. अरख=સમય નક્કી કરવાની ક્રિયા ઉપરથી ) એક આખો દિવસ.

**તારીજ,** સ્ત્રી૦ ( અ૦ तअरीज تعريض= છોડવું, કોઇને કામપર લગાડવો, ઇશારામાં વાત સમજાવવી. अरज=તે સામો થયો, તેણે દરખાસ્ત કરી ઉપરથી ) જમે ઉધારનું સાર રૂપ તારણ.

**તારીફ,** સ્ત્રી૦ ( અ૦ तअरीफ تعريف= અર્થ સમજાવવો, લક્ષણ આપવું, વખાણ કરવાં, ઓળખાવવો. अरफ=તેણે જાણ્યું ઉપરથી ) સ્તુતિ, પ્રશંસા. 'જે જે અંગ્રેજ લોકો જાય છે, તેઓ તેની ઘણીજ તારીફ કરે છે.' ક. ઘે.

**તારેકુદુનીઆ,** વિ૦ ( અ૦ तारिकुदुन्या تارك الدنيا=દુન્યા છોડી દીધી હોય તે. વૈરાગી. સંસાર ત્યાગી. तारिक=છોડનાર ) સંસારથી વિરક્ત હોય તે.

**તાલ,** સ્ત્રી૦ ( ફા૦ ताल تال=પિત્તળના તાલ, જે વગાડવામાં આવે છે તે ) તાલ.

**તાલકી,** સ્ત્રી૦ ( ફા૦ तारक تارك=માણસનું માથું ) તાલકું ઢંકાય એવી બાળકની નાની ટોપી.

**તાલકું,** ન૦ ( ફા૦ तारक تارك=માણસનું માથું ) ચંદો, તાળવા ઉપરનો ભાગ.

**તાલીબ,** વિ૦ ( અ૦ तालिब طالب= શોધનાર. તલબ કરનાર ) ઇચ્છનાર, ઇચ્છા રાખનાર. 'તાલિબ તસવ્વુર યારનો, ગમ જબરી અંદર બહારનો.' ગુ૦ ગ૦

**તાલીમ,** સ્ત્રી૦ ( અ૦ तअलीम تعليم= શીખવવું, इल्म ઉપરથી=કેળવણી ) દરેક બાબતનું શિક્ષણ. 'રોવાની તેં મુજથી તાલીમ કિન્તુ લીધી.' કલાપી.

**તાલીમબાજ,** વિ૦ ( અ૦ तअलीम+बाज ફા૦ ताअलीम्बाज تعليم باز=કસરત કરનારો, કસરતી ) ખેલાડી ઠગ. ગુજરાતી પ્રયોગ. 'હેઠ મુંબઇના ચીમોડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ભીંડી બજારના જુગારી તથા તાલમબાજોથી માંડીને ૨૦૦ ઘરના નાના ગામડાના કોળી કે શાહુકાર સુધી જે ધોરણ પ્રવર્તે છે તે એકનું એકજ છે.' સિ૦ સા૦

**તાલીમબાજી**, સ્ત્રી૦ (ઉપરના શબ્દને ઇ લાગવાથી **तअ्लीम्बाजी** تعلیمبازی ગુજરાતી પ્રયોગ=કેળવણી આપવાની રમત) ઠગબાજી, ધૂર્તપણું.

**તાલુકદાર**, પુ૦ (અ૦ **तअल्लुकह्+दार** ફા૦ પ્રત્યય. **तअल्लुकह्दार** تعلقدار =જેના તાબામાં થોડોક ભાગ હોય તે. તાલુકો=દેશનો ભાગ **अलक**=તે તેને અવલંબ્યું ઉપરથી) ગામ અથવા તાલુકાનો અમલ કરનાર ઉપરી.

**તાલુકદારી**, સ્ત્રી૦ (ઉપરના શબ્દને ઇ લાગવાથી **तअल्लुकह्दारी** تعلقداری= તાલુકાનો વહીવટ કરવાનું કામ) તાલુકદારનું કામ, તાલુકદારની સાથે સંબંધ રાખનાર.

**તાલુકો**, પુ૦ (અ૦ **तअल्लुकह** تعلقہ = દેશનો ભાગ **अलक**=તે તેને અવલંબ્યું ઉપરથી) પરગણું.

**તાલે**, ન૦ (અ૦ **तालिअ** طالع=ઉદય પામનાર, ઉપર આવનાર.નસીબ.આકાશી પદાર્થ સાથે ભાગ્યનો સંબંધ છે એમ આ શબ્દ દેખાડે છે. **तलअ**=તે ઉભો થયો ઉપરથી) નસીબ, કિસમત. 'દોરાં ચારી ખાનારને તેનું તાલે જોર કર્યેથી રાજગાદી પ્રાપ્ત થાય છે.' અં. ન. ગ.

**તાલેમ**, જુઓ તાલીમ.

**તાલેવર**, વિ૦ (અ૦ **तालिअ**=નસીબ+**वर** ફા૦=વાળો **तालिअवर** طالعور ગુજરાતી પ્રયોગ) નસીબવાળો, ભાગ્યશાળી.

**તાલેવંત**, વિ૦ (ઉપરના શબ્દને **वंत** સંસ્કૃત પ્રત્યય લાગી થએલો શબ્દ) ભાગ્યશાળી.

**તાલેવાન**, વિ૦ (ઉપરના શબ્દને **वान** સંસ્કૃત પ્રત્યય લાગી થએલો શબ્દ) ભાગ્યશાળી.

**તાવદાન**, ન૦ (ફા૦ **ताब्दान** تابدان= અજવાળું આવવાનું જાળીઉં. **ताफ्तन**= ચમકવું ઉપરથી પ્રકાશ આવવાનું જાળીઉં) પાલખી, કાગળ પત્ર રાખવાની ખાનાવાળી પેટી.

**તાવીજ**, ન૦ (અ૦ **तअवीज** تعویز= ચિઠ્ઠીમાં મંત્ર લખીને ગળામાં બાંધે છે તે, માદળીઉં) મંત્ર કે આકૃતિ પાડી તેમાં કાંઇ લખી ગળામાં પહેરે છે તે, 'જેણે આ માદળીઉં મારે ગળે બાંધ્યું છે તેણે તો એક તાવીજ જાણીને બાંધ્યું છે.' ગુ.સિં.

**તાવીત**, જુઓ તાવીજ.

**તાશેરો**, પુ૦ (અ૦ **तासीर** تأثیر=અસર) તાલ, તપાસ ઘાટ.

**તાસ**, પુ૦ (અ૦ **तास** طاس=મોટો થાળ) તાસક જેવી કાંસાની ઘડિયાળ.

**તાસક**, સ્ત્રી૦ (અ૦ **तास** ને **क** લઘુતાવાચક પ્રત્યય લાગી થએલો શબ્દ **तासक** طاسک=નાનો થાળ, થાળી) ધાતુના પતરાની છાછરી થાળી.

**તાસકડી**, સ્ત્રી૦ (ઉપરના શબ્દને **डी** ગુજરાતી લઘુતાવાચક પ્રત્યય લાગી થએલો શબ્દ=નાની થાળી) નાની તાસક.

**તાસકી**, સ્ત્રી. (ઉપરના શબ્દ ઉપરથી=તબકડી) નાની થાળી.

**તાસતો**, પુ૦ (ફા૦ **ताफ्तह** تافتہ=પ્રકાશિત=એક જાતનું રેશમી લુગડું **ताफ्तन**= ચમકવું ઉપરથી) એક જાતનું રેશમી લુગડું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'એક તાસતો બાસતો, ગાય ગધેડી એક,
ગોળ ખોળ સરખાં ગણે, જે જન વિના વિવેક.'
ક. દ. ડા.

**તાસીર**, સ્ત્રી૦ ( અ૦ **तासीर** تأثیر= અસર ) ધાટ, છાપ, પ્રતિબિંબ.

'તુખ્મે તાસીર, સોબતે અસર.' ગુ. કહેવત.

**તાસીરો**, પુ૦ (અ૦ **तासीर** تأثیر= અસર) તાલ, ઘાટ, મજા. કાઠિઆવાડમાં વપરાય છે. 'જોવાનો તાસીરો આવ્યો છે.'

**તાસું**, ન૦ ( અ૦ **तास** طاس ઉપરથી થાળ. ) તાસક કે પેણી જેવા ધાતુના વાસણને મોંએ તંગ ચામડું મઢી લઇને બનાવેલું એક જાતનું નગારૂં.

**તાસુબી**, સ્ત્રી૦ ( **तअस्सुब** تعصب=પક્ષપાત, ખોટો પક્ષપાત, એને ઇ લાગવાથી થએલો શબ્દ, **असब**=આમળો દેવો ઉપરથી ) ધર્માંધપણું.

**તાંસળું**, ન૦ ( અ૦ **तास** طاس=થાળ ઉપરથી ) પેણી જેવો છાછરો કાંસાનો મોટો વાડકો.

**તાંસિયો**, પુ૦ (અ૦ **कासह** کاسه=લાકડાનો વાડકો, ફકીર લોકો રાખે છે તે ) કાંસિયો, વાડકો, તાંસળું.

**તીર**, પુ૦ ( ફા૦ **तीर** تیر=કામઠામાં વપરાય છે તે. પારસીઓના એક મહીનાનું નામ છે જે લગભગ શ્રાવણમાં આવે છે ) તીર.

**તીરકસ**, પુ૦ ( ફા૦ **तीर्कश** تیرکش= તીર રાખવાનો ભાથો ) વાંકું.

**તીરગર**, પુ૦ ( ફા૦ **तीर्गर** تیرگر=તીર બનાવનાર, જેમકે હાલગર, ઢગ્ગર વગેરે) એક જાત છે જે તીર બનાવવાનું કામ કરે છે.

**તીરંદાજ**, પુ૦ ( ફા૦ **तीर्‌अंदाज** تیرانداز=તીર ફેંકનાર **अंदाख्तन**= નાખવું ઉપરથી ) તીર મારવામાં બાહોશ હોય તે.

**તીરંબાજ**, પુ૦ ( ફારસી તીર અંદાજ ઉપરથી ગુજરાતી પ્રયોગ. બાજ=રમનાર. તીરની રમત રમનાર ) તીર મારવામાં બાહોશ. 'એના નાગડાઓ તીરંબાજ છે.' અં. ન. ગ.

**તીરંબાજી**, સ્ત્રી૦ ( ઉપલા શબ્દને ઇ લાગવાથી થએલો શબ્દ) તીર મારવાની રમત.

'ભરો બંદૂક ને તોપો, તીરંબાજી કરો ચાલો.'
દી. સા.

**તીલસમાત**, પુ૦ ( અ૦ **तिलिस्मात** طلسمات=અદ્દભુતતા. **तिलिस्म**નું બહુવચન. આ શબ્દ ગ્રીક ભાષાનો છે. તે ઉપરથી અરબીમાં આવ્યો છે. એક વિદ્યાનું નામ છે જેથી ખજાના ને ભંડારો ઉપર એવી રીતની ગોઠવણ કરવામાં આવે છે કે જેથી તે ગુપ્ત ભંડારોની કોઇને ખબર પડી શકતી નથી ) નવાઈ જેવી વાત. અચંબાની વાત.

**તીસમારખાં**, પુ૦ ( **खां** ફા. પ્રત્યય છે ને પઠાણોના નામ સાથે લાગે છે. તીસમાર શબ્દ ઉર્દૂ છે. ૩૦ માણસોને મારી શકે એવો બહાદુર ) જાહેલ, ગરમ મીજાજી, ક્રોધી.

**તુકમ**, વ૦ ( ફા૦ **तुख्म** تخم=બીજ ) વીર્ય, બીજ.

'તુખ્મે તાસીર ને સોબતે અસર.' ગુ૦ ક૦

**તુકમરિયાં**, ન૦ ( **तुख्म** ફા૦=બીજ **रय्‌हान** અરબી=ફૂલ **तुख्मरय्‌हान**= تخم ریحان=ફૂલનાં બી. આબચી બાબચીનાં બી. ) ઓસડમાં વપરાતાં એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીઆં. એમાં પાણી અને ખાંડ નાખીને પીવાથી ઠંડક થાય છે.

**તુક્કો**, પુ૦ ( અ૦ **तिक्कह** تکه=કડકો, લુગડું ) લુગડાનો કડકો, કડકો.

**તુખમ**, ન૦ ( ફા૦ **तुख्म** تخم=બી ) વીર્ય, બીજ.

'જો મારા તુખમમાં ફેર હશે તો આપની સાથે બે ઇમાની કરીશ.' બા. બા.

**તુતક**, ન૦ ( ફા૦ **तूती** توتی=વહાણ ) વહાણને મથાળે બનાવેલી પાટીઆની જમીનની સપાટી તે. વહાણની અગાસી. 'જેઓ તુતક ઉપર બેઠેલા હોય છે, તેમને ત્યાં જવાનું મન થાય છે.' ક૦ ઘે૦

**તુતી**, સ્ત્રી૦(ફા૦**तूती** توتی طوطی=પોપટ. શેતુર એટલે 'તૂત' બહુ ખુશીથી ખાય છે માટે તૂતી નામ પડયું. ) પોપટ, પોપટી.

**તુનતુની**, સ્ત્રી૦ ( અ૦ **तन्तनह** طنطنه= તંબુરા વગેરેનો અવાજ, નગારા નોબતનો અવાજ ) એક જાતનું વાજું, પીપુડી.
'એસેકો મિલા તેસા, તેસેકો મિલા તાઇ તીનોને તરકીબસે, તુનતુની બજાઇ.' ટ. ૧૦૦ વા. ભા. ૩.

**તુફેલ**, સ્ત્રી૦ ( અ૦ **तुफ़य्ल** طفیل=વસીલો, આશ્રય, વગર તેડયો મેહમાન ) પ્રતાપ, આશરો.

**તુફંગ**, સ્ત્રી૦ ( **तुफक, तुफंग**=બંદૂક تفک تفنگ અસલમાં આ શબ્દ **तूपक** હતો જેનો અર્થ નાની તોપ થાય છે ) બંદૂક.

'તુફંગો તીર તલવારો, કટારો જંબીઆ નશતર.' ગુ. ગ.

**તુમાન**, પુ૦ ( તુ૦ **तुंबान, तूबान** تنبان توبان=ઘેરદાર સુરવાળ) લેંઘી, ચોરણો, મોટો ઢીલો સુરવાળ. 'સાદાઇ અને ગરીબાઇનો ડોળ ભજવવામાં એણે જે તુમાન પહેર્યો હતો તે ખૂબ જાડા લુગડાનો રાખ્યો હતો.' ગુ૦ સિં૦

**તુમાર**, પુ૦(ફા૦ **तूमार** طومار=લાંબો કાગળ, ખતપત્ર) બે પક્ષ વચ્ચેનો પત્રવ્યવહાર.

**તુરાવાળા**, પુ૦ ( અ૦ **तुर्रह** طره=તોરો. ) લાવણી ગાનાર એક પ્રકારનું ટોળું. તુરાવાળા ને કલગીવાળા બે પ્રકાર છે.

'એ બેની તકરારમાંથીજ બહુ સંપ્રદાયો થયા છે. છેક હલકી લાવણી ગાનારા પણ બે ભાગ માને છે. શાક્ત તે કલગીવાળા, શૈવ તે તુરાવાળા.' સિ. સા.

**તુરો**, પુ૦ ( અ૦ **तुर्रह** طره=તોરો ) ફૂલનો નાનો પણ ભરચક ગુચ્છાદાર હાર.

**તુર્ક**, પુ૦ ( ફા૦ **तुर्क** ترک=તુર્કસ્તાનના લોક ) એક જાત છે.

**તુર્કી**, ન૦ ( ફા૦ **तुर्की** ترکی=તુર્ક સાથે સંબંધ રાખનાર ) તુર્ક લોકોનો મુલક.

**તુરબત**, સ્ત્રી૦ ( અ૦ **तुर्बत** تربت=કબર, માટી, જમીન ) ઘોર, કબર.
'તું વહદતની વહી દે, યા કરૂં તૈયારી તુરબત પર.' ગુ. ગ.

**તુંદ**, વિ૦ ( ફા૦ **तुंद** تند=તેજ, જલદ, નઠારી, બુરી) ઉતાવળીઆ ગરમ સ્વભાવનું.

**તુંદખુ**, વિ૦ ( ફા૦ **तुंदख़ू** تندخو=નઠારી ટેવવાળો. ખૂ=ખો, ટેવ) નઠારા સ્વભાવનો.
'પણ જ્યારે કેટલાક તુંદખુ સરકારી અફસર આવતા હતા.' બા. બા.

**તુલોતવીલ**, વિ૦ ( અ૦ **तूलोतवील** طول وطویل=ઘણું લાંબુ ) લાંબુ, વિસ્તીર્ણ.

**તુંદાઇ**, સ્ત્રી૦ ( ફા૦ **तुंद** ઉપરથી ગુજરાતી પ્રયોગ ) બુરાઇ, બુડાપણું.

**તેગ**, સ્ત્રી૦ ( ફા૦ **तेग** تیغ=તલવાર ) શમશેર. 'જેની તેગ એની દેગ.' ગુ. ક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તેગા,** સ્ત્રી૦ (ફા૦ **तेगह** تیغہ=તલવાર, તેગ.) શમશેર.

**તેજ,** વિ૦ (ફા૦ **तेज** تیز=પ્રકાશિત) ચાલાક, તીક્ષ્ણ.

**તેજણ,** સ્ત્રી૦ (**ताज़ी** تازی=અરબસ્તાનનું, અરબી ઘોડો) ઘોડી.

**તેજાનો,** પુ૦ (ફા૦ **तेज़ानह** تیزانہ=ગરમ મસાલો) તજ, લવિંગ, મરી વગેરે.

**તેજાબ,** પુ૦ (ફા૦ **तेज़ाब** تیزاب **तेज़** તીક્ષ્ણ+**आब**=પાણી, તેજ પાણી) ગંધક વગેરે કેટલાંક દ્રવ્યમાંથી બનતું અતિ જલદ પ્રવાહી સત્વ.

**તેજાળ,** વિ૦ (ફા૦ **तेज** تیز=પ્રકાશિત ઉપરથી) તેજવાળું, પ્રકાશિત.

**તેજી,** સ્ત્રી (ફા૦ **तेज़ी** تیزی=ચાલાકી) ચળકાટ, ઝળકાટ.

**તેજી,** પુ૦ (ફા૦ **ताज़ी** تازی=અરબસ્તાનનો, અરબી ઘોડો, શિકારી કુતરો. શરૂઆતમાં અરબોએ ઇરાનમાં ઘણી લુટફાટ કરી હતી. તે ઉપરથી હમલો કરવો, હલ્લો કરવો એને માટે ફારસી ભાષામાં **ताख़्तन** ધાતુ છે તે ઉપરથી **ताज** શબ્દ છે; એ **ताज** પરથી **ताज़ी** શબ્દ થયો. ગુજરાતીમાં તેજી=ઘોડો શબ્દ **ताज़ी** પરથી થયો છે) તીખા સ્વભાવનો ઘોડો.

**તેજીમંદી,** સ્ત્રી૦ (ફા૦ **तेज़ी. मंदी** શબ્દ સંસ્કૃત છે) ભાવની વધઘટ થવી તે.

**તેનાત,** જુઓ તહેનાત.

**તેરીખ,** સ્ત્રી૦ (અ૦ **तारीख** تاریخ ઉપરથી) વ્યાજ ગણવાનો દિવસ તે.

**તેરીજ,** સ્ત્રી૦ તારીજ શબ્દ જુઓ.

**તેહખાનું,** ન૦ (ફા૦ **तहख़ानह** تہخانہ **तह**=નીચે. **खानह**=ઘર નીચેનું ઘર. ભોંયરૂં) જમીનની નીચેનું ઘર. 'ગોપીપુરામાં એક ખંડિયેરના તયખાનામાં પોતાનો તખ્ત માંડતા.' નં. ચ.

**તેહેનાત,** સ્ત્રી૦ તહેનાત શબ્દ જુઓ.

**તહેનાતી,** વિ૦ તહેનાતમાં રહેનાર. 'બ્રાહ્મણ નોકરો તેનાતીમાં રહેતા.' નં. ચ.

**તેહસીલ,** તહસીલ શબ્દ જુઓ.

**તેહસીલદાર,** તહસીલદાર શબ્દ જુઓ.

**તૈમુર,** પુ૦ (તુ૦ **तीमूर** تیمور=પોલાદ) બાદશાહનું નામ છે.

**તૈયાર,** વિ૦ (અ૦ **तैयार** طیار تیار= જલદી ચાલનાર, યોગ્ય, દોડનાર) પરિપૂર્ણ.

**તૈયારી,** સ્ત્રી૦ (અ૦ **तैयारी** طیاری تیاری=ઉતાવળ, દોડવું) સજાઈ, સજ્જ થઇ રહેવું.

**તોક,** સ્ત્રી૦ (અ૦ **तवक़** طوق=ગળપટો, કુંડાળું, હાંસડી) જાડી ને ભારે બેડી.

**તોકલ,** પુ૦ (અ૦ **तवक्कुल** توکل=ઇશ્વર ઉપર ભરોસો રાખવો. **वकल**=સોંપ્યું ઉપરથી) વિશ્વાસ, આસ્થા, શ્રદ્ધા.

**તોજી,** સ્ત્રી૦ (અ૦ **तवज़ीह** توجیہ توضیح =જાહેર કરવું, સારૂં વર્ણન કરવું, કોઇની તરફ મોં ફેરવવું) જમીનનો કર, સાંથ.

**તોડો,** પુ૦ (ફા૦ **तवदह** تودہ=ઢગલો) ઉંચો મીનારો, પગે પહેરવાનો તોડો, ૧૦૦૦ રૂ.ની થેલી.

'હું તમને સીમોજરના તોડા આપીશ.' બા૦ બા૦

**તોતાચશ્મી,** સ્ત્રી૦ (ફા૦ **तोताचश्मी** طوطاچشمی **तोता**=પોપટ **चश्म**= આંખ. **ई**=પણું. પોપટની પેઠે આંખ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફેરવવી, ઉપકાર ભૂલી જવો ) બદલીજવું, ફરી બેસવું, સંબંધ છોડીદેવો.

**તોતો,** પુ૦ ( ફા૦ **तोता** طوطا توتا=પોપટ) શુક, પોપટ પક્ષી. 'એક મોલવીએ તોતા ( પોપટ )ને પાળ્યો.' ૮. ૧૦૦ વા. ભા.૪

**તોપ,** સ્ત્રી૦ ( તુર્કી **तूप** توپ=ફોજ ) દારૂના જોરે દૂર સીસાના ગોળા ફેંકવાનું મોટું નળાકાર યંત્ર.

**તોપખાનું,** ન૦ ( તુર્કી **तूप+खानह** ફા૦ **तोप्खानह**=તોપો રાખવાનું ઠેકાણું ) તોપો, દારૂગોળો વગેરે રાખવાનું સ્થળ.

**તોપચી,** પુ૦ ( તુર્કી **तूप्ची** توپچی=તોપ ફોડનાર ) નીશાન માંડીને તોપ ફોડનાર માણસ.

**તોફા,** વિ૦ ( અ૦ **तोह्फह** تحفه=સોગાત ભેટ ) સર્વોત્તમ, સરસ, કીમતી.
'બારૈયામાં કોઇ પણ તોહફા ચીજ હોય તો મકાઈ.' નં૦ ચ૦

**તોફાન,** ન૦ ( અ૦ **तूफान** طوفان=અતિવૃષ્ટિ, ઘણું પાણી, વંટોળીઓ, આંધી, બુરાડી મારે એટલું પાણી. **तवफ**=ગોળ ફરવું ઉપરથી ) ઉદ્ધત વર્ત્તન, મસ્તી, ધીંગાણું, અજંપો.

**તોફાની,** વિ૦ ( અ૦ **तूफानी** طوفانی ) તોફાન કરનારૂં, હુલ્લડી.

**તોફે,** અ૦ (અ૦ **तोह्फह** تحفه=સોગાત, ભેટ) અસાધારણ, ઉત્તમ.

**તોફો,** અ૦ ( અ૦ **तोह्फह** تحفه=સોગાત, ભેટ ) સરસમાં સરસ હોય એવો.
'બીજાના હાથમાં નાની પણ તોફા બંદૂક આવી રહી હતી.' અં૦ ન૦ ગ૦

**તોબરો,** પુ૦ ( ફા૦ **तोबरह** توبره=ઘોડાને દાણા ખવડાવવાની ચામડાની થેલી ) તોબરો.

**તોબા,** અ૦ ( અ૦ **तव्बह** توبه=ગુનાહથી પાછા ફરવું, ગુનાહથી બચવું ) ત્રાસ, કંટાળાનો ઉદગાર.
'હવે તોબા સદા કરજે, ખુદા મારી તને બખ્શે.' કલાપી૦

**તોર,** પુ૦ ( અ૦ **तव्र** طور=રીતભાત, લક્ષણ, ટેવ ) મિજાજ, અહંકાર. 'એમ કહી રથ પાછો વાળ્યો, જોઇએ કેટલું તારૂં જોર; પાણી હોય તે બતાવ વે'લો, આજ તોડું તારો તોર.' ર૦ હ૦

**તોરત,** ન૦ ( હિબ્રુ. **तव्रयत** توریت=હજરત મૂસા અ૦ સ૦ ઉપર ઉતરેલું આકાશી પુસ્તક) યહૂદી લોકોનું ધર્મપુસ્તક. 'વળી પેગંબર સાહેબે યાહુદી લોકોનું તોરત કબુલ રાખ્યું છે, અને આદમ, નુહ, મુસા વગેરેનો પેગંબરી દાવો મંજુર ગણેલો છે.' ક૦ વે૦

**તોરો,** પુ૦ ( અ૦ **तुर्रह** طره = પાઘડીનો કસબ ) પાલવ, તોરો.

**તોલો,** પુ૦ ( ફા૦ **तालह, तोल्चह** تولچه تولہ=રૂપીઆ ભાર વજન ) ૧૨ માશા કે ૯૬ રતિનું વજન.

**તોશાખાનું,** ન૦ ( ફા૦ **तोशक्खानह** توشکخانه=સામાન મૂકવાની જગો ) ભંડાર, તીજોરી. 'તોશાખાના ને ખજાના ભરેલા છે.' ૮. ૧૦૦ વા. ભા. ૪

**તોશાભરોસા,** પુ૦ ( ફા૦ **तोशह** توشه= વાટખરચી, ખોરાક વગેરે. ભરોસો ગુજરાતી ) રસ્તાની ખરચી.

**તોસદાન,** ન૦ ( ફા૦ **तोशक्दान-तोशह्दान** توشکدان توشه‌دان = જરૂરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુ રાખવાનું ઠેકાણું ) વધારાનો દારૂ-ગોળો રાખવાની સીપાઇની ખલેચી.

**તોહફો**, વિ૦ ( અ૦ **तोहफह** تحفه=ભેટ, સોગાત ) સારી વસ્તુ.

**તોહમત**, ન૦ **तोह्मत** تهمت=એબ લગાડવી, ભુંડું બોલવું ) ગુનો, અપરાધ, દોષ.

**તોહુમત**, જુઓ તોહમત.

**ત્રાજવું**, ન૦ ( ફા૦ **तराज़ू** ترازو=તાજવું) જોખવાનું યંત્ર.

**ત્રાજુડી**, સ્ત્રી૦ ( ફા૦ **तराज़ू** ترازو ઉપરથી ) નાનું ત્રાજવું.

**ત્રાજુડું**, ન૦ (ફા૦ **तराज़ू** ترازو ઉપરથી) ત્રાજવું.

**ત્રાપડ**, જુઓ ત્રાપડું.

**ત્રાપડું**, ન૦ ( ફા૦ **तराबह** ترابه ) તરાપો શબ્દ જુઓ.

**ત્રાપો**, પુ૦ તરાપો શબ્દ જુઓ.

**ત્રાસક**, સ્ત્રી૦ તાસક શબ્દ જુઓ.

**ત્રાંસવું**, ન૦ તાંસવું શબ્દ જુઓ.

## द. દ.

**દખમું**, ન૦ ( ફા૦ **दुख्मह** دخمه=પારસી લોકો પોતાનાં મુડદાંને જ્યાં મૂકે છે તે જગા ) જરથોસ્તીનાં મડદાં ઠેકાણે પાડવાનું મકાન.

' મસાણ, દખમું નામ છે, ત્રીજું કબરસ્તાન;
' જોતાં શોકાતુર કરે, નહિ મસ્તાની તાન.' ક. દ. ડા.

**દખલ**, સ્ત્રી૦ ( અ૦ **दख़्ल** دخل=આમદની, અંદર આવવું ) ડખલ, આડખીલી. શેઠને કાંઈ દખલ ન થાય એવી અરજ કરી.' ૮. ૧૦૦ વા. ભા.૪

**દગદગો**, પુ૦ ( ફા૦ **दग्दगह** دغدغه=ડર, બીક, ધાસ્તી ) શંકા, અવિશ્વાસ, ઢચુપચુ.

**દગલબાજ**, વિ૦ ( ફા૦ **दगाबाज़** دغاباز= દગો કરનાર ) કપટી.

' ઇચ્છે રાજ સમાજમાં, લાજ આજ ને આજ;
કાજ કરે પતરાજથી,દગલબાજ શિરતાજ.' ક. દ. ડા.

**દગલબાજી**, સ્ત્રી૦ ( ફા૦ **दगाबाज़ी** دغابازی=દગો કરવો તે ) કપટ. ' હૃદય દગલબાજી જાણશે ના કદી આ.' કલાપી.

**દગાખોર**, વિ૦ ( ફા૦ **दगाखोर** دغاخور= દગો રમનાર. ગુજરાતી પ્રયોગ છે ) દગો કરનાર.

**દગાખોરી**, સ્ત્રી૦ ( ફા૦ **दगाखोरी** دغاخوری=દગો રમવો. ઉપલા શબ્દ ઉપરથી ગુ. પ્રયોગ ) દગો કરવો તે.

**દગાબાજ**, વિ૦ ( ફા૦ **दगाबाज़** دغاباز= દગો આપનાર) દગો કરનાર.

**દગાબાજી**, સ્ત્રી૦ ( ફા૦ **दगाबाज़ी** دغابازی =દગો કરવો ) દગો દેવો.

**દગો**, પુ૦ ( ફા૦ **दगा** دغا=કપટ ) છળકપટ.

**દડમજલ**, અ૦ ( અ૦ **मंज़िल** منزل= ઉતારો, આશ્રમ. **मंज़िल्दरमंज़िल** منزل درمنزل ચાલ ચાલ કરવું ) થાક ખાધા વિના, આરામ લીધા વિના ચાલ ચાલ કરવું તે.

**દફણાવવું**, સ૦ ક્રિ૦ ( અ૦ **दफ्न** دفن= દાટવું ઉપરથી ક્રિયાપદ ) મડદાને દાટવું તે.

**દફતર**, ન૦ ( ફા૦ **दफ्तर** دفتر=કચેરીના કાગળોનો જથો, જ્યાં એવા કાગળ રહેતા હોય તે મકાન ) ચોપડીઓ વગેરે લખવાનાં સાધનો રાખવાની થેલી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દફતરખાનું**, ન૦ ( ફા૦ **दफ्तरखानह** دفترخانه=દફતર રાખવાની જગા ) દફતર રાખવાની ઓફીસ.

**દફતરદાર**, પુ૦ ( ફા૦ **दफ्तरदार** دفتردار= દફતર જેના કબજામાં હોય તે ) દફતરી કામ કરનારાઓનો ઉપરી અમલદાર.

**દફતરદારી**, સ્ત્રી૦ ( ફા૦ **दफ्तरदारी** دفترداری=દફતરદારનું કામ તે ) દફતરદારના ઓહ્દાને લગતા કામકાજનો વહીવટ કરવો તે.

**દફતરી**, પુ૦ ( ફા૦ **दफ्तरी** دفتری= દફતર રાખનાર ) દફતર રાખનાર.

**દફન**, ન૦ ( અ૦ **दफन** دفن=જમીનમાં દાટવો, કોઇ વસ્તુને છુપાવવી ) મુડદાને દાટવાની ક્રિયા. ' દફન માટે જારત માટે તમે રૂપીઆ લઇ ગએલા. ' ટ. ૧૦૦ વા. ભા. ૪

**દફનાવવું**, સ૦ ક્રિ૦ ( અ૦ **दफन** دفن ઉપરથી=દાટવું ) જમીન ખોદીને ઘાલવું.

**દફે**, વિ૦ ( અ૦ **दफ़अ** دفع=હઠાવવું, દૂર કરવું ) વિખેરી નાખેલું, નાશ કરેલું.

**દફે**, સ્ત્રી૦ ( અ૦ **दफ़अह्** دفعه=એક વખત ) એક વાર, 'એક દફે કામ પાડી જુઓ.'

**દફેદાર**, પુ૦ ( અ૦ **दफ़अह्**=કલમ, કાયદો, ભાગ+**दार** دفعدار ફા૦ વાળો.=એક ઓહ્દો છે. ઘોડેસ્વારોનો ઉપરી ) લશ્કરની નાની ટુકડીનો ઉપરી.

**દફેદારી**, સ્ત્રી૦ ઉપલા શબ્દને ઇ પ્રત્યય લાગવાથી دفعداری=દફેદાર તરીકે જે કામ કરવું તે ) દફેદારપણું.

**દબદબો**, પુ૦ ( ફા૦ **दब्दबह** دبدبه= મહત્વ, ટાપટીપ, નગારા વગેરેનો અવાજ ) મોટાઇ કે પદવીને શોભતો ઠાઠમાઠ. 'ડંકાનો અવાજ દબદબા ભરેલો થાય છે.' રા. મા.

**દમ**, ( ફા૦ **दम** دم=શ્વાસ. **दमीदन**=ફૂંકવું ઉપરથી ) શ્વાસોચ્છ્વાસ.

**દમકસી**, સ્ત્રી૦ ( ફા૦ **दम्कशी** دمکشی= શ્વાસ ખેંચવો. **कशीदन**=ખેંચવું ઉપરથી ) શ્વાસ રૂંધવો.

' હયાતીમાં વસી દરગાહ, બરાબર દમકસી કરીએ. ' ગુ. ગ.

**દમબદમ**, અ૦ ( ફા૦ **दम्बदम** دمبدم= વારંવાર ) ઘડી ઘડી. ' કહ્યું છે દમબદમ નમવું, શરૂ મેં જ્યારથી કદમે. ' કલાપી.

**દમાક**, પુ૦ ( અ૦ **दिमाग, दमाग** دماغ =મગજ, અહંકાર, ગર્વ ) રોબ, ભપકો.

**દમાકી**, વિ૦ ( અ૦ **दिमाग, दमाग**. ઉપરથી **दिमागी, दमागी** دماغی ગુ૦ પ્રયોગ અહંકારી, ગર્વિષ્ઠ ) દંભી. ' એવા પેટભરા પાખંડી, પરમેશ્વરને ન જાણે; દમાકી દેખી મોલા માટે, લોક સહુ વખાણે.' સુ૦ ૯૦

**દમામા**, પુ૦ ( ફા૦ **दमामह** دمامه=નગારૂં, ઢોલ, લડાઇમાં નોબત વાગે તે ) રણમાં વાગતી નોબત, ઢોલ વગેરે.

' ગાજનાદ ઘણુકાર, તાંત ઝણુકારત વામા; ત્રહક ત્રહક ત્રંબાળુ, ડહક કરતાલ દમામા. ' રા. મા.

**દમિયલ**, વિ૦ ( ફા૦ **दम**=શ્વાસ ઉપરથી ગુ૦ પ્રયોગ ) દમના રોગવાળું, દમિઉ.

**દયાનત**, સ્ત્રી૦ ( અ૦ **दियानत** دیانت= નિષ્ઠા ) વિચાર, અંતઃકરણમાં છુપી વૃત્તિ. ' તેમની દયાનત માત્ર નાણાં કઢાવવાની જ હતી. ' નં. ચ.

**દર**, પુ૦ ( ફા૦ **दर** در અંદર, વચ્ચે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાતમી વિભક્તિનો પ્રત્યય(માં), દરવાજો, પ્રકરણ, ફાડવું વગેરે ) ગુજરાતીમાં ભાવના અર્થમાં વપરાય છે.

'શું કાયમ ચોકી છે દર પર, અગર ક્યાં ઇશ્કનું છે ઘર.' ગુ. ગ.

**દરેક**, અ૦ (ફા૦ **हरयक** هريك=ફારસીમાં 'દર' ને ઠેકાણે 'હર' વપરાય છે). પ્રત્યેક.

**દરકાર**, સ્ત્રી૦ ( ફા૦ **दर्कार** દર=અંદર+કાર=કામ. درکار=ખાહિશ ) ગરજ, તમા.

**દરખત**, ન૦ ( ફા૦ **दरख्त** درخت=ઝાડ ) વૃક્ષ.

'હવે દરખ્ત પર ચડ્યું.' કલાપી.

**દરખાસ**, જુઓ દરખાસ્ત.

**દરખાસ્ત**, સ્ત્રી૦ (ફા૦ **दर्खास्त** درخواست **दरखास्तन**=ઇચ્છવું ઉપરથી. ઇચ્છવું, ચાહવું ) અમુક આમ કરવું એવી જે નમ્ર સૂચના તે.

**દરઘા**, સ્ત્રી૦ (ફા૦ **दर्गाह** درگاه=દરબાર, કચેરી, રોજો ) પીરની કબરની જગા.

'દરગાહ બની કત્લગાહ' ગુ. ગ.

**દરગુજર**, સ્ત્રી૦ (ફા૦ **दुर्गुजर** درگزر=જવા દેવો, છોડી દેવું, માફ કરવું. **गुजिश्तन**=છોડવું ઉપરથી ) માફ કરવું, સાંખી જવું.

**દરજણ**, સ્ત્રી૦ ( ફા૦ **दर्ज़ी** درزی ઉપરથી ગુજરાતીમાં સ્ત્રીલિંગરૂપ.) દરજીની સ્ત્રી.

**દરજી**, પુ૦ (ફા૦ **दर्ज़ी** درزی=સીવવાનું કામ કરનાર. કેટલાક કહે છે કે મૂળ શબ્દ **दर्जगीर** છે. **दर्ज़**=ફાટ+**गीर**=પકડનાર. ફાટેલું સીવનાર ) મેરાઇ, સીવવાનો ધંધો કરનાર માણસ.

**દરજ્જો**, પુ૦ ( અ૦ **दरजह** درجه=પદવી. **दरज**=તે બરાબર પગથીએ પગથીએ ચડ્યો ઉપરથી ) માન, મરતબો, ઓહદો, અધિકાર.

**દરદ**, ન૦ ( ફા૦ **दर्द** درد=દુઃખ ) શરીરને થતું દુઃખ, પીડા, વ્યથા.

**દરદાગીનો**, પુ૦ ( ફા૦ **दागीनह** داغینه=જુનું, વાપરેલું ) ઘરેણુંગાંઠું. દર શબ્દ વધારાનો છે. રાચરચીલુંની પેઠે.

**દરદાવો**. પુ૦ ( અ૦ **दअवा** دعوا=હકીકત કહેવી, જાહેર કરવું ) દર શબ્દ વધારાનો છે. હક, ઇલાકો, અધિકાર.

**દરદી**, વિ૦ ( ફા૦ **दर्दी** دردی=દુઃખવાળું ) દરદવાળું.

'દરદ દિલ દરદીનું દરદીજ જાણે.'

**દરબાન**, પુ૦ ( ફા૦ **दर्बान** دربان=દ્વારપાળ ) દરવાજે બેઠેલો પહેરેગીર.

'ઇસા દરબાન છે હઠીલો, ન માને તું મનાવી દે' ગુ. ગ.

**દરબાર**. પુ૦ ( ફા૦ **दर्बार** દર=માં+બાર=કચેરી دربار=કચેરી, રાજદરબાર ) રાજસભા, રાજાને સભા ભરવાનું ઠેકાણું.

**દરબારી**, વિ૦ (ફા૦ **दर्बारी** درباری=દરબારને લગતું ) દરબાર સંબંધી, દરબારનું.

**દરમ**, પુ૦ (ફા૦ **दिरम** درم એ **दर्हम** درهم નું ટુંકું રૂપ છે. એક સિક્કો છે જેનું વજન ૨૮ કે ૪૨ રતિ હોય છે) એક સિક્કો.

**દરમાયો**, પુ૦ (ફા૦ **दर्माहह** درماهه મહીનાનો પગાર ) નોકરને આપવાનું માસિક લવાજમ. 'રૂ. ૩ાા નો દરમાયો ઠરાવીને રોક્યો.' ૮. ૧૦૦ વા. ભા. ૪

**દરમિયાન**, અ૦ ( ફા૦ **दर्मियान** درمیان= **दर**=અંદર, **मियान**=વચલો ભાગ,વચમાં) અમુક નિશ્ચિત કાળની અંદર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દરમિયાનગીરી**, સ્ત્રી૦ (ફા૦ **दर्मियानगीरी** درمیان‌گیری ગુ૦ પ્રયોગ=વચ્ચે રહેવું) વચ્ચે રહીને કામ કરવું તે.

**દરરોજ**, અ૦ (ફા૦ **हरोज** هرروز પ્રતિદિન) રોજ, સદા.

**દરવાજો**, પુ૦ (ફા૦ **दर्वाजह** دروازه=બારણું) શહેર વગેરેમાંથી,કે મકાનમાંથી બહાર નીકળવા રાખેલું બારણું.

**દરવાણી**, પુ૦ (ફા૦ **दर्बान** دربان=દ્વારપાળ) દરવાન. 'કાયા નગરમાં હોશે હાહાકાર જો, દશે ને દરવાણી થાશે વેગળા.

**દરવાન**, પુ૦ (ફા૦ **दर्बान** دربان=દ્વારપાળ) દરવાજો સાચવનાર સિપાઇ.

**દરવેશ**, પુ૦ (ફા૦ **दुर्वीश** درویش અસલમાં **दर्वेज** શબ્દ હતો, તે પરથી **दर्वेश** થયો. **दर**=દરવાજો+**आवेख्तन**=લટકવું ઉપરથી **वेज**=લટકનાર, પકડનાર. ફકીર દરવાજો ઝાલીને ઉભો રહે છે માટે **दर्वेज, दर्वेश** (૨) કેટલાક કહે છે કે **दर्युज** ઉપરથી **दर्वेज** ને તે પરથી **दर्वेश** થયો છે. **यूज**=ખોળનાર. એટલે દરવાજો ખોળનાર; પણ આ બંને વ્યુત્પત્તિ ઉપરથી દરવેશ લોકો ઇશ્વરના ભક્ત છે, એવો ઉત્તમ અર્થ નીકળતો નથી. માટે કેટલાક કહે છે કે (૩) **दर्वेश** શબ્દ **दुर्वीश** ઉપરથી થયો છે. **दुर्**=મોતી, અને **वीश** તે **वश**=જેવો ઉપરથી અર્થાત્ મોતી જેવો ઉત્તમ) દેશેદેશ ફરનાર મુસલમાન માંગણ ફકીર. 'ને તે ઉપર બેઠેલો દરવેશ હવામાં ઉડે છે.' નં.ચ.

**દરસાલ**, અ૦ (ફા૦ **हर्साल** هرسال=પ્રતિવર્ષ) દર વરસ.

**દરાજ**, સ્ત્રી૦ (ફા૦ **दर्ज** درز=ફાડ, દરાડ ઉપરથી) દરાડ.

**દરાદ**, સ્ત્રી૦ (ફા૦ **दाद** داد=દાદરનો રોગ) દરાદનો રોગ.

**દરિયાઈ**, વિ૦ (ફા૦ **दर्याइ** دریائی=દરિયાનો, સમુદ્રનો) દરિયા સાથે સંબંધ રાખનાર; સમુદ્ર સંબંધી.

**દરિયાફ**, સ્ત્રી૦ (ફા૦ **दर्याफ्त** دریافت=ધારણા, ખ્યાલ **दर्याफ्तन**=નક્કી કરવું ઉપરથી) સારા ખોટાનું તોલ કરવું તે.

**દરિઆફી**, સ્ત્રી૦ (ફા૦ **दर्याफ्त** دریافت ઉપરથી) તપાસ, તજવીજ. 'આપ દરીઆફી તો કરી જુઓ.' અં. ન. ગ.

**દરિયામહેલ**, પુ૦ (ફા૦ **दर्या+महल** અ૦ **दर्यामहल** دریامحل=દરીઆ કાંઠે બાંધેલો મહેલ.) દરિઆ કિનારે બાંધેલો મહેલ.

**દરિયાવ**, પુ૦ (ફા૦ **दर्या** دریا=સમુદ્ર) દરિયો, 'હિયર દિલનો દરિયાવ, ઇશ્વિર આપોને; દેરાણી રાણી રાવ, દુઃખડાં કાપોને.' ક. દ. ડા.

**દરિયો**, પુ૦ (ફા૦ **दर्या** دریا=સમુદ્ર) દરિયો.

**દરેક**, અ૦ (ફા૦ **हर्यक** هریک=પ્રત્યેક) એક એક.

**દરોગો**, પુ૦ (તુર્કી **दारोगह** داروغه=સિપાઇઓનો ઉપરી, રક્ષક) તપાસ રાખનાર. 'બંદરમાં પેસવાને ત્યાંના ફુરજાના દારોગા તરફથી પરવાનો મળશે નહિ.' ક૦ ઘે૦

**દરોબસ્ત**, વિ૦ (ફા૦ **दरोबस्त** دروبست=તમામ, બીજા કોઇના ભાગ વગર એકલાનું) બરાબર, કાંઇ પણ ખોડખાંપણ વિના.

**દર્દ**, જુઓ દરદ.

**દલગીર**, જુઓ દિલગીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દલામું**, ન૦ (ફા૦ **दमामह** دمامه=નગારૂં નફેરી, ધોંસો) દદામું.

**દલાલ**, પુ૦ (અ૦ **दल्लाल** دلال=રસ્તો બતાવનાર. **दलाल**=આંખથી ઇશારો કરવો ઉપરથી **दल** મૂક્યું, બતાવ્યું; આંગળીથી બતાવ્યું ઉપરથી **दलाल** ને તે પરથી **दल्लाल**) વેપાર ધંધામાં આપલે કરનારની વચ્ચે સાટું કરાવનાર.

**દલાલિયું**, વિ૦ (અ૦ **दल्लाल** ઉપરથી) દલાલી ખાનારૂં.

**દલાલી**, સ્ત્રી૦ (અ૦ **दल्लाली** دلالی= દલાલનું કામ તે) દલાલની હકસાઈ.

**દલાલું**, ન૦ (અ૦ **दल्लाल** ઉપરથી) દલાલી.

**દલીલ**, સ્ત્રી૦ (અ૦ **दलील** دلیل=રસ્તો, દેખાડવો. **दल**=રસ્તો દેખાડવો ઉપરથી) કોઈ બાબતની મુદ્દાસર તકરાર તે.

**દવા**, સ્ત્રી૦ (અ૦ **दवा** دوا=ઓસડ. **दव**= માંદો પડ્યો ઉપરથી) ઓસડ, જડીબુટ્ટી.

**દવાઇ**, સ્ત્રી૦ (અ૦ **दवा** دوا=ઉપરથી) ઓસડવેસડ, દવા.

**દવાખાનું**, ન૦ (અ૦ **दवा+खानह** ફા૦ સ્થળ **दवाखानह** دواخانه=દવા મળવાનું ઠેકાણું) ઔષધાલય.

**દવાગીર**, વિ૦ (અ૦ **दुआ**=આશિષ+**गीर** ફા૦ લેનાર **दुआगीर** دعاگیر=આશિષ લેનાર) આશીર્વાદ પામનાર.

**દવાગો**, વિ૦ (અ૦ **दुआ+गो** ફા૦ દેનાર, **गुफ्तन**=બોલવું ઉપરથી બોલનાર **दुआगो** دعاگو=આશિષ દેનાર) આશીર્વાદ આપનાર.

**દવાત**, પુ૦ (અ૦ **दवात** دوات=ખડીઓ) રૂસનાઇનો ખડીઓ. 'તેમને પ્રધાન ઠરાવી રીતિ પ્રમાણે પાઘડી બંધાવી, ને રૂપાનો દવાત તેમની કમરે બંધાવ્યો.' રા. મા.

**દવાતી**, વિ૦ (અ૦ **दवात** ઉપરથી) કારકુન, મહેતો, દવાતવાળો.

**દવાદારૂ**, ન૦ (અ૦ **दवा+दारु** ફા૦ દવા. બંને શબ્દો સમાનાર્થ છે. دوادارو= દવા) ઓસડવેસડ, સારવાર.

**દસકત**, પુ૦ (ફા૦ **दस्तूखत** دستخط **दस्त्**=હાથ+**खत**=અક્ષર. હસ્તાક્ષર, અક્ષર) અક્ષર, હરફ, દસકત કરવા=સહી કરવી.

**દસ્કત**, પુ૦ જુઓ દસકત.

**દસ્કતશિક્ષક**, પુ૦ (ફા૦ **दस्तूखत** ઉપરથી શિક્ષક, સંસ્કૃત) દસ્કત શિખવનાર, મહેતાજી.

**દસ્ત**, પુ૦ (ફા૦ **दस्त** دست=હાથ, પંજો, ફાયદો, ફતેહ, મુખ્ય, ગાદી, શક્તિ, એક આખી વસ્તુ, રીત, કાયદો, કાનુન, વખત. વજીર, ઝાડો વગેરે) હાથ, કર, સત્તા.

**દસ્તકારી**, સ્ત્રી૦ (ફા૦ **दस्तकारी** دستکاری =હાથ કારીગરી) હસ્તક્રિયા.

**દસ્તગીર**, વિ૦ (ફા૦ **दस्तगीर** دستگیر= હાથ ઝાલનાર, મદદ કરનાર) સહાયક.

**દસ્તદરાજી**, સ્ત્રી૦ (ફા૦ **दस्तदराजी** دست درازی **दराज**=લાંબો=હાથ લાંબો કરવાપણું, લુટવું, નાશ કરવો.) સતાવવું, દુઃખ દેવું.

**દસ્તબસ્તા**, વિ૦ (ફા૦ **दस्तबस्तह** دست بسته=હાથ બાંધીને ઊભો રહેનાર, ચાકર. **बस्तन**=બાંધવું ઉપરથી **बस्तह**=બાંધેલો) અનુચર, સેવામાં હાજર રહેનાર. 'ગુલામ દસ્તબસ્તા હાજર હતા.' બા૦ બા૦

**દસ્તરખાન**, ન૦ (ફા૦ **दस्तखान**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



دسترخوان=જમવા માટે પાથરેલું પાથરણું, ભાણું, થાળ) જમણ. 'જેમનું દસ્તરખાન તે સારી આલમ.' નં. ચ.

**દસ્તાન**, ન૦ (ફા૦ **दस्तान** دستان દસ્તનું અનિયમિત બહુવચન, ઘણા હાથ ) અડકાવ, સ્ત્રીઓને માસિક રજ આવે છે તે.

**દસ્તાનું**, ન૦ (ફા૦ **दस्तानह** دستانه= હાથનાં મોજાં) દસ્ત ઝીલવાનું પાત્ર.

**દસ્તાવેજ**, પુ૦ (ફા૦ **दस्तावेज** دستاويز ખતપત્ર. **आवेख्तन**=લટકવું અથવા વળગવું ઉપરથી **आवेज**) લેણદેણ સંબંધી લખાણ.

**દસ્તાવેજી**, વિ૦ (ફા૦ **दस्तावेजी** دستاويزى = ખતપત્ર સંબંધી ) લેખી.

**દસ્તુર**, સ્ત્રી૦ ( ફા૦ **दस्तूर** دستور **दस्त्** =ગાદી, શક્તિ+**वर**=વાળો. **वर**ના બદલામાં **ऊर** થઇ. **दस्तूर** શબ્દ થયો. એવીજ રીતે **वर**નો **ऊर** થઇને મજૂર, રંજૂર, ગંજૂર વગેરે શબ્દ ફારસીમાં થયા છે. **दस्तूर**=કાયદા, કાનૂન, વજીર, મુન્શી) રીત રિવાજ, ચાલ, ધારો.

**દસ્તુરી**, સ્ત્રી૦ ( ફા૦ **दस्तूरी** دستورى= દસ્તૂરના કામ બદલ મળતો બદલો) હકસાઈ, સુખડી, દાપું. 'પગાર ઉપરાંત દસ્તુરી ઠીક મળતી.' નં૦ ચ૦

**દસ્તો**, પુ૦ ( ફા૦ **दस्तह** دسته=છરીનો હાથો, માણસનું ટોળું એક ઘા (૨૪) કાગળ ) લોખંડનો ખાંડણીનો દંડુકો.

**દહર**, ન૦ ( અ૦ **दह्र** دهر=જમાનો, જગત, સમય ) જગત, જમાનો. 'બદલ કર આ દહર, કે કર દફન કબરે દીવાનાને.' દી.સા.

**દંગ**, વિ૦ ( ફા૦ **दंग** دنگ=બે વસ્તુઓના એક બીજાના પડવાથી થતો ખડખડાટ ) દિઙમૂઢ, ચકિત.

**દંગલ**, પુ૦ ( ફા૦ **दंगल** دنگل=રણક્ષેત્ર ) ટંટો, કજીઓ, તકરાર, ઝઘડો.

**દાણાપીઠ**, સ્ત્રી૦ (ફા૦ **दानह** دانه+પીઠ ગુજરાતી) દાણા વેચવાનું ઠેકાણું, કણપીઠ.

**દાણો**, પુ૦ (ફા૦ **दानह**=બી) અનાજ, અન્ન.

**દાણોદુણી**, ન૦ (ફા૦ **दानह** دانه+દુણી વધારાનો શબ્દ) અનાજ વગેરે.

**દાણોપાણી**, ન૦, (ફા૦ **दानह** دانه+પાણી ગુજરાતી) અન્નજળ, નસીબ.

**દાદ**, સ્ત્રી૦ (ફા૦ **दाद** داد દાદન=આપવું ઉપરથી ઇન્સાફ) ફરિયાદ, દુઃખ માટે અરજ કરવી.

**દાદગર**, પુ૦ (ફા૦ **दाद्गर** دادگر=ન્યાયવાળો) દાદ આપનાર.

**દાદા**, સ્ત્રી૦ (ફા૦ **दादा** دادا =ઘરડી નોકર સ્ત્રી) બાપનો બાપ. અમદાવાદ પાસે દાદાહરિની વાવ છે.

**દાદાર**, પુ૦ (ફા૦ **दादार** دادار+દાદ=ન્યાય+**आर**=લાવનાર, દેનાર. ન્યાય આપનાર, પરમેશ્વર. આવુર્દન=લાવવું ઉપરથી) ન્યાય આપનાર.

**દાદી**, વિ૦ (ફા૦ **दाद** داد=ફરીઆદ, અદલ ઇન્સાફ, કૃપા ઉપરથી ઇ પ્રત્યય લાગી થએલો શબ્દ) દાદ માગનાર, અરજદાર. 'કોર્ટની વખતે દાદી ફર્યાદી હાજર થયા.' અં. ન. ગ.

**દાન**, (ફા૦ પ્રત્યય **दान** دان=સ્થળવાચક છે. પાનદાન, ગુલાબદાન વગેરે. **दानिस्तन**= જાણવું ઉપરથી **दान**=જાણનાર. નાદાન= ન જાણનાર. મૂર્ખ) સ્થળવાચક પ્રત્યય.

**દાનત**, સ્ત્રી૦ (અ૦ **दियानत**=નિષ્ઠા ديانت અંતઃકરણમાંની છૂપી સ્વાર્થવૃત્તિ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'દાનત અમારી સાફ છે, જાતિ અમારી પાક છે.' દી. સા.

**દાનસ્તુ** વિ૦ (અ૦ **दियानत** دیانت= નિષ્ઠા ઉપરથી) સારી દાનતવાળું. અથવા 'દાના' એટલે ડાહ્યા ઉપરથી સમજદાર.

**દાનાઈ,** સ્ત્રી૦ (ફા૦ **दानाई** دانائی=સમજણ. **दानिस्तन**=જાણવું ઉપરથી) ડહાપણ વિવેક.

**દાનાવ,** વિ૦ (ફા૦ **दाना** دانا=સમજદાર. **दानिस्तन**=જાણવું ઉપરથી) અકલમંદ.

**દાનીયત,** સ્ત્રી૦ (ફા૦ **दानाइ** دانائی= સમજ ઉપરથી **दानिस्तन** = જાણવું ઉપરથી) અકલમંદી.

'ભરી મીજલસ દીવાનાની, કહો ત્યાં દાનિયત ક્યાંથી.' દી. સા.

**દાનિશ,** સ્ત્રી૦ (ફા૦ **दानिश** دانش=બુદ્ધિ. **दानिस्तन**=જાણવું ઉપરથી) ડહાપણ, બુદ્ધિ.

**દાનિશમંદ,** વિ૦ ( ફા૦ **दानिश्‌मंद** دانشمند = બુદ્ધિશાળી. **दानिस्तन**= જાણવું ઉપરથી) સમજુ, વિવેકી.

**દાનો,** વિ૦ ( ફા૦ **दाना** دانا=ડાહ્યો ) સમજુ, વિવેકી.

**દાબ,** પુ૦ ( ફા૦ **दाब** داب=ભપકો, રોબ દાબ=મહેનત ઉઠાવવી, કામ કરવું ઉપરથી ) દબાણ, મના.

**દાબડી,** સ્ત્રી૦ (અ૦ **दब्बह** دبه=ચામડાની કુલ્લી ઉપરથી) ડાબડી, ગોળ અથવા ચોખૂણ નાની ડબી.

**દાબડો,** પુ૦ ( અ૦ **दब्बह** دبه=ચામડાની કુલ્લી ઉપરથી ) ડાબડો.

**દાબણ,** ન૦ ( ફા૦ **दाब** داب=ઉપરથી ) દબાણ, દાબવું.

**દાબવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **दाब** ઉપરથી ) દબાવવું, ચાંપવું.

**દામ,** પુ૦ ( ફા૦ **दाम**=૨૧ માશા વજનનો સિક્કો ) પૈસા, કીમત.

**દામણ,** ન૦ ( ફા૦ **दामन** دامن=લુગડાની ચાળ ) ઘોડા અથવા ગધેડાના બે પગ વચ્ચે બાંધવાનું દોરડું.

**દામન,** ન૦ ( ફા૦ **दामन** دامن=લુગડાની ચાળ ) અંગરખા વગેરેની ચાળ.

'તમારી બીબીના દામન પર ધબ્બો તો નથી લાગ્યો'. બા૦ બા૦

'ન આવે હાવે મૂકી દે દામન.' આ૦ નિ૦

**દાયજો,** પુ૦ ( ફા૦ **दहेज** جهیز=પરણતી વખતે દીકરીને ક્રિયાવર અપાયછે તે, કન્યાદાન ) સ્ત્રીધન. 'કેટલોક દાયજો આપીને જુનેગઢ પહોંચતા કર્યા.' રા૦મા૦

**દાયરો,** પુ૦ (અ૦ **दायिरह** دائره=વર્તુલ) સમુદાય, ટોળું, જથો. 'કુંગો ત્યાં દાયરો, મુલ્લા ત્યાં મસીદ; વગર સ્ત્રીનો ભાયડો, જ્યાં બેઠો ત્યાં નચિંત. કા૦ ક૦

**દાયા,** સ્ત્રી૦ (ફા૦ **दायह** دایه=બચ્ચાં ઉછેરનાર સ્ત્રી, આયા, ધાવ ) ધાત્રી.

**દાર,** અ૦ ( ફા૦ **दार** دار પ્રત્યય છે=વાળો **दास्तन**=રાખવું ઉપરથી જેમકે ફોજદાર વગેરે ) વાળો.

**દાર,** નં૦ ( ફા૦ **दार** دار=ઘર ) ઘર. રેવિન્યુ ખાતામાં જે આસામી ગરીબ હોય તેને નાદાર કહે છે, ને જે પૈસાદાર હોય ને સરકારી લેણું આપી શકે એવો હોય તેને 'દાર' કહે છે.

**દારૂ,** પુ૦ (ફા૦ **दारु** دارو=ઓસડ) મદિરા, સુરા, મદ્ય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દારૂખાનું**, ન૦ (ફા૦ **दारूखानह** داروخانه ગુજરાતી પ્રયોગ છે. દારૂનું કામ. ફારસીમાં **आतशबाजी** શબ્દ વપરાય છે) બંદૂક વગેરેનો દારૂ જ્યાં રહે તે ઠેકાણું.

**દારૂગોળો**, પુ૦ (ફા૦ **दारू**+ગોળો ગુજરાતી) બંદૂક ને તોપ વગેરે ફોડવાની દારૂની ગોળા ગોળીઓ રાખવાનું ને બનાવવાનું ઠેકાણું.

**દારૂડિયો**, વિ૦ ( ફા૦ **दारु** دارو=દવા ઉપરથી ) દારૂ પીનાર.

**દારૂબાજ**, વિ૦ ( ફા૦ **दारुबाज** داروباز= દારૂડીયો. ગુજરાતી પ્રયોગ ) દારૂની આદતવાળો.

**દારોગો**, પુ૦ ( તુર્કી **दारोगह** داروغه=સિપાઇઓનો ઉપરી, રક્ષક ) જેલનો ઉપરી, તપાસ રાખનાર. 'દારોગાને હુકમ કર્યો, કે બધા લોટા જપત કરો.' તં૦ ચ૦

**દાલચીની**, સ્ત્રી૦ (ફા૦ **दार्चीनी** دارچینی =તજ ) તજ. તેજાનો છે.

**દાલાન**, ન૦ ( ફા૦ **दालान** دالان=ઘરમાંનો મોટો હૉલ ) ચોક, આંગણું.

**દાવ**, પુ૦ ( ફા૦ **दाव** داو=ફરેબ ) લાગ, તક, અનુકૂળ વખત.

**દાવગીર**, પુ૦ (અ૦ **दअ्वा**+**गीर** ફા૦ પ્ર૦ دعواگیر=દાવો કરનાર ) હકદાર, વાદી.

**દાવત**, સ્ત્રી૦ ( અ૦ **दअ्वत** دعوت=નોતરૂં **दअ्व**=બોલાવ્યો ઉપરથી ) ભોજન દેવું, નોતરૂં.

**દાવપેચ**, પુ૦ ( ફા૦ **दाव्पेच** داوپیچ= યુક્તિ લગાડવી. **पेचीदन**=લપેટવું ઉપરથી **पेच** ) કપટકળા, છળભેદ.

**દાવદી**, પુ૦ ( અ૦ **दावूदी** داودی=શિઆ વોહોરાની એક જાત છે ) એક જાતનું ફૂલ. એક જાતના વોહોરા.

**દાવાઅરજી**, સ્ત્રી૦ ( અ૦ **दअ्वाअर्जी** دعواعرضی=દાવો કરવા કરેલી અરજી. ગુજરાતી પ્રયોગ છે ) દાવાની અરજી. 'પોતાના ઇતિહાસને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી એમાં જે દોષ જણાયો, તે દૂર કરી લોકમતરૂપી ન્યાયાસન આગળ સુધારાના કેસની દાવાઅરજી દાખલ કરનાર મણિલાલ હતા.' સુ૦ ગ૦

**દાવાગીર**, દાવગીર શબ્દ જુઓ.

**દાવાદાર**, પુ૦ ( અ૦ **दअ्वा**+**दार** ફા૦ પ્ર૦ **दअ्वेदार** دعویدار=દાવો કરનાર ) દાવાવાળો, વાદી.

**દાવો**, પુ૦ ( અ૦ **दअ्वा** دعوا=પોતાપણાનો હક બતાવવો તે ) સ્વામિત્વ.

**દાસ્તાન**, ન૦ ( ફા૦ **दास्तान** داستان= કહાણી, કિસ્સો ) મોટી વાર્તાનું પુસ્તક. 'હું તે દાસ્તાન અત્યારેજ આપને સંભળાવુંછું.' બા૦ બા૦

**દિક્ત**, સ્ત્રી૦ (અ૦ **दिक्कत** دقت=મુશ્કેલી) હરકત, આનાકાની, શક. 'જેહમતો ને દિક્કતો વિના આરામ મળતોજ નથી.' બા.બા.

**દિગર**, વિ૦ ( ફા૦ **दीगर**, **दिगर** دگر دیگر=બીજું ) અન્ય.

**દિબાચો**, જુઓ, દીબાચો.

**દિમાખ**, પુ૦ ( અ૦ **दिमाग**, **दमाग** دماغ મગજ, અહંકાર, ગર્વ ) અભિમાન, મગરૂરી. 'ઘરમાં કાંઇક, બહાર કાંઇક, એવા આકારના અનેક દિમાક, કુલીનતા, શ્રેષ્ઠતા આદિના દિમાકને સર્વ સાચવવું પડે છે.' આ. નિ૦

**દિમેટી**, સ્ત્રી૦ ( અ૦ **दिम्याती** دمیاتی મિસરમાં **दिम्यात** (દામ્યેતા) શહેર છે ત્યાં એક પ્રકારનું ઘણું સરસ લુગડું થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે ) ઝીણી ઝીણી બુટ્ટીઓવાળું એક જાતનું કપડું.

**દિલ,** ન૦ (ફા૦ **दिल** دل=અંતઃકરણ, મન, ઇરાદો, વિચાર, દરેક વસ્તુનું મધ્ય ) મન, ચિત્ત, કાળજું, હૃદય.

**દિલકશ,** વિ૦ (ફા૦ **दिल्कश** دلکش= ચિત્તાકર્ષક. **कशीदन**=ખેંચવું ઉપરથી ખેંચનાર. મનને ખેંચનાર ) મનને પસંદ પડે એવું, મનને ગમે એવું.

'અગર દિલકશ દુલારા દિલ, મને આરામ મળશે કે? ગુ૦ ગ૦

**દિલગીર,** વિ૦ (ફા૦ **दिल्गीर** دلگیر= ઉદાસ, શોકાતુર )નાખુશ, અપ્રસન્ન.

**દિલગીરી,** સ્ત્રી૦ (ફા૦ **दिल्गीरी** دلگیری =ઉદાસી ) નાખુશી.

**દિલચમન,** ન૦ (ફા૦ **दिल्चमन** دلچمن =મનરૂપી બગીચો. **चमन**=બગીચો ) મનનો બગીચો, આનંદ, ખુશી.

**દિલચસ્પી,** સ્ત્રી૦ (ફા૦ **दिल्चस्पी** دلچسپی=મન લાગે એવું **चस्पीदन** =ચોંટવું ઉપરથી) સારૂં લાગે એવું, ગમે એવું થવું તે. 'કંઈ વિશેષતામાંજ મારી દિલચસ્પી છે.' બા૦ બા૦

**દિલદાર,** વિ૦ (ફા૦ **दिल्दार** دلدار=વહાલો પ્રિય) જીવસમાન વહાલું તે.

**દિલદારી,** સ્ત્રી૦ (ફા૦ **दिल्दारी** دلداری= જીવજાનપણું ) પ્રાણ પ્રિયતા.

**દિલપસંદ,** વિ૦ (ફા૦ **दिल्पसंद** دلپسند= મનને પસંદ આવે એવું ) મનને ગમે એવું.

**દિલપીજીર,** વિ૦ (ફા૦ **दिल्पिज़ीर** دلپذیر=મનને પસંદ પડે એવું. **पिज़ीरफतन**=કબુલ કરવું ઉપરથી ) મન કબુલ કરે એવું.

**દિલફરેબ,** સ્ત્રી૦ (ફા૦ **दिल्फरेब** دلفریب =દિલને ઠગે એવું ) મનને છેતરી લે એવું. મન ઠગી લે એવું.

'આ ફૂલ વધારે દિલફરેબ છે.' બા૦બા૦

**દિલબર,** વિ૦ (ફા૦ **दिल्बर** دلبر=દિલ છીનવી લેનાર, દિલ લઇ જનાર. **बर्दन** =લઇ જવું ઉપરથી. બર=લઇજનાર ) પ્રિય, વહાલું.

**દિલબરી,** સ્ત્રી૦ (ફા૦ **दिल्बरी** دلبری= વહાલ ) મનને ગમવાપણું.

**દિલસોજ,** વિ૦ (ફા૦ **दिल्सोज** دلسوز= દાઝ જાણનાર. **सोख्तन**=બળવું ઉપરથી **सोज**=બળનાર ) આપણું નઠારૂં જોઇને મનમાં બળે તે, મિત્ર.

**દિલસોજી,** સ્ત્રી૦ (ફા૦ **दिल्सोजी** دلسوزی =અનુકંપા ) કોઈનું નઠારૂં જોઇને મનમાં નારાજીપણું થાય તે.

**દિલાવર,** વિ૦ (ફા૦ **दिलावर** دلاور=બહાદુર, શૂરવીર. **आवर्दन**=લાવવું ઉપરથી ) મોટા દિલનું, ઉદાર.

**દિલાવરી,** સ્ત્રી૦ (ફા૦ **दिलावरी** دلاوری= બહાદુરી ) ઉદારતા, મોટાઈ.

**દિલાસો,** પુ૦ (ફા૦ **दिलासह** دلاسہ **दिल्**= =મન+**आसूदन, आसाइदन**=સુખ પામવું ઉપરથી **आसा** ) આશ્વાસન, ધીરજ આપવી તે.

**દિલોજાન,** વિ૦ (ફા૦ **दिल्+व+जान** સંધિ થઇને **दिलोजान** دل وجان **दिल**=અંતઃકરણ+**जान**=જીવ, **व**=અને, અંતઃકરણ અને પ્રાણ) અત્યંત વહાલું, જીવજાન, પ્રાણપ્રિય.

**દિલોજાની,** સ્ત્રી૦ (ફા૦ **दिलोजानी** دل وجانی ગુજરાતી પ્રયોગ.)પ્રાણપ્રિયતા, ખરેખરો પ્રેમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દિવાન,** જુઓ દીવાન.

**દિવાનખાનું,** જુઓ દીવાનખાનું.

**દિવાનગીરી,** જુઓ દીવાનગીરી.

**દિવાનાપણું,** જુઓ દીવાનાપણું.

**દિવાની,** જુઓ દીવાની.

**દિવાનું,** જુઓ દીવાનું.

**દિવાનેઆમ,** જુઓ દીવાનેઆમ.

**દિવાનેખાસ,** જુઓ દીવાને ખાસ.

**દિવાલ,** જુઓ દીવાલ.

**દિવાલગીરી,** જુઓ દીવાલગીરી.

**દીગર,** વિ૦ ( ફા૦ **दीगर, दिगर** دگر دیگر=બીજું ) અન્ય.

**દીદાર,** પુ૦ બ૦ વ૦ ( ફા૦ **दीदार** دیدار જોવું, દર્શન **दीदन**=દેખવું ઉપરથી **दीद+अर=दीदार**=જોવું, મોં, ચહેરો. એવીજ રીતે ખરીદાર શબ્દ થયો છે ) સ્વરૂપ, કાંતિ. 'ત્યાં સુધી તે મને માણ-તુરનાં દીદાર સર્વદા વિદૂર છે.' આ૦નિ૦

**દીન,** ન૦ ( અ૦ **दीन** دین=ધર્મ, પંથ ) મુસલમાની ધર્મ. 'ગયાજી સુધી પણ નવી બિરાદરીનો પ્રકાશ વિસ્તારવાનો છે, બધું એક થઇ જવાનું છે. દીનનો દિન ઉદય થવાનો છે." ગુ૦ સિં૦

**દીનદાર,** વિ૦ ( અ૦ **दीन+दार** ફા૦ પ્ર૦ **दीन्दार** دیندار=દીનવાળો, ધાર્મિક ) ધર્મના ફરમાન મુજબ ચાલનાર.

**દીનદારી,** સ્ત્રી૦ ( અ૦ **दीन+दारी** ફા૦ પ્ર૦ **दीन्दारी** دینداری=ધાર્મિકપણું ) ધર્મ પ્રમાણે ચાલવું.

**દીનાર,** પુ૦ ( ફા૦ **दिन्नार, दीनार** دینار دنار=રા રૂપીઆની કીમતનો એક સિક્કો ) 'તુટી ગએલા પ્રત્યેક સધર્મિક આશ્રય માગવા આવ્યેથી એક હજાર દીનાર આપવાની આભડ શેઠને ભલામણ કરી.' રા. મા.

**દીનેબરહક,** વિ૦ ( **बर** ફા૦ ઉપર **दीन** અને **हक्क** અરબી. બર=ઉપર. **हक्क**=સત્ય. **दीनिबर्हक्क** دین برحق=સત્ય ઉપર રહેલો ધર્મ. સાચો ધર્મ ) ખરો ધર્મ.

**દીબાચો,** પુ૦ ( ફા૦ **दीबाचह** دیباچه **दीबा** નામે રેશમી લુગડું છે ને શણગાર માટે વપરાય છે.+**चह** લઘુતા વાચક પ્રત્યય. જેમ દીબા લુગડાથી પહેરનાર માણસની શોભામાં વધારો થાય છે, તેમ પ્રસ્તાવનાથી પુસ્તકની શોભામાં વધારો થાય છે માટે દીબાચો. (૨) **दीबाजह** دیباجه ( અરબી )=ચહેરો, પ્રસ્તાવના એ પુસ્તકનો ચહેરો છે માટે દીબાજા ને તે પરથી ફારસીમાં દીબાચા ) પુસ્તકમાંની વસ્તુ વગેરેનો પ્રસ્તાવ ને ઉપોદ્ઘાત.

**દીવાન,** પુ૦ ( અરબીમાં **दीवान** ને ફાર-સીમાં **देवान** دیوان=લોકો એકઠા થાય તે જગા. અમીરો અને ગૃહસ્થોને બેસવાની જગા. કચેરી, ઇન્સાફની કોર્ટ, હિસાબનો ચોપડો, કચેરીનો હાકેમ, ગજલોની કિતાબ. કેટલાક કહે છે કે એ શબ્દ અજમી [ અરબી નહિ તે. ] છે. નવશેર-વાન બાદશાહે એક દિવસ હિસાબી ખાતાના નોકરોને હુકમ કર્યો, કે બધા એકઠા થઇને ફલાણો હિસાબ ત્રણ દિવસમાં કરી આપો. એક દિવસ બાદશાહે આવીને જોયું તો બધાને ઉતાવળથી હિસાબ કરતા ને લખતા જોયા. બાદશાહ એમની ઉતા-વળથી આશ્ચર્ય પામ્યો ને બોલ્યો કે એ દેવાન ( દેવનું બહુવચન ) છે તે ઉપરથી હિસાબી ખાતાના નોકરોને તે દિવસથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવાન કહેવા લાગ્યા. અરબી ભાષામાં એ ને બદલે ઈ થઈ દીવાન શબ્દ થયો. આર્ય લોકોમાં દેવ શબ્દ સુર માટે ને રાક્ષસ અસુર માટે વપરાય છે. પારસીઓમાં દેવ અસુર માટે, ને અહુર સુર માટે વપરાય છે જેમકે અહુરમજદ ) વજીર, વડો કારભારી, ઓરડો, ખંડ, પ્રકરણ, બાબત.

**દીવાનખાનું**, ન૦ ( ફા૦ **दीवान्खानह** دیوانخانه=અમીરો ને કારકુનોને બેસવાની જગા ) મુલાકાત માટેનો ઓરડો.

**દીવાનગીરી**, સ્ત્રી૦ ( ફા૦ **दीवान्गीरी** دیوانگیری=દીવાનપણું ) પ્રધાનવટું, વજીરાત.

**દીવાનપણું**, ન૦ ( ફા૦ **दीवानह** دیوانه= ગાંડો એને ગુજરાતી પણું પ્રત્યય લાગ્યો છે ) ગાંડપણ, ઘેલછા.

**દીવાની**, વિ૦ ( ફા૦ **दीवानी** دیوانی= હિસાબી કોર્ટ ) દેણાલેણાની ફર્યાદ ચાલે તે કોર્ટ.

**દીવાનું**, વિ૦ ( ફા૦ **दीवानह** دیوانه= ગાંડો ) ગાંડું માણસ.

**દીવાનેઆમ**, ન૦ ( અ૦ **दीवानिआम** دیوان عام=સામાન્ય લોકોને મળવાનું ઠેકાણું ) સાધારણ-બધા લોકો માટેનું દીવાનખાનું.

**દીવાનેખાસ**, ન૦ ( અ૦ **दीवानिखास** دیوان خاص=ખાસ માણસોને મળવાનું ઠેકાણું ) મોટા માણસો માટેનું મળવાનું ઠેકાણું.

**દીવાનો**, વિ૦ ( ફા૦ **दीवानह** دیوانه= ગાંડો ) ઘેલો.

**દીવાલ**, સ્ત્રી૦ ( ફા૦ **दीवार** دیوار=ભીંત ) દીવાલ, ભીંત.

**દીવાલગીરી**, સ્ત્રી૦ ( ફા૦ **दीवार्गीरी** دیوارگیری=ભીંતમાં ભરાવવાનું ફાનસ ) ભીંતે ટંગાય એવી દીવી.

**દીલ**, ન૦ ( ફા૦ **दिल** دل=અંતઃકરણ ) હૃદય, મન.

**દુઆ**, સ્ત્રી૦ ( અ૦ **दुआ** دعا=આશીર્વાદ. **दअव**=માગવું, બોલાવવું ઉપરથી) આશિષ.

**દુઆગીર**, વિ૦ ( અ૦ **दुआ+गीर** ફા૦ પ્ર૦ **दुआगीर** دعاگیر આશીર્વાદ લેનાર ) જેને દુઆ દે તે.

'હમેશાના દુઆગીરના અહીં જાહેર પુકારો છે ! ગુ. ગ.

**દુઆગો**, વિ૦ ( અ૦ **दुआ+गो** ફા૦ **दुआगो** دعاگو=દુઆ દેનાર. **गुफ्तन**=બોલવું ઉપરથી **गो**=બોલનાર ) આશીર્વાદ દેનાર.

**દુકાન**, સ્ત્રી૦ ( અ૦ **दुक्कान** دکان સાધારણ રીતે **दुकान** શબ્દ વપરાય છે ) વેપારીને તેનો માલ રાખવાની તથા વેચવાની જગા.

**દુકાનદાર**, પુ૦ ( **दार** ફારસી પ્રત્યય છે دکاندار=દુકાન કરનાર) દુકાન ચલાવનાર.

**દુકાનદારી**, સ્ત્રી૦ ( ફા૦ **दारी** પ્રત્યય છે دکانداری=દુકાનદારપણું ) દુકાન રાખી માલ વેચવાનો ધંધો કરવો તે.

**દુનિયા**, સ્ત્રી૦ ( અ૦ **दुन्या** دنیا=**दुनु** ઉપરથી, એટલે ઘણી જ સમીપમાં રહેનાર સ્ત્રી. પરલોક કરતાં દુન્યા સમીપ છે માટે દુન્યા કહેવાય છે. કેટલાક કહે છે કે **दनायत** શબ્દ ઉપરથી **अद्ना** ને તેનું સ્ત્રીલિંગ **दुन्या** અર્થાત્ નાલાયક ને ખરાબ સ્ત્રી ) જગત, વિશ્વ, સૃષ્ટિ.

**દુનિયાદાર**, વિ૦ ( **दार** ફારસી પ્રત્યય છે دنیادار=દુન્યાવાળો ) જગતને ચાહનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દુનિયાદારી,** સ્ત્રી૦ ( **दारी** ફારસી પ્રત્યય છે دنیاداری=લોકવ્યવહાર, દુન્યાદારપણું ) એક બીજા સાથે વર્તવાનો સામાન્ય વ્યવહાર.

**દુબારા,** વિ૦ ( ફા૦ **दुबारह** دوباره= બીજી વખત ) ફરી કરવું તે.

'તેના દુબારા બ્યાનની જરૂર નથી' બા. બા.

**દુમ,** સ્ત્રી૦ ( ફા૦ **दुम** دم=પૂછડી ) પૂછડી.
' દુમ દબાવીને ભાગી ગયો હોય.' બા. બા.

**દુમચી,** સ્ત્રી૦ ( ફા૦ **दुम्ची**=પૂછડી સાથે સંબંધ રાખનાર ચામડાનો સાજ ) ઘોડાની પીઠ ઉપર સાજ સજ્જડ રહે તે માટે ખેંચી બાંધવાનો પટો.

**દુયમ,** વિ૦ ( ફા૦ **दुयुम, दूयम** دویم دوم= બીજો. દો=બેઉ પરથી ) દ્વિતીય, બીજો.
'એક વર્ષ ખેડુતની સાવચેતીથી પાક સારો થયો તો દોયમની જમીન બીજે વર્ષ અવલમાં ઘાલી દે.' અં. ન. ગ.

**દુરબીન,** ન૦ ( સ્ત્રી૦ ) ( ફા૦ **दूर्बीन** دوربین=છેટેનું દેખનાર, દૂરનું જોનાર, ભવિષ્યનો વિચાર કરનાર. **दूर**=છેટે **दीदन**=જોવું ઉપરથી **बीन**=જોનાર ) દૂરની વસ્તુ પાસે દેખાય એવી રચનાવાળું કાચનું યંત્ર.

**દુરબીની,** સ્ત્રી૦ ( **दूर्बीनी** دوربینی= દૂરનું દેખવાપણું, છેટેનો વિચાર કરવો ) ભવિષ્યનો વિચાર કરવો.

**દુરસ્ત,** વિ૦ ( ફા૦ **दुरुस्त** درست=ખરૂં ) વાજબી, ઠીકઠીક.

**દુરસ્તી,** સ્ત્રી૦ ( ફા૦ **दुरुस्ती** درستی= સમાર ) ઠીકઠાક કરવું, સુધારવું.

**દુરંગી,** સ્ત્રી૦ ( ફા૦ **दुरंगी** دورنگی=બે રંગની ) ઘડીમાં કાંઇ ને ઘડીમાં કાંઇ થઇ જાય તે. બહુરૂપી.

'દુરંગી લોક વેપારી, તજ્યાં કાયમ વતનદારી.' દી. સા.

**દુરંદેશ,** વિ૦ ( ફા૦ **दूरंदेश** دوراندیش =દૂરનો વિચાર કરનાર. **दूर**=છેટે. **अंदेशीदन**=વિચાર કરવો ઉપરથી **अंदेश** =વિચાર કરનાર ) દીર્ઘદૃષ્ટિ, લાંબે સુધી દૃષ્ટિ પોહોંચાડનાર.

**દુરંદેશી,** સ્ત્રી૦ ( ફા૦ **दूरंदेशी** دوراندیشی=દૂરનો વિચાર કરવાપણું ) ભવિષ્યનો વિચાર કરવાપણું.

'પાણી પહેલાં પાળ બાંધવાનો વિચાર ન કરવો એ દુરંદેશી પુરૂષનાં લક્ષણ નથી.' અં. ન. ગ.

**દુરંદેશો,** પુ૦ ( ફા૦ **दूर + अंदेशी** دوراندیشی=પરિણામનો વિચાર કરવો તે ) આગમચેતી.

**દુવા,** સ્ત્રી૦ ( અ૦ **दुआ** دعا=આશીર્વાદ ) આશિષ.

'તેમના અંતઃકરણની દુવા પ્રાપ્ત કરી' નં. ચ.

**દુવાગીર,** દુઆગીર શબ્દ જુઓ.

**દુવાત,** જુઓ દવાત.

**દુશવાર,** વિ૦ ( ફા૦ **दुश्वार** دشوار=અઘરૂં કામ ) અશક્ય કામ, ઘણું કઠણ કામ.
'તેની મદદ અત્યારે મળવી દુશ્વાર છે.' બા. બા.

**દુશાલો,** પુ૦ ( ફા૦ **दुशालह** دوشاله=બે ફરદની શાલ તે ) ઉંચી જાતની બેવડી શાલ. 'લાલ કે પીળો જામો પહેરે છે, અને દુશાલો અથવા ખેસ રાખે છે.' રા. મા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દુશ્મન**, ન૦ ( ફા૦ **दुश्मन** دشمن=શત્રુ ) વેરી, અદાવતીઓ.

**દુશ્મનાઇ**, સ્ત્રી૦ ( ફા૦ **दुश्मन** ઉપરથી ગુજરાતી પ્રયોગ ) શત્રુતા, વેર, અદાવત.

**દુશ્મનાવટ**, સ્ત્રી૦ ( ફા૦ **दुश्मन** ઉપરથી ગુજરાતી પ્રયોગ) દુશ્મનાઇ, વેર, અદાવત.

**દૂયમ**, જુઓ દુયમ.

**દેગ**, સ્ત્રી૦ (ફા૦ **देग** دیگ=રાંધવાનું મોટું વાસણ ) તાંબાનું મોટું વાસણ, પાણી ભરવાનું ને રાંધવાનું. ' જેની તેગ તેની દેગ ' ગુ. ક.

**દેગડી**, સ્ત્રી૦ ( ફા૦ **देग** دیگ ઉપરથી લઘુતાવાચક પ્રત્યય **ડી** લાગી થએલો શબ્દ ) નાનો ઉનામણો.

**દેગડું**, ન૦ ( ફા૦ **देग** دیگ ઉપરથી ) નાની દેગ, દેગડો.

**દેગડો**, પુ૦ ( ફા૦ **देग** دیگ ઉપરથી ) હાંડો, દેગડો.

**દેજ**, ન૦ જુઓ દાયજો.

**દેણ**, ન૦ ( અ૦ **दयन** دین=કરજ,) દેવું, ઋણ, દેવાનું, કરજ.

**દેણદાર**, વિ૦ ( અ૦ **दयन्+दार** ફા૦ પ્ર૦ **दयनदार** دین دار=જેણે કરજ આપવાનું હોય તે ) દેવાદાર.

**દેણિયાત**, પુ૦ ( **दयन** ઉપરથી ) જેને બીજાનાં નાણાં આપવાનાં હોય તે.

**દેણું**, ન૦ ( અ૦ **दयन** ઉપરથી ) દેણ, કરજ, દેવું.

**દેદાર**, જુઓ દીદાર.

**દેર**, સ્ત્રી૦ ( ફા૦ **देर** دیر=વાર, ઢીલ ) વિલંબ, ખોટી.

**દેલી**, સ્ત્રી૦ ( ફા૦ **दह्लीज** دهلیز=ડેલી) રાજમહેલ.

**દેલું**, ન૦ ( ફા૦ **दह्लीज** ઉપરથી ) ડહેલું, ઘોડાગાડી રાખવાનું મકાન.

**દેલો**, પુ૦ ( ફા૦ **दह्लीज** ઉપરથી ) ડહેલું.

**દેવાદાર**, પુ૦ ( અ૦ **दयन्**=દેવું+**दार** ફા૦ પ્રત્યય મળીને **दयनदार** અથવા દેવું એને **दार** પ્રત્યય લાગી દેવાદાર) દેણદાર.

**દેહેશત**, સ્ત્રી૦ ( અ૦ **दह्शत** دهشت = બીક, ધાસ્તી ) ડર, ભય.

**દો**, વિ૦ ( ફા૦ **दो** دو=બે ) બેની સંખ્યા.

**દોઆબ**, પુ૦ ( ફા૦ **दोआबह** دوآبه =બે નદીઓની વચ્ચેનો પ્રદેશ ) બે નદીઓના પાણીનો જેને લાભ મળતો હોય તે દેશ.

**દોકાન**, સ્ત્રી૦ જુઓ દુકાન.

**દોખસું**, ન૦ જુઓ દખસું.

**દોજખ**, ન૦ ( ફા૦ **दोजख** دوزخ=નરક ) જહંનમ, પાપી જીવને રાખવાનું એક દુઃખદાયક સ્થાન.

તેઓ આખર તો દોજખમાંજ જવાના હતા. ' ક. ઘે.

**દોતા**, ન૦ ( ફા૦ **दोता** دوتا=બેવડું લુગડું. એક પ્રકારનો પહેરવેશ ) વરને પહેરવાનો એક પ્રકારનો પોશાક.

' કભાય દોતા જામા ઝીણા, નીમાંકુર રાતી સાર, પાઘડી, પછેડી ને પટકા, પામરી શ્રીકાર. સુ૦ હ૦

**દોતીઓ**, પુ૦ ( ફા૦ **दवात** دوات=ખડીઓ ) ખડીઓ કલમ લઇ કચેરી આગળ બેસીને અરજીઓ લખી આપવાનું કામ કરનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'કાઠીઆવાડમાં દોતીઆ જેમ લાંબાં ભૂંગળાં સાથેનો દવાત કમરમાં બાંધી ઘુમે છે, તેમ તેણે પણ પુરો વેશ ભજ્યો.' અં. ન. ગ.

**દોપિસ્તાં**, ન૦ ( ફા૦ **अदबिस्तान** ادبستان =અદબ શીખવાની જગા=નિશાળ, તે ઉપરથી **दबिस्तान**=કોપી કાઢવી તે ) જાડું અક્ષર ઘુંટવાનું પુઠું. 'વાણીઆના છોકરા પોતાના અક્ષર ઠેરવવાને વાસ્તે દોપીસ્તાં લખવા બેઠા હતા.' ક. ઘે૦

**દોમંજિલા**, વિ૦ ( ફા૦ **दोमंजिलह** دومنزله=બે માળનું ) બે માળનું મકાન. 'મકાનની હાર પુરી થવાથી તે દોમંજિલા મકાન ઉપરથી કૂદ્યો.' નં. ચ.

**દોર**, પુ૦ ( ફા૦ **दव्र** دور=ચારે તરફ ફરવું ) પ્રદક્ષિણા કરવી.

'જે છે વફા તેને જફા, એ તો ખુદાઈ દોર છે.' કલાપી.

**દોરંગુ**, વિ૦ ( ફા૦ **दुरंगी** دورنگی =બે રંગની વસ્તુ ) બહુરંગી, મનસ્વી.

**દોલત**, સ્ત્રી૦ ( અ૦ **दव्लत** دولت =એકના હાથમાંથી બીજાના હાથમાં જનારી વસ્તુ. રાજસત્તા વગેરે. **दवल**=બદલાતું, એકના હાથમાંથી બીજાના હાથમાં જતું ઉપરથી ) પૈસો, પુંજી, દ્રવ્ય.

**દોલતજાદા**, પુ૦ ( અ૦ **दव्लत्+जादह**=જન્મેલો ફારસી دولتزاده =ગૃહસ્થ, દોલતવાળો ) ધનવાન, ધનવાનનો પુત્ર.

**દોલતજાદા**, સ્ત્રી૦ ( અ૦ **दव्लत् जियादह** دولتزیاده =દોલત ઘણી થાઓ એવો આશીર્વાદ ) પ્રભુ તમારી દોલતમાં વધારો કરે એવી દુઆ.

**દોલતમંદ**, વિ૦ ( અ૦ **दव्लत्+मंद** ફારસી પ્રત્યય=دولتمند=દોલતવાળો ) ધનવાન, પૈસાદાર.

**દોલાબ**, પુ૦ ( ફા૦ **दोलाब** دولاب =કૂવામાંથી પાણી કાઢવાની લાકડાની ચરખી.) ભીંતમાંનું કબાટ, ભંડારિઉં.

**દોશીવાણીઓ**, પુ૦ ( ફા૦ **दोश** دوش= ખભો, ખભા ઉપર પોતાનો માલ લઇ વેચવા ફરનાર વાણીઓ) કાપડનો વેપારી.

**દોસ્ત**, વિ૦ ( ફા૦ દોસ્ત دوست=મિત્ર. **दोसीदन**=ચોંટવું, મળવું ઉપરથી આજ્ઞાર્થરૂપ, મિત્રો એક બીજાને ચોંટેલા ને વળગેલા રહે છે માટે ) મિત્ર, ભાઇબંધ.

**દોસ્તદાર**, પુ૦ ( ફા૦ **दोस्त्+दार**= دوستدار=મિત્ર. દોસ્તદારને બદલે **दास्त** શબ્દ ચાલે ) મિત્ર, ભાઇબંધ.

**દોસ્તદારી**, સ્ત્રી૦ ( ફા૦ **दास्त्दारी** دوستداری=મૈત્રી, **दास्ती** શબ્દ પણ ચાલે ) મિત્રતા.

**દોસ્તી**, સ્ત્રી૦ ( ફા૦ **दास्ती** دوستی=ભાઇબંધી ) મિત્રતા.

**દોત**, પુ૦ ( ફા૦ **दवात** دوات=ખડીઓ ) શાહીનો ખડીઓ.

### ધ. ધં.

**ધંધાદાર**, વિ૦ ( ફા૦ **दादन** دادن=આપવું ઉપરથી **दहिन्दह**=આપનાર તે ઉપરથી **धंधो+दार** પ્રત્યય=ધંધાવાળો ) ધંધો કરનાર.

**ધંધાદારી**, સ્ત્રી૦ ( ઉપલા શબ્દને ઈ પ્રત્યય લાગવાથી=ધંધો કરવાપણું ) ધંધાવૃત્તિ.

**ધંધાદારી**, ધંધાદારી. શબ્દ જુઓ.

**ધંધાર્થી**, વિ૦ ( ધંધો+અર્થી=ધંધો એજ જેનો અર્થ હોય તે ) ધંધાર્થી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધંધો**, પુ૦ ( ફા૦ **दादन** دادن=આપવું ઉપરથી **दहिन्दह**=આપનાર ઉપરથી ધંધો=આપનાર ) જેમાંથી મળતર થાય એવું કામકાજ.

**ધાસ્તી**, સ્ત્રી૦ ( અ૦ **दहशत** دہشت ઉપરથી, બીક, ધાસ્તી ) ડર.

**ધેઢફજેતી**, સ્ત્રી૦ (અ૦ **फजीहत** فضیحت ઉપરથી ગુજરાતી ફજેતી ) ઢેડાની પેઠે લડીને ફજેત થવું તે.

## ન. ન.

**નકતો**, પુ૦ ( અ૦ **नुक्तह** نکتہ=સમશ્યા, ગુપ્ત ને નિર્મળ વચન ) હસવું આવે ને નવાઇ લાગે એવી વાત.

**નકરૂં**, વિ૦ ( અ૦ **नकिरह** نکرہ =આમ, જેની ઓળખાણ થઇ ન શકે તે. સામાન્ય ) જેની ઉપર કરનો ધારો ન આપવાનો હોય એવું, નકરી જમીન.

**નકલ**, સ્ત્રી૦ ( અ૦ **नक्ल** نقل=સ્થળાંતર કરવું, લખવું ) અનુકરણ.

**નકલખોર**, વિ૦ ( અ૦ **नक्ल**+**खोर** ફા૦ પ્ર૦ نقل‌خور ગુજરાતી પ્રયોગ ) નકલ કરનારો.

**નકલી**, વિ૦ ( અ૦ **नक्ली** نقلی=અસલ નહિ તે ) નકલરૂપ, બનાવટી.

**નકશી**, સ્ત્રી૦ ( અ૦ **नक्शी** نقشی=**नकश** =ચીતર્યું ઉપરથી, કોતરણી, ભાત, ભાત પાડેલી હોય તે ) ઝીણી કોતરણીનું ખાદકામ.

**નકશીગર**, પુ૦ ( અ૦ **नक्श**+गर ફા૦ પ્ર૦ **नक्शगर** نقشگر ઉપરથી=નકશી કોતરનારો ) સલાટ, સોની વગેરે.

**નકસીદાર**, વિ૦ ( અ૦ **नक्श**+**दार** ફા૦ પ્ર૦ **नक्शदार** نقشدار=ગુ૦ પ્ર૦ ) નકશીવાળું.



**નકસો**, પુ૦ ( અ૦ **नक्शह** نقشہ=છબી, તસવીર, ચિતરેલો દેખાવ. **नकश**=ચીતર્યું ઉપરથી ) ચીતરેલો દેખાવ.

**નકાશો** પુ૦ નકશો શબ્દ જુઓ.

**નકાસ**, પુ૦ ( અ૦ **नख्खास** نخاس= ગુલામ કે જાનવર વેચવાનો ધંધો કરનાર. જે ઠેકાણે ગુલામ કે જાનવર વેચાતાં હોય તે બજાર ) ઢોરને કાપી વેચવાનો બજાર, કસાઇવાડો.

**નકીબ**, પુ૦ ( અ૦ **नकीब** نقیب=સરદાર, ચોબદાર, વંશાવળી જાણનાર ) રાજા આચાર્ય અને અમલદાર વર્ગનો ઓહ્દો પોકારનારો ચોપદાર. 'તેજ પ્રમાણે એવા પ્રકારનું મરણ દરબારીઓ અને નકીબ ઉપર ઠરાવવામાં આવે છે,' રા૦મા૦

**નક્કી**, વિ૦ ( અ૦ **नक्की** نقی=સ્વચ્છ, ચોકખું ) ખાતરી કરેલી હોય એવું.

**નખતેલ**, ન૦ ( અ૦ **नफित**, **निफ्त** نفط =જમીનમાંથી નીકળનાર એક પ્રકારનું તેલ. ફોડવાનો દારૂ ) એક જાતનું તેલ.

**નખરાં**, ન૦ બ૦ વ૦ (ફા૦ **नख़ह** نخرہ= ચાળાં, હાવભાવ ) હાસ્ય ઉત્પન્ન કરે ને મોહ ઉપજાવે એવા ચેનચાળા તે.

'ઘૃત ગળે જયમ વહ્નિ સમીપમાં, નવ ટકે ફૂલ વારિપ્રવાહમાં, ત્યમ પ્રીતિ ગુણ ને નખરાં અદા, સમીપ માનિની માન ન રે.' કદા. કાંતા.

**નખરાંબાજ**, વિ૦ ( ફા૦ **नख़्हबाज** نخرہباز=નખરાં કરનાર ) લટકાળી, હાવભાવ કરનાર ચતુરા.

**નખાલસ**, વિ૦ ( અ૦ **खालिस** خالص= ચોકખું, અમિશ્ર ) નિષ્કપટી, ખુલ્લા મનનું, ભોળું.

**નગદ**, વિ૦ ( અ૦ **नक्द** نقد=તૈયાર કરવું. આપવું, પરખવું, રોકડું, ઉધાર નહિ તે) રોકડ સિક્કારૂપે હોય એવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નગદી**, સ્ત્રી૦ ( અ૦ **नक्दी** نقدی=રોકડ ) નગદ નાણું તે.

**નગારખાનું**, ન૦ ( અ૦ **नकार** કે **नक्कार्**= નગારૂં+**खानह** ફારસી પ્રત્યય نقارخانه= જ્યાં નગારાં વાગતાં હોય તે જગા ) નગારાં વગાડનારની બેસવાની જગા.

**નગારચી**, પુ૦ ( **ची** તુર્કી પ્રત્યય છે. **नकार्ची** કે **नक्कार्ची** نقارچی=નગારાં વગાડનાર ) ઢોલી.

**નગારૂં**, ન૦ ( અ૦ **नकार** કે **नक्कारह** نقاره نقار=નગારૂં ) નગારૂં.

**નગીનગર**, વિ૦ (ફા૦ **नगीन्गर** نگین گر= નગીના બનાવનાર ) નગીના બનાવવાનો ધંધો કરનાર.

**નગીનો**, પુ૦ ( ફા૦ **नग**, **नगीं** કે **नगीन** نگ نگین=ચુની, નંગ) જડાવ દાગીનો, રત્ન, હીરો, મણિ.

**નજદીક**, અ૦ ( ફા૦ **नज़्दीक** نزدیک= પાસે ) પડોશમાં, કને.

**નજર**, સ્ત્રી૦ ( અ૦ **नजर** نظر=દષ્ટિ ) જોવું તે. ધ્યાન, લક્ષ.

**નજર**, સ્ત્રી૦ ( અ૦ **नज्र** نزر=ભેટ ) બાદશાહ વગેરેની આગળ કાંઇક નજરાણું મૂકવું તે. ' તે અમારા વાંચનારાઓને નજર કરીએ છીએ.' રા૦ મા૦ ભા૦ ૧

**નજરકેદ**, સ્ત્રી૦ (અ૦ **नजर्कैयद** نظرقید= નજર આગળથી ખસી શકે નહિ એવો કેદી. ફારસીમાં **नजर्बंद** نظربند શબ્દ છે. નજરકેદ ગુજરાતી પ્રયોગ છે ) આંખની આગળથી બહાર ન જાય તેમ રોકી રાખવું તે.

**નજરચુક**, સ્ત્રી૦ ( અ૦ **नजर+चूक** ગુજરાતી=દષ્ટિદોષ ) નજરની ભૂલ થાય તે.

**નજરચોર**, પું૦ (અ૦ **नजर+चोर** સંસ્કૃત= નજર ચોરનાર) સરત ચુકવી કાર્ય કરી લેનાર.

**નજરબંધી**, સ્ત્રી૦ ( અ૦ **नजर्+बंदी** ફા૦ પ્ર૦ **नजर्बंदी** نظربندی =જાદુ અથવા હાથચાલાકીથી જોનાર જોઇ શકે નહિ એમ નજર બાંધવી તે ) લોકની આંખને ભૂલાવામાં નાખવી તે.

**નજરબાગ**, પુ૦ ( અ૦ **नजर्+बाग** ફા૦ **नजर्बाग** نظرباغ=નજરની આગળનો બગીચો. ) આંગણાંમાંનો બગીચો.

**નજરબાજ**, વિ૦ ( અ૦ **नजर्+बाज** ફા૦ પ્ર૦ **नजर्बाज** نظرباز=નજર રાખનાર) આસપાસ નજર રાખનાર.

**નજરાણું**, ન૦ ( અ૦ **नज्र+आनह** ફારસી પ્રત્યય. **नज्रानह** نزرانه=કોઇ વાત આપણા ઉપર નક્કી કરી લેવી તે, કરાર કરવો, બાધા આખડી રાખવી, જપ, તપ, વ્રત, પુણ્યદાન કરવું, દેવોની આગળ પ્રસાદ ધરવો, મોટા માણસની આગળ કોઇ વસ્તુ ભેટ તરીકે મૂકવી ) મુલાકાત કરતાં ધરવાની ભેટ.

'કેટલાંક કીમતી જવાહિર હુમાયુંને નજરાણા તરીકે મોકલી આપ્યાં.' બા. બા.

**નજરાનજર**, જુઓ નજરોનજર.

**નજરિયું**, ન૦ (અ૦ **नजर** نظر=દષ્ટિ પરથી ) નજર ન લાગે તે માટે બાળકને ગળે પહેરવાનું હાલરૂં. ' આંજી આંખડીરે, માએ ગાલે નજરિયું કીધું.' દયારામ.

**નજરોનજર**, અ૦ ( અ૦ **नजर** نظر ઉપરથી ) આંખે આંખ, નજર સામે.

**નજલો**. પુ૦ ( અ૦ **नुजूल** نزول=ઉતરવું. **नजल**=ઉતરી આવ્યો ઉપરથી, આંખનો એક રોગ છે ) મસ્તકમાંથી નીચે ઉતરતો રસવિકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નજાકત,** સ્ત્રી૦ ( અ૦ **नज़ाकत** نزاکت = સુકુમાર હોવાપણું, કોમળતા) નાજુકપણું.
'તું ઓરતની નજાકતને જાણે છે.' બા.બા૦

**નજીક,** અ૦ ( ફા૦ **नज़्दीक** نزدیک = પાસે ) દૂર નહિ તે.

**નજીસ,** વિ૦ ( અ૦ **नजिस** نجس = અપવિત્ર, નાપાક, મેલું, ગંદું) નીચ, હલકું, દુષ્ટ, ખરાબ, ગલીચ.

**નજુમ,** પુ૦ ( અ૦ **नुजूम** نجوم = જ્યોતિષ વિદ્યા. **नज्म**=તારાનું બહુવચન ) જોશ, ગ્રહ જોઇને ફળ કહેવું તે.
'તે પછી અમે ખાલ્ડીઅન નજુમીઓ કે જેમણે આસીરીયન ધર્મને પણ રૂપ આપ્યું છે.'......સુ૦ ગ૦

**નજુમી,** વિ૦ ( અ૦ **नुजूमी** نجومی = જોશી) જોશ જોનાર.

**નતીજો,** પુ૦ ( અ૦ **नतीजह** نتیجه = ગરજ, પરિણામ ) અંત, છેડો.
'ઇસાઇ નૂર પયગામે, નતીજે તું મોલાવી દે.' દી. સા.

**નદારત,** અ૦ ( ફા૦ **नदारद** ندارد = કાંઈ નથી **दाश्तन**=રાખવું ઉપરથી, દારદ. ન=નહિ ) પાસે નથી. કાંઇજ છે નહિ.

**નદાવા,** અ૦ ( અ૦ **दअ्वा** دعوا ન=નહિ, દાવો રહેલો નથી ) હવે પછી કોઇ રીતે હક કરીને મગાય નહિ.

**નફર,** પુ૦ ( અ૦ **नफर** نفر = ત્રણથી ૧૦ માણસ સુધીનું ટોળું. ફારસીમાં આ શબ્દ એક વચનમાં વપરાય છે. નોકર ) ચાકર, ગુલામ.
'કર્યું આપણ, ફેરવો આપણ, મુનિ જોતાં ખુઓ ભાર; ચાકર લાવો, નફર લાવો, જમતમ કરી કરો હાર.' શા૦ વિ૦

**નફરાન,** પુ૦ ( અ૦ **नफर** ઉપરથી ) ચાકર, ગુલામ.

**નફસ,** પુ૦ ( અ૦ **नफस** نفس = શ્વાસોચ્છવાસ) દમ.

**નફસ,** પુ૦ ( અ૦ **नफ्स** نفس = જીવ, આત્મા, હકીકત, અસ્તિત્વ ) મનની ઇચ્છા.
'હકીમની કે તબીબની તલબ નથી મને; નફસની પરવા નથી, ન ઇસ્કની મને.' કલાપી.

**નફેરી,** સ્ત્રી૦ (અ૦ **नफीर, नफीरी** نفیری نفیر = ફર્યાદ, બૂમરાણ, એક પ્રકારનું વાજું ) એક જાતનું વાદ્ય.

**નફો,** પુ૦ ( અ૦ **नफ्अ** نفع = નફો ) લાભ મળતર, ફાયદો.

**નફ્ફર,** પુ૦ ( અ૦ **नफर** શબ્દ જુઓ. ચાકર, નોકર.

**નબાબ,** જુઓ નવાબ.

**નબીરો,** પુ૦ ( ફા૦ **नबीरह** نبیره = પૌત્ર, પૌત્રી, દૌહિત્ર, દૌહિત્રી ) છોકરા ને છોકરીનાં સંતાન.
'સુરતના જાણીતા મોદી ખાનદાનના નબીરા ખા. બ. જહાંગીરશાહ ન્યાયાધીશ હતા.' નં૦ ચ૦

**નમક,** ન૦ (ફા૦ **नमक** نمک = મીઠું ) લુણ.
'આટલા દિવસ માલિકનું નમક ખાધું છે.' નં૦ ચ૦

**નમાજ,** સ્ત્રી૦ ( ફા૦ **नमाज़** نماز = એક દિવસમાં પાંચ વખત ખુદાની બંદગી કરવી તે ) મુસલમાની ધર્મ પ્રમાણે કરવામાં આવતી બંદગી. સૂર્યોદય પહેલાં એટલે ફજ્ર, બપોર પછી એટલે જુહ્ર, ત્રીજા પોહોર પછી એટલે અસ્ર, સૂર્યાસ્ત પછી એટલે મગ્રિબ, ને રાત્રે એટલે ઇશા. એમ પાંચ વખતની નમાજ છે ને તે દરેક મુસલમાન ઉપર દરેક સ્થિતિમાં ફરજ છે. ઉમર લાયક થાય એટલે તેણે પઢવીજ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નમાજી**, વિ० ( ફા० **नमाज़ी** نمازی= નમાજ પઢનાર ) બંદગી કરનાર. ઇશ્વરભક્ત.

**નમુનદાર**, વિ० (ફા० **नमूनहदार** نمونہدار =નમુનાવાળું ) નમુના રૂપ હોય તેવું.

**નમુનો**, પુ० ( ફા० **नमूनह** نمونہ=અધુરૂં, કોઇના જેવું, નકલ ) અનુકરણ કરવા જેવી આકૃતિ ને ગુણ.

**નરજળો**, જુઓ નજલો.

**નરદ**, સ્ત્રી० ( ફા० **नर्द** نرد=શેત્રંજનું મોહરૂં ) શેત્રંજ રમવામાં વપરાતાં મોહરાં.

**નરમ**, વિ० ( ફા० **नर्म** نرم=સુંવાળું ) મુલાયમ.

**નરમાઈ**, સ્ત્રી० ( ફા० **नर्म** نرم=ઉપરથી ) નમ્રતા. 'નરમાઇ નિર્મળ નીરથી' શામળ.

**નરમાદા**, ન० (ફા० **नर्मादह** نرمادہ= સ્ત્રીપુરૂષ ) એક જાતનાં બરડવાં.

**નરમાશ**, સ્ત્રી० ( ફા० **नर्म** نرم ઉપરથી ) નમ્રતા, સાલસાઈ.

**નરમો**, પુ० ( ફા० **नर्मह** نرمہ એક જાતનો કપાસનો છોડ, રૂ નરમ હોય છે માટે ) એક જાતનો કપાસ.

**નરી**, સ્ત્રી० ( ફા० **नरी** نری=બકરા કે ઘેટાનું ચામડું ) બકરાનું ચામડું.

**નવનેજા**, પુ० ( ફા० **नेजह** نیزہ=ભાલો. ઉપરથી=ઘણી મહેનત. નવનેજા પાણી ઉતારવું પડશે એટલે ઘણો શ્રમ વેઠવો પડશે ) ઘણી મુસ્કેલી પડવી તે. અતિશય કષ્ટ પડે તે.

**નવરંગ**, વિ० ( ફા० **नव्रंग** نورنگ =નવા રંગનું ) સુંદર, સુશોભિત.

**નવરંગી**, સ્ત્રી० ( ફા० **नव्रंगी** نورنگی= નવા રંગવાળી, સુશોભિત. 'નવરંગી ફૂલ ફૂલતાં, પંખી ગાતાં ગાન.' ગુ. વા. મા.

**નવરોજ**, પુ० ( ફા० **नव्रोज** نوروز=પારસી તહેવાર છે. તા. ૨૨ મી માર્ચ, ફરવરદીન મહીનાની ૧ લી તારીખ ) વસંત ઋતુમાં સરખા માનનાં રાત્રિદિવસવાળો દિવસ.

**નવસાર**, પુ० ( ફા० **नव्शादुर**, **नव्शादर** نوشادر=દેવતામાંથી મળનારી ઝેરી દવા, **नव्श**=ઝેરી દવા+**आदुर**=દેવતા) ધાતુઓ ગાળવાનો એક ખાર.

**નવસો**, પુ० ( ફા० **नव्शाह** نوشہ=નવો બાદશાહ–પરણવા જનાર વર–**नव**=નવો, **शाह**=બાદશાહ ) વરરાજા.

**નવાજવું**, સ० ક્રિ० ( ફા० **नवाख़्तन** نواختن =મહેરબાની કરવી–ઉપરથી ગુજરાતી ક્રિયાપદ. મહેરબાની કરવી ) વધાવવું, બખ્શિશ આપવી.

**નવાજસ**, સ્ત્રી० ( ફા० **नवाजिश** نوازش =મહેરબાની, કૃપા. **नवाख़्तन**=મહેરબાની કરવી ઉપરથી ) પ્રસન્નતા, ભેટ, સોગાત.

**નવાબ**, પુ० ( અ० **नव्वाब** نواب=કોઇની તરફથી કાયમ થનાર, ગવર્નર, વાઇસરોય, સૂબો, **नयब**=પાસે હોવું ઉપરથી ) નાના રાજ્યનો મુસલમાન હાકેમ.

**નવાબી**, સ્ત્રી० ( અ० **नव्वाबी** نوابی= નવાબના ઓહદાનું કામકાજ ) નવાબનો દરજ્જો.

**નવારસ**, વિ० ( અ० **लावारिस** لاوارث= વારસ વિનાનો ) વારસ વગરનું.

**નવારસું**, વિ० ( અ० **लावारिस** لاوارث =વારસ વિનાનો) કોઇ વારસ કે ધણી ન હોય તેવું.

**નવાલો**, પુ० (અ० **नवालह** نوالہ=કોળીઓ) ગ્રાસ, કવલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નવીસંદો,** પુ૦(ફા૦ **निविसंदह** نویسنده =લખનાર. **निविश्तन**=લખવું ઉપરથી) નવી નવી કલ્પનાથી લખનાર, લેખક.

**નવેસરથી,** અ૦ ( ફા૦ **अज़सरिनव** ازسرنو=નવા મથાળાથી **अज़**=થી, **सर** =માથું **नव**=નવું=ફરીથી ) નવે નામે.

**નશા,** પુ૦ ( ફા૦ **नश्शा, नश्अह** نشه= બેહોશી ) દારૂ વગેરે પીવાથી થતી બેહોશી. 'અહીં સઘળા ખતમ થાતા નશા બેચેનીમાં નાખી.' કલાપી.

**નશીબ,** જુઓ નસીબ.

**નશો,** પુ૦ ( ફા૦ **नश्शा, नश्अह** نشه= બહોશી) દારૂ વગેરે પીવાથી થતી બેહોશી, કેફ, નીશો.

'ખરો નશો તો વિવેકનો અભ્યાસ કરતે કરતે વિરાગનું વૈતૃષ્ણ્ય પ્રાપ્ત કરી સ્વરૂપાનુસંધાન પામવામાંથીજ આવે છે.' સુ. ગ.

**નસલ,** ( અ૦ **नस्ल** نسل=ઓલાદ, કુટુંબ ) જડ, મૂળ. 'તેની હું જડમૂળથી નસલ કાઢું છું.' ક૦ ઘે૦.

**નસિયત,** સ્ત્રી૦ ( અ૦ **नसीहत** نصیحت =શિખામણ. **नसह** ઉપરથી ) શિક્ષા, સજા, શિખામણ.

'ઇંદુમતીએ આપેલા નસીહત નામઠામ વગર તે લખવાને ચુકી ન હતી.' અં. ન. ગ.

**નસીબ,** ન૦ ( અ૦ **नसीब** نصیب=કિસ્મત ભાગ્ય **नसब** ઉપરથી ) ભાગ્ય, કર્મ, કિસ્મત.

**નસીબદાર,** વિ૦ ( અ૦ **नसीब्+दार** ફારસી પ્રત્યય **नसीब्दार** نصیبدار= નસીબવાળો ) ભાગ્યશાળી, પૈસાદાર.

**નસીબો,** પુ૦ જુઓ નસીબ.

**નસો,** જુઓ નશા.

**નસ્તર,** ન૦ ( ફા૦ **निश्तर** نشتر **नीश**= ધાર, ડંક+તર મળી નીશ્તર કે નેશ્તર તે ઉપરથી હુંકરૂપ નિશ્તર. ફસ્દ ખોલવાનું ઓજાર ) દુઃખદરદ ઉપર વાઢકાપ કરવાનું તીણું હથિઆર.

'નાજુક નસ્તરથી કાર્ય કરવાનું હતું.' નં. ચ.

**નહાર,** પુ૦ ( અ૦ **नहार** نهار=દિવસ ) દિવસ.

**નહેર,** સ્ત્રી૦ ( અ૦ **नह्र** نهر=નદી, નાળામાંથી પાણી વાળીને જે બનાવે છે તે ) નહેર.

**ના,** અ૦ (ફા૦ **ना** نا=ઉપસર્ગ છે. સાધિત નામના શબ્દો અને વિશેષણને લાગે છે. જેમકે નાપાક, નાવારસ વગેરે; કોઇ વખતે એથી ઉલટું પણ થાય છે. જેમકે નાસુરાદ, નાઇન્સાફ, નાઉમેદ, નાતવાન વગેરે.

**નાઇતિફાકી,** સ્ત્રી૦ ( ફા૦ **ना+इत्तिफाकी** અરબી نااتفاقی=અણબનાવ, કુસંપ ) મતભેદ.

'આપણી વચ્ચે નાઇતિફાકી પેદા થશે.' બા. બા.

**નાઇબ,** જુઓ નાયબ.

**નાઇલાજ,** વિ૦ ( અ૦ **इलाज+ना** ફા૦ પ્ર૦ **नाइलाज** ناعلاج=ઇલાજ ન હોય એવો ) નિરૂપાય.

**નાઉમેદ,** વિ૦ ( ફા૦ **नाउमेद** ناامید= આશા વિનાનો ) નિરાશ.

**નાઉમેદી,** સ્ત્રી૦ ( ફા૦ **नाउमेदी** ناامیدی =નાસીપાસી, નિરાશા ) નિરાશાપણું.

**નાકબુલ,** વિ૦ (**ना** ફા૦ અ૦ **कबूल** અરબી **नाकबूल** ناقبول=કબુલ ન થાય તે ) ના મંજુર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નાકેસ.** વિ० ( અ० **नाकिस** ناقص=નુકસાનવાળું, અપૂર્ણ, અધુરૂં ) અપૂર્ણ. 'મારા નાકેશ વિચાર પ્રમાણે ખોટા ભપકાની કેળવણીથી દૂર રહેવું.' સુ. ગ.

**નાકૌવત,** વિ० ( **ना** ફા० **कुव्वत** અ० **नाकुव्वत** ناقوت=કૌવત વિનાનું ) અશક્ત.

**નાકૌવતી,** સ્ત્રી० ( **ना** ફા० **कुव्वती** અ० **नाकुव्वती** ગુ० પ્ર०=અશક્તિ ) નબળાઈ.

**નાખુદા,** (પુ० ફા० **नाखुदा** ناخدا **नावनुं** ટુંકુંરૂપ **ना+खुदा**=ધણી=નાવનો ધણી ) વહાણ ચલાવનાર, ટંડેલ.

'જીવનનૌકાનું સુકાન જે મૂર્તિપૂજા રૂપી નાખુદાના હાથમાં હતું.' નં. ચ.

**નાખુશ,** વિ० ( ફા० **नाखुश** ناخوش= રાજી નહિ તે ) નારાજ.

**નાખુશી,** સ્ત્રી० **नाखुशी** ناخوشی=નારાજીપણું ) નામરજી.

**નાચાર,** વિ० (ફા० **नाचार** ناچار=નિરૂપાય) નિરાધાર, લાચાર.

**નાચારી,** સ્ત્રી० ( ફા० **नाचारी** ناچاری= નિરૂપાયપણું ) નિરાધારતા.

**નાચીજ,** વિ० (ફા० **नाचीज** ناچیز=તુચ્છ કોઈ ચીજ નહિ એવો ) નકામો.

**નાજ,** સ્ત્રી० (ફા० **नाज** ناز=લાડ, પ્યાર, બે પરવાઈ, અહંકાર ) લાડ.

'પડયાં તો નાજનાં મેણાં, ભરેલાં દફતરે દફતર' ગુ० ગ०

**નાજનીન,** સ્ત્રી० ( ફા० **नाज़नीन** نازنین =ચિત્તાકર્ષક, ખુબસુરત ) વહાલી, પ્રિયા.

'એ નાજનીન કબરમાં તો આપણે ખસુસ સાથેજ સુઈશું.' ગુ० સિં०

**નાજર,** પુ० ( અ० **नाजिर** ناظر =નજર રાખનાર **नजर** ઉપરથી) દેખરેખ રાખનાર, તાબાના નોકરો ઉપર દેખરેખ રાખનાર.

**નાજુક,** વિ० ( ફા० **नाजुक** نازک=પાતળો રૂપાળો, ખૂબસૂરત ) સુકુમાર, સુંવાળું.

**નાજુકડું,** વિ० (ફા० **नाजुक** نازک=ઉપરથી ) નાજુક, સુકુમાર.

**નાજુકાઈ,** સ્ત્રી० (ફા० **नाजुकी** نازکی= નાજુકપણું ) સુકુમારતા.

**નાજુકી,** નાજુકાઇ શબ્દ જુઓ.

**નાઝ,** જુઓ નાજ.

**નાતવાન,** વિ० ( ફા० **नातवान** ناتوان= અશક્ત. **तवानिस्तन**=શકવું ઉપરથી ) નબળું, નિર્બળ.

**નાદર,** વિ० ( અ० **नादिर** نادر=થોડી વસ્તુ, ઓછું, અદભુત, અજબ ) સરસ, ઉત્તમ.

**નાદાન,** વિ० ( ફા० **नादान** نادان=અણસમજુ, અજ્ઞાત **दानिस्तन**=જાણવું ઉપરથી દાન ) અણસમજુ.

**નાદાનપણું,** ન० (**नादान** ઉપરથી ગુજરાતી પણું પ્રત્યય લાગી થએલો શબ્દ) અજ્ઞાનતા.

**નાદાનિયત,** સ્ત્રી० (ફા० **नादान** ઉપરથી ) નાદાનપણું, અજ્ઞાનતા.

**નાદાની,** સ્ત્રી० ( ફા. **नादानी** نادانی= નાદાનપણું ) છોકરવાદીપણું, અણસમજ.

**નાદાર,** વિ० ( ફા० **नादार** نادار=ગરીબ, જેની પાસે કંઇ ન હોય તે. **दाश्तन**= રાખવું ઉપરથી. **दार** રાખનાર ) દીન, કંગાલ.

**નાદારી,** સ્ત્રી० ( ફા० **नादारी** ناداری= નાદારપણું ) ગરીબી.

**નાદિહંદ,** વિ० ( ફા० **नादिहंदह** نادهنده =નહિ આપનાર, **दादन**=આપવું ઉપરથી **दहिन्दह**=આપનાર, લઇને પાછું આપે એવો) માગ્યું આપે નહિ તે,દેવાળીઓ. તેની નાદિહંદ વૃત્તિને અંકુશમાં લાવવા.' નં. ચં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નાન**, ન૦ (ફા૦ **नान** نان=રોટલી, રોટલો) મુસલમાન ભઠિઆરા મોટી રોટી બનાવે છે તે.
"નાન વગેરે ખાદ્ય પદાર્થોથી ભરેલો થાળ લાવીને મૂક્યો.' બા. બા.

**નાપસંદ**, વિ૦ (ફા૦ **नापसंद** ناپسند=પસંદ ન પડે એવું. **पसंदीदन**=પસંદ કરવું ઉપરથી) મનને ગમે નહિ એવું. અપ્રિય.

**નાપસંદગી**, સ્ત્રી૦ (ફા૦ **नापसंदगी** ناپسندگی=પસંદ નહિ પડવું તે) અપ્રિયતા, અરૂચિ.

**નાપાક**, વિ૦ (ફા૦ **नापाक** ناپاک=પાક નહિ તે. પાક=પવિત્ર. અપવિત્ર) ખરાબ, પાપી.
દ્યાનત દેવું આપવા, પુરી રાખો પાક; વખત વીત્યાનો બાધ તો, રાખે જન નાપાક.' ૮. ૧૦૦ વાતો ભા. ૩

**નાપાકી**, સ્ત્રી૦ (ફા૦ **नापाकी** ناپاکی=અપવિત્રતા) અશુદ્ધિ.

**નાફરમાન**, વિ૦ (ફા૦ **नाफर्मान** نافرمان=હુકમ ન માનનાર, ફર્માન=હુકમ, બાદશાહી હુકમ. **फर्मूदन**=ફરમાવવું ઉપરથી) હુકમને તાબે નહિ થનાર.

**નાફરમાની**, સ્ત્રી૦ (ફા૦ **नाफर्मानी** نافرمانی=હુકમ નહિ માનવો તે) અનાદર, ફરમાન ન માનવાપણું.

**નાબુદ**, વિ૦ (ફા૦ **नाबूद** نابود=ન હોવું, નાશ પામવું, નાશ. **बूदन**=હોવું ઉપરથી) ખેદાનમેદાન, હોયજ નહિ એવું કરી નાખવું.

**નાબુદી**, સ્ત્રી૦ (ફા૦ **नाबूद** ઉપરથી=નાશ) તદ્દન નાશ, ખરાબી, ઉચ્છેદ.

**નામક્કર**, વિ૦ (ફા૦ **ना+मुकिर** અરબી. **मुकिर**=ઇકરાર કરનાર, હા પાડનાર. **नामुकिर** نامقر=ના પાડનાર) એક વાર હા કહીને ફરી ફરી જનાર.

**નામજાદું**, વિ૦ (ફા૦ **नाम्जादह** نامزاده=નામચીન, પ્રખ્યાત. ગુજરાતી પ્રયોગ છે) પ્રખ્યાત, નામવાળો.

**નામદાર**, વિ૦ (ફા૦ **नाम्दार** نامدار=નામવાળો, પ્રખ્યાત) લોકવિખ્યાત, જાણીતું.

**નામદારી**, સ્ત્રી૦ (ફા૦ **नाम्दारी** نامداری=પ્રખ્યાતિ) પ્રસિદ્ધિ.

**નામનિવેશ**, પુ૦ (ફા૦ **नाम्निवीस** نامنویس=નામ લખનાર. **निविश्तन** લખવું ઉપરથી લખનાર) ઠામઠેકાણું.

**નામનિશાન**, ન૦ (ફા૦ **नामोनिशान** نامونشان નિશાન=ધજા, ચિહ્ન. નામ અને ચિહ્ન) નામ અને ઓળખાણ.

**નામર્દ**, વિ૦ (ફા૦ **नामर्द** نامرد=મરદ નહિ તે) શક્તિહીન, નપુંસક, કાયર, બાયલો.
નામર્દ રડે મામને, ને મર્દ રડે નામને.' ગુ. કે.

**નામર્દાઈ**, સ્ત્રી૦ (ફા૦ **नामर्दी** نامردی=નામર્દપણું) અશક્તિ, બાયલાપણું.

**નામર્દી**, સ્ત્રી૦ (ફા૦ **नामर्दी** نامردی=નામર્દપણું) અશક્તિ, બાયલાપણું.

**નામવર**, વિ૦ (ફા૦ **नाम्वर** ناموَر=નામવાળો) જાણીતો, પ્રખ્યાત.

**નામંજુર**, વિ૦ (ફા૦ **ना+मंजूर** અરબી **नामंजूर** نامنظور=કબૂલ નહિ તે) ના કબુલ, રદ બાતલ.

**નામંજુરી**, સ્ત્રી૦ (ફા૦ **ना+मंजूरी** અરબી **नामंजूरी** نامنظوری=નહિ સ્વીકારવું તે) ના કબુલાત.

**નામી**, વિ૦ (ફા૦ **नामी** نامی=નામવાળો) પ્રખ્યાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ગામી નામી ને મહિપતિ, જરને વશ વર્ત્તી રહે' શામળ.

**નામી,** વિ૦ ( અ૦ **नमू** نمو ઉપરથી **नामी** نامی=વૃદ્ધિ પામતું, વધતું જતું ) હમેશા જેમાં વધારો થતો રહેતો હોય તે વસ્તુ.

**નામીચું,** વિ૦ ( ફા૦ **नाम्चह** نامچہ અથવા **नामी** نامی=પ્રખ્યાત ) જાણીતો, નામવાળો.

**નામું,** ન૦ ( ફા૦ **नामह** نامہ=ખત, પત્ર, કાગળ ) જમે ઉધાર થએલાં નાણાંનો હિસાબ.

**નામુકર,** વિ૦ નામક્કર શબ્દ જુઓ.

**નામુનાસિબ.** વિ૦ ( **ना** ફારસી+**मुनासिब** અરબી **नामुनासिब** نامناسب = અસંબદ્ધ, અયોગ્ય. **मुनासिब**=સંબંધવાળો ) નાલાયક, અયોગ્ય.

**નામુરાદ,** વિ૦ ( ફા૦ **ना+मुराद** અરબી **नामुराद** نامراد **मुराद**=ઇચ્છા. **नामुराद**=જેની કોઇ પણ ધારણા પાર પડતી નથી એવો ભાગ્યહીન માણસ ) નાઉમેદ, નિરાશ, આશાભંગ.

**નામોશી,** સ્ત્રી૦ ( અ૦ **नामूस** ناموس= આબરૂ, પ્રતિષ્ઠા, દુનીઆથી આબરૂની આશા રાખવી. **नमस**=ભેદ છુપાવ્યો ઉપરથી ) હીણપત, આળ, કલંક.

લડાઇથી બીહીવામાં તેઓ ઘણી નામોશી ગણે છે.' ક. ઘે.

**નાયબ,** વિ૦ ( અ૦ **नाइब** نائب=કોઇની જગાએ કામ કરનાર, પ્રતિનિધિ ) હાથ નીચેનો, આસિસ્ટંટ, મદદગાર.

**નારવા,** વિ૦ ( ફા૦ **नारवा** ناروا=દુરસ્ત નહિ તે ) અયોગ્ય, ખોટું.

**નારાજ,** વિ૦ ( ફા૦ **ना+राज** અરબી **रिज़ा** ઉપરથી **नाराज़** ناراض=ખુશ નહિ તે) નારાજીપણું. 'વડીલ પણ એ વાતથી નારાજ છે.' સ. ચં. ભા. ૨

**નારાજગી,** સ્ત્રી૦ ( ફા૦ **ना+राज़** અરબી+**गी** ફારસી **नाराज़्गी** ناراضگی= નાખુશી ) અપ્રસન્નતા.

'તે કાંઇ નારાજગી બતાવવાને કહેવા લાગ્યો.' બા. બા.

**નારાજી,** સ્ત્રી૦ ( **नाराज** ને **ई** પ્રત્યય લાગી થએલો ગુજરાતી પ્રયોગ ) નાખુશી, અપ્રસન્નતા.

**નાલ,** વિ૦ ( ફા૦ **निहाल** نهال=ઝાડ, લીલું ઝાડ ) ઇચ્છા પાર પડી હોય તેવું.

**નાલ,** સ્ત્રી૦ ( અ૦ **नअ़ल** نعل=પગરખું ) ઘોડાને પગે ને જોડાને તળીએ જડે છે તે.

**નાલાયક,** વિ૦ ( ફા૦ **ना+लायिक** અ૦ نالایق=લાયક નહિ તે ) નકામું, અયોગ્ય, અઘટિત.

**નાલાયકી,** સ્ત્રી૦ ( ફા૦ **ना+लायिकी** نالایقی=નાલાયકપણું ) ગેરવાજબીપણું, અયુક્ત.

**નાલાશી,** સ્ત્રી૦ ( ફા૦ **नालिश** نالش= ફર્યાદ. નાલીદન=રડવું ઉપરથી ) નિંદા, ફર્યાદ.

'અમે સમજી શકતા નથી કે મુઠ્ઠીભર કહેવાતા સુધારક હિંદુઓ આ સભાની શા માટે નાલાશી કર્યા જાય છે.' સુ. ગ.

**નાલાસ,** સ્ત્રી૦ ( ફા૦ **नालिश** نالش= ફર્યાદ. **नालीदन**=રડવું ઉપરથી ) ગીબત, નિંદા.

**નાલેસી,** સ્ત્રી૦ ( ફા૦ **नालिश** نالش= ફર્યાદ ) નિંદા, ફર્યાદ.

**નાવાકેફ,** વિ૦ ( ફા૦ **ना+वाकिफ** અરબી ناواقف=અજ્ઞાન, અજાણ્યો ) જાણીતો નહિ તે.

For Private And Personal Use Only